# કારિકાવલી-મુક્તાવલી-વિવરણ

(ભાગ - ત્રીજો)

: વિવરણકાર :

પંન્યાસ ચન્દ્રગુપ્તવિજય ગણી

: પ્રકાશન :

શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :

શ્રીમતી ચન્દ્રાવતી બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ

'રત્નપુરી' ગૌશાલાલેન, દફતરી રોડ,

મલાડ-ઈસ્ટ : મુંબઈ ૪૦૦ ૦૯૭

વિશ્વનાથ પંચાનન ભટ્ટાચાર્ય વિરચિત

# કારિકાવલી-મુક્તાવલી-વિવરણ

( ભાગ - ત્રીજો )

: વિવરણકાર :

પૂ. પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આ. ભ.
શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ સ્વ.
આ.ભ.શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા. ના શિષ્યરત્ન
પૂજ્યપાદ આ. શ્રી. વિ. અમરગુપ્ત સૂ.મ.સા. ના શિષ્ય

પંન્યાસ ચન્દ્રગુપ્તવિજય ગણી

: આર્થિક સહકાર :

શ્રીમતી ચન્દ્રાવતી બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ
'રત્નપુરી' ગૌશાલાલેન, દફતરી રોડ,
મલાડ-ઈસ્ટ : મુંબઈ ૪૦૦ ૦૯૭.

# : કારિકાવલી-મુક્તાવલી-વિવરણ :

( ભાગ - ત્રીજો)


તૃતીય આવૃત્તિ - નકલ ૫૦૦
(વિ.સં. ૨૦૫૦)
મૂલ્ય : રૂા. ૩૫/-

: પ્રાપ્તિસ્થાન :

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
(જિ. ઠાણેં)

રજનીકાંતભાઈ એફ. વોરા
૬૫૫, સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧ ૦૦૧

શા. મુકુંદભાઈ રમણલાલ
૫ 'નવરત્ન' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ રોડ - પાલડી
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

મુદ્રણ : પ્રિન્ટ લાઈન
૧૦૭, અનિલ કુંજ,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન નં. ૩૯૬૨૭૪, ૭૯૭૫૫

મુદ્રણ-સહકાર
નવનીત જે. મહેતા
સાગર પ્રિન્ટર્સ : પાદશાહની પોળ
રિલીફ રોડ, અમદાવાદ-૧.

# अथ गुणनिरूपणम् ।

## कारिकावली ।

**अथ द्रव्याश्रिता ज्ञेया निर्गुणा निष्क्रिया गुणाः ।**

मुक्तावली ।

द्रव्यन्निरूप्य गुणान्निरूपयति - अथेत्यादिना । गुणत्वजातौ किं मानमिति चेत्, द्रव्यकर्मभिन्ने सामान्यवति या कारणता सा किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वाद्; निरवच्छिन्नकारणताया असम्भवात् । न हि रूपत्वादिकं सत्ता वा तत्रावच्छेदिका, न्यूनाधिकदेशवृत्तित्वात् । अतश्चतुर्विंशत्यनुगतं किञ्चिद् वाच्यं तदेव गुणत्वमिति सिद्धम् ।

द्रव्याश्रिता इति । यद्यपि द्रव्याश्रितत्वं न लक्षणम्, कर्मादावतिव्याप्तेस्तथाऽपि द्रव्यत्वव्यापकतावच्छेदकसत्ताभिन्नजातिमत्त्वं तदर्थः । भवति हि गुणत्वं द्रव्यत्वव्यापकतावच्छेदकम्, तद्वत्ता च गुणानामिति । कर्मत्वं द्रव्यत्वं वा न द्रव्यत्वव्यापकतावच्छेदकं गगनादौ द्रव्यकर्मणोरभावात् । द्रव्यत्वत्वं सामान्यत्वादिकं वा न जातिरिति तद्व्युदासः ।

निर्गुणा इति । यद्यपि निर्गुणत्वं कर्मादावपि, तथापि सामान्यवत्त्वे सति कर्मान्यत्वे च सति निर्गुणत्वं बोध्यम् । जात्यादीनां न सामान्यवत्त्वं कर्मणो न कर्मान्यत्वं द्रव्यस्य न निर्गुणत्वमिति तत्र नाऽतिव्याप्तिः । 'निष्क्रिया' इति स्वरूपकथनं, न तु लक्षणं गगनादावतिव्याप्तेः ॥ इति गुणसामान्यलक्षणकथनम् ॥

०० 

### - વિવરણ -

દ્રવ્યાદિ સાત પદાર્થોમાંના દ્રવ્યનું નિરૂપણ કરીને હવે સ્વનિરૂપણમાં પ્રતિબંધક એવી द्रव्यं किम् ? ઈત્યાકારક

જિજ્ઞાસાની નિવૃત્તિ થવાથી, અવસરસંગતિથી સંગત એવા ગુણનું નિરૂપણ કરે છે - अथ द्रव्याश्रिता... ઈત્યાદિ કારિકાથી. ગુણત્વ જાતિમાં શું પ્રમાણ છે ? આવી શંકાનું સમાધાન કરતા કહે છે - द्रव्यकर्मभिन्ने... ઈત્યાદિ. આશય એ છે કે કારણતા-માત્ર નિરવચ્છિન્ન ન હોવાથી 'द्रव्यकर्मभिन्नत्वविशिष्टसामान्यवन्निष्ठकारणता' પણ કોઈ પણ ધર્માવચ્છિન્ન માનવી જોઈએ. તેથી તે કારણતાવચ્છેદક તરીકે ગુણત્વ જાતિની કલ્પના કરાય છે. એતાદશકારણતા ગુણસામાન્યમાં વૃત્તિ હોવાથી તાદશ-કારણતાની અપેક્ષાએ ન્યૂનવૃત્તિ રૂપત્વાદિ અને અધિકદેશવૃત્તિ સત્તા જાતિને તાદશકારણતાની અવચ્છેદક માની શકાશે નહીં. આથી સ્પષ્ટ છે કે તાદશકારણતાના અવચ્છેદક તરીકે સિદ્ધ થયેલ જે ધર્મ છે તે, ચોવીશ ગુણોમાં અનુગત ગુણત્વ જાતિ સ્વરૂપ છે. યદ્યપિ રૂપાદિ ગુણોમાં ગુણત્વ જાતિનું પ્રત્યક્ષ થઈ શકે છે. તેથી ગુણત્વજાતિની સિદ્ધિ માટે અનુમાનપ્રમાણનો નિર્દેશ કરવાની આવશ્યકતા નથી. પરન્તુ અતીન્દ્રિય ગુણોમાં ગુણત્વનું પ્રત્યક્ષ ન થવા છતાં રૂપત્વાદિની સાથે સાંકર્ય ન આવે એ માટે અતીન્દ્રિયગુણોમાં ગુણત્વ જાતિને માની શકાય એમ હોવા છતાં પામર જનોને ગુણત્વજાતિનું પ્રત્યક્ષ શક્ય ન હોવાથી ગુણત્વજાતિની સિદ્ધિ માંટે અનુમાનપ્રમાણનો ઉપન્યાસ કર્યો છે. આશય એ છે કે રૂપાદિગુણોમાં ઈન્દ્રિય-સંયુક્તસમવેતસમવાયસન્નિકર્ષથી ગુણત્વ જાતિનું પ્રત્યક્ષ થઈ શકે છે. તેથી ગુણત્વજાતિ પ્રત્યક્ષસિદ્ધ હોવાથી તેની સિદ્ધિ માટે ઉપર જણાવ્યા મુજબ અનુમાનપ્રમાણના ઉપન્યાસની આવશ્યકતા નથી. યદ્યપિ આ રીતે પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ ગુણત્વ જાતિ પ્રત્યક્ષભૂત રૂપાદિમાં જ માની શકાશે. અતીન્દ્રિયગુણોમાં માની શકાશે નહીં. પરંતુ એ પ્રમાણે માનવાથી ગુણત્વ જાતિને રૂપત્વાદિ જાતિની સાથે સાંકર્ય આવશે. (રૂપત્વાભાવવદ્ પ્રત્યક્ષભૂત રસાદિમાં ગુણત્વ વૃત્તિ

છે. ગુણત્વાભાવવદ્ પરમાણુના રૂપમાં રૂપત્વ વૃત્તિ છે. અને રૂપત્વ તથા ગુણત્વ ઘટાદિના રૂપમાં વૃત્તિ હોવાથી સાંકર્ય સ્પષ્ટ છે.) તેથી અતીન્દ્રિય રૂપાદિ ગુણોમાં પણ ગુણત્વ માની શકાય છે. આ રીતે પ્રત્યક્ષપ્રમાણથી જ ગુણત્વ જાતિની સિદ્ધિ શક્ય હોવાથી અનુમાનપ્રમાણનો ઉપન્યાસ અનાવશ્યક છે. પરંતુ પામર જનોને ગુણત્વજાતિના પ્રત્યક્ષનો સંભવ ન હોવાથી એ ઉપન્યાસ છે.

યદ્યપિ અણુપરિમાણ કોઈની પણ પ્રત્યે કારણ ન હોવાથી, તાદૃશકારણતાના અતિપ્રસક્તધર્મ ગુણત્વને અવચ્છેદક માની શકાશે નહીં. તેથી ઉક્તાનુમાનથી ગુણત્વ જાતિની સિદ્ધિ નહીં થાય, પરંતુ ગુણપદશક્યતાવચ્છેદક તરીકે ગુણત્વ જાતિની સિદ્ધિ, (તેના જાતિત્વનું કોઈ બાધક ન હોવાથી) થઈ શકે છે... ઈત્યાદિ અહીં સ્મરણીય છે.

द्रव्याश्रिता इति । यद्यपि... ઈત્યાદિ-આશય એ છે કે; કારિકાવલીમાં જણાવ્યા મુજબ 'द्रव्याश्रितत्व' માત્ર ગુણનું લક્ષણ હોય તો સમવાયસંબંધથી द्रव्याश्रितत्व અર્થાદ્ द्रव्यनिष्ठाधिकरणतानिरूपितसमवायसंबन्धावच्छिन्नाधेयतावत्त्व કર્માદિમાં પણ હોવાથી ત્યાં અતિવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે 'द्रव्यत्वव्यापकतावच्छेदकसत्ताभिन्नजातिमत्त्व' સ્વરૂપ 'द्रव्याश्रितत्व'ની વિવક્ષા કરી છે. જ્યાં જ્યાં સમવાયસંબંધથી દ્રવ્યત્વ છે, ત્યાં સમવાયસંબંધથી ગુણવત્ત્વ હોવાથી દ્રવ્યત્વનિષ્ઠવ્યાપ્યતાનિરૂપિતવ્યાપકતાવચ્છેદક ગુણત્વ છે. તદ્વત્ત્વ ગુણમાં હોવાથી લક્ષણસમન્વય થાય છે. સમવાયસંબંધથી દ્રવ્યત્વ આકાશાદિમાં છે. અને ત્યાં સમવાયસંબંધથી દ્રવ્ય કે કર્મ નથી. તેથી તાદૃશદ્રવ્યત્વવ્યાપકતાવચ્છેદક દ્રવ્યત્વ કે કર્મત્વ ન હોવાથી તદ્વદ્દ્રવ્ય કે કર્મમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ સ્વનું સ્વ વ્યાપક હોવાથી તેમજ સમવાયસંબંધથી દ્રવ્યત્વના અધિકરણમાં સમવાય-

સંબંધથી સામાન્ય વૃત્તિ હોવાથી દ્રવ્યત્વવ્યાપકતાવચ્છેદક દ્રવ્યત્વત્વ અને સામાન્યત્વ છે. પરંતુ તે જાતિ ન હોવાથી તદ્દવદ્દ્રવ્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે... ઇત્યાદિ ખૂબ જ સ્પષ્ટ છે. તર્કસંગ્રહના જાણકારને સમજાવવાની આવશ્યકતા નથી.

निर्गुणा इति । यद्यपि... ઇત્યાદિ-આશય ખૂબ જ સ્પષ્ટ છે 'सामान्यवत्त्वविशिष्टकर्मान्यत्वविशिष्टगुणाभाववत्त्वम्' આ પ્રમાણેના ગુણલક્ષણમાં પદોનું પ્રયોજન સ્વયં સમજી શકાય છે.

निष्क्रिया इति स्वरूपकथनम्- ઇત્યાદિ-આશય એ છે કે, કારિકાવલીમાં 'निष्क्रियाः' આ પદ ગુણોના લક્ષણને જણાવવા મૂક્યું નથી, પરંતુ ગુણો નિષ્ક્રિય છે. એ જણાવવા માટે મૂક્યું છે. અન્યથા એ લક્ષણ હોય તો કર્મથી રહિત એવા ગગનાદિમાં અતિવ્યાપ્તિ આવશે. આ પ્રમાણે મુક્તાવલીના 'निष्क्रिया इति...' ઇત્યાદિ ગ્રન્થનું તાત્પર્ય છે. જે, મૂલના યથાસ્થિત ગ્રંથને આંખ સામે રાખીને જણાવ્યું છે. અન્યથા 'निष्क्रिया' પદનું તાત્પર્ય ''सामान्यवत्त्वविशिष्टकर्मान्यत्वविशिष्टकर्मवदवृत्ति-पदार्थविभाजकोपाधिमत्त्व'' સ્વરૂપ માનીએ તો, એ ગ્રંથને લક્ષ-ણપરક પણ માની શકાય છે. લક્ષણઘટકપદોનું પ્રયોજન ઉક્તપ્રાયઃ છે.

॥ इति गुणसामान्यलक्षणकथनम् ॥

## कारिकावली ।

**रूपं रसः स्पर्शगन्धौ, परत्वमपरत्वकम् ॥८६॥**
**द्रवो गुरुत्वं स्नेहश्च, वेगो मूर्त्तगुणा अमी ।**
**धर्माधर्मौ भावना च, शब्दो बुद्ध्यादयोऽपि च ॥८७॥**
**एतेऽमूर्त्तगुणाः सर्वे, विद्वद्भिः परिकीर्त्तिताः ।**
**सङ्ख्यादयो विभागान्ता, उभयेषां गुणा मताः ॥८८॥**

संयोगश्च विभागश्च, सङ्ख्या द्वित्वादिकास्तथा ।
द्विपृथक्त्वादयस्तद्वदेतेऽनेकाश्रिता गुणाः ॥८९॥
अतः शेषगुणाः सर्वे, मता एकैकवृत्तयः ।
बुद्ध्यादिषट्कं स्पर्शान्ताः, स्नेहः सांसिद्धिको द्रवः ॥९०॥
अदृष्टभावनाशब्दा, अमी वैशेषिका गुणाः ।
सङ्ख्यादिरपरत्वान्तो, द्रवोऽसांसिद्धिकस्तथा ॥९१॥
गुरुत्ववेगौ सामान्यगुणा एते प्रकीर्त्तिताः ।
सङ्ख्यादिरपरत्वान्तो, द्रवत्वं स्नेह एव च ॥९२॥
एते तु द्वीन्द्रियग्राह्या, अथ स्पर्शान्तशब्दकाः ।
बाह्यैकैकेन्द्रियग्राह्या, गुरुत्वादृष्टभावनाः ॥९३॥
अतीन्द्रिया विभूनान्तु, ये स्यु वैशेषिका गुणाः ।
अकारणगुणोत्पन्ना, एते तु परिकीर्त्तिताः ॥९४॥

मुक्तावली ।

वेग इति । वेगेन स्थितिस्थापकोऽप्युपलक्षणीयः । मूर्त्तगुणा इति । अमूर्त्तेषु न वर्त्तन्त इत्यर्थः । लक्षणन्तु तावदन्यान्यत्वम्, एवमग्रेऽपि । अमूर्त्तगुणा इति । मूर्त्तेषु न वर्त्तन्त इत्यर्थः । उभयेषामिति । मूर्त्तामूर्त्तगुणा इत्यर्थः ॥८६-८७-८८ ॥

अनेकाश्रिता इति । संयोगविभागद्वित्वादीनि द्विवृत्तीनि । त्रित्वचतुष्ट्वादिकं त्रिचतुरादिवृत्तीति बोध्यम् ॥८९॥

अत इति । रूपरसगन्धस्पर्शैकत्वपरिमाणैकपृथक्त्वपरत्वापरत्वबुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नगुरुत्वद्रवत्वस्नेहसंस्कारादृष्टशब्दा इत्यर्थः । बुद्ध्यादीति । बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्ना इत्यर्थः । स्पर्शान्ता इति । रूपरसगन्धस्पर्शा इत्यर्थः । द्रवः-द्रवत्वम् । वैशेषिकाः-विशेषा एव वैशेषिकाः, स्वार्थे ठक्, विशेषगुणा इत्यर्थः । सङ्ख्यादिरिति । सङ्ख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्वानीत्यर्थः ॥९०॥९१॥९२॥

द्वीन्द्रियेति । चक्षुषा त्वचाऽपि ग्रहणयोग्यत्वात् । बाह्येति । रूपादीनां चक्षुरादिग्राह्यत्वात् ॥९३॥

विभूनामिति । बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मभावनाशब्दा इत्यर्थः । कारणगुणेन कार्ये ये गुणा उत्पाद्यन्ते ते कारणगुणपूर्वका रूपादयो वक्ष्यन्ते, बुद्ध्यादयस्तु न तादृशाः, आत्मादेः कारणाभावात् ॥९४॥

०० 

## - વિવરણ -

મૂર્ત દ્રવ્યોના ગુણોને જણાવે છે - 'रूपं रसः...' ઈત્યાદિકારિકાથી. ત્યાં 'वेग' પદથી સ્થિતિસ્થાપકનો પણ સંગ્રહ કરી લેવો. રૂપ, રસ, સ્પર્શ, ગંધ, પરત્વ, અપરત્વ, દ્રવત્વ, ગુરુત્વ, સ્નેહ, વેગ અને સ્થિતિસ્થાપક આટલા મૂર્ત ગુણો છે. અર્થાદ્ અમૂર્ત દ્રવ્યોના એ ગુણો નથી. આથી સ્પષ્ટ છે કે ઉપર જણાવેલા રૂપાદિ ગુણોનું 'अमूर्त्तावृत्तिगुणत्व' સાધર્મ્ય છે. જેથી મૂર્તવૃત્તિગુણત્વ સંખ્યાદિમાં હોવા છતાં સંખ્યાદિ ગુણોનું મૂર્ત્તવૃત્તિગુણો તરીકે ગ્રંથકારે કથન નથી કર્યું. અન્યથા તાદશ અકથનથી ગ્રંથકારની ન્યૂનતાનો પ્રસંગ થશે. તાદશ અમૂર્ત્તાવૃત્તિ ગુણોનું લક્ષણ तावदन्यान्यत्व અર્થાદ્ रूपाद्येकादशान्यतमत्व છે. આવી જ રીતે ધર્મ અધર્મ, ભાવના, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, અને શબ્દ આ દશ ગુણોનું સાધર્મ્ય अमूर्तगुणत्व અર્થાદ્ 'मूर्त्तावृत्तिगुणत्व' છે. જેનું લક્ષણ धर्मादिदशान्यतमत्व છે. સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ અને વિભાગ આ પાંચ ગુણોનું સાધર્મ્ય 'मूर्त्तामूर्त्तवृत्तिगुणत्व' છે. ॥૮૬-૮૭-૮૮॥

સંયોગ વિભાગ દ્વિત્વાદિસંખ્યા અને તેની જેમ 'घटाद् दण्डघटौ पृथक्' ઈત્યાદિ પ્રતીતિસિદ્ધ દ્વિપૃથક્ત્વાદિ (દ્વયાદિવૃત્તિપૃથક્ત્વ) ગુણોનું 'अनेकाश्रितत्वं' અર્થાદ્ 'एकत्वभिन्नसङ्ख्याविशिष्टवृत्तिगुणत्व' સાધર્મ્ય છે અને એ

અનેકાશ્રિતગુણોને છોડીને બાકીના બધા रूप रस गन्ध स्पर्श एकत्व परिमाण एकपृथक्त्व परत्व अपरत्व बुद्‌धि सुख दुःख इच्छा द्वेष प्रयत्न गुरुत्व द्रवत्व स्नेह संस्कार अदृष्ट અને शब्द આ ગુણોનું 'एकाश्रितत्व' સાધર્મ્ય છે.

બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સ્નેહ, સાંસિદ્ધિક દ્રવત્વ, અદષ્ટ, ભાવના અને શબ્દ આ ગુણોનું विशेषगुणत्व સાધર્મ્ય છે. વિનયાદિ આકૃતિગણમાં પાઠ હોવાથી विशेष શબ્દને સ્વાર્થમાં 'ठक्' (इकण्) પ્રત્યય થવાથી 'वैशेषिक' શબ્દ બને છે. જે વિશેષાર્થક જ છે.

भावनाभिन्न[१]-वायुवृत्तिवृत्ति[२]-स्पर्शावृत्ति[२]-धर्म[२]समवायि[१]भिन्न[३] - गुरुत्वाऽजलद्रवत्वान्य[३] - गुणत्वम्[३] विशेषगुणत्वम् । આશય એ છે કે, વાયુવૃત્તિમાં વૃત્તિ અને સ્પર્શમાં અવૃત્તિ એવો જે ધર્મ તે ધર્મનો સમવાયસંબંધથી જે, ભાવનાત્મકસંસ્કારભિન્ન આશ્રય, તેનાથી ભિન્ન એવો ગુરુત્વ અને જલભિન્નગતદ્રવત્વથી ભિન્ન જે ગુણ, તત્ત્વ વિશેષગુણત્વ છે. વાયુવૃત્તિ સંખ્યાદિમાં વૃત્તિ અને સ્પર્શમાં અવૃત્તિ એવો જે સંખ્યાત્વાદિધર્મ, તેનો સમવાયસંબંધથી ભાવનાભિન્ન જે સંખ્યાદિસ્વરૂપ આશ્રય તદ્‌ભિન્ન એવો ગુરુત્વ અને અજલદ્રવત્વભિન્ન જે રૂપાદિગુણ; તત્ત્વ સ્વરૂપ વિશેષગુણત્વ રૂપાદિમાં છે. લક્ષણમાં 'गुणत्व' પદનું ઉપાદાન ન કરીએ તો 'ભાવનાભિન્નવાયુવૃત્તિવૃત્તિ-સ્પર્શાવૃત્તિધર્મસમવાયિ(સંખ્યાદિ)ભિન્નત્વવિશિષ્ટ-ગુરુત્વાજલદ્રવત્વાન્યત્વ જાત્યાદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે गुणत्व પદોપાદાન છે. જાત્યાદિમાં ગુણત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'गुरुत्वाजलद्रवत्व' પદનું ઉપાદાન ન કરીએ તો ભાવનાભિન્નવાયુવૃત્તિવૃત્તિસ્પર્શાવૃત્તિધર્મસમવાયિ(સંખ્યા-દિ)ભિન્નત્વવિશિષ્ટગુણત્વ ગુરુત્વ અને જલાવૃત્તિદ્રવત્વમાં

હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. 'गुरुत्वाजलद्रवत्व' પદનો નિવેશ કરવાથી ગુરુત્વાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'अजल' પદનો નિવેશ ન કરીએ તો 'ભાવનાભિન્નતાદશધર્મ-સમવાયિ(સંખ્યાદિ)ભિન્નત્વવિશિષ્ટગુરુત્વદ્રવત્વાન્યગુણત્વ સાંસિદ્ધિકદ્રવત્વમાં ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'अजल' પદનો નિવેશ કર્યો છે. સાંસિ-દ્ધિકદ્રવત્વમાં તાદશગુરુત્વાજલદ્રવત્વાન્યગુણત્વ હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'गुरुत्वाजलद्रवत्वान्यगुणत्व'નો જ નિવેશ કરીએ તો સંયોગાદિમાં અતિવ્યાપ્તિ સ્પષ્ટ છે. તેના નિવારણ માટે 'भावनाभिन्नतादृशधर्मसमवायिभिन्नत्व'નો નિવેશ કર્યો છે. સંયોગાદિમાં તાદશધર્મસમવાયિ(સંયોગાદિ) ભિન્નત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણઘટક તાદશધર્મસમવાયિનું 'भावनान्यत्व' આ વિશેષણ ન આપીએ તો વાયુવૃત્તિવૃત્તિસ્પર્શાવૃત્તિ (વેગવૃત્તિસ્પર્શાવૃત્તિ) સંસ્કારત્વધર્મસમવાયિભાવનાભિન્નત્વવિશિષ્ટતાદશગુણત્વ ભાવનામાં ન હોવાથી ભાવનામાં અવ્યાપ્તિ આવશે. જે 'भावनाभिन्नत्व'ના નિવેશથી નહીં આવે - એ સમજી શકાય છે. કારણ કે તાદશનિવેશથી તાદશધર્મસમવાયિ પદથી ભાવનાભિન્નનું જ ગ્રહણ થશે, ભાવનાનું નહીં. લક્ષણમાં 'स्पर्शावृत्ति' પદનું ઉપાદાન ન કરીએ તો ભાવનાભિન્નવાયુવૃત્તિ (સંખ્યાદિ)વૃત્તિ સત્તાદિધર્મસમવાયિરૂપાદિભિન્નત્વવિશિષ્ટ ગુરુત્વાજલદ્રવત્વાન્યગુણત્વ કોઈપણ વિશેષગુણમાં ન હોવાથી અસંભવ આવશે. તેથી તેના નિવારણ માટે લક્ષણઘટક તાદશધર્મનું 'स्पर्शावृत्तित्व' વિશેષણ ઉપન્યસ્ત છે. સત્તાદિ ધર્મ સ્પર્શાવૃત્તિ ન હોવાથી તેને લઈને અસંભવ નહીં આવે. યદ્યપિ અસંભવનું નિવારણ કરવા પ્રથમોપસ્થિત રૂપાવૃત્તિત્વનો જ નિવેશ કરવો જોઈએ. પરન્તુ તાદશનિવેશથી સ્પર્શમાં અવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે

રૂપાવૃત્તિત્વનો નિવેશ કર્યા વિના 'स्पर्शावृत्तित्व' નો નિવેશ કર્યો છે... ઈત્યાદિ સ્વયં વિચારવું જોઈએ.

ઉપર જણાવેલા વિશેષગુણોથી ભિન્ન સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, નૈમિત્તિક-દ્રવત્વ, ગુરુત્વ અને વેગપદથી બોધ્ય ભાવનાભિન્ન સંસ્કાર, આટલા સામાન્યગુણો છે. ''रूपस्पर्शान्यत्वे सति द्रव्य-विभाजकोपाधिव्याप्यतावच्छेदकसंयोगविभागवेगद्रवत्वावृत्ति-जातिशून्यगुणत्वम्'' આ સામાન્યગુણોનું લક્ષણ છે. દ્રવ્યવિ-ભાજકોપાધિ પૃથ્વીત્વાદિના વ્યાપ્યતાવચ્છેદક ગન્ધત્વાદિ છે. તે, સંયોગવિભાગવેગદ્રવત્વમાં અવૃત્તિ છે. તાદશજાતિ-(ગન્ધત્વાદિજાતિ) શૂન્યત્વવિશિષ્ટ અને રૂપસ્પર્શાન્ય-ત્વવિશિષ્ટગુણત્વ સંખ્યાદિ સામાન્યગુણોમાં છે. તેથી લક્ષણ-સમન્વય થાય છે. લક્ષણઘટક પદોનું પ્રયોજન દિનકરીથી અથવા અધ્યાપક પાસેથી જાણી લેવું. સ્થિરબુદ્ધિથી વિચારવાથી એ સ્વયં પણ સમજી શકાશે. અથવા સંક્ષેપથી લક્ષણઘટક પદોનું પ્રયોજન નીચે મુજબ જાણવું.

લક્ષણમાં रूपस्पर्शान्यत्वे सति, આ સત્યન્તનું ઉપાદાન ન કરીએ તો દ્રવ્યવિભાજકપૃથ્વીત્વાદિઉપાધિવ્યાપ્યતાવચ્છેદક અને સંયોગાદિમાં અવૃત્તિ એવી જે ગન્ધત્વાદિ જાતિ તચ્છૂન્યત્વવિશિષ્ટગુણત્વ જલીયરૂપ અને વાયવીયસ્પર્શમાં હોવાથી ત્યાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે ''रूपस्पर्शान्यत्वे सति'' આ સત્યન્તનું ઉપાદાન કર્યું છે. તાદશરૂપ અને સ્પર્શમાં રૂપસ્પર્શાન્યત્વ ન હોવાથી અર્થાદ્ રૂપાન્યત્વ અને સ્પર્શાન્યત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. અહીં યાદ રાખવું જોઈએ કે જલીયમધુરરસવૃત્તિ મધુરત્વ વિજાતીય જાતિ હોવાથી જલત્વવ્યાપ્યતાવચ્છેદક તે જાતિને લઈને મધુરરસમાં અતિવ્યાપ્તિ આવતી નથી. અન્યથા તેના નિવારણ માટે 'रसान्यत्व' ની પણ વિવક્ષા કરવી પડત.

યદ્યપિ જલીયરૂપ અને વાયવીયસ્પર્શમાં વૈજાત્ય (વિશિષ્ટ-જાતિ) હોવાથી તે પણ; દ્રવ્યવિભાજકજલત્વવાયુત્વસ્વરૂપો-પાધિવ્યાપ્યતાવચ્છેદકસંયોગાદ્યવૃત્તિ તાદૃશવૈજાત્યશૂન્ય ન હોવાથી જલીયરૂપમાં અને વાયવીયસ્પર્શમાં અતિવ્યાપ્તિનો સંભવ નથી. પરન્તુ તાદૃશવૈજાત્યમાં કોઈ પ્રમાણ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ અતિવ્યાપ્તિની સંભાવનાથી લક્ષણઘટક સત્યન્તોપાદાનદ્વારા તેનું નિવારણ કરાયું છે. લક્ષણમાં गुणत्व પદનું ઉપાદાન ન કરીએ તો રૂપસ્પર્શાન્યત્વવિશિષ્ટ કર્માદિમાં પણ તાદૃશદ્રવ્યવિભાજકોપાધિવ્યાપ્યતાવચ્છેદક-સંયોગાદ્યવૃત્તિજાતિ(ગન્ધત્વાદિ)શૂન્યત્વ હોવાથી તેમાં (કર્માદિમાં) અતિવ્યાપ્તિ આવશે. કર્મોમાં ગુણત્વ ન હોવાથી 'गुणत्व' પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ આવશે નહીં. લક્ષણમાં जाति પદનો નિવેશ ન કરીએ તો રૂપસ્પર્શાન્ય-ત્વવિશિષ્ટ પૃથ્વી વગેરેમાં વૃત્તિ એવી તત્તત્સંખ્યાદિમાં, દ્રવ્યવિભાજકપૃથ્વીત્વાદ્યુપાધિવ્યાપ્યતાવચ્છેદક તત્તત્-સંખ્યાત્વાદિશૂન્યત્વવિશિષ્ટગુણત્વ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવશે. તેથી તેના નિવારણ માટે 'जाति' પદનું ઉપાદાન કર્યું છે. તત્તત્સંખ્યાત્વ, દ્રવ્યવિભાજકપૃથ્વીત્વાદ્યુપાધિનું વ્યા-પ્યતાવચ્છેદક હોવા છતાં જાતિ ન હોવાથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં <u>संयोगविभागवेगद्रवत्वावृत्तित्व</u>નો જાતિના વિશેષણ રૂપે નિવેશ ન કરીએ તો કઠિનદ્રવ્યોના સંયોગમાં કઠિનદ્રવ્યોના વિભાગમાં, તેજોવૃત્તિવેગવિશેષમાં અને ઘૃતાદિ-સ્વરૂપપૃથ્વીવિશેષવૃત્તિદ્રવત્વવિશેષમાં અવ્યાપ્તિ આવશે. કઠિનદ્રવ્યોના સંયોગ અને વિભાગમાં શબ્દવિશેષનિષ્ઠજન્યતા નિરૂપિતજનકતાવચ્છેદક તરીકે જાતિ સિદ્ધ થાય છે. તેજોવૃત્તિવેગની વિલક્ષણતાના કારણે તાદૃશવેગમાં જાતિ મનાય છે. અને ઘૃતાદિસ્વરૂપપૃથ્વીવૃત્તિદ્રવત્વવિશેષમાં; અત્યન્તા-ગ્નિસંયોગથી તે(તાદૃશદ્રવત્વ) નાશ્ય ન હોવાથી તેમાં રહેલી

અનાશ્યતાવચ્છેદક જાતિ સિદ્ધ છે. આ રીતે દ્રવ્યવિભાજક- પૃથ્વીત્વોપાધિની વ્યાપ્યતાવચ્છેદક તત્સંયોગવિભાગ અને દ્રવત્વવૃત્તિ જાતિનું શૂન્યત્વ, તાદશસંયોગમાં, તાદશવિભાગ- માં અને તાદશદ્રવત્વમાં નથી. તેમજ દ્રવ્યવિભાજક તેજ- સ્ત્વોપાધિની વ્યાપ્યતાવચ્છેદક તાદશવેગવૃત્તિજાતિ- શૂન્યત્વ, તેજોવૃત્તિવેગવિશેષમાં નથી. તેથી તાદશસંયો- ગાદિમાં આવતી અવ્યાપ્તિના નિવારણ માટે 'संयोगविभागवेग- द्रवत्वावृत्तित्व' આ પ્રમાણે જાતિનું વિશેષણ, નિવિષ્ટ છે. તેથી તાદશજાતિઓ સંયોગાદિમાં અવૃત્તિ ન હોવાથી તેને લઈને કઠિનદ્રવ્યોના સંયોગાદિમાં અવ્યાપ્તિ નહીં આવે... ઈત્યાદિ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, દ્રવત્વ અને સ્નેહપદબોધ્ય સ્નેહ અને વેગ; આટલા ગુણો બે ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે અર્થાદ્ ચક્ષુ અને ત્વગિન્દ્રિયજન્ય- પ્રત્યક્ષયોગ્ય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ, આ ગુણો ચક્ષુરાદિબાહ્ય એક જ ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે. ગુરુત્વ અદષ્ટ (ધર્માધર્મ) અને ભાવનાપદથી બોધ્ય વેગભિન્ન સંસ્કાર આ ગુણો અતીન્દ્રિય છે. ઈત્યાદિ સ્પષ્ટ છે. આથી વિશેષ દિનકરી-રામરુદ્રીથી જાણવું.

બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન; ધર્મ, અધર્મ, ભાવના અને શબ્દ, આટલા વિભુદ્રવ્યોના વિશેષગુણો અકારણગુણોત્પન્ન છે. સ્વકારણભૂતદ્રવ્યના સમવાયિકારણના સજાતીય ગુણોથી ઉત્પન્ન જે ગુણો છે તે ગુણો કારણગુણપૂર્વક કહેવાય છે. જે રૂપાદિ ગુણો સ્વરૂપ છે તે આગળ કહેવાશે. બુદ્ધિ વગેરે ઉપર જણાવેલા ગુણોના કારણ આત્માદિનું સમવાયિકારણ ન હોવાથી બુદ્ધ્યાદિ ગુણો 'अकारणगुणोत्पन्न' છે. યદ્યપિ નિત્યરૂપાદિ અને જન્ય પાકજ રૂપાદિગુણો પણ અકારણગુણપૂર્વક છે. પરન્તુ 'अकारणगुणोत्पन्नमात्रवृत्तिगुणत्व-

साक्षाद्व्याप्यजातिमत्त्व'ની વિવક્ષા હોવાથી નિત્ય રૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. ॥૮૯।૯૦।૯૧।૯૨। ૯૩।૯૪॥

## कारिकावली ।

**अपाकजास्तु स्पर्शान्ता द्रवत्वं च तथाविधम् ।**
**स्नेहवेगगुरुत्वैकपृथक्त्वपरिमाणकम् ॥९५॥**
**स्थितिस्थापक इत्येते स्युः कारणगुणोद्भवाः ।**
**संयोगश्च विभागश्च वेगश्चैते तु कर्मजाः ॥९६॥**
**स्पर्शान्तपरिमाणैकपृथक्त्वस्नेहशब्दके ।**
**भवेदसमवायित्वमथ वैशेषिके गुणे ॥९७॥**
**आत्मनः स्यान्निमित्तत्वमुष्णस्पर्शगुरुत्वयोः ।**
**वेगेऽपि च द्रवत्वे च संयोगादिद्वये तथा ॥९८॥**
**द्विधैव कारणत्वं स्यादथ प्रादेशिको भवेत् ।**
**वैशेषिको विभुगुणः संयोगादिद्वयं तथा ॥९९॥**

### मुक्तावली ।

अपाकजास्त्विति-पाकजरूपादीनां कारणगुणपूर्वकत्वाभावादपाकजा इत्युक्तम् । तथाविधम्-अपाकजम् । तथैकत्वमपि बोध्यम् । संयोगश्चेति कर्मजन्यत्वं यद्यपि न साधर्म्यं घटादावतिव्याप्तेः, संयोगजसंयोगेऽव्याप्तेश्च, तथाऽपि कर्मजन्यवृत्तिगुणत्वव्याप्यजातिमत्त्वं बोध्यम् । एवमन्यत्राऽप्यूह्यम् ॥९५-९६॥

(स्पर्शान्तेति-स्पर्शोऽत्राऽनुष्णो ग्राह्यः । 'पृथक्त्व' इत्यत्र त्वप्रत्ययस्य प्रत्येकमन्वयादेकत्वं पृथक्त्वं च ग्राह्यम् । पृथक्त्वपदेन चैकपृथक्त्वम् ।)

भवेदसमवायित्वमिति । घटादिरूपरसगन्धस्पर्शाः कपालादिरूपरसगन्धस्पर्शेभ्यो भवन्ति । एवं कपालादिपरिमाणादीनां घटादिपरिमाणाद्यसमवायिकारणत्वं, शब्दस्याऽपि द्वितीयशब्दं प्रति । एवं

स्थितिस्थापकैकपृथक्त्वयोरपि ज्ञेयम् ।

निमित्तत्वमितिबुद्ध्यादीनामिच्छादिनिमित्तत्वादिति भावः ।

द्विधैवेति-असमवायिकारणत्वं निमित्तकारणत्वं च । तथा हि उष्णस्पर्श उष्णस्पर्शस्याऽसमवायिकारणं पाकजे निमित्तम् । गुरुत्वं गुरुत्वपतनयोरसमवायिकारणम्, अभिघाते निमित्तम् । वेगो वेग-स्पन्दनयोरसमवायी, अभिघाते निमित्तम् । द्रवत्वं द्रवत्वस्यन्दनयोर-समवायि, सङ्ग्रहे निमित्तम् । भेरीदण्डसंयोगः शब्दे निमित्तम्, भेर्या-काशसंयोगेऽसमवायी । वंशदलद्वयविभागः शब्दे निमित्तम् । वंशदलाकाशविभागेऽसमवायीति । प्रादेशकः-अव्याप्यवृत्तिः ॥९७।९८।९९॥

॥ इति मुक्तावलीगुणनिरूपणे गुणसाधर्म्यकथनम् ॥

०० 

## : વિવરણ :

અપાકજ એવા રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને દ્રવત્વ તેમજ સ્નેહ, વેગ, ગુરુત્વ, એકત્વ, પૃથક્ત્વ, પરિમાણ અને સ્થિતિસ્થાપક આટલા ગુણો સ્વસમવાયિકારણસમવાયિ-કારણના તે તે સજાતીય ગુણોથી જન્ય હોવાથી 'कारण-गुणोद्भव' છે. પાકજ રૂપાદિ ગુણોમાં કપાલાદિ અવયવોના રૂપાદિ ગુણોના પૂર્વકત્વનો વ્યવહાર થતો ન હોવાથી કારિકા-વલીમાં अपाकज પદનું ઉપાદાન કર્યું છે.

संयोगश्चेति- સંયોગ વિભાગ અને વેગ આ ગુણોનું 'कर्मजन्यत्व' સાધર્મ્ય છે. યદ્યપિ કર્મજન્યત્વ તો, ચક્રાદિના ભ્રમ્યાદિથી જન્ય એવા ઘટાદિમાં હોવાથી ઘટાદિમાં અતિ-વ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે 'कर्मजन्यत्व' कर्मात्मक-असमवायिकारणजन्यत्व સ્વરૂપ લઈએ તો ભ્રમ્યાદિ સ્વરૂપ નિમિત્તકારણથી જન્ય એવા ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. પરન્તુ તાદૃશવિવક્ષામાં પણ સંયોગજસંયોગમાં (હસ્તપુસ્તકસંયોગજન્ય ટેબલપુસ્તકસંયોગમાં) કર્માસમ-

વાયિકારણકત્વસ્વરૂપ કર્મજન્યત્વ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે. પરન્તુ 'कर्मजन्यत्व' 'कर्मजन्यवृत्तिगुणत्वव्याप्यजातिमत्त्व' સ્વરૂપ વિવક્ષિત હોવાથી અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ પણ નહીં આવે... ઈત્યાદિ સ્પષ્ટ છે. આવી જ રીતે આગળ પણ અતિવ્યાપ્ત્યાદિના નિવારણ માટે આવશ્યકતાનુસાર જાતિઘટિત વિવક્ષામાં તાત્પર્ય સમજી લેવું. ॥૯૫॥૯૬॥

(स्पर्शान्तेति- અહીં स्पर्श પદથી અનુષ્ણસ્પર્શનું ગ્રહણ કરવું. 'एकपृथक्त्व' અહીં 'त्व' પ્રત્યયનો અન્વય 'एक' અને 'पृथक्' બન્ને પદની સાથે હોવાથી એકત્વ અને પૃથક્ત્વનું ગ્રહણ થાય છે. અન્યથા એકવૃત્તિપૃથક્ત્વનું જ ગ્રહણ થાત. पृथक्त्व પદથી એકપૃથક્ત્વ સમજવું.) કૌંસમાનો પાઠ કેટલાક પુસ્તકોમાં ન હોવાથી તે કૌંસમાં મૂક્યો છે.

भवेदसमवायित्वमिति - રૂપ, રસ, ગન્ધ, અનુષ્ણસ્પર્શ, પરિમાણ, એકત્વ, એકપૃથક્ત્વ, સ્નેહ અને શબ્દ, આટલા ગુણોનું સાધર્મ્ય 'असमवायिकारणत्व' અર્થાદ્ 'निमित्तकारणतारहितत्वविशिष्टासमवायिकारणत्व' છે. ઉષ્ણસ્પર્શમાં દ્વિવિધ કારણતા હોવાથી અહીં અનુષ્ણસ્પર્શનું ગ્રહણ છે. દ્વિપૃથક્ત્વાદિમાં કારણતા ન હોવાથી 'पृथक्त्व' પદથી એકપૃથક્ત્વનું ગ્રહણ કર્યું છે. ઉપર જણાવેલા રૂપ, રસ... વગેરે ગુણોમાં 'असमवायिकारणता'ને જણાવે છે. - घटादिरूप-रस... ઈત્યાદિ ગ્રંથથી. ભાવાર્થ સ્પષ્ટપ્રાયઃ છે. યદ્યપિ પાકજ રૂપાદિ સ્થળે અને ચરમઅવયવીના રૂપાદિમાં અસમવાયિકારણતા નથી તેમ જ કર્મમાં અસમવાયિકારણતા છે. તેથી ત્યાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે ''निमित्तकारणभिन्नासमवायिकारणवृत्तिगुणत्वव्याप्यजातिमत्त्व'' ની વિવક્ષા કરવી જોઈએ. આથી વિશેષ વિવરણ દિનકરી-રામરુદ્રીમાં જોવું.

કારિકાવલીમાં - अथ वैशेषिके... ઈત્યાદિ-આત્માના

વિશેષગુણોમાં 'निमित्तकारणत्व' છે. બુદ્ધિ વગેરે ગુણો, ઈચ્છાદિમાં નિમિત્તકારણ છે. યદ્યપિ 'निमित्तकारणत्व' તો દ્રવ્યમાં તેમ જ રૂપાદિમાં પણ હોવાથી અતિવ્યાપ્તિ આવે છે. તેથી 'समवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपितसमवायसम्बन्धावच्छिन्ननिमित्तकारणत्व'ની વિવક્ષા કરીએ તો દ્રવ્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે એતાદશ કારણતા દ્રવ્યાદિમાં અસમવાયિકારણતા સ્વરૂપ હોવાથી, તદભાવવદ્‌માં વૃત્તિ એવી નિમિત્તકારણતા ત્યાં નથી. પણ પરમાત્માના ગુણો અને સુખદુઃખ સમવાયસંબંધથી કોઈ પણ કાર્યની પ્રત્યે કારણ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે. તેથી તેના નિવારણ માટે 'असमवायिकारणताशून्यत्वविशिष्टनिमित्तकारणत्व' ની વિવક્ષા કરવી જોઈએ. દ્રવ્યાદિમાં જે રીતે એતાદશ નિમિત્તકારણતા નથી તેમ જ પરમાત્માના ગુણોમાં અને સુખાદિમાં જે રીતે એતાદશ નિમિત્તકારણતા છે, એ રીતે સ્વયં વિચારવું. અથવા દિનકરી-રામરુદ્રીથી જાણી લેવું. વિસ્તારભયથી એ બધું અહીં જણાવ્યું નથી. અથવા 'असमवायिकारणताशून्यत्वविशिष्टयत्किञ्चित्कार्यतानिरूपितसमवायसम्बन्धावच्छिन्नकारणतावत्त्व' સ્વરૂપ निमित्तकारणत्व અહીં વિવક્ષિત છે. યોગ્યવિભુવિશેષગુણો સ્વોત્તરવૃત્તિવિશેષગુણથી નાશ્ય હોવાથી સુખાદિ ગુણોમાં પણ ઉપર જણાવ્યા મુજબ નિમિત્તકારણતા છે. કારણ કે સ્વરૂપસંબંધથી યોગ્યવિભુવિશેષગુણનાશની પ્રત્યે સમવાયસંબંધથી વિશેષગુણ કારણ છે. આથી સુખાદિમાં તાદશકારણતાવત્ત્વ છે - એ સમજી શકાય છે. તેમ જ પરમાત્માના જ્ઞાનાદિગુણો પણ કાર્યમાત્રની પ્રત્યે કારણ હોવાથી સ્વસમાનાધિકરણસંયોગાદિની પ્રત્યે સમવાયસંબંધથી કારણ હોવાથી ત્યાં (પરમાત્માના જ્ઞાનાદિમાં) પણ તાદશકારણતાવત્ત્વ છે... ઈત્યાદિ સ્થિરતાપૂર્વક વિચારવું.

द्विधैवेति । असमवायिकारणत्वं निमित्तकारणत्वं च.

ઇત્યાદિ - આશય એ છે કે - ઉષ્ણસ્પર્શ, ગુરુત્વ, વેગ, દ્રવત્વ, સંયોગ અને વિભાગ, આ ગુણોમાં અસમવાયિકારણત્વ અને નિમિત્તકારણત્વ છે. અવયવનો ઉષ્ણસ્પર્શ અવયવીના ઉષ્ણસ્પર્શની પ્રત્યે અસમવાયિકારણ છે. અને પાકજ રૂપાદિમાં તે નિમિત્તકારણ છે. ગુરુત્વ, (અવયવગત) અવયવીના ગુરુત્વનું અસમવાયિકારણ છે. તેમ જ ગુરુત્વ સ્વાશ્રયવૃત્તિપતનનું અસમવાયિકારણ છે. અને અભિઘાતની પ્રત્યે ગુરુત્વ નિમિત્તકારણ છે. આવી જ રીતે વેગ, વેગ તથા સ્પન્દનનું અસમવાયિકારણ છે અને અભિઘાતનું નિમિત્તકારણ છે. તેમ જ દ્રવત્વ, દ્રવત્વ અને સ્પન્દનનું અસમવાયિકારણ છે અને સંગ્રહ (પિંડીભાવકારણભૂતસંયોગવિશેષ)નું નિમિત્તકારણ છે. ભેરીદંડનો સંયોગ; શબ્દમાં નિમિત્ત છે. અને ભેર્યાકાશસંયોગમાં અસમવાયિકારણ છે. અર્થાદ્ ભેર્યવચ્છિન્નઆકાશ સાથેના દંડસંયોગની પ્રત્યે ભેરીદંડનો સંયોગ અસમવાયિકારણ છે. આવી જ રીતે વંશદલદ્વયનો વિભાગ, શબ્દનું નિમિત્તકારણ છે. અને વંશદલાકાશવિભાગની પ્રત્યે અસમવાયિકારણ છે. ઇત્યાદિ ઉક્ત રીતે વિચારવું. શેષ સ્પષ્ટપ્રાયઃ છે. 'વિભુના વિશેષગુણો અને સંયોગ તથા વિભાગ, દૈશિક અવ્યાપ્યવૃત્તિ છે.' એ પૂર્વે જણાવ્યું છે.

॥ इति मुक्तावलीविवरणे गुणनिरूपणे गुणसाधर्म्यकथनम् ॥

○○

## प्रत्येकगुणनिरूपणम् ।

### कारिकावली ।

**चक्षुर्ग्राह्यं भवेद्रूपं, द्रव्यादेरुपलम्भकम् ।**
**चक्षुषः सहकारि स्यात्, शुक्लादिकमनेकधा ॥१००॥**

मुक्तावली ।

चक्षुरिति । रूपत्वजातिस्तु प्रत्यक्षसिद्धा । रूपशब्दोल्लेखिनी

प्रतीतिर्नाऽस्तीति चेन्माऽस्तु रूपशब्दप्रयोगस्तथाऽपि नीलपीतादिष्व-नुगतजातिविशेषोऽनुभवसिद्ध एव, रूपशब्दाप्रयोगेऽपि नीलो वर्णः, पीतो वर्ण इति वर्णशब्दोल्लेखिनी प्रतीतिरस्त्येव । एवं नीलत्वादि-कमपि प्रत्यक्षसिद्धम् । न चैकैका एव नीलारुणादिव्यक्तय इत्येकव्य-क्तिवृत्तित्वान्नीलत्वादिकं न जातिरिति वाच्यम् । नीलो नष्टो रक्त उत्पन्न इत्यादिप्रतीतेर्नीलादेरुत्पादविनाशशालितया नानात्वाद्, अन्य-थैकनीलनाशे जगदनीलतामापद्येत । न च नीलसमवायरक्तसमवाय-योरेवोत्पादविनाशविषयकोऽसौ प्रत्यय इति वाच्यम् । प्रतीत्या समवायानुल्लेखात् । न च स एवाऽयं नील इति प्रत्यक्षबलाल्लाघवा-च्चैक्यमिति वाच्यम् । प्रत्यक्षस्य तज्जातीयविषयत्वात्, सैवेयं गुर्जरीतिवत् । लाघवन्तु प्रत्यक्षबाधितम्, अन्यथा घटादीनाम-प्यैक्यप्रसङ्गाद्, उत्पादविनाशबुद्धेः समवायालम्बनत्वापत्तेरिति । एतेन रसादिकमपि व्याख्यातम् । चक्षुर्ग्राह्यमिति । चक्षु-र्ग्राह्यविशेषगुण इत्यर्थः । एवमग्रेऽपि । द्रव्यादेरिति उपलम्भकम् । उपलब्धिकारणम् । इदमेव विवृणोति चक्षुष इति । द्रव्यगुण-कर्मसामान्यानां चाक्षुषप्रत्यक्षं प्रति उद्भूतरूपं कारणम् । इति रूपलक्षणग्रन्थः ॥

## : વિવરણ :

ગુણોના સાધર્મ્યવૈધર્મ્યનું નિરૂપણ કરીને પ્રત્યેક ગુણોનું લક્ષણાદિના નિરૂપણ દ્વારા નિરૂપણ કરે છે - કારિકાવલીમાં चक्षुर्ग्राह्यं... ઈત્યાદિ ગ્રંથથી. ત્યાં રૂપનિષ્ઠલક્ષ્યતાવચ્છેદક રૂપત્વ જાતિ પ્રત્યક્ષસિદ્ધ છે. આશય એ છે કે रूप પદના શ્રવણથી સકલરૂપની ઉપસ્થિતિ થાય છે. એ ઉપસ્થિતિના નિર્વાહ માટે रूप પદની શક્તિ રૂપત્વાવચ્છિન્નરૂપમાં મનાય છે, પરન્તુ સકલરૂપમાં જો એક રૂપત્વ જાતિ ન હોય તો રૂપત્વ-સામાન્યલક્ષણયા સકલરૂપનું પ્રત્યક્ષ નહીં થાય. તેથી સ્પષ્ટ છે કે રૂપત્વાત્મકસામાન્યલક્ષણાજ્ઞાનથી જન્ય એવા પ્રત્યક્ષનો વિષય રૂપત્વ જાતિ છે. તેથી रूप પદની શક્તિનો ગ્રહ રૂપત્વા-

વચ્છિન્નસકલરૂપમાં થવાથી रूप પદના શ્રવણથી રૂપત્વેન સકલરૂપની ઉપસ્થિતિ થાય છે. યદ્યપિ આ રીતે 'રૂપત્વ' જાતિની સિદ્ધિ માટે રૂપપદોલ્લેખિની પ્રતીતિ થવી જોઈએ. પણ તાદશ પ્રતીતિ ન હોય તો રૂપત્વજાતિની ઉક્તરીતે સિદ્ધિ સંભવિત નથી, આ પ્રમાણે કહી શકાય છે. પરન્તુ રૂપ-શબ્દોલ્લેખિની પ્રતીતિ ન હોય તો પણ નીલ પીત અને રક્તાદિ રૂપોમાં અનુગત જાતિવિશેષ અનુભવસિદ્ધ હોવાથી રૂપત્વ-જાતિ પ્રત્યક્ષસિદ્ધ છે. 'નીલાદિમાં રૂપત્વજાતિનો અનુભવ થાય છે; એમાં કોઈ પ્રમાણ નથી' એવું નહીં કહેવું જોઈએ, કારણ કે नीलो वर्णः, पीतो वर्णः ઈત્યાકારક અનુભવ જ, નીલા-દિવૃત્તિ એક જાતિનું અસ્તિત્વ જણાવે છે. અર્થાદ્ રૂપપર્યાય-વાચકવર્ણશબ્દોલ્લેખી તાદશાનુભવ જ નીલાદિમાં અનુગત જાતિવિશેષની સિદ્ધિમાં પ્રમાણ છે. આવી જ રીતે રૂપત્વ-વ્યાપ્યનીલત્વાદિજાતિ પણ પ્રત્યક્ષસિદ્ધ છે. 'નીલાદિ એક એક હોવાથી એકવ્યક્તિત્વના કારણે નીલત્વાદિને જાતિ માની શકાશે નહીં.' આ કથન યોગ્ય નથી. 'नीलो नष्टः, रक्त उत्पन्नः'... ઈત્યાદિ પ્રતીતિથી નીલાદિ ઉત્પાદવિનાશશાલી સિદ્ધ હોવાથી તે અનેક છે. તેથી નીલત્વાદિમાં એક વ્યક્તિકત્વાભાવ હોવાથી નીલત્વાદિને જાતિ મનાય છે. નીલાદિને એક જ માનીએ તો એકત્ર તે નીલાદિનો નાશ થયા બાદ સમસ્ત જગત અનીલ (નીલરૂપાશ્રયશૂન્ય) થઈ જશે. नीलो नष्टः, रक्त उत्पन्नः, ઈત્યાદિ પ્રતીતિ નીલાદિના ઉત્પાદાદિવિષયક નથી. પણ નીલાદિના સમવાયના ઉત્પાદાદિવિષયક છે. તેથી તાદશ પ્રતીતિથી યદ્યપિ નીલાદિનું અનેકત્વ સિદ્ધ થતું નથી. પરન્તુ ઉક્ત પ્રતીતિ, સમવાયોલ્લેખિની ન હોવાથી સમવાયના ઉત્પાદાદિવિષયક નથી - એ સ્પષ્ટ છે. યદ્યપિ 'स एवाऽयं नीलः' ઈત્યાકારક પ્રતીતિના કારણે લાઘવથી નીલાદિના ઐક્યની સિદ્ધિ થાય છે. પરન્તુ તાદશ પ્રતીતિ सैवेयं गुर्जरी

ઈત્યાદ્યાકારક ગુજરાતી સ્ત્રીની જાતીયતાવગાહી પ્રતીતિની જેમ નીલાદિજાતીયતાવગાહી હોવાથી તેનાથી નીલાદિને એક માની શકાશે નહીં. તેમ જ नीलो नष्टः... ઈત્યાદિ પ્રતીતિના કારણે નીલાદિની અનેકતા સ્પષ્ટ હોવાથી, નીલાદિની એકતાની કલ્પનાનું લાઘવ તાદૃશપ્રત્યક્ષથી બાધિત છે. અન્યથા લાઘવમાત્રથી જ ઐક્યની સિદ્ધિ માનીએ તો ઘટાદિના ઐક્યનો પ્રસંગ આવશે અને તેથી घटो नष्टः... ઈત્યાદિ પ્રતીતિને ઘટાદિસમવાયના ઉત્પાદાદિની અવગાહી માનવાનો પ્રસંગ આવશે. જે, સમવાય એક હોવાથી અનિષ્ટ છે... ઈત્યાદિ સ્વયં વિચારવું. આ રીતે રૂપત્વ અને તદ્વ્યાપ્યનીલત્વાદિ-જાતિના નિરૂપણથી રસત્વાદિ અને તદ્વ્યાપ્યમધુરત્વાદિ-જાતિનું નિરૂપણ થઈ જ ગયું છે.

चक्षुर्ग्राह्यमिति - 'चक्षुर्ग्राह्यविशेषगुणत्वम्' આ રૂપનું લક્ષણ છે. ચક્ષુ ઈન્દ્રિયથી ગ્રાહ્ય જે વિશેષગુણ છે તેને રૂપ કહેવાય છે, અહીં विशेष પદ વિશેષગુણપરક નથી. પરંતુ વિલક્ષણ-ગુણપરક છે. ગુણમાં વિલક્ષણતા 'त्वगग्राह्यत्व' સ્વરૂપ છે, તેથી ''त्वगग्राह्यत्वविशिष्टचक्षुर्ग्राह्यत्वविशिष्टगुणत्वम्'' આ પ્રમાણે રૂપનું લક્ષણ છે. અથવા પ્રભાઘટના સંયોગમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા માટે 'त्वगिन्द्रियाग्राह्यत्वविशिष्ट-चक्षुरिन्द्रियग्राह्यत्वविशिष्टा या जातिस्तद्वद्गुणत्वम्' આ પ્રમાણે રૂપલક્ષણનું તાત્પર્ય સમજવું. લક્ષણઘટક પદોના ઉપન્યાસનું પ્રયોજન તર્કસંગ્રહના વિવરણથી જાણી લેવું. આ પ્રમાણે રૂપ-લક્ષણના તાત્પર્યની જેમ સ્પર્શલક્ષણનું તાત્પર્ય પણ સમજવું.

द्रव्यादेरिति - 'દ્રવ્યાદિની ઉપલબ્ધિનું કારણ રૂપ છે.' એ વસ્તુને સ્પષ્ટ કરે છે - चक्षुषः... ઈત્યાદિ કારિકાથી. દ્રવ્ય ગુણ કર્મ અને સામાન્યના ચાક્ષુષપ્રત્યક્ષની પ્રત્યે ઉદ્ભૂતરૂપ સમવાયાદિસંબંધથી કારણ છે. ચક્ષુરાદિમાં ઉદ્ભૂતરૂપ ન હોવાથી ચક્ષુરાદિનું પ્રત્યક્ષ થતું નથી. અન્યથા ચાક્ષુષ-

પ્રત્યક્ષની પ્રત્યે રૂપમાત્રને કારણ માનીએ તો ચક્ષુરાદિના ચાક્ષુષપ્રત્યક્ષનો પ્રસંગ આવશે. તેથી દ્રવ્યાદિના ચાક્ષુષ-પ્રત્યક્ષની પ્રત્યે ઉદ્‌ભૂતરૂપને કારણ મનાય છે. રૂપમાં ઉદ્‌-ભૂતત્વ, અનુદ્‌ભૂતત્વાભાવકૂટવત્ત્વ સ્વરૂપ છે. શુક્લત્વા-દિવ્યાપ્ય અનેક અનુદ્‌ભૂતત્વ છે. જે, આ પૂર્વે ૫૮ મી કારિકાના વિવરણ વખતે જણાવ્યું છે.

॥ इति रूपलक्षणग्रन्थः ॥

मुक्तावली ।

शुक्लादिकमनेकधेति - तच्च रूपं शुक्लनीलपीतरक्तहरितकपिशकर्बुरभेदादनेकप्रकारकं भवति । ननु कथं कर्बुरमतिरिक्तं रूपं भवति ? इत्थम् नीलपीताद्यवयवारब्धोऽवयवी न तावन्नीरूपः, अप्रत्यक्षत्वप्रसङ्गात् । नाऽपि व्याप्यवृत्तिनीलादिरूपमुत्पद्यते, पीतावच्छेदेनाऽपि नीलोपलब्धिप्रसङ्गात् । नाऽप्यव्याप्यवृत्तिनीलादिकमुत्पद्यते, व्याप्यवृत्तिजातीयगुणानामव्याप्यवृत्तित्वे विरोधात्; तस्मान्नानाजातीयरूपैरवयविनि विजातीयं चित्रं रूपमारभ्यते । अत एवैकं चित्ररूपमित्यनुभवोऽपि, नानारूपकल्पने गौरवात् । इत्थञ्च नीलादीनां पीताद्यारम्भे प्रतिबन्धकत्वकल्पनादवयविनि न पीताद्युत्पत्तिः । एतेन स्पर्शोऽपि व्याख्यातः । रसादिकमपि नाऽव्याप्यवृत्ति; किन्तु नानाजातीयरसवदवयवैरारब्धेऽवयविनि रसाभावेऽपि न क्षतिस्तत्र रसनयाऽवयवरस एव गृह्यते, रसनेन्द्रियादीनां द्रव्यग्रहे सामर्थ्याभावादवयविनो नीरसत्वेऽपि क्षतेरभावात् । नव्यास्तु-तत्राऽव्याप्यवृत्त्येव नानारूपं, नीलादेः पीतादिप्रतिबन्धकत्वकल्पने गौरवात् । अत एव -

'लोहितो यस्तु वर्णेन, मुखे पुच्छे च पाण्डुरः ।

श्वेतः खुरविषाणाभ्यां स नीलो वृष उच्यते ॥' इत्यादि शास्त्रमप्युपपद्यते । न च व्याप्याव्याप्यवृत्तिजातीयद्वयोर्विरोधः, मानाभावात् । न च लाघवादेकं रूपमनुभवविरोधाद्, अन्यथा घटादेरपि लाघवादैक्यं स्यात् । एतेन स्पर्शादिकमपि व्याख्यातमिति वदन्ति ॥१००॥

## : વિવરણ :

शुक्लादिकमनेकधेति - દ્રવ્યાદિના લૌકિકચાક્ષુષપ્રત્યક્ષની પ્રત્યે સહકારિકારણભૂત રૂપ; શુક્લાદિ સાત પ્રકારનું છે. એમાં કર્બુરચિત્રરૂપની અતિરિક્તકલ્પનાના બીજને જણાવે છે- इत्थम्... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે નીલપીતાદિ-ભિન્નજાતીયરૂપાશ્રયઅવયવોથી આરબ્ધ એક અવયવીને રૂપરહિત માનીએ તો એ અવયવીનું પ્રત્યક્ષ (ચાક્ષુષપ્રત્યક્ષ) નહીં થાય. કારણ કે વિષયતાસંબંધથી દ્રવ્યચાક્ષુષપ્રત્યક્ષની પ્રત્યે સમવાયસંબંધથી ઉદ્‌ભૂતરૂપ કારણ છે. તેથી તાદશાવયવીના પ્રત્યક્ષના નિર્વાહ માટે એ અવયવીને રૂપવિશિષ્ટ માનવાનું આવશ્યક છે. યદ્યપિ નીલાદિભિન્નભિન્નજાતીય-રૂપવદવયવોથી આરબ્ધ એક અવયવીમાં અવયવગત નીલાદિ એક રૂપથી વ્યાપ્યવૃત્તિ (સમગ્ર અવયવી પ્રદેશમાં) નીલાદિ એક રૂપની ઉત્પત્તિ થાય છે- એમ માનીએ તો તાદશાવયવીના અપ્રત્યક્ષત્વનો પ્રસંગ નહીં આવે. પરંતુ આ રીતે વ્યાપ્યવૃત્તિ-નીલાદિ એક રૂપની ઉત્પત્તિ માનવાથી પીતાવચ્છેદેન પણ નીલરૂપોપલબ્ધિને માનવાનો પ્રસંગ આવશે. કહેવાનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ ભિન્નભિન્નજાતીયરૂપવદવ-યવોથી આરબ્ધ ઘટાદિ એક અવયવીમાં પીતાદ્યવચ્છેદેન જે ચક્ષુ:સંયોગ છે તદ્‌વત્ (ચક્ષુ:સંયુક્ત) સમવાયસન્નિકર્ષથી અર્થાત્ પીતાવચ્છેદ્યચક્ષુ:સંયુક્તસમવાયસન્નિકર્ષથી નીલાદિ-રૂપના પ્રત્યક્ષનો પ્રસંગ આવશે. તેથી તાદશાવયવીમાં વ્યા-પ્યવૃત્તિનીલાદિરૂપની ઉત્પત્તિ માની શકાશે નહીં. તેમજ અવ્યાપ્યવૃત્તિનીલાદિરૂપની પણ ઉત્પત્તિ માની શકાશે નહીં. કારણ કે વ્યાપ્યવૃત્તિજાતીયગુણોમાં અવ્યાપ્યવૃત્તિત્વનો વિરોધ છે. ઘટાદિવૃત્તિવ્યાપ્યવૃત્તિનીલાદિજાતીયનીલાદિને અવ્યાપ્યવૃત્તિ માનવાથી વ્યાપ્યાવ્યાપ્યવૃત્તિત્વ સ્વરૂપ વિરુદ્ધધર્મદ્વયનો એકત્ર સ્વીકાર કરવાનો પ્રસંગ આવશે.

યદ્યપિ ઈશ્વરના જ્ઞાનાદિગુણોને વ્યાપ્યવૃત્તિ અને જીવાત્માના એ ગુણોને અવ્યાપ્યવૃત્તિ માન્યા હોવાથી 'व्याप्यवृत्तिजातीय-गुणानामव्याप्यवृत्तित्वे विरोधात्' આ ગ્રંથ યોગ્ય નથી. પરંતુ ત્યાં जातीय પદનો અર્થ सविषयाऽवृत्तिजातीय છે અર્થાદ્ વ્યાપ્યવૃત્તિ-નીલાદિવૃત્તિસવિષયાવૃત્તિજાતીય ગુણોના અવ્યાપ્યવૃત્તિત્વનો વિરોધ છે, એ તાત્પર્ય છે. તેથી જ્ઞાનાદિમાં વ્યાપ્યાવ્યાપ્ય-વૃત્તિત્વ હોવા છતાં કોઈ દોષ નથી. આથી સ્પષ્ટ છે કે ભિન્ન-ભિન્નજાતીયનીલાદિરૂપવદવયવોથી આરબ્ધ ઘટાદિ અવયવોમાં નીલાદિરૂપથી વિજાતીય ચિત્રરૂપનો આરંભ થાય છે. આથી જ આવા અવયવીમાં एकं चित्ररूपम् આવો અનુભવ પણ થાય છે. અન્યથા નાના રૂપની ઉત્પત્તિને માનીએ તો એ અનુભવ શક્ય નથી. યદ્યપિ નાનાજાતીય અનેક વૃક્ષો હોવા છતાં एकं वनम् આવો પ્રયોગ જેમ થાય છે, તેમ અનેક રૂપવદ્ દ્રવ્ય સ્થળે પણ રૂપસમુદાયમાં એકત્વનું ભાન થઈ શકે છે: પરંતુ આ રીતે નાનારૂપની કલ્પનામાં ગૌરવ હોવાથી એ યોગ્ય નથી. ચિત્રરૂપાધિકરણ ઘટાદિમાં સ્વાશ્રયસમવેતત્વસંબંધથી અવયવોના નીલાદિરૂપો વૃત્તિ હોવાથી ઘટાદિમાં સમવાય-સંબંધથી નીલાદિરૂપોની ઉત્પત્તિ શા માટે થતી નથી ? આવી શંકાનું સમાધાન કરે છે - इत्थञ्च... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે, સમવાયસંબંધથી પીતાદિની ઉત્પત્તિ પ્રત્યે સ્વસમવાયિસમવેતત્વસંબંધથી નીલાદિને પ્રતિબંધક મનાય છે. તેથી ચિત્રરૂપાધિકરણ ઘટાદિમાં સ્વસમવાયિ-સમવેતત્વસંબંધથી સ્વાતિરિક્ત (પીતાતિરિક્ત) નીલાદિરૂપ વૃત્તિ હોવાથી પ્રતિબંધકની વિદ્યમાનતામાં પીતાદિની ઉત્પત્તિ થતી નથી. 'આવી જ રીતે ભિન્નભિન્નજાતીયસ્પર્શવદવયવથી આરબ્ધ અવયવીમાં ચિત્રસ્પર્શ માનવો જોઈએ. અન્યથા સ્પર્શરહિત એ અવયવીનું સ્પાર્શનપ્રત્યક્ષ નહીં થાય' - ઈત્યાદિ આશયને જણાવે છે - 'एतेन स्पर्शोऽपि व्याख्यातः'

આ ગ્રંથથી. 'ચિત્રરૂપ અને ચિત્રસ્પર્શની જેમ ચિત્રરસાદિને પણ માનવા પડશે' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે રૂપાદિની જેમ રસાદિને પણ વ્યાપ્યવૃત્તિ જ મનાય છે, અવ્યાપ્યવૃત્તિ નહીં. પરન્તુ નાના જાતીયરસવદવયવોથી આરબ્ધ અવયવીમાં કોઈ પણ રસ ઉત્પન્ન ન થાય તો પણ કોઈ દોષ નથી. દ્રવ્યપ્રત્યક્ષમાં રસાદિ કારણ ન હોવાથી નીરસાદિ અવયવીના પ્રત્યક્ષત્વાભાવનો પ્રસંગ આવે; એ શક્ય નથી. નીરસ અવયવી સ્થળે રસનેન્દ્રિયથી અવયવના જ રસનું ગ્રહણ થાય છે.

नव्यास्तु... ઈત્યાદિ - આશય એ છે કે નાના-જાતીયરૂપવદવયવોથી આરબ્ધ ઘટાદિ અવયવીમાં, તે તે અવયવોના રૂપથી અવ્યાપ્યવૃત્તિ જ નાના રૂપો ઉત્પન્ન થાય છે. અન્યથા નીલાદિને પીતાદિની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ પ્રતિબંધક માનવામાં ગૌરવ થશે. યદ્યપિ તાદશપ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ ન માનીએ તો, નાનાજાતીયરૂપવદવયવોથી આરબ્ધ અવયવીમાં, ભિન્નજાતીયરૂપવદવયવાવચ્છેદેન ભિન્ન જાતીયરૂપની ઉત્પત્તિનું નિવારણ કરવા अवच्छेदकतासम्बन्धेन नीलाद्युत्पत्तिं प्रति समवायेन नीलादिकं कारणम् આ પ્રમાણે કાર્યકારણભાવ માનવો પડશે. તેથી 'એતાદશ કાર્યકારણભાવ માનવો કે પીતાદિની પ્રત્યે ઉક્ત રીતે નીલાદિને પ્રતિબંધક માનવા' એમાં કોઈ વિનિગમક ન હોવાથી પ્રતિબધ્યપ્રતિ-બંધકભાવની કલ્પનાના ગૌરવના ભયથી તાદશાવયવીમાં નાનાજાતીય અવ્યાપ્યવૃત્તિરૂપોની ઉત્પત્તિ માનવાનું યોગ્ય નથી. પરન્તુ 'નીલવૃષભ'ના સ્વરૂપને વર્ણવતાં 'लोहितो यस्तु...' ઈત્યાદિ શાસ્ત્રથી અવયવીમાં (નાનાજાતીયરૂપવદ્ અવયવોથી આરબ્ધમાં) અવ્યાપ્યવૃત્તિ એવા રૂપને જણાવ્યું છે. તદનુસારે રૂપને અવ્યાપ્યવૃત્તિ મનાય છે. અન્યથા એ શાસ્ત્ર ઉપપન્ન નહીં થાય. આ રીતે નાનાજાતીયરૂપવદવયવીથી

આરબ્ધ અવયવીમાં અવ્યાપ્યવૃત્તિ રૂપની ઉત્પત્તિ માનીએ તો રૂપને વ્યાપ્યવૃત્તિજાતીય અને અવ્યાપ્યવૃત્તિજાતીય માનવાનો પ્રસંગ આવશે - એ કહેવું યોગ્ય નથી. કારણ કે વ્યાપ્યાવ્યાપ્યવૃત્તિત્વના વિરોધમાં કોઈ પ્રમાણ નથી. યદ્યપિ આ રીતે તાદશ અવયવીમાં અવ્યાપ્યવૃત્તિ અનેકરૂપની કલ્પનામાં ગૌરવ હોવાથી વ્યાપ્યવૃત્તિ એક ચિત્રરૂપને માનવું જોઈએ. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ નીલવૃષભાદિમાં અનેક રૂપવત્ત્વનો અનુભવ થતો હોવાથી ત્યાં એકરૂપવત્ત્વની કલ્પનાથી અનુભવનો વિરોધ આવશે. અન્યથા અનુભવ બાધિત હોવા છતાં લાઘવથી એક જ રૂપવત્ત્વ તાદશાવયવીમાં માનવાનું ઈષ્ટ હોય તો અનેકઘટવદ્ભૂતલાદિમાં પણ લાઘવથી ઘટાદિના ઐક્યને માનવું પડશે. આ રીતે અવ્યાપ્યવૃત્તિરૂપની જેમ જ નાનાજાતીયસ્પર્શવદવયવોથી આરબ્ધ અવયવીમાં અવ્યાપ્યવૃત્તિ નાનાસ્પર્શોની ઉત્પત્તિ થાય છે... ઈત્યાદિ નવીનોની માન્યતા છે. જેમાં 'वदन्ति' કહીને અસ્વારસ્ય જણાવાયું છે. જે રામરુદ્રીથી જાણી લેવું.

## कारिकावली ।

## जलादिपरमाणौ तन्नित्यमन्यत्सहेतुकम् ।

मुक्तावली ।

जलादीति - जलपरमाणौ तेजःपरमाणौ च रूपं नित्यं पृथिवी-परमाणुरूपं तु न नित्यं, तत्र पाकेन रूपान्तरोत्पत्तेः, न हि घटस्य पाकानन्तरं तदवयवोऽपक्व उपलभ्यते, न हि रक्तकपालस्य कपालिका नीलावयवा भवति, एवं क्रमेण परमाणावपि पाकसिद्धेः । अन्यत् - जलतेजःपरमाणुरूपभिन्नं रूपं, सहेतुकम्-जन्यम् ॥ इति रूपग्रन्थः ॥

०○

## : વિવરણ :

जलादीति - જલપરમાણુ અને તેજ:પરમાણુનું રૂપ નિત્ય છે. પૃથ્વીપરમાણુ નિત્ય હોવા છતાં ત્યાં પાકના કારણે રૂપાન્તરની ઉત્પત્તિ થતી હોવાથી પૃથ્વીપરમાણુનું રૂપ અનિત્ય છે. યદ્યપિ ઘટાદિ અવયવીમાં જ પાક હોવાથી પરમાણુ પાકથી રહિત હોવાથી પૃથ્વીપરમાણુમાં રૂપને અનિત્ય માનવાની આવશ્યકતા નથી. પરન્તુ અવયવી ઘટાદિમાં પાક થયા પછી તેના અવયવ કપાલાદિ અપક્વ (પાકરહિત) ઉપલબ્ધ થતા નથી. રક્તકપાલની અવયવસ્વરૂપ કપાલિકા રક્ત જ હોય છે. પરન્તુ નીલ નથી હોતી. આ રીતે તે તે અવયવોના તે તે અવયવોમાં પાકની સિદ્ધિ થતી હોવાથી ચરમ અવયવ સ્વરૂપ પરમાણુમાં પણ પાકની સિદ્ધિ થાય છે. આથી સ્પષ્ટ છે કે જલ અને તેજપરમાણુના રૂપને છોડીને અન્ય રૂપ જન્ય છે.

इति रूपनिरूपणम् ।

## कारिकावली ।

**रसस्तु रसनाग्राह्यो, मधुरादिरनेकधा ॥१०१॥**
**सहकारी रसज्ञाया, नित्यतादि च पूर्ववत् ।**
**घ्राणग्राह्यो भवेद् गन्धो घ्राणस्यैवोपकारकः ॥१०२॥**
**सौरभं चाऽसौरभं च स द्वेधा परिकीर्त्तितः ।**
**स्पर्शस्त्वगिन्द्रियग्राह्यस्त्वचः स्यादुपकारकः ॥१०३॥**
**अनुष्णाशीतशीतोष्णभेदात् स त्रिविधो मतः ।**
**काठिन्यादि क्षितावेव नित्यतादि च पूर्ववत् ॥१०४॥**

मुक्तावली ।

रसं निरूपयति - रसस्त्विति । सहकारीति - रासनज्ञाने रसः कारणमित्यर्थः । पूर्ववदिति - जलपरमाणौ रसो नित्यः, अन्यः सर्वोऽपि

रसोऽनित्य इत्यर्थः ।

गन्धं निरूपयति-घ्राणग्राह्य इति । उपकारक इति-घ्राणजन्यज्ञाने सहकारी स इत्यर्थः । सर्वोऽपि गन्धोऽनित्य एव ।

स्पर्शं निरूपयति-स्पर्श इति । उपकारक इति-स्पार्शनप्रत्यक्षे स्पर्शः कारणमित्यर्थः । अनुष्णाशीतेति-पृथिव्यां वायौ च स्पर्शोऽनुष्णाशीतः, जले शीतः, तेजस्युष्णः । कठिनसुकुमारस्पर्शौ पृथिव्यामेवेत्यर्थः । कठिनत्वादिकं तु न संयोगगतो जातिविशेषश्चक्षुर्ग्राह्यत्वापत्तेः । पूर्ववदिति-जलतेजोवायुपरमाणुस्पर्शा नित्याः । तद्भिन्नास्त्वनित्या इत्यर्थः ॥१०१-१०२-१०३-१०४ ॥

०० 

## : વિવરણ :

રસનેન્દ્રિયજન્યલૌકિકપ્રત્યક્ષના વિષયભૂત ગુણને રસ કહેવાય છે. જે મધુરાદિ ભેદથી છ પ્રકારનો છે. રસનેન્દ્રિયજન્ય પ્રત્યક્ષની પ્રત્યે વિષયવિધયા રસ કારણ છે. જલના પરમાણુઓમાં રસ નિત્ય છે. બાકીનો બધો રસ અનિત્ય છે.

ઘ્રાણેન્દ્રિયજન્ય લૌકિકપ્રત્યક્ષના વિષયભૂત ગુણને ગંધ કહેવાય છે. જે ઘ્રાણેન્દ્રિયજન્ય પ્રત્યક્ષની પ્રત્યે સહકારી કારણ છે. સુરભિ અને અસુરભિ ભેદથી દ્વિવિધ પણ ગન્ધ અનિત્ય છે. પૃથ્વીભિન્નમાં ગન્ધ ન હોવાથી અને પૃથ્વીમાં પાકજ ગન્ધ હોવાથી ગન્ધમાત્ર અનિત્ય છે - એ સમજી શકાય છે.

ત્વગિન્દ્રિયમાત્રજન્ય લૌકિકપ્રત્યક્ષના વિષયભૂત ગુણને સ્પર્શ કહેવાય છે. જે સ્પાર્શનપ્રત્યક્ષની પ્રત્યે ત્વગિન્દ્રિયનો સહકારી છે. શીત ઉષ્ણ અને અનુષ્ણાશીત આ ત્રણ પ્રકારનો સ્પર્શ છે. એમાંથી અનુષ્ણાશીતસ્પર્શ પૃથ્વી અને વાયુમાં છે. શીતસ્પર્શ જલમાં છે. અને ઉષ્ણસ્પર્શ તેજમાં છે. કઠિન અને સુકુમારસ્પર્શ, માત્ર પૃથ્વીમાં જ છે. યદ્યપિ ''कठिनः संयोगः'' ઈત્યાદ્યાકારક પ્રતીતિથી સંયોગમાં કઠિનત્વ જાતિની સત્તા માનવી જોઈએ. પરન્તુ સંયોગમાં કઠિનત્વ જાતિને

માનીએ તો તેનું (કઠિનત્વનું) ચાક્ષુષપ્રત્યક્ષ થવાનો પ્રસંગ આવશે. તેથી કઠિનત્વ સંયોગગતજાતિવિશેષ નથી. પણ સ્પર્શનિષ્ઠજાતિવિશેષ છે - એ સ્પષ્ટ છે. યદ્યપિ આ રીતે સ્પર્શનિષ્ઠજાતિવિશેષ સ્વરૂપ કઠિનત્વને માનીએ તો 'कठिनः संयोगः' ઈત્યાદ્યાકારક પ્રતીતિને પ્રમાત્મક માની શકાશે નહીં. પરન્તુ ઉક્ત પ્રતીતિ કઠિનસ્પર્શવદ્દ્રવ્યપ્રતિયોગિકત્વનું સંયોગમાં અવગાહન કરતી હોવાથી તાદૃશ પ્રતીતિમાં પ્રમાત્વ માનવામાં કોઈ દોષ નથી. જલ તેજ અને વાયુના પરમાણુઓનો સ્પર્શ નિત્ય છે. તદ્ભિન્ન બધા સ્પર્શો અનિત્ય છે. ॥૧૦૧-૧૦૨-૧૦૩-૧૦૪॥

००

## कारिकावली ।

**एतेषां पाकजत्वन्तु क्षितौ नान्यत्र कुत्रचित् ।**
**तत्राऽपि परमाणौ स्यात् पाको वैशेषिके नये ॥१०५॥**

मुक्तावली ।

एतेषां-रूपरसगन्धस्पर्शानाम् । नाऽन्यत्रेति-पृथिव्यां हि रूपरसगन्धस्पर्शपरावृत्तिरग्निसंयोगादुपलभ्यते । न हि शतधाऽपि ध्मायमाने जले रूपादिकं परिवर्त्तते, नीरे सौरभमौष्ण्यञ्चान्वयव्यतिरेकाभ्यामौपाधिकमेवेति निर्णीयते, पवनपृथिव्योः शीतस्पर्शादिवत् । तत्राऽपि-पृथिवीष्वपि, परमाणावेव रूपादीनां पाक इति वैशेषिका वदन्ति । तेषामयमाशयः-अवयविनाऽवष्टब्धेष्ववयवेषु पाको न सम्भवति, परन्तु वह्निसंयोगेनाऽवयविषु विनष्टेषु स्वतन्त्रेषु परमाणुषु पाकः, पुनश्च पक्वपरमाणुसंयोगात् द्व्यणुकादिप्रक्रमेण पुनर्महावयविपर्यन्तमुत्पत्तिः, तेजसामतिशयितवेगवशात् पूर्वव्यूहनाशो झटिति व्यूहान्तरोत्पत्तेश्चेति ।

अत्र द्व्यणुकादिविनाशमारभ्य कतिभिः क्षणैः पुनरुत्पत्त्या रूपादिमद् भवतीति शिष्यबुद्धिवैशद्यार्थं क्षणप्रक्रिया ।

## : વિવરણ :

एतेषामिति - રૂપ રસ ગન્ધ અને સ્પર્શનું પરાવર્ત્તન અગ્નિના સંયોગથી પૃથિવીને છોડીને અન્યત્ર કોઈ પણ સ્થાને નથી થતું. માત્ર પૃથ્વીમાં જ એ પરાવર્ત્તન છે. સેંકડોવાર જલને તપાવીએ તો પણ તે જલાદિમાં રૂપની પરાવૃત્તિ થતી નથી. જલના સ્પર્શથી જેવી રીતે પવન અને પૃથ્વીમાં ઔપાધિક શીતસ્પર્શ મનાય છે, તેવી રીતે નીરમાં પણ પૃથ્વીસંબંધથી જ ઔપાધિક સૌરભાદિગન્ધ અને ઉષ્ણસ્પર્શને મનાય છે. આથી સ્પષ્ટ છે કે પૃથ્વીને છોડીને અન્યત્ર કોઈ પણ સ્થાને રૂપાદિનું વાસ્તવિક પરાવર્ત્તન ન હોવાથી તદનુકૂલ (રૂપાદિપરિવર્ત્તનાનુકૂલ) પાક પૃથ્વીમાં જ છે.

'પૃથ્વીમાં પણ ચરમ અવયવ સ્વરૂપ પરમાણુમાં જ પાક અર્થાદ્ રૂપાદિનું પરાવર્ત્તન છે.' આ પ્રમાણેની માન્યતા વૈશેષિકોની છે. તેઓનો આશય એ છે કે - અવયવીની સાથે અવષ્ટબ્ધ અર્થાદ્ સ્વકારણીભૂતસંયોગાશ્રયત્વ (ઘટાદિ-કારણીભૂતકપાલદ્વયસંયોગાશ્રયત્વ) સંબંધથી અવયવીની સાથે સંબદ્ધ એવા અવયવોમાં પાકનો અર્થાદ્ રૂપાદિના પરાવર્ત્તનનો સંભવ નથી. કારણ કે રૂપાદિના નાશની પ્રત્યે સાક્ષાત્પરંપરાસાધારણસર્વાવયવાવચ્છેદેન 'તેજ:સંયોગ' હેતુ છે. અવયવીથી અવષ્ટબ્ધ અવયવોમાં સર્વાવયવાવચ્છેદેન તેજ:સંયોગનો અભાવ હોવાથી તે અવયવોમાં રૂપાદિના પરિવર્ત્તનનો સંભવ નથી. અવયવીથી અવષ્ટબ્ધ અવયવોમાં 'તેજ:સંયોગ' શા માટે ઉત્પન્ન થતો નથી ? આવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે આ રીતે અવયવીથી અવષ્ટબ્ધ અવયવોમાં પણ તેજ:સંયોગને માનીએ તો સ્વારંભક-સંયોગાવચ્છેદેન અવયવીમાં તેજ:સંયોગની ઉત્પત્તિના કાલમાં તાદશસંયોગાવચ્છેદેન અવયવોમાં પણ નોદનાખ્યસંયોગ અથવા અભિઘાતાખ્યસંયોગ એ બેમાંથી કોઈની પણ ઉત્પત્તિ

થશે. તેથી તાદશસંયોગજન્ય વિભાગોત્પાદકક્રિયાથી અવયવ્યારંભકસંયોગનો નાશ થવાથી અવયવીના નાશનો પ્રસંગ આવશે- એ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ. આથી સમજી શકાય છે કે અવયવીથી અવષ્ટબ્ધ અવયવોમાં રૂપાદિના પરાવર્ત્તનનો સંભવ નથી. પરન્તુ વહ્નિના અભિઘાતથી પરમાણુમાં થયેલ ક્રિયાના કારણે પરમાણુનો વિભાગ થાય છે. જેથી દ્વ્યણુકારંભકસંયોગના નાશથી દ્વ્યણુકનો નાશ થાય છે. એ ક્રમે વહ્નિસંયોગથી પ્રયોજ્ય સર્વ અવયવીનો વિનાશ થયે છતે આરંભકસંયોગથી રહિત એવા પરમાણુઓમાં પાક અર્થાદ્ રૂપાદિની પરાવૃત્તિ થાય છે. અને ફરીથી અર્થાદ્ ત્યારબાદ પરાવૃત્તરૂપાદિમત્ એ પરમાણુના સંયોગથી દ્વ્યણુકાદિની ઉત્પત્તિના ક્રમે ફરીથી મહાવયવી ઘટાદિની ઉત્પત્તિ થાય છે. યદ્યપિ આ રીતે આપરમાણ્વન્ત અવયવીનો નાશ માનીએ તો ઘટાદિના સંસ્થાનનો ભેદ જણાવો જોઈએ. પરન્તુ તેજના અતિશયવેગથી પૂર્વસંસ્થાનનો નાશ અને શીઘ્રપણે સંસ્થાનાન્તરની ઉત્પત્તિ થતી હોવાથી સંસ્થાનભેદાદિ દષ્ટિગોચર થતા નથી.

અહીં રૂપાદિના પાકજત્વની વિચારણામાં દ્વ્યણુકાદિ; સ્વવિનાશની ક્ષણથી આરંભીને ફરીથી કેટલી ક્ષણે રૂપાદિમદ્ ઉત્પન્ન થાય છે - એને શિષ્યબુદ્ધિની વિશદતા માટે જણાવતા ક્ષણપ્રક્રિયા જણાવાય છે.

मुक्तावली ।

तत्र विभागजविभागानङ्गीकारे नव-क्षणा । तदङ्गीकारे तु विभागः किञ्चित्सापेक्षो विभागं जनयेत्; निरपेक्षस्य तत्त्वे कर्मत्वं स्यात्, 'संयोगविभागयोरनपेक्षं कारणं कर्म, इति हि वैशेषिकसूत्रम् । स्वोत्तरोत्पन्नभावानपेक्षत्वं तस्याऽर्थः । अन्यथा कर्मणोऽप्युत्तर-संयोगोत्पत्तौ पूर्वसंयोगनाशापेक्षणादव्याप्तिः स्यादिति । तत्र यदि द्रव्यारम्भकसंयोगविनाशविशिष्टं कालमपेक्ष्य विभागजविभागः स्यात्

तदा दशक्षणा । अथ द्रव्यनाशविशिष्टं कालमपेक्ष्य विभागजविभागः स्यात् तदैकादशक्षणा । तथा हि -

अथ नवक्षणा - वह्निसंयोगात् परमाणौ कर्म, ततः परमाण्वन्तरेण विभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशः १, ततः परमाणौ श्यामादिनाशः २, ततो रक्ताद्युत्पत्तिः ३, ततो द्रव्यारम्भानुगुणा क्रिया ४, ततो विभागः ५, ततः पूर्वसंयोगनाशः ६, तत आरम्भकसंयोगः ७, ततो द्व्यणुकोत्पत्तिः ८, ततो रूपाद्युत्पत्तिः ९, इति नवक्षणा ।

ननु श्यामादिनाशक्षणे रक्तोत्पत्तिक्षणे वा द्रव्यारम्भानुगुणा क्रियाऽस्त्विति चेन्न । अग्निसंयुक्ते परमाणौ यत् कर्म तद्विनाशमन्तरेण गुणोत्पत्तिमन्तरेण च परमाणौ क्रियान्तराभावात्, कर्मवति कर्मान्तरानुत्पत्तेः । निर्गुणे द्रव्ये द्रव्यारम्भानुगुणक्रियानुपपत्तेश्च । तथाऽपि परमाणौ श्यामादिनिवृत्तिसमकालं रक्ताद्युत्पत्तिः स्यादिति चेन्न । पूर्वरूपादिध्वंसस्याऽपि रूपान्तरे हेतुत्वादिति ।

००

## : વિવરણ :

तत्र विभागजविभागानङ्गीकारे... ઈત્યાદિ. આશય એ છે કે, વિભાગજવિભાગ બે પ્રકારનો છે. (૧) કારણમાત્રના વિભાગથી જન્ય કારણાકારણવિભાગ. (૨) કારણાકારણવિભાગથી ઉત્પન્ન કાર્યાકાર્યવિભાગ. એમાં કપાલની ક્રિયાથી કપાલદ્વયનો વિભાગ, એ વિભાગથી ઘટારંભકસંયોગનો નાશ, અને ત્યારબાદ એ વિભાગથી જ કર્મવત્કપાલનો આકાશથી વિભાગ; આ વિભાગને કારણમાત્રના વિભાગથી જન્ય કારણાકારણનો વિભાગ કહેવાય છે. અને હસ્તની ક્રિયાથી જન્ય, હસ્તતરુવિભાગથી જન્ય જે શરીરતરુનો વિભાગ છે તેને કારણાકારણવિભાગથી જન્ય કાર્યાકાર્યનો વિભાગ કહેવાય છે. આ બે વિભાગમાંથી પ્રથમ જે વિભાગ (कारणाकारण-विभाग) છે તેને ક્રિયાજન્ય માનીએ અર્થાત્ વિભાગ-

(कारणमात्रविभाग)જન્ય ન માનીએ તો દ્વ્યણુકને સ્વવિનાશ-ક્ષણથી માંડીને ફરીથી ઉત્પન્ન થઈને રૂપવદ્ થવામાં નવક્ષણની પ્રક્રિયા છે. પરન્તુ એ વિભાગને કારણમાત્રવિભાગથી જન્ય માનીએ તો નીચે જણાવ્યા મુજબ દશ અથવા અગ્યારક્ષણની પ્રક્રિયા છે. અહીં વિભાગજપ્રથમવિભાગ ન માનનારા અને માનનારાઓનો જે આશય છે તે દિનકરીથી સમજી લેવો જોઈએ. સામાન્ય દિશાસૂચન વિભાગનિરૂપણના અવસરે કરીશ. અહીં પ્રકૃતોપયોગી અંશનું જ પ્રતિપાદન કર્યું છે. વિભાગજવિભાગ(પ્રથમવિભાગ)ના સ્વીકારમાં દશ અથવા અગ્યારક્ષણની પ્રક્રિયાને સ્પષ્ટ કરે છે - तदङ्गीकारे तु विभागः... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે કારણમાત્ર-વિભાગ જ્યારે પણ કારણાકારણવિભાગને ઉત્પન્ન કરશે ત્યારે તે કોઈની પણ અપેક્ષા રાખીને કરશે. કારણ કે તે વિભાગ, નિરપેક્ષ થઈને તાદશવિભાગને ઉત્પન્ન કરે, તો તેમાં કર્મલક્ષણની અતિવ્યાપ્તિનો પ્રસંગ આવશે. 'संयोग-विभागयोरनपेक्षं कारणं कर्म (वैशेषिकसूत्र अ. १ सू. १७)' આ સૂત્રથી સંયોગના અનપેક્ષ(નિરપેક્ષ)કારણને, તેમજ વિભાગના નિરપેક્ષકારણને કર્મ કહેવાય છે. આ રીતે કર્મના બે લક્ષણો જણાવ્યા છે. એમાં; ઉપર જણાવ્યા મુજબ કારણમાત્રવિભાગ નિરપેક્ષ થઈને કારણાકારણવિભાગનું જનન કરે તો કર્મના બીજાલક્ષણની અતિવ્યાપ્તિ કારણમાત્ર-વિભાગમાં થશે. તેથી તે વિભાગ કિઞ્ચિત્ સાપેક્ષ જ, વિભાગને ઉત્પન્ન કરશે - એ સમજી શકાય છે. યદ્યપિ કર્મ પણ ઉત્તરસંયોગની ઉત્પત્તિમાં પૂર્વસંયોગના નાશની અપેક્ષા રાખતું હોવાથી તેમાં સંયોગનિરપેક્ષકારણત્વ ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. પરંતુ લક્ષણઘટક अनपेक्षत्व નો અર્થ, સ્વોત્તરો(કર્મોત્તરો)ત્પન્નભાવાનપેક્ષત્વ હોવાથી કર્મમાં અવ્યાપ્તિ નહીં આવે. કારણમાત્રવિભાગ, કારણાકારણવિભાગ–

ને ઉત્પન્ન કરવામાં દ્રવ્યારંભકસંયોગવિનાશવિશિષ્ટકાલની અપેક્ષા કરે અર્થાત્ દ્રવ્યારંભકસંયોગનાશની ઉત્પત્તિના ક્ષણની અવ્યવહિતોત્તરક્ષણમાં તાદશવિભાગને ઉત્પન્ન કરે તો દશક્ષણની પ્રક્રિયા સમજવી. અને દ્રવ્યનાશોત્પત્ત્યધિકરણ-ક્ષણની ઉત્તરક્ષણમાં જો તાદશવિભાગને ઉત્પન્ન કરે તો અ-ગ્યારક્ષણની પ્રક્રિયા સમજવી. નવાદિક્ષણોની પ્રક્રિયાનું ઉપપાદન કરે છે - तथा हि... ઈત્યાદિ ગ્રંથથી. प्रथमक्षणः- વહ્નિસંયોગથી પરમાણુમાં કર્મ, ત્યારબાદ પરમાણ્વન્તરથી વિભાગ; તેનાથી આરંભક (દ્વ્યણુકારંભક) - સંયોગનો નાશ; તેથી દ્વ્યણુકનો નાશ. द्वितीयक्षणः-દ્વ્યણુકનાશની ઉત્તરક્ષણમાં પરમાણુમાં શ્યામાદિનો નાશ. तृतीयक्षणः - ત્યારબાદ પરમાણુમાં રક્તાદિની ઉત્પત્તિ. चतुर्थक्षणः - પરમાણુમાં દ્રવ્યારંભા(દ્વ્યણુકારંભા)નુગુણક્રિયા. पञ्चमक्षणः - કર્મવત્ પરમાણુનો પૂર્વદેશથી વિભાગ. षष्ठक्षणः - પરમાણુના પૂર્વદેશની સાથેના સંયોગનો નાશ. सप्तमक्षणः - દ્વ્યણુકારંભક-સંયોગ. अष्टमक्षणः - તાદશસંયોગથી દ્વ્યણુકની ઉત્પત્તિ. नवमक्षणः - એ દ્વ્યણુકમાં રક્તાદિરૂપાદિની ઉત્પત્તિ. આ રીતે દ્વ્યણુકનાશોત્પત્તિક્ષણથી ફરીથી ઉત્પન્ન દ્વ્યણુકમાં રૂપાદિની ઉત્પત્તિ થવામાં નવક્ષણની પ્રક્રિયા છે. શ્યામાદિના નાશોત્પત્તિક્ષણ સ્વરૂપ દ્વિતીયક્ષણમાં અથવા રક્તાદિની ઉત્પત્તિક્ષણ સ્વરૂપ તૃતીયક્ષણમાં પરમાણુમાં દ્વ્યણુકારંભા-નુગુણક્રિયાની ઉત્પત્તિ (જે ચતુર્થક્ષણમાં સ્વીકારી છે.) શા માટે માનતા નથી ? આવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે પ્રથમક્ષણની (વિવક્ષિતપ્રથમક્ષણની) પૂર્વે અગ્નિસંયોગથી જે કર્મ ઉત્પન્ન થયું છે, તેનો નાશ થયા વિના પરમાણુમાં દ્વ્યણુકારંભાનુગુણક્રિયાની ઉત્પત્તિ શક્ય નથી. કારણ કે કર્મ-વત્માં કર્માન્તરની ઉત્પત્તિ થતી નથી. શ્યામાદિનાશક્ષણમાં પૂર્વકર્મનો નાશ થયા બાદ ચતુર્થક્ષણમાં એ કર્મ (દ્રવ્યા-

રંભાનુગુણકર્મ) ઉત્પન્ન થાય છે. યદ્યપિ પૂર્વકર્મના નાશ પછી તૃતીયક્ષણમાં તાદશકર્મની ઉત્પત્તિ માની શકાય છે. પરન્તુ નિર્ગુણદ્રવ્યમાં દ્રવ્યારંભાનુગુણક્રિયાની ઉત્પત્તિ થતી ન હોવાથી તૃતીયક્ષણમાં પણ તાદશકર્મની ઉત્પત્તિ મનાતી નથી. આથી સમજી શકાય છે કે પૂર્વકર્મના વિનાશ વિના અને ગુણોત્પત્તિ વિના પરમાણુમાં દ્વયણુકારંભાનુગુણક્રિયાની ઉત્પત્તિ શક્ય ન હોવાથી દ્વિતીય કે તૃતીયક્ષણમાં તાદશક્રિયાની ઉત્પત્તિ મનાતી નથી. તો પણ દ્વિતીયક્ષણમાં શ્યામાદિના નાશની ઉત્પત્તિ-કાલમાં જ રક્તાદિની ઉત્પત્તિ શા માટે માનતા નથી ? આવી શંકા પણ નહીં કરવી જોઈએ. કારણ કે પૂર્વરૂપાદિનો ધ્વંસ પણ રૂપાન્તરાદિની ઉત્પત્તિમાં કારણ હોવાથી દ્વિતીયક્ષણની પૂર્વે પૂર્વરૂપાદિ (શ્યામાદિ)નો નાશ ન હોવાથી દ્વિતીયક્ષણમાં રૂપાન્તર (રક્તાદિ)ની ઉત્પત્તિ મનાતી નથી.

००

मुक्तावली ।

अथ दशक्षणा -

सा चाऽऽरम्भकसंयोगनाशविशिष्टं कालमपेक्ष्य विभागेन विभागजनने सति स्यात् । तथा हि - वह्निसंयोगात् द्व्यणुकारम्भके परमाणौ कर्म, ततो विभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशविभागजविभागौ १, ततः श्यामनाशपूर्वसंयोगनाशौ २, ततो रक्तोत्पत्त्युत्तरसंयोगौ ३, ततो वह्निनोदनजन्यपरमाणुकर्मणो नाशः ४, ततोऽदृष्टवदात्मसंयोगाद् द्रव्यारम्भानुगुणा क्रिया ५, ततो विभागः ६, ततश्च पूर्वसंयोगनाशः ७, तत आरम्भकसंयोगः ८, ततो द्व्यणुकोत्पत्तिः ९, ततो रक्तोत्पत्तिः १० । इति दशक्षणा ॥

अथैकादशक्षणा -

वह्निसंयोगात् परमाणौ कर्म, ततो विभागः, ततो द्रव्यारम्भक-संयोगनाशः, ततो द्व्यणुकनाशः १, ततो द्व्यणुकनाशविशिष्टं कालमपेक्ष्य विभागजविभागश्यामनाशौ २, ततः पूर्वसंयोग-

नाशरक्तोत्पत्ती ३, तत उत्तरदेशसंयोगः ४, ततो वह्निनोदनजन्य-परमाणुकर्मनाशः ५, ततोऽदृष्टवदात्मसंयोगाद् द्रव्यारम्भानुगुणा क्रिया ६, ततो विभागः ७, ततः पूर्वसंयोगनाशः ८, ततो द्रव्यारम्भकोत्तर-संयोगः ९, ततो द्व्यणुकोत्पत्तिः १०, ततो रक्ताद्युत्पत्तिः ११ । इत्येकादशक्षणा ॥

मध्यमशब्दवदेकस्मादग्निसंयोगान्न रूपनाशोत्पादौ, तावत्कालमेकस्याग्नेरस्थिरत्वात् । किञ्च नाशक एव यद्युत्पादकस्तदा नष्टे रूपादावग्निनाशे नीरूपश्चिरं परमाणुः स्यात्, उत्पादकश्चेन्नाशकस्तदा रक्तोत्पत्तौ तदग्नेर्नाशे रक्ततरता न स्यात् ।

००

## : વિવરણ :

अथ दशक्षणा... ઈત્યાદિ. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ કારણમાત્રવિભાગ, આરંભકસંયોગ(દ્વ્યણુકારંભક-સંયોગ)નાશવિશિષ્ટકાલની અપેક્ષા રાખીને કારણાકારણ-વિભાગને ઉત્પન્ન કરે તો દશક્ષણની પ્રક્રિયા નીચે મુજબ છે. વહ્નિસંયોગથી પરમાણુ(દ્વ્યણુકારંભકપરમાણુ)માં કર્મ, ત્યારબાદ પરમાણુનો પરમાણુથી વિભાગ, તેથી દ્વ્યણુકારંભક પરમાણુદ્વયના સંયોગનો નાશ; એતાદશ આરંભકસંયોગ-નાશવિશિષ્ટકાલની અપેક્ષા રાખીને તદુત્તર (તદવ્યવહિ-તોત્તર) ક્ષણમાં દ્વ્યણુકનો નાશ અને પરમાણુનો આકાશની સાથેના વિભાગસ્વરૂપ વિભાગજવિભાગ. (અર્થાત્ કારણા-કારણવિભાગ). આ પ્રથમક્ષણ. ત્યારબાદ દ્વિતીયક્ષણમાં શ્યામનાશ અને પ્રથમક્ષણોત્પન્ન વિભાગના કારણે પરમાણુ અને આકાશના પૂર્વસંયોગનો નાશ. ત્યાર પછી તૃતીયક્ષણમાં રક્તાદિની ઉત્પત્તિ તથા ઉત્તરદેશની સાથે પરમાણુનો સંયોગ. (જે અનુક્રમે દ્વિતીયક્ષણોત્પન્ન શ્યામનાશ અને પૂર્વસંયોગના નાશથી જન્ય છે.) ત્યારબાદ ચતુર્થક્ષણમાં વહ્નિના નોદ-નાખ્યસંયોગથી (શબ્દાજનકસંયોગથી) જન્ય એવી પર-

માણુક્રિયાનો નાશ, જે તૃતીયક્ષણોત્પન્ન ઉત્તરસંયોગથી જન્ય છે. ત્યારબાદ તાદશકર્મના નાશ પછી પંચમક્ષણમાં અદષ્ટવદાત્મસંયોગથી પરમાણુમાં દ્રવ્યા(દ્વ્યણુકા) રંભાનુગુણક્રિયા. તેથી ષષ્ઠક્ષણમાં પરમાણુનો આકાશથી વિભાગ. તેથી સપ્તમક્ષણમાં પૂર્વસંયોગનો નાશ. તેથી અષ્ટમક્ષણમાં દ્વ્યણુકારંભક પરમાણુદ્વયનો સંયોગ. તેથી નવમક્ષણમાં દ્વ્યણુકની ઉત્પત્તિ અને દશમક્ષણમાં એ દ્વ્યણુકમાં રક્તાદિની ઉત્પત્તિ. આ પ્રમાણે દશક્ષણની પ્રક્રિયા સમજવી.

પૂર્વે જણાવ્યા મુજબ દ્રવ્યનાશ(દ્વ્યણુકનાશ) વિશિષ્ટકાલની અપેક્ષા રાખીને તદવ્યવહિતોત્તરક્ષણમાં કારણમાત્રવિભાગથી કારણાકારણવિભાગની ઉત્પત્તિ થાય તો અગ્યારક્ષણની પ્રક્રિયા થાય છે. એનું પ્રતિપાદન કરે છે - अथैकादशक्षणा... ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે, વહ્નિસંયોગથી પરમાણુમાં કર્મ, તેથી વિભાગ. (પરમાણુ-પરમાણુવિભાગ). તેથી દ્રવ્યારંભકસંયોગ (પરમાણુદ્વયસંયોગ)નો નાશ અને તેથી દ્વ્યણુકનો નાશ. આ પ્રથમક્ષણની ઉત્તર દ્વિતીયક્ષણમાં પૂર્વના દ્વ્યણુકનાશવિશિષ્ટકાલની અપેક્ષાથી પૂર્વે જણાવ્યા મુજબ વિભાગજવિભાગ. (કારણાકારણવિભાગ) અને શ્યામનો નાશ. ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબ તૃતીયક્ષણમાં પૂર્વસંયોગનો નાશ અને રક્તાદિની પરમાણુમાં ઉત્પત્તિ. તેથી ચતુર્થક્ષણમાં પરમાણુનો ઉત્તરદેશની સાથે સંયોગ. તેથી પંચમક્ષણમાં વહ્નિના નોદનાખ્યસંયોગથી જન્ય એવા પરમાણુકર્મનો નાશ. તેથી ષષ્ઠક્ષણમાં અદષ્ટવદાત્મસંયોગથી પરમાણુમાં દ્રવ્યારંભાનુગુણક્રિયા. તેથી સપ્તમક્ષણમાં પરમાણુનો પૂર્વદેશથી વિભાગ. તેથી અષ્ટમક્ષણમાં પૂર્વસંયોગનો નાશ. નવમક્ષણમાં ઉત્તરસંયોગ. દશમક્ષણમાં દ્વ્યણુકની ઉત્પત્તિ અને એકાદશક્ષણમાં રક્તાદિની ઉત્પત્તિ ઉપર જણાવ્યા મુજબ સમજવી. આ અગ્યારક્ષણની પ્રક્રિયા છે.

દશ અથવા અગ્યારક્ષણની પ્રક્રિયા સ્થળે જે અગ્નિનો સંયોગ દ્વ્યણુકનાશક છે એને જ શ્યામરૂપના નાશનું અને રક્તાદિની ઉત્પત્તિનું કારણ માનનારાઓના મતની અનાદરણીયતાને જણાવે છે - मध्यमशब्दवद्... ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, મધ્યમશબ્દ (દ્વિતીયશબ્દ) જેવી રીતે પ્રથમશબ્દનો નાશક અને તૃતીયશબ્દનો જનક છે એવી રીતે દ્વ્યણુકનાશક અગ્નિસંયોગથી શ્યામરૂપનો નાશ અને રક્તરૂપની ઉત્પત્તિ માની શકાશે નહીં. કારણ કે ત્યાં સુધી અર્થાત્ શ્યામનાશોત્પત્ત્યધિકરણક્ષણાવ્યવહિતપૂર્વક્ષણ સુધી એક અગ્નિસંયોગ અર્થાત્ દ્વ્યણુકનાશક અગ્નિસંયોગની સ્થિતિ અસંભવિત છે. જ્યારે પરમાણુ અને અગ્નિસંયોગથી, દ્વ્યણુકાસમવાયિકારણ સંયોગ (પરમાણુદ્વયસંયોગ)ના નાશમાં કારણભૂત કર્મ પરમાણુમાં થાય છે. ત્યારે જ અગ્નિપરમાણુસંયોગજનકકર્મનો નાશ થાય છે. કારણ કે કર્મ સ્વજન્યસંયોગથી વિનાશ્ય છે. તેથી તદુત્તર (અગ્નિસંયોગોત્પત્ત્યનન્તર) ક્ષણમાં ફરીથી અગ્નિમાં કર્માન્તર થાય છે. તેથી વિભાગ થાય છે અને તેથી દ્વ્યણુકનાશના કાલમાં અગ્નિપરમાણુનો સંયોગ નાશ પામે છે. તેથી તદુત્તરક્ષણમાં થનાર શ્યામરૂપના નાશની અવ્યવહિત એ પૂર્વક્ષણ સુધી દ્વ્યણુકનાશકઅગ્નિસંયોગની સ્થિતિ સંભવિત નથી. એ ઉપયોગપૂર્વક વિચારવું. ઉપર જણાવ્યા મુજબ દ્વ્યણુકનાશકઅગ્નિસંયોગમાં શ્યામનાશકત્વ અને રક્તોત્પાદકત્વ, તે સંયોગની અસ્થિરતાના કારણે શક્ય ન હોવા છતાં દ્વ્યણુકનાશસમકાલોત્પન્ન અગ્ન્યન્તરસંયોગમાં શ્યામરૂપનાશકત્વ અને રક્તરૂપોત્પાદકત્વ માની શકાય છે. આ પ્રમાણેની માન્યતામાં દૂષણ બતાવે છે - किं च... ઇત્યાદિ ગ્રન્થથી. આશય એ છે કે, જે અગ્નિસંયોગ શ્યામાદિનો નાશક છે તેને જો રક્તાદિનો ઉત્પાદક માનીએ તો રૂપાદિના નાશ પછી

તદુત્તરક્ષણમાં અગ્નિસંયોગનો નાશ થાય તો લાંબાકાળ સુધી પરમાણુ નીરૂપ રહેશે. તેમજ નાશકને જ ઉત્પાદક માનીએ તો રક્તોત્પત્તિ પછી તદુત્પાદક- અગ્નિસંયોગનો નાશ થયે છતે રક્તતરતા નહીં થાય. આ किञ्च... ઈત્યાદિ ગ્રંથનો શબ્દાર્થ છે. તાત્પર્યાર્થ દિનકરીથી સમજવો જોઈએ. અથવા જિજ્ઞાસુઓની જિજ્ઞાસાનું નિવારણ, નીચે જણાવેલા તાત્પર્યથી શક્ય છે. 'किञ्च नाशक एव...' અહીં 'एव'કારથી એ સ્પષ્ટ થાય છે કે નાશકતાવચ્છેદકવદ્ (નાશક)થી ભિન્નમાં અવૃત્તિ ઉત્પાદકતાવચ્છેદક છે. તેથી નાશકતાવચ્છેદકનું વ્યાપ્યત્વ ઉત્પાદકતાવચ્છેદકમાં સ્પષ્ટ થાય છે. પરન્તુ આ રીતે નાશકને જ ઉત્પાદક માનીએ તો રૂપાદિનો નાશ થયે છતે નાશક અગ્નિસંયોગનો નાશ થાય તો પરમાણુમાં કોઈ રૂપોત્પાદક ન હોવાથી પરમાણુમાં નીરૂપત્વનો પ્રસંગ આવશે અને અગ્નિસંયોગાન્તર (શ્યામનાશસમકાલોત્પન્ન અગ્ન્યન્તરસંયોગ)થી પરમાણુમાં રૂપની ઉત્પત્તિ માનીએ તો તાદશવ્યાપ્યવ્યાપકભાવનો ભંગ થશે - એ સમજાવવાની પ્રાયઃ આવશ્યકતા નથી.

ઉત્પાદકતાવચ્છેદક અને નાશકતાવચ્છેદકનો વ્યાપ્યવ્યાપકભાવ ન માનીએ અને નાશકતાવચ્છેદક તથા ઉત્પાદકતાવચ્છેદકનો અભેદ છે એમ કહીએ તો અર્થાત્ 'एव'કારથી વ્યાપ્યવ્યાપકભાવ લભ્ય નથી પણ અભેદ લભ્ય છે એવું કહીએ તો અગ્નિસંયોગથી શ્યામાદિના નાશ પછી કોઈ પરમાણુમાં રક્તતર અને કોઈ પરમાણુમાં રક્તતમરૂપની જે ઉત્પત્તિ થાય છે તે થઈ શકશે નહીં. કારણ કે ઉત્પાદકતા-વચ્છેદકવૈજાત્યના ભેદ વિના એ શક્ય નથી. એ સમજી શકાય છે. આથી અધિક વિવરણ દિનકરીથી સમજી લેવું.

अथ परमाण्वन्तरे कर्मचिन्तनात् पञ्चमादिक्षणेऽपि गुणोत्पत्तिः । तथा हि - एकत्र परमाणौ कर्म, ततो विभागः, तत आरम्भकसंयोगनाश - परमाण्वन्तरकर्मणी, ततो द्व्यणुकनाशः परमाण्वन्तरकर्मजन्यविभाग इत्येकः कालः १, ततः श्यामादिनाशो विभागाच्च पूर्वसंयोगनाशश्चेत्येकः कालः २, ततो रक्तोत्पत्तिर्द्रव्यारम्भकसंयोग इत्येकः कालः ३, अथ द्व्यणुकोत्पत्तिः ४, ततो रक्तोत्पत्तिः ५ । इति पञ्चक्षणा ॥

द्रव्यनाशसमकालं परमाण्वन्तरे कर्मचिन्तनात् षष्ठे गुणोत्पत्तिः । तथा हि - परमाणुकर्मणा परमाण्वन्तरविभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाश-परमाण्वन्तरकर्मणी १, अथ श्यामादिनाशः परमाण्वन्तरे कर्मजो विभागश्च २, ततो रक्तोत्पत्तिः, परमाण्वन्तरे पूर्वसंयोगनाशश्च ३, ततः परमाण्वन्तरसंयोगः ४, ततो द्व्यणुकोत्पत्तिः ५, अथ रक्तोत्पत्तिः ६ । इति षट्क्षणा ॥

एवं श्यामनाशक्षणे परमाण्वन्तरे कर्मचिन्तनात् सप्तक्षणा । तथा हि - परमाणौ कर्म, ततः परमाण्वन्तरेण विभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशः १, ततः श्यामादिनाश-परमाण्वन्तरकर्मणी २, ततो रक्तोत्पत्तिः, परमाण्वन्तरकर्मजविभागश्च ३, ततः परमाण्वन्तरेण पूर्वसंयोगनाशः ४, ततः परमाण्वन्तरेण संयोगः ५, ततो द्व्यणुकोत्पत्तिः ६, ततो रक्तोत्पत्तिः ७ । इति सप्तक्षणा ॥

एवं रक्तोत्पत्तिसमकालं परमाण्वन्तरे कर्मचिन्तनादष्टक्षणा । तथा हि - परमाणौ कर्म, ततः परमाण्वन्तरेण विभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशः १, ततः श्यामनाशः २, ततो रक्तोत्पत्तिपरमाण्वन्तरकर्मणी ३, ततः परमाण्वन्तरकर्मजविभागः ४, ततः पूर्वसंयोगनाशः ५, ततः परमाण्वन्तरसंयोगः ६, ततो द्व्यणुकोत्पत्तिः ७, अथ रक्तोत्पत्तिः ८ । इत्यष्टक्षणा ॥ इति पीलुपाकवादनिरूपणम् ॥

०० 

## : વિવરણ :

अथ परमाण्वन्तरे... ઈત્યાદિ - આશય એ છે કે, દ્વયણુકનાશકક્રિયાવત્ પરમાણુથી ભિન્ન એવા દ્વયણુકારંભકપરમાણુમાં દ્વયણુકારંભકસંયોગનાશોત્પત્ત્યાદિક્ષણમાં કર્મની ઉત્પત્તિનો વિચાર કરીએ તો પંચાદિક્ષણોની પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબ સંભવે છે.

એક પરમાણુમાં (દ્વયણુકારંભકપરમાણુમાં) કર્મ, તેથી પરમાણુનો પરમાણુથી વિભાગ, તેથી પરમાણુસંયોગ(દ્વયણુકારંભકસંયોગ) નો નાશ, આ ક્ષણમાં જ પરમાણ્વન્તર (જેનાથી આગળ દ્વયણુકનો આરંભ થવાનો છે તે) માં કર્મ, ત્યારપછી દ્વયણુકનો નાશ અને આ ક્ષણમાં પરમાણ્વન્તરકર્મથી જન્ય, એ પરમાણુનો આકાશથી વિભાગ ૧, આ પહેલો ક્ષણ. ત્યારબાદ દ્વિતીયક્ષણમાં શ્યામાદિનો નાશ અને પ્રથમક્ષણોત્પન્ન વિભાગથી પૂર્વસંયોગનો નાશ ૨, ત્યારબાદ તૃતીયક્ષણે રક્તોત્પત્તિ અને દ્રવ્યારંભકસંયોગ ૩, ત્યારબાદ ચતુર્થક્ષણે દ્વયણુકની ઉત્પત્તિ ૪, ત્યારબાદ પંચમક્ષણમાં રક્તાદિની ઉત્પત્તિ ૫, આ પાંચ ક્ષણની પ્રક્રિયા સમજવી.

દ્રવ્યનાશ(દ્વયણુકનાશ)ક્ષણમાં પરમાણ્વન્તરમાં કર્મનો વિચાર કરીએ તો છ ક્ષણની પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબ છે.
- પરમાણુકર્મથી પરમાણ્વન્તરનો પરમાણુથી વિભાગ. તેથી દ્વયણુકારંભકસંયોગનો નાશ, તેથી દ્વયણુકનાશ અને એ ક્ષણમાં પરમાણ્વન્તરમાં કર્મ, ૧, ત્યારબાદ શ્યામાદિનો નાશ તથા પરમાણ્વન્તરકર્મજન્ય પરમાણ્વન્તરનો આકાશથી વિભાગ ૨, ત્યારબાદ તૃતીયક્ષણમાં એક પરમાણુમાં રક્તોત્પત્તિ અને પરમાણ્વન્તરમાં પૂર્વસંયોગનો નાશ ૩, ત્યારપછી પરમાણ્વન્તરનો પરમાણુની સાથે સંયોગ (દ્વયણુકારંભકસંયોગ) ૪, તેથી દ્વયણુકની ઉત્પત્તિ ૫, અને ત્યારબાદ તેમાં રક્તોત્પત્તિ ૬, આ ષટ્ક્ષણા પ્રક્રિયા છે.

હવે શ્યામનાશક્ષણમાં પરમાણ્વન્તરમાં કર્મનો વિચાર કરીએ તો સાતક્ષણની પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબ છે. પરમાણુમાં કર્મ, તેથી બીજા પરમાણુથી એ પરમાણુનો વિભાગ, તેથી આરંભકસંયોગનો નાશ અને તેથી દ્વ્યણુકનો નાશ ૧. ત્યારબાદ દ્વિતીયક્ષણમાં શ્યામાદિનો નાશ અને પરમાણ્વન્તરમાં કર્મ ૨, ત્યારબાદ તૃતીયક્ષણમાં રક્તોત્પત્તિ અને ઉપર જણાવ્યા મુજબ પરમાણ્વન્તરના કર્મથી જન્ય વિભાગ ૩, ત્યાર પછી પરમાણ્વન્તરની સાથેના પૂર્વસંયોગનો નાશ ૪, પંચમક્ષણમાં પરમાણ્વન્તરની સાથે દ્વ્યણુકારંભક-પરમાણુસંયોગ ૫, તેથી દ્વ્યણુકની ઉત્પત્તિ ૬, અને ત્યારબાદ રક્તોત્પત્તિ ૭, આ સપ્તક્ષણની પ્રક્રિયા છે.

આવી જ રીતે રક્તોત્પત્તિ(પરમાણ્વન્તરમાં ત્રીજા ક્ષણમાં રક્તોત્પત્તિ જણાવી છે તે)ના ક્ષણમાં પરમાણ્વન્તરમાં કર્મનો વિચાર કરીએ તો અષ્ટક્ષણની પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબ સમજવી. - પરમાણુમાં કર્મ, તેથી પરમાણ્વન્તરની સાથે વિભાગ, તેથી દ્વ્યણુકારંભકસંયોગનો નાશ, તેથી દ્વ્યણુકનો નાશ ૧, ત્યારબાદ શ્યામનાશ ૨, ત્યારબાદ રક્તોત્પત્તિ અને પરમાણ્વન્તરમાં કર્મ ૩, ત્યારપછી પરમાણ્વન્તરના કર્મથી જન્ય વિભાગ ૪, તેથી પૂર્વસંયોગનો નાશ ૫, ત્યારપછી પરમાણ્વન્તરનો સંયોગ ૬, તેથી દ્વ્યણુકની ઉત્પત્તિ ૭, અને ત્યારબાદ તેમાં રક્તની ઉત્પત્તિ ૮, આ પ્રમાણે અષ્ટક્ષણની પ્રક્રિયા પૂર્વે જણાવ્યા મુજબ સ્પષ્ટ છે.

॥१०५॥ इति पीलुपाकवादनिरूपणम् ॥

## कारिकावली ।

**नैयायिकानान्तु नये, द्व्यणुकादावपीष्यते ।**

मुक्तावली ।

नैयायिकानामिति-नैयायिकानां मते द्वयणुकादाववयविन्यपि पाको भवति । तेषामयमाशयः-अवयविनां सच्छिद्रत्वाद् वह्नेः सूक्ष्मावयवैरन्तःप्रविष्टैरवयवेष्ववष्टब्धेष्वपि पाको न विरुद्ध्यते । अनन्तावयवितन्नाशकल्पने गौरवम् । इत्थञ्च सोऽयं घट इत्यादि प्रत्यभिज्ञाऽपि सङ्गच्छते । यत्र तु न प्रत्यभिज्ञा, तत्रावयविनाशोऽपि स्वीक्रियत इति ॥

॥ इति पिठरपाकवादनिरूपणम् ॥

○○

**- વિવરણ -**

नैयायिकानां मते... ઈત્યાદિ - આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ વૈશેષિકો માત્ર પરમાણુમાં જ પાક માને છે; પરંતુ નૈયાયિકોના મતે દ્વયણુકાદિઅવયવીમાં પણ પાક અર્થાત્ રૂપાદિની પરાવૃત્તિ શક્ય છે. તેઓની એ માન્યતા અંગેનો આશય એ છે કે અવયવી છિદ્રોવાળા હોવાથી વહ્નિના સૂક્ષ્મ અવયવોના એ સચ્છિદ્ર અવયવીમાં પ્રવેશથી, અવયવીથી અવષ્ટબ્ધ અવયવોમાં પણ રૂપાદિનું પરિવર્તન થઈ શકે છે. એમાં કોઈ વિરોધ નથી. ઉપરથી અવયવીમાં પાકને ન માનીએ અને માત્ર પરમાણુમાં જ પાક માનીએ તો અનંતા અવયવી અને તેના નાશની કલ્પના કરવી પડે છે. તે કલ્પનાગૌરવ જ અવયવીમાં પાકના અસ્વીકારમાં બાધક છે. આ રીતે પાકનો સ્વીકાર અવયવીમાં કરવાથી અવયવીના નાશને માનવાની આવશ્યકતા ન હોવાથી 'सोऽयं घटो रक्तो जातः' ઈત્યાદ્યાકારક પ્રત્યભિજ્ઞા પણ સંગત બને છે. અન્યથા પૂર્વાવયવીના નાશથી તાદશ પ્રત્યભિજ્ઞા વાસ્તવિક નહીં બને. પરંતુ જ્યાં પ્રત્યભિજ્ઞા અનુભવસિદ્ધ નથી - એવા દધિ વગેરે સ્થળે અવયવીનો નાશ થયા પછી પરમાણુમાં પાક થાય છે - એ સ્પષ્ટ છે.

॥ इति पिठरपाकवादनिरूपणम् ॥

**गणनाव्यवहारे तु हेतुः सङ्ख्याऽभिधीयते ॥१०६॥**
**नित्येषु नित्यमेकत्वमनित्येऽनित्यमिष्यते ।**
**द्वित्वादयः परार्धान्ता अपेक्षाबुद्धिजा मता ॥१०७॥**
**अनेकाश्रयपर्याप्ता एते तु परिकीर्तिताः ।**
**अपेक्षाबुद्धिनाशाच्च, नाशस्तेषां निरूपितः ॥१०८॥**
**अनेकैकत्वबुद्धि र्या, साऽपेक्षाबुद्धिरिष्यते ।**

मुक्तावली ।

सङ्ख्यां निरूपयितुमाह-गणनेति । गणनाव्यवहाराऽसाधारणं कारणं सङ्ख्येत्यर्थः ॥१०६॥

नित्येष्विति । नित्येषु-परमाण्वादिष्वेकत्वं नित्यम् । अनित्ये घटादावेकत्वमनित्यमित्यर्थः । द्वित्वादय इति । द्वित्वादयो व्यासज्य-वृत्तिसङ्ख्या अपेक्षाबुद्धिजन्याः ॥१०७॥

अनेकेति । यद्यपि द्वित्वादिसमवायः प्रत्येकं घटादावपि वर्तते, तथाऽपि एको द्वाविति प्रत्ययाभावात्, एको न द्वाविति प्रत्ययसद्भावाच्च द्वित्वादीनां पर्याप्तिलक्षणः कश्चित् सम्बन्धोऽनेकाश्रयोऽभ्युपेयते ।

प्रथममपेक्षाबुद्धिः, ततो द्वित्वोत्पत्तिः, ततो विशेषणज्ञानं द्वित्व-निर्विकल्पात्मकं, ततो द्वित्वत्वविशिष्टप्रत्यक्षमपेक्षाबुद्धिनाशश्च, ततो द्वित्वनाश इति ।

यद्यपि ज्ञानानां द्विक्षणमात्रस्थायित्वम्, योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिगुणनाश्यत्वात्, तथाऽप्यपेक्षाबुद्धेस्त्रिक्षणावस्थायित्वं कल्प्यते । अन्यथा निर्विकल्पककालेऽपेक्षाबुद्धिनाशानन्तरं द्वित्वस्यैव नाशः स्यात्, न तु द्वित्वप्रत्यक्षं, तदानीं विषयाभावात्, विद्यमानस्यैव चक्षुरादिना ज्ञानजननोपगमात् । तस्माद् द्वित्वप्रत्यक्षादिकमपेक्षा-बुद्धेर्नाशकं कल्प्यते । न चापेक्षाबुद्धिनाशात् कथं द्वित्वनाश इति

वाच्यम् । कालान्तरे द्वित्वप्रत्यक्षाभावात्, अपेक्षाबुद्धिस्तदुत्पादिका तन्नाशात्तन्नाश इति कल्पनात् । अत एव तत्पुरुषीयापेक्षा-बुद्धिजन्यद्वित्वादिकं तेनैव गृह्यत इति कल्प्यते । न चापेक्षा-बुद्धेर्द्वित्वप्रत्यक्षे कारणत्वमस्त्विति वाच्यम् । लाघवेन द्वित्वं प्रत्येव कारणत्वस्योचितत्वात् ।

अतीन्द्रिये द्व्यणुकादावपेक्षाबुद्धिर्योगिनां, सर्गादिकालीन-परमाण्वादावीश्वरीयापेक्षाबुद्धिः, ब्रह्माण्डान्तरवर्त्तियोगिनामपेक्षाबुद्धि र्वा द्वित्वादिकारणमिति ॥१०८॥

अपेक्षाबुद्धिः केत्यत आह - अनेकैकत्वेति । अयमेकोऽयमेक इत्याकारिकेत्यर्थः । इदन्तु बोध्यम्-यत्राऽनियतैकत्वज्ञानं, तत्र त्रित्वादिभिन्ना बहुत्वसङ्ख्योत्पद्यते, यथा सेनावनादाविति कन्दलीकारः ।

आचार्यास्तु त्रित्वादिकमेव बहुत्वं मन्यन्ते, तथा च त्रित्वत्वादि-व्यापिका बहुत्वत्वजातिर्नाऽतिरिच्यते । सेनावनादावुत्पन्नेऽपि त्रित्वादौ त्रित्वत्वाद्यग्रहो दोषात् । इत्थञ्चेतो बहुतरेयं सेनेति प्रतीतिरुपपद्यते बहुत्वस्य सङ्ख्यान्तरत्वे तु तत्तारतम्याभावान्नोपपद्येतेत्यवधेयम् ॥ इति सङ्ख्यानिरूपणम् ॥

००

## : વિવરણ :

હવે ક્રમપ્રાપ્ત સંખ્યાનું નિરૂપણ કરે છે - गणना... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, 'આ એક છે આ બે છે...' ઈત્યાદિ વ્યવહારના અસાધારણકારણને સંખ્યા કહેવાય છે. ગણનાવ્યવહારમાં સાધારણકારણ કાલ પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા असाधारण પદનો નિવેશ છે. વસ્તુત: મૂલોક્ત 'गणना' પદ સંખ્યાત્વાર્થક છે. गणना-व्यवहार એટલે સંખ્યાત્વપ્રકારકપ્રમાત્મકજ્ઞાન, તદ્ધેતુ અર્થાત્ તદ્વિષય (તાદશજ્ઞાનવિષય) ને સંખ્યા કહેવાય છે. જેથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. સંખ્યાત્વજાતિમદ્દને

સંખ્યા કહેવાય છે. આ લક્ષણ, તાત્પર્યનો વિષય છે. લક્ષણ-ઘટકીભૂત સંખ્યાત્વજાતિમાં પ્રમાણ દર્શાવવા જ ગણના-વ્યવહારનો અહીં ઉલ્લેખ છે. નિત્ય પરમાણુ વગેરે દ્રવ્યમાં એકત્વ નિત્ય છે અને અનિત્ય ઘટાદિવૃત્તિ એકત્વ અનિત્ય છે. એકત્વભિન્નદ્વિત્વાદિ વ્યાસજ્યવૃત્તિસંખ્યા, અપેક્ષાબુદ્ધિથી જન્ય હોવાથી સર્વત્ર અનિત્ય જ છે. ઉભયાદિવૃત્તિસંખ્યાને વ્યાસજ્યવૃત્તિ કહેવાય છે. દ્વિત્વાદિ સંખ્યાની પ્રત્યે અપેક્ષા-બુદ્ધિ નિમિત્તકારણ છે. તે તે દ્વિત્વની પ્રત્યે તદાશ્રયયાવદ્-ગતએકત્વ, અસમવાયિકારણ છે. ॥૧૦૭॥

યદ્યપિ દ્વિત્વાદિ સંખ્યાનો સમવાયસંબંધ પ્રત્યેક ઘટાદિમાં વૃત્તિ હોવાથી एको न द्वौ ઇત્યાદ્યાકારક પ્રતીતિ થવી ન જોઈએ; પરંતુ તાદૃશ પ્રતીતિના આધારે દ્વિત્વાદિસંખ્યાનો 'पर्याप्ति' સ્વરૂપ કોઈ એક સંબંધ સ્વીકારાય છે. તેથી પ્રત્યેક-ઘટાદિમાં પર્યાપ્તિસંબંધથી દ્વિત્વાદિ ન હોવાથી ત્યાં 'एको द्वौ' - ઇત્યાદ્યાકારક પ્રતીતિ થતી નથી અને 'एको न द्वौ' ઇત્યાદ્યાકારક પ્રતીતિ થાય છે, કારણ કે પર્યાપ્તિસંબંધથી દ્વિત્વવિશિષ્ટનો ભેદ પ્રત્યેકમાં છે જ.

કારિકાવલીના 'अपेक्षाबुद्धिनाशाच्च...' આ ગ્રંથથી 'અપેક્ષાબુદ્ધિનો નાશ, તૃતીય ક્ષણે થાય છે અને ચતુર્થક્ષણે દ્વિત્વાદિનો નાશ થાય છે.' આવો અર્થ કોઈ ન કરે એ આશયથી અભિમતાર્થને જણાવવા તેની (દ્વિત્વાદિની) પ્રક્રિયા જણાવે છે -प्रथममपेक्षाबुद्धिः... ઇત્યાદિ ગ્રંથથી. એનો આશય સ્પષ્ટ છે કે, પ્રથમક્ષણે અપેક્ષાબુદ્ધિ, દ્વિતીયક્ષણે દ્વિત્વોત્પત્તિ, તૃતીયક્ષણે દ્વિત્વનિર્વિકલ્પાત્મક વિશેષણજ્ઞાન, ચતુર્થક્ષણે દ્વિત્વવિશિષ્ટનું પ્રત્યક્ષ તથા અપેક્ષાબુદ્ધિનો નાશ, અને પંચમક્ષણે દ્વિત્વનો નાશ. આથી સમજી શકાય છે કે ''અપેક્ષાબુદ્ધિ ક્ષણત્રયવૃત્તિ છે. ચતુર્થક્ષણે એનો નાશ થાય છે, ત્યારબાદ પંચમક્ષણે દ્વિત્વનો નાશ થાય છે.'' આ અર્થને

જણાવવા માટે 'अपेक्षाबुद्धि...'આ ગ્રંથ છે. યદ્યપિ યોગ્યવિભુવિશેષગુણો સ્વોત્તરવૃત્તિવિશેષગુણથી નાશ્ય હોવાથી જ્ઞાનાદિગુણો દ્વિક્ષણાવસ્થાયી છે. તેથી અપેક્ષાબુદ્ધિને ત્રિક્ષણાવસ્થાયી માની શકાશે નહિ, તો પણ અપેક્ષાબુદ્ધિને ત્રિક્ષણાવસ્થાયી મનાય છે. અન્યથા અપેક્ષાબુદ્ધિને દ્વિક્ષણા-વસ્થાયી માનીએ તો દ્વિત્વના નિર્વિકલ્પકજ્ઞાનના સમયે અપેક્ષાબુદ્ધિનો નાશ થાય તો તદુત્તરચતુર્થક્ષણે દ્વિત્વનો જ નાશ થશે અને તેથી પંચમક્ષણે દ્વિત્વપ્રત્યક્ષની અનુપપત્તિ થશે. યદ્યપિ તૃતીયક્ષણે દ્વિત્વ હોવાથી ચતુર્થક્ષણે દ્વિત્વનું પ્રત્યક્ષ થઈ શકે છે. પરન્તુ પ્રત્યક્ષની પ્રત્યે વિદ્યમાનવિષય જ કારણ હોવાથી અર્થાત્ પ્રત્યક્ષની પ્રત્યે કાર્યસમાન-કાલવૃત્તિત્વેન વિષયમાં કારણતા મનાતી હોવાથી ચતુર્થક્ષણે દ્વિત્વસ્વરૂપવિષય ન હોય તો તેનું તે ક્ષણમાં પ્રત્યક્ષ નહીં થાય. આથી સ્પષ્ટ છે કે વિદ્યમાન જ વસ્તુનું ચક્ષુરાદિ ઈન્દ્રિયોથી લૌકિકપ્રત્યક્ષ થતું હોવાથી દ્વિત્વપ્રત્યક્ષની અનુપપત્તિને નિવારવા અપેક્ષાબુદ્ધિને ક્ષણત્રયાવસ્થાયી મનાય છે. તેથી અપેક્ષાબુદ્ધિના નાશક તરીકે દ્વિત્વપ્રત્યક્ષ ત્રિત્વપ્રત્યક્ષાદિને મનાય છે. દ્વિતીયાદિક્ષણોત્પન્ન સ્મરણાદિને, અપેક્ષાબુદ્ધિના નાશક માનતા નથી. અન્યથા દ્વિત્વપ્રત્યક્ષની અનુપપત્તિનું નિવારણ શક્ય નહીં બને.

દ્વિત્વાદિ નિત્ય હોવાથી એના નાશક કોણ છે એ વિચારવાની આવશ્યકતા નથી, એ અભિપ્રાયથી શંકા કરે છે- नचाऽपेक्षा... ઈત્યાદિ ગ્રંથથી. દ્વિત્વની ઉત્પત્તિ થતી હોવાથી ભાવભૂત એ કાર્યના વિનાશની પ્રત્યે કોણ કારણ છે - એનો વિચાર કરવાની આવશ્યકતા છે... ઈત્યાદિ આશયથી તે શંકાનું સમાધાન કરે છે - कालान्तरे... ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે, કાલાન્તરે અર્થાત્ અપેક્ષાબુદ્ધિરહિત કાલમાં દ્વિત્વનું પ્રત્યક્ષ થતું ન હોવાથી દ્વિત્વોત્પત્તિમાં

અપેક્ષાબુદ્ધિને કારણ મનાય છે. અને અપેક્ષાબુદ્ધિના નાશથી દ્વિત્વનો નાશ થાય છે - એવી કલ્પના કરાય છે. અન્યથા દ્વિત્વાદિ નિત્ય હોય તો અપેક્ષાબુદ્ધિથી શૂન્યકાલમાં પણ દ્વિત્વપ્રત્યક્ષનો પ્રસંગ આવશે. તેથી અપેક્ષાબુદ્ધિથી જન્ય જ દ્વિત્વાદિ છે - એ માનવું જોઈએ. આથી જ ચૈત્રાદિની અપેક્ષાબુદ્ધિથી જન્ય દ્વિત્વાદિના પ્રત્યક્ષની, અપેક્ષાબુદ્ધિથી રહિત મૈત્રાદિને આપત્તિના પ્રસંગનું નિવારણ કરવા તત્પુરુષી-યાપેક્ષાબુદ્ધિજન્ય દ્વિત્વાદિનું પ્રત્યક્ષ, તે પુરુષને જ થાય છે-આ પ્રમાણે કલ્પના કરવામાં આવી છે. અન્યથા દ્વિત્વાદિ નિત્ય હોય તો એ કલ્પના પણ અસંગત થશે. 'દ્વિત્વાદિને નિત્ય માન્યા પછી અપેક્ષાબુદ્ધિશૂન્યકાલમાં દ્વિત્વાદિપ્રત્યક્ષનું નિવારણ કરવા દ્વિત્વાદિના પ્રત્યક્ષની પ્રત્યે અપેક્ષાબુદ્ધિને કારણ માનવી જોઈએ, તેને દ્વિત્વોત્પત્તિમાં કારણ માનવાની આવશ્યકતા નથી.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે દ્વિત્વપ્રત્યક્ષત્વની અપેક્ષાએ દ્વિત્વત્વને કાર્યતાવચ્છેદક માનવામાં લાઘવ છે - એ સમજી શકાય છે. આથી વિશેષ દિનકરીથી જાણવું.

અપેક્ષાબુદ્ધિને દ્વિત્વાદિની ઉત્પત્તિની પ્રત્યે કારણ માની શકાશે નહીં. કારણ કે, દ્વ્યણુકાદિમાં ('आदि'પદથી પરમાણુ ગ્રાહ્ય છે.) તે અતીન્દ્રિય હોવાથી, આપણી અપેક્ષાબુદ્ધિ નથી. તેથી અપેક્ષાબુદ્ધિને દ્વિત્વાદ્યુત્પત્તિની પ્રત્યે કારણ માનવાથી અતીન્દ્રિયદ્વ્યણુકાદિમાં ત્રિત્વાદિની ઉત્પત્તિ થઈ શકશે નહીં. દ્વ્યણુકની ત્રિત્વ સંખ્યાથી ત્ર્યણુકપરિમાણની ઉત્પત્તિ સ્વીકારી છે; તેથી ત્રિત્વાદિની દ્વ્યણુકાદિમાં અનુત્પત્તિને ઈષ્ટાપત્તિ માનવાનું શક્ય નથી. આ શંકાનું નિરાકરણ કરે છે - अतीन्द्रिये... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે દ્વ્યણુકાદિમાં યોગીજનોની અપેક્ષાબુદ્ધિથી ત્રિત્વાદિની ઉત્પત્તિ થાય છે. સર્ગાદિકાલમાં પરમાણુમાં ઈશ્વરીયઅપેક્ષા-

બુદ્ધિથી દ્વિત્વાદિની ઉત્પત્તિ થાય છે. અથવા બ્રહ્માણ્ડાન્તરવર્ત્તિયોગીઓની અપેક્ષાબુદ્ધિથી દ્વિત્વાદિની, સર્ગાદિકાલે પરમાણુમાં ઉત્પત્તિ થાય છે. જેથી ઈશ્વરીયાપેક્ષાબુદ્ધિ નિત્ય હોવાથી તજ્જન્ય પરમાણુના દ્વિત્વાદિનો નાશ અનુપપન્ન નહીં થાય. અન્યથા ઈશ્વરીયાપેક્ષાબુદ્ધિના નાશની અસંભાવનાથી પરમાણુદ્વિત્વાદિનો નાશ પણ સંભવિત નહીં થાય.

અપેક્ષાબુદ્ધિના સ્વરૂપને જણાવે છે - अयमेको... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે तत्तद्द्रव्यक्तिमात्रनिष्ठेदन्त्वावच्छिन्नविशेष्यतानिरूपितैकत्वनिष्ठप्रकारताक अयमेकोऽयमेकः ઈત્યાદ્યાકારક જ્ઞાન સ્વરૂપ અપેક્ષાબુદ્ધિ છે.

इदन्तु बोध्यम्... ઈત્યાદિ - જ્યાં એકત્વમાં અનિયતત્વનું જ્ઞાન થાય છે; ત્યાં ત્રિત્વાદિથી ભિન્ન એવી બહુત્વસંખ્યાની ઉત્પત્તિ થાય છે. 'अयमेकोऽयमेकोऽयमेक इमे त्रयः' ઈત્યાદ્યાકારકજ્ઞાન નિયતૈકત્વવિષયક કહેવાય છે; અને 'अयमेकोऽयमेकोऽयमेकः' ઈત્યાદ્યાકારક ત્રિત્વાદ્યવિષયકજ્ઞાનને અનિયતૈકત્વજ્ઞાન કહેવાય છે. એતાદૃશજ્ઞાનથી દ્રવ્યમાં બહુત્વસંખ્યાની ઉત્પત્તિ થાય છે. સૈનાવન વગેરેમાં નિયતૈકત્વજ્ઞાન ન હોવાથી ત્યાં ત્રિત્વાદિભિન્નબહુત્વસંખ્યાની ઉત્પત્તિ થાય છે. આ પ્રમાણે કન્દલીકારની માન્યતા છે. અહીં 'अनियतैकत्वज्ञान'નો અર્થ સ્થૂલ રીતે જણાવ્યો છે. એનો સૂક્ષ્માર્થ દિનકરીથી સમજવો.

આચાર્ય અર્થાત્ ઉદયનાચાર્યની માન્યતા એ છે કે બહુત્વસંખ્યા ત્રિત્વાદિથી ભિન્ન નથી. તેથી ત્રિત્વત્વજાતિની વ્યાપક એવી બહુત્વત્વજાતિ અતિરિક્ત નથી. સેનાવનાદિ સ્થળે અનિયતૈકત્વના જ્ઞાનથી ત્રિત્વાદિની ઉત્પત્તિ થવા છતાં નિયતૈકત્વજ્ઞાનના અભાવસ્વરૂપ દોષના કારણે ત્યાં (ત્રિત્વાદિમાં) ત્રિત્વત્વાદિનો ગ્રહ થતો નથી. આથી સ્પષ્ટ છે કે ત્રિત્વત્વાદિપ્રકારકજ્ઞાનની પ્રત્યે નિયતૈકત્વજ્ઞાનની હેતુતા

છે. આ રીતે ત્રિત્વાદિસ્વરૂપ જ બહુત્વ હોવાથી 'આ સેનાથી આ સેના બહુતર છે.' ઈત્યાદ્યાકારકબહુત્વના તારતમ્યનું અવગાહન કરનારી પ્રતીતિ પણ સંગત બને છે. અન્યથા બહુત્વસંખ્યા ત્રિત્વાદિથી અતિરિક્ત માનીએ તો બહુત્વસંખ્યા ત્રિત્વાદિની જેમ એક હોવાથી બહુત્વસંખ્યાના તારતમ્યનું ભાન થઈ શકશે નહીં. ॥ इति सङ्ख्यानिरूपणम् ॥

०० 

## कारिकावली ।

**परिमाणं भवेन्मानव्यवहारस्य कारणम् ॥१०९॥**
**अणु दीर्घं महद्ध्रस्वमिति तद्भेद ईरितः ।**
**अनित्ये तदनित्यं स्यान्नित्ये नित्यमुदाहृतम् ॥११०॥**
**सङ्ख्यातः परिमाणाच्च प्रचयादपि जायते ।**
**अनित्यं, द्व्यणुकादौ तु सङ्ख्याजन्यमुदाहृतम् ॥१११॥**
**परिमाणं घटादौ तु परिमाणजमुच्यते ।**
**प्रचयः शिथिलाख्यो यः संयोगस्तेन जन्यते ॥११२॥**
**परिमाणं तूलकादौ, नाशस्त्वाश्रयनाशतः ।**

### मुक्तावली ।

परिमाणं निरूपयति-परिमाणमिति । परिमितिव्यवहारासाधारणं कारणं परिमाणमित्यर्थः । तच्चतुर्विधम्, -अणु, महद्, दीर्घं, ह्रस्वञ्चेति । तत्-परिमाणम् । 'नित्यम्' इत्यत्र परिमाणमित्यनुषज्यते। 'जायते' इत्यत्राऽपि परिमाणमित्यनुवर्तते । अनित्यमिति पूर्वेणान्वितम् । तथा चाऽनित्यपरिमाणं सङ्ख्याजन्यं, परिमाणजन्यं, प्रचयजन्यञ्चेत्यर्थः । तत्र सङ्ख्याजन्यमुदाहरति-द्व्यणुकादाविति-द्व्यणुकस्य त्रसरेणोश्च परिमाणं प्रति परमाणुपरिमाणं द्व्यणुकपरिमाणं वा न कारणम्, परिमाणस्य स्वसमानजातीयोत्कृष्टपरिमाणजनकत्वनियमात्, द्व्यणुकस्याऽणुपरिमाणन्तु परमाण्वणुत्वापेक्षया नोत्कृष्टम्,

त्रसरेणुपरिमाणन्तु न सजातीयम्, अतः परमाणौ द्वित्वसङ्ख्या द्व्यणुकपरिमाणस्य, द्व्यणुके त्रित्वसङ्ख्या च त्रसरेणुपरिमाणस्याऽसमवायिकारणमित्यर्थः ॥१०९॥११०॥१११॥

परिमाणजन्यं परिमाणमुदाहरति-परिमाणं घटादाविति । घटादिपरिमाणं कपालादिपरिमाणजन्यम् । प्रचयजन्यमुदाहर्तुं प्रचयं निर्वक्ति - प्रचय इति ॥

०० 

## : વિવરણ :

પરિમાણનું નિરૂપણ કરે છે - 'परिमाणम्...' ઈત્યાદિ ગ્રંથથી. કારિકાવલીના એ ગ્રંથના આશયને સ્પષ્ટ કરે છે - परिमिति... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે 'આ અણુ છે, આ મહત્ છે' ઈત્યાદિ વ્યવહારના અસાધારણકારણને પરિમાણ કહેવાય છે; જે અણુ, મહત્, હ્રસ્વ અને દીર્ઘ ભેદથી ચાર પ્રકારનું છે. અનિત્ય દ્વ્યણુકાદિમાં વૃત્તિપરિમાણ અનિત્ય છે. અને નિત્યદ્રવ્યવૃત્તિપરિમાણ નિત્ય છે. સંખ્યાથી પરિમાણથી અને પ્રચય (સંયોગવિશેષ)થી પણ અનિત્યપરિમાણ જન્ય છે. એ ત્રણ અનિત્યપરિમાણમાં સંખ્યામાત્રથી જન્ય અર્થાત્ સંખ્યાભિન્નપરિમાણ અને પ્રચયથી અજન્ય અને સંખ્યાથી જન્ય એવું પરિમાણ દ્વ્યણુક તથા ત્રસરેણુમાં છે. દ્વ્યણુકના અને ત્રસરેણુના પરિમાણની પ્રત્યે પરમાણુનું અને દ્વ્યણુકનું પરિમાણ કારણ નથી. કારણ કે પરિમાણ, સ્વસજાતીય(પરિમાણત્વવ્યાપ્યસ્વસજાતીય) ઉત્કૃષ્ટ-પરિમાણનું જનક હોય છે. દ્વ્યણુકનું પરિમાણ; પરમાણુના અણુપરિમાણની અપેક્ષાએ ઉત્કૃષ્ટ નથી. અને દ્વ્યણુકપરિમાણની અપેક્ષાએ ત્રસરેણુનું પરિમાણ, સજાતીય નથી. તેથી પરમાણુની દ્વિત્વસંખ્યાથી દ્વ્યણુકનું પરિમાણ અને દ્વ્યણુકની ત્રિત્વસંખ્યાથી ત્રસરેણુનું પરિમાણ, જન્ય છે. અર્થાત્ તાદશ-દ્વ્યણુક અને ત્રસરેણુના પરિમાણની પ્રત્યે પરમાણુ અને

દ્વ્યણુકની દ્વિત્વ અને ત્રિત્વ સંખ્યા અનુક્રમે અસમવાયિકારણ છે. આ વાત લગભગ પૂર્વે જ જણાવી છે. ''પરમાણુ અને દ્વ્યણુકના પ્રચયાખ્યસંયોગથી દ્વ્યણુક અને ત્રસરેણુનું પરિમાણ જન્ય છે.'' એવી માન્યતામાં જે દોષ છે તે અન્ય ગ્રંથથી અનુસંધેય છે. ॥૧૦૯॥૧૧૦॥૧૧૧॥

પરિમાણમાત્રથી જન્ય અર્થાત્ સંખ્યા અને પ્રચયથી અજન્ય તથા પરિમાણથી જન્ય એવું પરિમાણ ઘટાદિનું છે. એ ઘટાદિનું પરિમાણ કપાલાદિના પરિમાણથી જન્ય છે.

પ્રચયજન્યપરિમાણને જણાવવા માટે પ્રચયના સ્વરૂપને જણાવે છે - મૂલમાં 'प्रचयः...' ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, કિંચિદ્ અવયવાવચ્છેદેન અવયવાન્તરની સાથે અસંયોગી એવા મહત્પરિમાણાશ્રયઅવયવોમાં વર્ત્તમાન સંયોગને શિથિલાખ્યપ્રચયસંયોગ કહેવાય છે. એતાદશ પ્રચયાખ્ય-સંયોગથી રૂથી બનાવેલા ગાદલા વગેરેમાં મહત્પરિમાણ ઉત્પન્ન થાય છે. એટલા જ અવયવોનો નિચિતસંયોગ હોય ત્યારે પૂર્વેના મહત્પરિમાણની અપેક્ષાએ અપકૃષ્ટમહત્પરિમાણ હોય છે. જે રૂની ગાંસડી વગેરેમાં અનુભવાય છે. અહીં એ વસ્તુ યાદ રાખવી જોઈએ કે કેવલ પ્રચયથી જન્ય પરિમાણનો સંભવ ન હોવાથી સંખ્યામાત્રથી અને પરિમાણમાત્રથી જન્ય પરિ-માણની જેમ પ્રચયમાત્રથી જન્ય એવા પરિમાણનું અહીં નિરૂપણ કર્યું નથી. પ્રચિતમહત્પરિમાણાશ્રય બે અવયવોથી આરબ્ધાવયવીમાં જે મહત્પરિમાણાતિશય ઉત્પન્ન થાય છે, એની પ્રત્યે મહત્પરિમાણ અને પ્રચય બન્ને કારણ છે. અને તાદશ ઘણા અવયવોથી આરબ્ધ અવયવીમાં ઉત્પન્ન મહત્પરિમાણ (અતિશયિતમહત્પરિમાણ)ની પ્રત્યે સંખ્યા પ્રચય અને પરિમાણ એતત્ત્રિતય કારણ છે.... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું.

परिमाणञ्चाश्रयनाशादेव नश्यतीत्याह-नाश इति । अर्थात्परिमाणस्यैव । न चाऽवयविनाशः कथं परिमाणनाशकः ? सत्यप्यवयविनि त्रिचतुरादिपरमाणुविश्लेषे तदुपचये वाऽवयविनः प्रत्यभिज्ञानेऽपि परिमाणान्तरस्य प्रत्यक्षसिद्धत्वादिति वाच्यम् । परमाणुविश्लेषे हि द्वयणुकस्य नाशोऽवश्यमभ्युपेयः; तन्नाशे च त्र्यणुकनाशः । एवं क्रमेण महावयविनो नाशस्यावश्यकत्वात् । सति च नाशकेऽनभ्युपगममात्रेण नाशस्याऽपलपितुमशक्यत्वात्, शरीरादाववयवोपचयेऽसमवायिकारणनाशस्यावश्यकत्वादवयविनाश आवश्यकः । न च पटाद्यनाशेऽपि तन्त्वन्तरसंयोगात् परिमाणाधिक्यं स्यादिति वाच्यम् । तत्राऽपि वेमाद्यभिघातेनाऽसमवायिकारणतन्तुसंयोगनाशात् पटनाशस्यावश्यकत्वात् । किञ्च तन्त्वन्तरस्य तत्पटावयवत्वे तत्पूर्वं तत्पट एव न स्यात्, तन्त्वन्तररूपकारणाभावात्, तन्त्वन्तरस्यावयवत्वाभावे च, न तेन परिमाणाधिक्यं संयुक्तद्रव्यान्तरवत्, तस्मात् तत्र तन्त्वन्तरसंयोगे सति पूर्वं पटनाशस्ततः पटान्तरोत्पत्तिरित्यवश्यं स्वीकार्यम् । अवयविनः प्रत्यभिज्ञानन्तु साजात्येन, दीपकलिकादिवत् । न च पूर्वतन्तव एव तन्त्वन्तरसहकारात् पूर्वपटे सत्येव पटान्तरमारभन्तामिति वाच्यम् । मूर्त्तयोः समानदेशताविरोधात् तत्र पटद्वयासम्भवात्, एकदा नानाद्रव्यस्य तत्रोपलम्भस्य बाधितत्वाच्च । तस्मात् पूर्वस्य द्रव्यस्य प्रतिबंधकस्य विनाशे द्रव्यान्तरोत्पत्तिरित्यस्याऽवश्यमभ्युपेयत्वात् ।

॥ इतिपरिमाणनिरूपणम् ॥

०० 

## : વિવરણ :

મૂલમાં 'नाशस्त्वाश्रयनाशतः' અહીં પ્રકરણથી 'नाश' પદનો પરિમાણનાશ અર્થ જણાય છે. તેથી પરિમાણનો નાશ એના આશ્રયના નાશથી થાય છે - આ તાત્પર્ય એ ગ્રંથનું છે. અવયવીનો નાશ પરિમાણનો નાશક છે-એ કહેવું યોગ્ય નથી.

કારણ કે અવયવી વિદ્યમાન હોય તો પણ, ત્રણચાર પરમાણુના છૂટા પડ્વા છતાં અથવા ત્રણચાર પરમાણુના મળવા છતાં 'આ તે જ અવયવી છે' ઇત્યાદ્યાકારક પ્રત્યભિજ્ઞા થાય છે. તેથી આવી અવસ્થામાં અવયવીનો નાશ થયા વિના પણ પરિમાણાન્તર પ્રત્યક્ષસિદ્ધ હોવાથી 'પરિમાણના નાશની પ્રત્યે અવયવીનો નાશ કારણ છે.' એ કહેવું શી રીતે યોગ્ય છે ? આવું નહીં કહેવું જોઈએ. કારણ કે પરમાણુનો વિશ્લેષ થવાથી તજ્જન્ય દ્ભયણુકનો નાશ, અવશ્ય માનવો જોઈએ અને એ દ્ભયણુકનાશથી ત્ર્યણુકના નાશને પણ સ્વીકાર્યા વિના ચાલે એવું નથી. આ ક્રમે પૂર્વ પૂર્વ અવયવનાશથી ઉત્તરોત્તર અવયવીનો નાશ માનવાનું પણ આવશ્યક છે. તેથી સ્પષ્ટ છે કે ત્રણચાર પરમાણુના વિશ્લેષસ્થળે પણ અવયવીનો નાશ થયા પછી જ સ્વપરિમાણનો નાશ થાય છે. યદ્યપિ ત્રણચાર પરમાણુના વિશ્લેષાદિ સ્થળે ઉક્ત અવયવીની પ્રત્યભિજ્ઞાથી, અવયવીના નાશને માનવાનું પ્રત્યક્ષવિરુદ્ધ છે, પરંતુ ઉપર જણાવ્યા મુજબ અવયવીના નાશની સામગ્રી વિદ્યમાન હોવાથી અવયવીના નાશનો અપલાપ કરવાનું શકય નથી. પ્રત્યભિજ્ઞા તો સજાતીયતાને વિષય બનાવે છે. જેથી એનો વિરોધ સંભવિત નથી. શરીરાદિમાં પણ અવયવોના ઉપચયથી અસમવાયિકારણનો નાશ માનવાનું આવશ્યક હોવાથી અવયવીનો નાશ માન્યા વિના ચાલે એવું નથી. તત્તત્શરીરનો નાશ થવા છતાં તત્તત્શરીર(ઉત્તરોત્તરશરીર)ની સાથે પ્રાણસંયોગ હોવાથી ત્યાં મૃતત્વનો વ્યવહાર થતો નથી... ઇત્યાદિ દુર્જ્ઞેય નથી. યદ્યપિ 'પટાદિનો નાશ ન થાય તો પણ તન્ત્વન્તરના સંયોગથી પૂર્વપરિમાણના નાશથી અધિક પરિમાણ ઉત્પન્ન થાય છે.' આવું કહી શકાય છે. પરંતુ ત્યાં પણ વેમાદિના અભિઘાતથી તન્તુસંયોગાત્મક અસમવાયિ-કારણનો નાશ થવાથી પટનો નાશ થાય છે - એ માનવાનું

આવશ્યક હોવાથી 'पटाद्यनाशेऽपि' ઈત્યાદિ કહેવું યોગ્ય નથી. તન્ત્વન્તરસંયોગ સ્થળે પૂર્વપટાદિનો નાશ માન્યા વિના ચાલે એવું નથી, એ વસ્તુને સ્પષ્ટ કરે છે - किञ्च... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે જે લોકો પટના નાશ વિના તન્ત્વન્તરના સંયોગથી પરિમાણાધિક્યને માને છે, તેમને એ પૂછવું જોઈએ કે જે તન્ત્વન્તરના સંયોગથી પટમાં પરિમાણાધિક્ય થાય છે તે તન્ત્વન્તર તે પટના અવયવ છે કે નહીં ? જો એ તન્ત્વન્તર, પટના અવયવ છે તો એ તન્ત્વન્તરના સંયોગ પૂર્વે પટ જ ન હોવાથી પટના પરિમાણાધિક્યનો સંભવ જ નથી. જો એ તન્ત્વન્તર, પટના અવયવ નથી તો; એ પટના અવયવથી ભિન્ન એવા ઘટાદિદ્રવ્યના સંયોગથી જેવી રીતે પટના પરિમાણાધિક્યનો સંભવ નથી, એવી જ રીતે પટના અવયવથી ભિન્ન એ તન્ત્વન્તરના સંયોગથી પણ પટના પરિમાણાધિક્યનો સંભવ નથી. તેથી તન્ત્વન્તરસંયોગથી પૂર્વપટનાશ, તેથી પટાન્તરની ઉત્પત્તિ અને તે પટમાં પરિમાણની ઉત્પત્તિ થાય છે. એ વસ્તુનો અવશ્ય સ્વીકાર કરવો જોઈએ. આવી અવસ્થામાં પણ અર્થાત્ પૂર્વપટનો નાશ અને પટાન્તરની ઉત્પત્તિ થવા છતાં પણ જે પ્રત્યભિજ્ઞા ('તે જ આ પટ છે' ઈત્યાદ્યાકારક જ્ઞાન) થાય છે, તે પટાદિના સાજાત્યનું અવગાહન કરે છે. એ સમજી શકાય છે. અન્યથા 'सैव दीपकलिका' ઈત્યાદ્યાકારક પ્રત્યભિજ્ઞા સ્થળે પણ પૂર્વદીપકલિકાનો નાશ અને દીપકલિકાન્તરની ઉત્પત્તિ, સર્વવાદીસમ્મત હોવા છતાં માની શકાશે નહીં. 'પૂર્વપટના તન્તુઓ તન્ત્વન્તરના સહકારથી પૂર્વપટની વિદ્યમાનતામાં જ પટાન્તરનો આરંભ કરે છે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે મૂર્ત્ત બે દ્રવ્યોની અભિન્ન(એક) દેશ(સમવાયિકારણ)માં વૃત્તિતા વિરુદ્ધ હોવાથી એક જ તન્તુઓમાં પૂર્વપટ અને પટાન્તર આ બે પટોની વૃત્તિતા અસંભવિત છે.

'એક જ માટીના પિણ્ડથી કપાલ અને ઘટની ઉત્પત્તિ થવાથી જેમ એક જ પિંડમાં કપાલ અને ઘટની વૃત્તિતા મનાય છે તેમ એક જ તન્તુઓમાં પટદ્વયની વૃત્તિતા સમ્ભવિત છે.' આ કહેવું પણ યુક્ત નથી. કારણ કે એકકાલમાં તે તન્તુઓમાં પટદ્વયનો ઉપલંભ બાધિત છે. એક જ માટીના પિંડમાં કપાલ અને ઘટ બંન્નેની ઉપલબ્ધિ થતી નથી, એ સ્પષ્ટ છે. કપાલ અને ઘટ બંનેના સમવાયિકારણ ભિન્ન ભિન્ન છે. એ સમજી શકાય છે. તેથી પૂર્વદ્રવ્ય, ઉત્તરદ્રવ્યની ઉત્પત્તિની પ્રત્યે પ્રતિબંધક હોવાથી પ્રતિબંધકીભૂત એ દ્રવ્યના વિનાશ પછી જ દ્રવ્યાન્તરની ઉત્પત્તિ થાય છે. એ અવશ્ય માનવું જોઈએ.

|| इति परिमाणनिरूपणम् ||

## कारिकावली ।

**सङ्ख्यावत्तु पृथक्त्वं स्यात् पृथक्प्रत्ययकारणम् ॥११३॥**
**अन्योन्याभावतो नाऽस्य चरितार्थत्वमिष्यते ।**
**अस्मात् पृथगिदं नेति प्रतीति र्हि विलक्षणा ॥११४॥**

मुक्तावली ।

पृथक्त्वं निरूपयति - सङ्ख्यावदिति । पृथक्प्रत्यया-ऽसाधारणकारणं पृथक्त्वम् । तन्नित्यतादिकं सङ्ख्यावत् । तथा हि - नित्येष्वेकत्वं नित्यमनित्येष्वनित्यम् । अनित्यमेकत्वन्तु आश्रय-द्वितीयक्षणे चोत्पद्यते, आश्रयनाशान्नश्यति, तथैकपृथक्त्वमपि, द्वित्वादिवच्च द्विपृथक्त्वादिकमपीत्यर्थः ।

नन्वयमस्मात्पृथगित्यादावन्योन्याभावो भासते, तत्कथं पृथक्त्वं गुणान्तरं स्वीक्रियते ? न चाऽस्तु पृथक्त्वं, नत्वन्योन्याभाव इति वाच्यम् । रूपं न घट इति प्रतीत्यनापत्तेः । न हि रूपे घटावधिकं पृथक्त्वं गुणान्तरमस्ति, न वा घटे घटावधिकं पृथक्त्वमस्ति, येन परम्परासम्बन्धः कल्प्यत इत्यत आह - अस्मादिति । ननु शब्दवैल-

क्षण्यमेव, न त्वर्थवैलक्षण्यमिति चेन्न । विनाऽर्थभेदं घटात् पृथगितिवद् घटो न पट इत्यत्राऽपि पञ्चमी प्रसङ्गात् । तस्माद् यदर्थयोगे पञ्चमी सोऽर्थो नञर्थान्योन्याभावतो भिन्नो गुणान्तरं कल्प्यत इति ॥११२॥११३॥११४॥

## : વિવરણ :

પૃથક્ત્વનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં सङ्ख्यावद्... ઈત્યાદિ ગ્રંથથી. पृथक्प्रत्ययासाधारण... ઈત્યાદિ - આશય એ છે કે 'આ આનાથી પૃથક્ છે' ઈત્યાદ્યાકારક પૃથક્પ્રત્યયના અસાધારણકારણને પૃથક્ત્વ કહેવાય છે. પૃથક્ત્વની નિત્યતા વગેરે સંખ્યાની જેમ છે, એ વસ્તુને સ્પષ્ટ કરે છે - तथा हि... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે નિત્યદ્રવ્યમાં વૃત્તિ એકત્વ નિત્ય છે. અને અનિત્યમાં વૃત્તિ એકત્વ અનિત્ય છે. અનિત્યવૃત્તિ એકત્વ સ્વાશ્રયોત્પત્તિના દ્વિતીયક્ષણે ઉત્પન્ન થાય છે. અને એની પ્રત્યે સ્વાશ્રય (એકત્વાશ્રયઘટાદિ)અવયવગતએકત્વ અસમવાયિકારણ છે. તેમ જ અનિત્યદ્રવ્યવૃત્તિ એકત્વ આશ્રયના (સ્વાશ્રયના) નાશથી નાશ પામે છે. આવી જ રીતે એકપૃથક્ત્વ અર્થાત્ એકદ્રવ્યસમવેતપૃથક્ત્વ પણ નિત્યવૃત્તિ નિત્ય અને અનિત્યવૃત્તિ અનિત્ય છે... ઈત્યાદિ સમજી લેવું. તેમ જ દ્વિત્વાદિ સંખ્યાની જેમ દ્વયાદિસમવેત દ્વિપૃથક્ત્વાદિ સર્વત્ર અનિત્ય છે. અપેક્ષાબુદ્ધિથી જન્ય છે અને અપેક્ષાબુદ્ધ્યાદિના નાશથી નાશ પામે છે... ઈત્યાદિ પણ સ્વયં સમજી લેવું.

नन्वयमस्मात्... ઈત્યાદિ - આશય એ છે કે 'આ આનાથી પૃથક્ છે' ઈત્યાદિ પ્રતીતિ અન્યોન્યાભાવનું અવગાહન કરતી હોવાથી તાદશપ્રતીતિના અનુરોધથી અન્યોન્યાભાવથી અતિરિક્ત 'પૃથક્ત્વ'ને ગુણાન્તર માનવાની આવશ્યકતા નથી. તાદશપ્રતીતિના અનુરોધથી 'પૃથક્ત્વ'ને

જ માનવું જોઈએ, અન્યોન્યાભાવને માનવાની આવશ્યકતા નથી. આવું નહીં કહેવું જોઈએ. કારણ કે અન્યોન્યાભાવને ન માનીએ અને પૃથક્ત્વને જ માનીએ તો 'रूपं न घटः' આ પ્રમાણે પ્રતીતિ થઈ શકશે નહીં. રૂપમાં ઘટાવધિકપૃથક્ત્વ નથી અને અન્યોન્યાભાવને માનતા નથી. તેથી તાદશપ્રતીતિ અનુપપન્ન થશે. યદ્યપિ રૂપમાં ઘટાવધિકપૃથક્ત્વ ન હોવા છતાં ઘટવૃત્તિપૃથક્ત્વનું સામાનાધિકરણ્યસંબંધથી રૂપમાં; તાદશપ્રતીતિથી ભાન શક્ય હોવાથી એ પ્રતીતિ (रूपं न घटः આ પ્રતીતિ) અનુપપન્ન નહીં થાય. પરન્તુ ઘટમાં સ્વાવધિક-પૃથક્ત્વ ન હોવાથી અને અન્યાવધિકપૃથક્ત્વ ઘટમાં ભાસિત ન હોવાથી ઘટવૃત્તિપૃથક્ત્વનું, રૂપમાં પરંપરાસંબંધથી (સામાનાધિકરણ્યસંબંધથી) પણ ભાન શક્ય નથી. તેથી પૃથક્ત્વને માનવાની આવશ્યકતા નથી. 'આ આનાથી પૃથક્ છે' ઈત્યાદિ પ્રતીતિ અન્યોન્યાભાવના અવગાહનથી ઉપપન્ન થઈ શકે છે, આ શંકાનું સમાધાન કરે છે - મૂલમાં 'अस्मात्...' ઈત્યાદિ ગ્રન્થથી - આશય સ્પષ્ટ છે કે 'આ, આનાથી પૃથક્ છે.' અને 'આ, આ નથી' આ બંન્ને પ્રતીતિ વિલક્ષણ હોવાથી તે તે પ્રતીતિના અનુરોધથી અનુક્રમે પૃથક્ત્વ અને ભેદને માનવાનું આવશ્યક છે. 'આ બંને પ્રતીતિ અર્થની દૃષ્ટિએ ભિન્ન નથી, માત્ર શબ્દથી જ એ વિલક્ષણ છે.' આ પ્રમાણે કહેવું યોગ્ય નથી. કારણ કે 'घटात् पृथक् पटः' અને 'घटो न पटः' આ બંન્ને પ્રતીતિમાં અર્થભેદ ન હોય અને માત્ર શબ્દભેદ જ હોય તો 'घटो न पटः' અહીં પણ પંચમીના પ્રયોગની આપત્તિ આવશે. તેથી 'घटात् पृथक् पटः' અહીં જે અર્થના યોગમાં ઘટ-પદોત્તર પંચમીનો પ્રયોગ છે, તે અર્થ; નઞર્થાન્યોન્યાભાવથી ભિન્ન ગુણાન્તરપૃથક્ત્વ છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૧૧૨॥૧૧૩॥૧૧૪॥

**अप्राप्तयोस्तु या प्राप्तिः सैव संयोग ईरितः ।**
**कीर्त्तितस्त्रिविधस्त्वेष आद्योऽन्यतरकर्मजः ॥११५॥**
**तथोभयस्पन्दजन्यो भवेत् संयोगजोऽपरः ।**
**आदिमः श्येनशैलादिसंयोगः परिकीर्त्तितः ॥११६॥**
**मेषयोः सन्निपातो यः स द्वितीय उदाहृतः ।**
**कपालतरुसंयोगात् संयोगस्तरुकुम्भयोः ॥११७॥**
**तृतीयः स्यात् कर्मजोऽपि द्विधैव परिकीर्त्तितः ।**
**अभिघातो नोदनं च शब्दहेतुरिहादिमः ॥११८॥**
**शब्दाहेतु र्द्वितीयः स्यात्; विभागोऽपि त्रिधा भवेत् ।**
**एककर्मोद्भवस्त्वाद्यो द्वयकर्मोद्भवोऽपरः ॥११९॥**
**विभागजस्तृतीयः स्यात् तृतीयोऽपि द्विधा भवेत् ।**
**हेतुमात्रविभागोत्थो हेत्वहेतुविभागजः ॥१२०॥**

मुक्तावली ।

संयोगं निरूपयति-अप्राप्तयोरिति । तं विभजते-कीर्तित इति । एषः-संयोगः ॥११५॥

सन्निपातः-संयोगः । द्वितीयः-उभयकर्मजः ॥११६॥११७॥

तृतीय इति । संयोगजसंयोग इत्यर्थः । 'तृतीयः स्यात्' इति पूर्वेणान्वितम् । आदिमः-अभिघातः । द्वितीयो नोदनाख्य इति ।

॥ इति संयोगनिरूपणम् ॥

०० 

**: વિવરણ :**

સંયોગનું નિરૂપણ કરે છે - મૂલમાં अप्राप्तयोस्तु... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે પૃથગ્ભૂતદ્રવ્યોના સંબંધને સંયોગ કહેવાય છે. સંયોગત્વજાતિ, સંયોગનું લક્ષણ છે. 'इमौ

संयुक्तौ'...ઈત્યાદ્યાકારક પ્રતીતિથી 'સંયોગત્વ' જાતિ પ્રત્યક્ષસિદ્ધ છે. આ સંયોગ વક્ષ્યમાણભેદથી ત્રણ પ્રકારનો છે. પૃથગ્ભૂત બે દ્રવ્યોમાંના કોઈ એક દ્રવ્યની ક્રિયાથી જન્ય એવા સંયોગને अन्यतरकर्मज કહેવાય છે. ઉભયદ્રવ્યની ક્રિયાથી જન્ય એવા સંયોગને उभयकर्मज કહેવાય છે; તથા સંયોગથી જન્ય એવા સંયોગને संयोगज કહેવાય છે. આ રીતે અન્યતરકર્મજ, ઉભયકર્મજ અને સંયોગજ આ ત્રણ ભેદથી સંયોગ ત્રણ પ્રકારનો છે. એમાં શ્યેનની (પક્ષિવિશેષની) ક્રિયાથી જન્ય શ્યેનશૈલનો સંયોગ, 'अन्यतरकर्मज' છે. લડતાં બે ઘેટાઓની ક્રિયાથી જન્ય મેષદ્વયનો સંયોગ 'उभयकर्मज' છે. અને કપાલતરુના સંયોગથી જન્ય ઘટતરુનો 'संयोगज' સંયોગ છે. આ ત્રણ પ્રકારના સંયોગમાં પ્રથમ બે સંયોગ, કર્મજન્ય હોવાથી 'કર્મજ' છે. એ 'કર્મજ' સંયોગના 'અભિઘાત' અને 'નોદન' ભેદથી બે બે ભેદ છે. શબ્દજનક તાદશસંયોગને 'અભિઘાત' કહેવાય છે. અને શબ્દાજનક તાદશસંયોગને 'નોદનાખ્ય' સંયોગ કહેવાય છે... ઈત્યાદિ સ્પષ્ટ છે.

मुक्तावली ।

विभक्तप्रत्ययासाधारणकारणं विभागं निरूपयति-विभाग इति । एककर्मेति । तदुदाहरणं तु श्येनशैलविभागादिकं पूर्ववद् बोध्यम् । तृतीयोऽपि-विभागजविभागः कारणमात्रविभागजन्यः कारणाकारणविभागजन्यश्चेति द्विविधः । आद्यस्तावद् यत्रैककपाले कर्म, ततः कपालद्वयविभागः, ततो घटारम्भकसंयोगनाशः, ततो घटनाशः, ततस्तेनैव कपालविभागेन सकर्मणः कपालस्याऽऽकाशविभागो जन्यते, तत आकाशसंयोगनाशः, तत उत्तरदेशसंयोगः, ततः कर्मनाश इति । न च तेन कर्मणैव कथं देशान्तरविभागो न जन्यत इति वाच्यम् । एकस्य कर्मण आरम्भकसंयोगप्रतिद्वन्द्विविभागजनकत्वस्याऽनारम्भकसंयोगप्रतिद्वन्द्विविभागजनकत्वस्य च विरोधात् । अन्यथा विकसत्कम-

लकुड्मलभङ्गप्रसङ्गात्; तस्मात् यदीदमनारम्भकसंयोगप्रतिद्वन्द्वि-विभागं जनयेत्, तदाऽऽरम्भकसंयोगप्रतिद्वन्द्विविभागं न जनयेत् । न च कारणविभागेनैव द्रव्यनाशात्पूर्वं कुतो देशान्तरविभागो न जन्यत इति वाच्यम् । आरम्भकसंयोगप्रतिद्वन्द्विविभागवतोऽवयवस्य सति द्रव्ये देशान्तरविभागाऽसम्भवात् ।

द्वितीयस्तावद् यत्र हस्तक्रियया हस्ततरुविभागस्ततः शरीरेऽपि विभक्तप्रत्ययो भवति, तत्र शरीरतरुविभागे हस्तक्रिया न कारणं, व्यधिकरणत्वात्, शरीरे तु क्रिया नास्त्येव, अवयविकर्मणा यावदव-यवकर्मनियतत्वात्; अतस्तत्र कारणाकारणविभागेन कार्याकार्यविभागो जन्यत इति । अत एव विभागो गुणान्तरम्; अन्यथा शरीरे विभक्तप्रत्ययो न स्याद्, अतः संयोगनाशेन विभागो नाऽन्यथासिद्धो भवति ॥११८॥११९॥१२०॥ इति विभागनिरूपणम् ॥

०० 

## : વિવરણ :

વિભક્તપ્રત્યય અર્થાત્ 'इमौ विभक्तौ' ઈત્યાદ્યાકારક પ્રતીતિના અસાધારણકારણ વિભાગગુણનું નિરૂપણ કરે છે. - મૂલમાં विभागोऽपि... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, 'इमौ विभक्तौ' ઈત્યાદ્યાકારક પ્રતીતિના અસાધારણકારણ ગુણને 'વિભાગ' કહેવાય છે. સંયોગની જેમ જ વિભાગ પણ 'અન્યતરકર્મજ', 'ઉભયકર્મજ' અને 'વિભાગજ' આ ત્રણ ભેદથી ત્રણ પ્રકારનો છે. એના ઉદાહરણો પણ; સંયોગના ઉદાહરણોની જેમ 'શ્યેનશૈલવિભાગ', 'મેષદ્વય-વિભાગ' અને 'હસ્તતરુવિભાગજન્યશરીરતરુવિભાગ'; અનુક્રમે છે. આ પ્રમાણેના ત્રણ વિભાગમાં ત્રીજો વિભાગજવિભાગ; કારણમાત્રના (સ્વાશ્રયના સમવાયિકારણમાત્રના) વિભાગથી જન્ય અને કારણાકારણના વિભાગથી જન્ય આ પ્રમાણે બે પ્રકારનો છે. એમાંથી કારણમાત્ર-વિભાગજન્યવિભાગનું નિરૂપણ કરે છે - आद्यस्तावद्... ઈત્યાદિ ગ્રંથથી. - આશય

સ્પષ્ટ છે કે, જ્યાં એક કપાલમાં ક્રિયા થઈ. તેથી કપાલદ્વયનો વિભાગ થયો. તેથી ઘટારંભકસંયોગનો નાશ થવાથી ઘટનો નાશ થયો. તેથી તે જ કપાલદ્વયના વિભાગથી કર્મવત્કપાલનો આકાશથી વિભાગ થયો. તેથી આકાશસંયોગનો નાશ થયો. તેથી ઉત્તરદેશનો સંયોગ થયો અને તેથી કપાલની ક્રિયાનો નાશ થયો. ત્યાં કપાલદ્વયના વિભાગથી જન્ય જે કર્મવત્કપાલાકાશનો વિભાગ છે તે વિભાગ, કારણમાત્રના વિભાગથી જન્ય છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે કારણમાત્રવિભાગથી જન્ય આ વિભાગની પ્રત્યે કપાલનું કર્મ કારણ નથી. એ કપાલની ક્રિયામાં તાદશવિભાગની કારણતાનો વ્યવચ્છેદ કરવા ''तेनैव कपालविभागेन'' અહીં 'एव' કારનો પ્રયોગ છે. કપાલદ્વય-વિભાગથી જન્ય કપાલાકાશવિભાગ, ન માનીએ તો કપાલાકાશસંયોગની નિત્યતાનો પ્રસંગ આવશે. કારણ કે કપાલાકાશવિભાગ વિના કપાલાકાશના સંયોગનો કોઈ નાશક નથી. 'કપાલના ઉત્તરદેશની સાથેના સંયોગથી પૂર્વદેશસંયોગનો નાશ શક્ય હોવાથી કપાલાકાશસંયોગની નિત્યતાનો પ્રસંગ નહીં આવે.' આ કહેવું યોગ્ય નથી. કારણ કે, પૂર્વદેશની સાથેનો એ સંયોગ ઉત્તરદેશસંયોગની પ્રત્યે પ્રતિબંધક હોવાથી, પ્રતિબંધકના નાશ વિના ઉત્તરદેશસંયોગની ઉત્પત્તિનો સંભવ નથી. અને ઉત્તરદેશના એ સંયોગની અનુત્પત્તિથી પૂર્વોત્પન્ન કપાલના કર્મનો નાશ પણ શક્ય ન હોવાથી કપાલના કર્મની પણ નિત્યતાનો પ્રસંગ આવશે. તેથી ઉપર જણાવ્યા મુજબ કપાલદ્વયના વિભાગથી જ કપાલાકાશવિભાગને માનવો જોઈએ. તેથી તાદશ કારણમાત્રવિભાગથી જન્ય એ વિભાગથી કપાલાકાશસંયોગનો નાશ, તેનાથી ઉત્તરદેશનો સંયોગ અને તેનાથી કપાલની ક્રિયાનો નાશ થઈ શકે છે. યદ્યપિ કપાલના નાશથી જ કપાલાકાશસંયોગાદિનો નાશ શક્ય હોવાથી કપાલાકાશસંયોગાદિની નિત્યતાના પ્રસંગનો સંભવ નથી. પરન્તુ

અહીં कपाल પદ માત્ર કપાલપરક નથી, પણ અવયવપરક છે. તેથી જ્યાં આશ્રયનાશથી તાદશસંયોગાદિનો નાશ શક્ય નથી એવા પરમાણ્વાકાશસંયોગાદિની નિત્યતાનો પ્રસંગ અનિવાર્ય છે. ઈત્યાદિ, અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. કપાલદ્વયના વિભાગના જનક કપાલના કર્મથી જ કપાલાકાશનો વિભાગ જન્ય છે. આવું શા માટે માનતા નથી ? આ શંકા નહીં કરવી જોઈએ. કારણ કે એક જ કર્મમાં (કપાલાદિ-કર્મમાં), આરંભકસંયોગપ્રતિદ્વન્દ્વિ(ઘટાદ્યારંભકકપાલાદિ-દ્વયસંયોગવિરોધિ)વિભાગનું જનકત્વ અને અનારંભકસંયોગ (ઘટાદ્યનારંભકકપાલાકાશસંયોગ)પ્રતિદ્વન્દ્વિવિભાગ(કપા-લાકાશવિભાગ)નું જનકત્વ એ બંન્ને વિરુદ્ધ હોવાથી એ બંન્ને વિરોધિ ધર્મોને માની શકાશે નહીં. અન્યથા એક જ કર્મમાં આરંભકસંયોગપ્રતિદ્વન્દ્વિવિભાગ(કપાલાદિદ્વયવિભાગ)જન-કત્વ અને અનારંભકસંયોગપ્રતિદ્વન્દ્વિવિભાગજનકત્વ આ બન્ને ધર્મોને માનીએ તો વિકસિત થતા કમલની કળીના ભંગનો પ્રસંગ આવશે. અર્થાત્ કમલની કળી વિકસિત જ નહીં થાય. કારણ કે વિકસિત થતાં કમલમાં અગ્રદેશાવચ્છેદેન અનારંભકસંયોગપ્રતિદ્વન્દ્વિવિભાગનું જનક કર્મ હોવાથી એ કર્મ, મૂલાવચ્છેદેન આરંભકસંયોગપ્રતિદ્વન્દ્વિવિભાગનું પણ જનન કરે તો કમલની કળી વિકસિત થવા પૂર્વે જ નાશ પામશે. તેથી માનવું જોઈએ કે જો આ કર્મ, અનારંભકસંયોગપ્રતિદ્વન્દ્વિ વિભાગને ઉત્પન્ન કરે તો આરંભકસંયોગપ્રતિદ્વન્દ્વિવિભાગને ઉત્પન્ન નહીં કરે. કારણમાત્રના (કપાલદ્વયના) વિભાગથી જ; દ્રવ્યનાશ (ઘટ-નાશ)ની પૂર્વે દેશાન્તરવિભાગ(કપાલાકાશ-વિભાગ) શા માટે નથી થતો ? આવી શંકા નહીં કરવી જોઈએ; કારણ કે આરંભકસંયોગપ્રતિદ્વન્દ્વિવિભાગ(કપાલદ્વયવિભાગ) વદ્ અવયવનો (કપાલનો) દ્રવ્યની વિદ્યમાનતામાં અર્થાત્ દ્રવ્યનાશ વિના દેશાન્તરથી (આકાશથી) વિભાગ સંભવિત

નથી. અન્યથા દ્રવ્યનાશની અપેક્ષા વિના કારણમાત્રવિભાગ કારણાકારણવિભાગને ઉત્પન્ન કરે તો ''संयोगविभागयोरनपेक्षं कारणं कर्म'' આ કર્મલક્ષણની કારણમાત્રવિભાગમાં અતિવ્યાપ્તિ થશે... ઇત્યાદિ દિનકરી-રામરુદ્રીમાં અનુસંધેય છે.

કારણાકારણવિભાગથી જન્ય એવા દ્વિતીયવિભાગજ-વિભાગનું નિરૂપણ કરે છે.- द्वितीयस्तावद्... ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે, જ્યાં હસ્તની ક્રિયાથી હસ્તતરુનો વિભાગ થાય છે અને તેથી શરીરતરુના વિભાગની પ્રતીતિ થાય છે; ત્યાં, એ શરીરતરુના વિભાગમાં હસ્તની ક્રિયા કારણ નથી. કારણ કે એ ક્રિયા તાદશવિભાગાત્મકકાર્યનાં અધિકરણ શરીરાદિમાં વૃત્તિ નથી. તેમજ શરીરમાં ક્રિયા ન હોવાથી, 'શરીરક્રિયાથી એ વિભાગ જન્ય છે.' આ માનવાનું પણ શક્ય નથી. યદ્યપિ 'હસ્તક્રિયાથી શરીરમાં ક્રિયા થવાથી, શરીરની ક્રિયાના કારણે શરીરતરુવિભાગ થાય છે.' આ પ્રમાણે કહી શકાય છે. પરન્તુ અવયવીમાં કર્મની ઉત્પત્તિની પ્રત્યે સકલ-અવયવગતક્રિયા કારણ હોવાથી માત્રહસ્તની ક્રિયાથી શરીરમાં ક્રિયોત્પત્તિનો સંભવ નથી. આથી સ્પષ્ટ છે કે શરીરતરુનો વિભાગ; હસ્તતરુનો વિભાગ અર્થાત્ કારણાકારણ(સ્વાશ્રય-કારણાકારણ)વિભાગથી જન્ય છે. જે(શરીરતરુવિભાગ), કાર્યાકાર્યવિભાગ (કારણભૂતવિભાગાશ્રયહસ્તાદિના કાર્યા-કાર્યવિભાગ) સ્વરૂપ છે. આ રીતે હસ્તતરુવિભાગથી શરીરમાં વિભાગની પ્રતીતિ થાય છે; તેથી વિભાગને સંયોગધ્વંસથી અતિરિક્ત ગુણાન્તર મનાય છે. અન્યથા વિભાગને સંયોગ-ધ્વંસથી અતિરિક્ત ન માનીએ તો 'शरीरं विभक्तम्' ઇત્યા-દ્યાકારક પ્રતીતિ નહીં થાય. યદ્યપિ 'शरीरं विभक्तम्' ઇત્યાદ્યા-કારક પ્રતીતિ શરીરતરુસંયોગના નાશનું જ અવગાહન કરતી હોવાથી વિભાગને, સંયોગધ્વંસથી અતિરિક્ત માનવાની

આવશ્યકતા નથી. પરન્તુ વિભાગને, સંયોગના ધ્વંસસ્વરૂપ માનવો કે સંયોગને, વિભાગના ધ્વંસસ્વરૂપ માનવો એમાં કોઈ વિનિગમન નથી. તેથી વિભાગ પણ સંયોગની જેમ ગુણાન્તર છે. આ આશયથી કહે છે - अतः संयोगनाशेन... ઇત્યાદિ - આશય સ્પષ્ટ છે. ઉક્તપ્રાય: છે. અનુક્ત અન્યત્ર અનુસંધેય છે. ||૧૧૮|| ૧૧૯||૧૨૦|| || (इति विभागनिरूपणम्)

## कारिकावली ।

**परत्वञ्चाऽपरत्वञ्च द्विविधं परिकीर्तितम् ।**
**दैशिकं कालिकं चाऽपि मूर्त्त एव तु दैशिकम् ॥१२१॥**
**परत्वं मूर्त्तसंयोगभूयस्त्वज्ञानतो भवेत् ।**
**अपरत्वं तदल्पत्वबुद्धितः स्यादितीरितम् ॥१२२॥**
**तयोरसमवायी तु दिक्संयोगस्तदाश्रये ।**
**दिवाकरपरिस्पन्दभूयस्त्वज्ञानतो भवेत् ॥१२३॥**
**परत्वमपरत्वन्तु तदीयाल्पत्वबुद्धितः ।**
**अत्र त्वसमवायी स्यात् संयोगः कालपिण्डयोः ॥१२४॥**
**अपेक्षाबुद्धिनाशेन नाशस्तेषां निरूपितः ।**

### मुक्तावली ।

परापरव्यवहारनिमित्ते परत्वापरत्वे निरूपयति-परत्वञ्चा-परत्वञ्चेति । दैशिकमिति । दैशिकपरत्वं बहुतरमूर्त्तसंयोगान्तरितत्व-ज्ञानादुत्पद्यते, एवं तदल्पीयस्त्वज्ञानादपरत्वमुत्पद्यते, अत्राऽवधित्वार्थे पञ्चम्यपेक्षा, यथा 'पाटलीपुत्रात् काशीमपेक्ष्य प्रयागः परः,' 'पाटलीपुत्रात् कुरुक्षेत्रमपेक्ष्य प्रयागोऽपर इति ॥१२१॥१२२॥

तयोः-दैशिकपरत्वापरत्वयोः । असमवायी-असमवायिकारणम् । तदाश्रये-दैशिकपरत्वापरत्वाश्रये । दिवाकरेति । अत्र परत्वापरत्वं का-लिकं ग्राह्यम् । यस्य सूर्यपरिस्पन्दापेक्षया यस्य सूर्यपरिस्पन्दोऽधिकः

स ज्येष्ठः, यस्य न्यूनः स कनिष्ठः । कालिकपरत्वापरत्वे जन्यद्रव्य एव । अत्र-कालिकपरत्वापरत्वयोः । तेषाम्-कालिकदैशिकपरत्वापरत्वानाम् ॥१२३॥१२४॥ इति परत्वापरत्वनिरूपणम् ॥

०० 

## : વિવરણ :

પર અને અપર વ્યવહારના અસાધારણકારણભૂત પરત્વ અને અપરત્વ ગુણનું નિરૂપણ કરે છે - 'परत्वञ्चा...' ઈત્યાદિ કારિકાથી. 'આ, આનાથી પર છે' અને 'આ, આનાથી અપર છે' ઈત્યાદ્યાકારક પરાપરવ્યવહારનું જે અસાધારણકારણ છે તેને અનુક્રમે 'પરત્વ' અને 'અપરત્વ' કહેવાય છે. આ પરત્વ અને અપરત્વના 'દૈશિક' અને 'કાલિક' આ બે ભેદ છે. એમાં દૈશિકપરત્વની પ્રત્યે ઘણા બધા મૂર્ત્તસંયોગોના અન્તરિતત્વ (વ્યવહિતત્વ)નું જ્ઞાન કારણ છે. તેમ જ દૈશિકઅપરત્વની પ્રત્યે અલ્પતરમૂર્ત્તસંયોગાન્તરિતત્વનું જ્ઞાન કારણ છે. મૂર્ત્તદ્રવ્યોમાં જ દૈશિકપરત્વાપરત્વની ઉત્પત્તિ થાય છે. વિભુદ્રવ્યોમાં એની ઉત્પત્તિ થતી નથી. કારણ કે દૈશિકપરત્વાપરત્વની પ્રત્યે અનુક્રમે વિપ્રકૃષ્ટદેશમાત્રવૃત્તિત્વ અને સન્નિકૃષ્ટદેશમાત્રવૃત્તિત્વવિષયિણી બુદ્ધિ નિમિત્તકારણ છે. અને દિક્સંયોગ અસમવાયિકારણ છે. આ બંન્ને કારણનો વિભુદ્રવ્યોમાં અભાવ હોવાથી તેમાં દૈશિકપરત્વાપરત્વની ઉત્પત્તિ થતી નથી. અહીં પરત્વાપરત્વવિષયકશાબ્દબોધજનકવાક્યમાં અવધિત્વ (જેની અપેક્ષાએ પરત્વાપરત્વ છે તે અવધિત્વ) અર્થને જણાવવા માટે પઞ્ચમીની અર્થાત્ પઞ્ચમ્યન્તપદના પ્રયોગની અપેક્ષા છે. તેથી 'પાટલીપુત્રનગરથી, કાશીની અપેક્ષાએ પ્રયાગતીર્થ પર છે.' તથા 'પાટલીપુત્રનગરથી, કુરુક્ષેત્રની અપેક્ષાએ પ્રયાગતીર્થ અપર છે' ઈત્યાદ્યાકારક પરત્વાપરત્વવિષયકશાબ્દબોધ થાય છે. તાદશ પ્રતીતિ પરત્વાપરત્વના અસ્તિત્વમાં પ્રમાણ છે.॥૧૨૧॥૧૨૨॥

तयोः-दैशिकपरत्वापरत्वयोः... ઈત્યાદિ - દૈશિકપરત્વાપરત્વની પ્રત્યે સ્વાશ્રયવૃત્તિદિક્સંયોગ અસમવાયિકારણ છે. दिवाकर... ઈત્યાદિ મૂલગ્રંથથી કાલિકપરત્વાપરત્વનું નિરૂપણ છે, એ વસ્તુને જણાવે છે - अत्र परत्वापरत्वं... ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે, જેના સૂર્યપરિસ્પન્દની અપેક્ષાએ જેની સૂર્યપરિસ્પન્દના અધિક છે; તે જ્યેષ્ઠ છે અને જેની સૂર્યપરિસ્પન્દના ન્યૂન છે; તે કનિષ્ઠ છે. આ રીતે સૂર્યપરિસ્પન્દના ભૂયસ્ત્વ અને અલ્પીયસ્ત્વના જ્ઞાનથી અનુક્રમે કાલિકપરત્વ અને કાલિકાપરત્વ ઉત્પન્ન થાય છે. જેમાં કાલ અને તાદશપરત્વાપરત્વાશ્રયભૂત દ્રવ્યનો સંયોગ અસમવાયિકારણ છે. કાલિકપરત્વાપરત્વ જન્યદ્રવ્યમાં છે. અજન્યદ્રવ્યોમાં એની ઉત્પત્તિ થતી નથી. વિપ્રકૃષ્ટાદિદેશ-કાલવૃત્તિત્વજ્ઞાનાત્મક અપેક્ષાબુદ્ધિના નાશથી દૈશિક અને કાલિકપરત્વાપરત્વનો નાશ થાય છે. ॥૧૨૩॥૧૨૪॥

॥ इति परत्वापरत्वनिरूपणम् ॥

## कारिकावली ।

**बुद्धेः प्रपञ्चः प्रागेव प्रायशो विनिरूपितः ॥१२५॥**
**अथाऽवशिष्टोऽप्यपरः प्रकारः परिदर्श्यते ।**
**अप्रमा च प्रमाचेति ज्ञानं द्विविधमिष्यते ॥१२६॥**
**तच्छून्ये तन्मतिर्या स्यादप्रमा सा निरूपिता ।**
**तत्प्रपञ्चो विपर्यासः संशयोऽपि प्रकीर्तितः ॥१२७॥**

मुक्तावली ।

क्रमप्राप्तां बुद्धिं निरूपयति-बुद्धेरिति । तत्राऽप्रमां निरूपयति-तच्छून्य इति । तदभाववति तत्प्रकारकं ज्ञानं भ्रम इत्यर्थः । तत्प्रपञ्चः अप्रमाप्रपञ्चः ॥१२५॥१२६॥१२७॥

००

## : વિવરણ :

પરત્વાપરત્વનું નિરૂપણ કરીને ક્રમપ્રાપ્ત 'બુદ્ધિ' ગુણનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં 'बुद्‌धेः...'ઈત્યાદિ ગ્રંથથી. આત્મનિરૂપણના અવસરે બુદ્ધિના પ્રપંચનું (ભેદાદિનું) નિરૂપણ લગભગ કર્યું છે. અવશિષ્ટ બુદ્ધિપ્રપંચનું અહીં નિરૂપણ કરે છે - કારિકાવલીમાં 'अप्रमा च...' ઈત્યાદિ કારિકાથી. એનો આશય સ્પષ્ટ છે કે, પ્રમા અને અપ્રમા ભેદથી બુદ્ધિ અર્થાત્ જ્ઞાન બે પ્રકારનું છે. 'तदभाववद्‌विशेष्य-कतत्प्रकारक' જ્ઞાનને અપ્રમા કહેવાય છે. ઘટત્વપ્રકારકઘટ-વિશેષ્યકપ્રમાત્મકજ્ઞાનમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'तदभाववति' આ પદનું ઉપાદાન છે. તેથી તદ્વદ્-વિશેષ્યકતાદશપ્રમામાં અતિવ્યાપ્તિ નહીં આવે. घटाभाववद्-भूतलविशेष्यकघटाभावप्रकारक પ્રમાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'तत्प्रकारक' પદનું ઉપાદાન કર્યું છે. તેથી તદભાવપ્રકારક તાદશપ્રમાત્મકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. તેમ જ તદભાવવદ્‌વિશેષ્યકતત્પ્રકારકઈચ્છામાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા માટે લક્ષણમાં 'ज्ञान' પદનું ઉપાદાન છે... ઈત્યાદિ સુગમ છે. ।।૧૨૫।।૧૨૬।।૧૨૭।।

### कारिकावली ।

**आद्यो देहेष्वात्मबुद्‌धिः, शङ्खादौ पीततामतिः ।**
**भवेन्निश्चयरूपा या, संशयोऽथ प्रदर्श्यते ॥१२८॥**
**किंस्विन्नरो वा स्थाणु र्वेत्यादिबुद्‌धिस्तु संशयः ।**
**तदभावाप्रकारा धीस्तत्प्रकारा तु निश्चयः ॥१२९॥**
**स संशयो मति र्या स्यादेकत्राभावभावयोः ।**
**साधारणादिधर्मस्य ज्ञानं संशयकारणम् ॥१३०॥**

मुक्तावली ।

आद्य इति । विपर्यास इत्यर्थः । शरीरादौ निश्चयरूपं यदात्मत्वप्रकारकं ज्ञानं गौरोऽहमित्याकारकम्; एवं शङ्खादौ पीतः शङ्ख इत्याकारकं यद् ज्ञानं निश्चयरूपं तद्भ्रम इति । किंस्विदिति वितर्के । निश्चयस्य लक्षणमाह-तदभावेति । तदभावाऽप्रकारकं तत्प्रकारकं ज्ञानं निश्चयः ॥१२८॥१२९॥

संशयं लक्षयति-स संशय इति । एकधर्मिकविरुद्धभावाभावप्रकारकं ज्ञानं संशय इत्यर्थः । साधारणेति । उभयसाधारणो यो धर्मस्तज्ज्ञानं संशयकारणम् । यथा उच्चैस्तरत्वं स्थाणुपुरुषसाधारणं ज्ञात्वाऽयं स्थाणुर्नवेति सन्दिग्धे । एवमसाधारणधर्मज्ञानं कारणम् । यथा शब्दत्वस्य नित्यानित्यव्यावृत्तत्वेन शब्दे गृहीतत्वाच्छब्दो नित्यो न वेति सन्दिग्धे । विप्रतिपत्तिस्तु शब्दो नित्यो न वेत्यादिशब्दात्मिका न संशयकारणम्, शब्दव्याप्तिज्ञानादीनां निश्चयमात्रजनकत्वस्वभावात् । किन्तु तत्र शब्देन कोटिद्वयज्ञानं जन्यते, संशयस्तु मानस एवेति । एवं ज्ञाने प्रामाण्यसंशयाद्विषयसंशय इति । एवं व्याप्यसंशयादपि व्यापकसंशय इत्यादिकं बोध्यम् । किन्तु संशये धर्मिज्ञानं धर्मीन्द्रियसन्निकर्षो वा कारणमिति ॥१३०॥ इति संशयनिरूपणम् ॥

○○

## : विवरण :

અપ્રમાના 'વિપર્યાસ' અને 'સંશય' આ બે ભેદોના સ્વરૂપને જણાવે છે - 'आद्यो...' ઈત્યાદિ કારિકાથી. આશય સ્પષ્ટ છે કે શરીરાદિમાં થતું 'गौरोऽहम्' ઈત્યાદ્યાકારક જે નિશ્ચયાત્મકજ્ઞાન અને શઙ્ખાદિમાં થતું 'पीतः शङ्खः' ઈત્યાદ્યાકારક જે નિશ્ચયાત્મકજ્ઞાન તે ભ્રમ અર્થાત્ વિપર્યાસ સ્વરૂપ અપ્રમા છે. 'શું આ સ્થાણુ છે કે પુરુષ છે?' ઈત્યાદ્યાકારક જ્ઞાનસ્વરૂપ સંશયાત્મક અપ્રમા છે. તદભાવાપ્રકારક જે તત્પ્રકારક જ્ઞાન, તેને નિશ્ચય કહેવાય છે. 'रजते, इदं रजतम्' ઈત્યાદ્યાકારક પ્રમાત્મક જ્ઞાન અને शङ्खः पीतः गौरौऽहम्...

ઈત્યાદ્યાકારક વિપર્યાસ, રજતત્વાદ્યભાવાઽપ્રકારક અને રજતત્વાદિપ્રકારકજ્ઞાન હોવાથી નિશ્ચયસ્વરૂપ છે. 'अयं स्थाणुर्न वा' ઈત્યાદ્યાકારક જ્ઞાન સ્થાણુત્વ અને સ્થાણુત્વાભાવપ્રકારક હોવાથી નિશ્ચયસ્વરૂપ નથી. લક્ષણમાં 'तदभावाप्रकारक' પદનો નિવેશ ન કરીએ તો તાદૃશ સંશયાત્મકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ तदभावाप्रकारक પદના નિવેશથી તદભાવપ્રકારક-સંશયાત્મકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. નિષ્પ્રકારક-નિર્વિકલ્પકજ્ઞાનમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'तत्प्रकारक' પદનો નિવેશ છે. અને ઈચ્છામાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં 'ज्ञान' પદનું ઉપાદાન કર્યું છે. એ દુર્જ્ઞેય નથી.

॥ इति निश्चयनिरूपणम् ॥

संशयं लक्षयति - स संशय इति । - આશય એ છે કે એકધર્મિકવિરુદ્ધભાવાભાવપ્રકારકજ્ઞાનને સંશય કહેવાય છે. 'अयं स्थाणु र्वा पुरुषो वा' ઈત્યાદ્યાકારક જ્ઞાન ઈદમ્પદાર્થ-એકધર્મિક વિરુદ્ધસ્થાણુત્વસ્થાણુત્વાભાવાદિપ્રકારક હોવાથી સંશયસ્વરૂપ છે. લક્ષણમાં 'एकधर्मिक' પદનો નિવેશ ન કરીએ તો 'ह्रदपर्वतौ वह्नितदभाववन्तौ' ઈત્યાદ્યાકારક વિરુદ્ધભાવા-ભાવપ્રકારકઅનેકધર્મિકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. एक-धर्मिक પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે આ જ્ઞાન ह्रद અને पर्वत સ્વરૂપ અનેકધર્મિક છે. એકધર્મિક નથી. લક્ષણમાં विरुद्ध પદનું ઉપાદાન ન કરીએ તો 'वृक्षः संयोगवान् तदभाववांश्च' ઈત્યાદ્યાકારક વૃક્ષૈકધર્મિક, સંયોગ અને તદભાવપ્રકારકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. લક્ષણમાં 'विरुद्ध' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સંયોગ અને સંયોગાભાવ વિરુદ્ધ ન હોવાથી તત્પ્રકારકજ્ઞાન, વિરુદ્ધભાવાભાવપ્રકારક નથી. 'घटो द्रव्यं पृथिवी च' ઈત્યાદ્યાકારક એકધર્મિકઅનેકપ્રકારકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ ન

આવે એટલા માટે 'एकधर्मिकं ज्ञानम्' આટલું જ સંશયનું લક્ષણ કર્યું નથી... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. સામાન્ય અનુસંધાન કરવાથી સમજી શકાશે.

साधारणेति-उभयसाधारणो... ઈત્યાદિ - આશય એ છે કે સંશયાત્મકજ્ઞાનમાં, ઉભયસાધારણ (ભાવાભાવોભય-સાધારણ) ધર્મનું જ્ઞાન કારણ છે. સ્થાણુ અને પુરુષના ઉચ્ચૈસ્તરત્વાદિ ધર્મનું જ્ઞાન થયા પછી જ એ જ્ઞાતાને 'આ સ્થાણુ છે કે પુરુષ' ઈત્યાદ્યાકારક સંશય થાય છે. આવી જ રીતે અસાધારણધર્મનું જ્ઞાન સંશયની ઉત્પત્તિમાં કારણ છે. જ્યારે નિત્ય અને અનિત્ય પદાર્થથી વ્યાવૃત્તત્વેન શબ્દત્વનું જ્ઞાન થાય છે ત્યારે નિત્યાનિત્યવ્યાવૃત્તત્વત્વેન શબ્દમાં શબ્દત્વનું જ્ઞાન થવાથી 'शब्दो नित्यो न वा' ઈત્યાદ્યાકારક સંશય થાય છે. કેટલાક લોકો વિપ્રતિપત્તિને પણ સંશયનું કારણ માને છે. પરંતુ એ બરાબર નથી, એ જણાવે છે - विप्रतिपत्तिस्तु... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે 'शब्दो नित्यो न वा' ઈત્યાદ્યાકારક વિપ્રતિપત્તિવાક્યથી સંશયની ઉત્પત્તિ થતી નથી. કારણ કે શબ્દ, વ્યાપ્તિજ્ઞાન અને અતિદેશવાક્યાર્થજ્ઞાનમાં નિશ્ચયાત્મકજ્ઞાનનું જ જનકત્વ મનાય છે. પરન્તુ વિપ્રતિપત્તિ સ્થળે તાદશશબ્દથી; શબ્દની નિત્યત્વ અને અનિત્યત્વ સ્વરૂપ કોટિદ્વયનું જ્ઞાન થાય છે. અને એના સહકારથી મનઃકરણક (માનસ) સંશય ઉત્પન્ન થાય છે. તેથી તાદશસંશય વિપ્રતિપત્તિપ્રયોજ્ય છે. પણ વિપ્રતિપત્તિથી જન્ય નથી. આવી જ રીતે 'घटवद् भूतलमिति ज्ञानं प्रमाणं न वा' ઈત્યાદ્યાકારક જ્ઞાનધર્મિકપ્રામાણ્યના સંશયથી 'घटवद् भूतलं न वा' ઈત્યાદ્યાકારક ભૂતલધર્મિકઘટપ્રકારક (ઘટ-ઘટાભાવપ્રકારક) વિષયસંશય થાય છે. આવી જ રીતે 'पर्वतो धूमवान्न वा' ઈત્યાદ્યાકારક વ્યાપ્યસંશયથી 'पर्वतो वह्निमान् न वा' ઈત્યાદ્યાકારક વ્યાપકસંશય થાય છે. इत्यादिकं बोध्यम् અહીં

'आदि'પદથી સાધનાવ્યાપકવ્યાપ્યત્વના સંદેહથી સાધ્ય-વ્યાપકત્વનો સંદેહ થાય છે... ઇત્યાદિ સમજી લેવું. 'पर्वतो धूमवान् वह्नेः' ઇત્યાદિ સ્થળે સાધન વહ્નિના અવ્યાપક-આર્દ્રેન્ધનસંયોગની વ્યાપ્યતાનો સંદેહ ધૂમમાં થાય તો ધૂમની વ્યાપકતાનો વહ્નિમાં સન્દેહ થાય - એ સ્પષ્ટ છે. ''સાધારણધર્મના જ્ઞાનાદિથી જેવી રીતે સંશય થાય છે, એવી રીતે ધર્મિજ્ઞાનથી પણ સંશય થાય છે. તેથી ધર્મિજ્ઞાનજન્ય-સંશયત્વેન પણ સંશયનો વિભાગ કરવો જોઈએ'' આવું નહીં કહેવું જોઈએ. કારણ કે સંશયમાત્રની પ્રત્યે ધર્મિજ્ઞાન કારણ હોવાથી ધર્મિજ્ઞાનજન્યતાવચ્છેદક, સંશયત્વનો સમાનવ્યાપ્ય હોવાથી તે રૂપે સંશયનો વિભાગ શક્ય નથી. વિભાજ્ય-તાવચ્છેદકના કેવલવ્યાપ્યધર્મથી જ વિભાગ થાય છે. એ સમજાવવાની આવશ્યકતા નથી. 'સંશયમાત્રની પ્રત્યે ધર્મિજ્ઞાન કારણ છે- એમાં કોઈ પ્રમાણ નથી.' આવું નહીં કહેવું જોઈએ. કારણ કે જો ધર્મિજ્ઞાન, સંશયની પ્રત્યે કારણ ન હોય તો ધર્મિજ્ઞાન વિના સંશયની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. 'ધર્મિજ્ઞાન વિના પણ ધર્મિ અને ઇન્દ્રિયના સન્નિકર્ષથી સંશયની ઉત્પત્તિ શક્ય હોવાથી તે પ્રસંગ ઇષ્ટ જ છે.' આ આશયથી કહે છે - धर्मीन्द्रियसन्निकर्षो वा कारणमिति ॥ इति संशयनिरूपणम् ॥

## कारिकावली ।

**दोषोऽप्रमाया जनकः प्रमायास्तु गुणो भवेत् ।**
**पित्तदूरत्वादिरूपो दोषो नानाविधो मतः ॥१३१॥**

मुक्तावली ।

दोष इति । अप्रमां प्रति दोषः कारणम्, प्रमां प्रति गुणः कारणम् । तत्राऽपि पित्तादिरूपा दोषा अननुगतास्तेषां कारणत्व-मन्वयव्यतिरेकाभ्यां सिद्धम् । गुणस्य प्रमाजनकत्वं त्वनुमानात्

सिद्धम् । यथा प्रमा ज्ञानसामान्यकारणभिन्नकारणजन्या, जन्यज्ञानत्वाद् अप्रमावत् । न च दोषाभाव एव कारणमस्त्विति वाच्यम् । पीतः शङ्ख इति ज्ञानस्थलेऽपि पित्तरूपदोषसत्त्वाच्छङ्खत्वप्रमानुत्पत्तिप्रसङ्गात् । विनिगमनाविरहादनन्तदोषाभावकारणत्वमपेक्ष्य गुणस्य कारणताया न्याय्यत्वात् । न च गुणसत्त्वेऽपि पित्तेन प्रतिबन्धाच्छङ्खे न श्वैत्य-ज्ञानमतः पित्तादिदोषाभावानां कारणत्वमवश्यं वाच्यम्, तथा च किं गुणस्य हेतुत्वकल्पनेनेति वाच्यम् । तथाप्यन्वयव्यतिरेकाभ्यां गुणस्याऽपि हेतुत्वसिद्धेः । एवं भ्रमं प्रति गुणाभावः कारणमित्यस्याऽपि सुवचत्वम् । तत्र दोषाः क इत्याकाङ्क्षायामाह-पित्तेति । क्वचित् पीतादिभ्रमे पित्तं दोषः । क्वचिच्चन्द्रादेः स्वल्पपरिमाणभ्रमे दूरत्वं दोषः । क्वचिच्च वंशोरगभ्रमे मण्डूकवसाञ्जनमित्येवंरूपा दोषा अननुगता एव भ्रान्तिजनका इत्यर्थः ॥१३१॥

## : વિવરણ :

अप्रमां प्रति... ઈત્યાદિ - આશય એ છે કે અપ્રમાની પ્રત્યે પિત્તાદિદોષો કારણ છે, જેનાથી શંખાદિમાં પીતાદિની અપ્રમા થાય છે. પ્રમાની પ્રત્યે ગુણ કારણ છે. અપ્રમાના કારણભૂત પિત્તાદિદોષો અનુગત નથી. તત્તદ્દોષ અને તત્તદ્ અપ્રમાના અન્વય અને વ્યતિરેકથી તત્તદ્દોષોમાં અપ્રમીય-કારણતાની સિદ્ધિ થાય છે. ગુણમાં પ્રમાજનકત્વ તો નીચે જણાવેલા અનુમાનથી સિદ્ધ છે. ''प्रमा ज्ञानसामान्यकारण-भिन्नकारणजन्या जन्यज्ञानत्वाद् अप्रमावत्'' આ અનુમાનથી; અપ્રમા જેવી રીતે જ્ઞાનસામાન્યના કારણભૂત આત્મમનઃ-સંયોગાદિભિન્નકારણ દોષથી જન્ય છે તેવી રીતે પ્રમાત્મકજ્ઞાન પણ જ્ઞાનસામાન્યના કારણથી ભિન્ન એવા કારણથી જન્ય છે. એ સિદ્ધ થાય છે. ત્યાં જે ભિન્ન કારણ છે તે ગુણ છે. તેથી તજ્જન્યત્વ ઉક્તાનુમાનથી પ્રમામાં સિદ્ધ થાય છે. હેત્વંશમાં 'ज्ञानत्व' માત્રનું જ ઉપાદાન કરીએ તો નિત્યજ્ઞાનમાં તાદૃશકારણજન્યત્વાત્મક સાધ્ય ન હોવાથી વ્યભિચાર

આવશે. તેથી તેના નિવારણ માટે હેત્વંશમાં जन्यत्व નો નિવેશ કર્યો છે. નિત્યજ્ઞાનમાં જન્યજ્ઞાનત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. યદ્યપિ ઉક્તાનુમાનથી પ્રમામાં જ્ઞાનસામાન્યકારણ-ભિન્નકારણજન્યત્વ સિદ્ધ થાય તો પણ તાદૃશગુણાત્મક-કારણજન્યત્વના બદલે દોષાભાવાત્મકકારણજન્યત્વની સિદ્ધિ થવાથી ઉક્તાનુમાનમાં અર્થાન્તર આવે છે; પરન્તુ દોષાભાવને પ્રમાત્મકજ્ઞાનની પ્રત્યે કારણ માનવાથી पीतः शङ्खः આ પ્રમાણેના જ્ઞાનસ્થળે પણ પિત્તસ્વરૂપ દોષ હોવાથી શઙ્ખત્વ-પ્રકારકપ્રમાની ઉત્પત્તિ થઈ શકશે નહીં. યદ્યપિ પિત્તાદિ-દોષનો અભાવ, શઙ્ખત્વપ્રકારકપ્રમાની પ્રત્યે કારણ નથી, પણ શ્વૈત્યપ્રકારકપ્રમાની પ્રત્યે કારણ છે. તેથી પિત્તાદિદોષ સ્થળે શઙ્ખત્વપ્રકારકપ્રમાની ઉત્પત્તિની અનુપપત્તિ નહીં થાય. પરન્તુ પ્રમાની પ્રત્યે ગુણને કારણ માનવો કે દોષાભાવને કારણ માનવો - એમાં કોઈ વિનિગમન ન હોવાથી પ્રમાની પ્રત્યે ગુણને કારણ માનવો ન જોઈએ અને દોષાભાવને કારણ માનવો જોઈએ, એ કહેવું યુક્ત નથી. વસ્તુત: અનંતદોષાભાવને પ્રમાની પ્રત્યે કારણ માનવાની અપેક્ષાએ ગુણમાં કારણતા માનવાનું જ યુક્તિયુક્ત છે. યદ્યપિ पीतः शङ्खः ઈત્યાદિ સ્થળે શઙ્ખત્વપ્રકારકપ્રમાના અનુરોધથી ગુણ હોવા છતાં પિત્તસ્વરૂપદોષના કારણે શ્વૈત્યપ્રકારકપ્રમાનો પ્રતિબંધ થતો હોવાથી પ્રમાની પ્રત્યે દોષાભાવોને કારણ માનવાનું આવશ્યક હોવાથી ગુણમાં કારણતા માનવાની આવશ્યકતા નથી. પરન્તુ અન્વયવ્યતિરેકથી ગુણમાં પણ પ્રમીયકારણતા સિદ્ધ જ છે. તેથી જ पीतः शङ्खः ઈત્યાદિસ્થળે પીતત્વ-પ્રકારકપ્રમીયકારણભૂતવિશેષણવદ્ (पीतत्ववद्) વિશેષ્ય-સન્નિકર્ષાત્મક ગુણ ન હોવાથી પીતત્વપ્રકારકપ્રમાની ઉત્પત્તિ, પિત્તાદિદોષનો અભાવ હોય તો પણ થતી નથી. આ રીતે અન્વયવ્યતિરેકથી પ્રમાની કારણતા ગુણમાં સિદ્ધ હોવા છતાં

દોષાભાવમાં જ પ્રમીયકારણતા માનવાનો અને ગુણને અન્યથાસિદ્ધ માનવાનો આગ્રહ હોય તો ''અપ્રમાની પ્રત્યે ગુણાભાવ જ કારણ છે અને દોષ અન્યથાસિદ્ધ છે.'' આ પ્રમાણે પણ સારી રીતે કહી શકાય છે.

અપ્રમાની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ દોષો કારણ છે. ત્યાં દોષો કયા છે ? આ પ્રમાણેની આકાંક્ષામાં દોષોનું નિરૂપણ કરે છે - મૂલમાં पित्तदूरत्वादिरूपो... ઈત્યાદિ ગ્રંથથી. ક્યારેક શંખાદિમાં જે પીતાદિનો ભ્રમ થાય છે, તેમાં પિત્ત કારણ છે. ક્વચિત્ ચંદ્રાદિમાં સ્વલ્પપરિમાણનો ભ્રમ થાય છે, તેમાં દૂરત્વાત્મકદોષ કારણ છે; અને ક્વચિત્ વાંસમાં સર્પનો ભ્રમ થાય છે, તેમાં મંડૂકવસાઝ્જન (દેડકાની ચરબીનું અંજન) કારણ છે. આ રીતે પિત્તાદિ અનનુગત દોષો ભ્રમમાં કારણ છે. ||૧૩૧||

## कारिकावली ।

**प्रत्यक्षे विशेष्येण विशेषणवता समम् ।**
**सन्निकर्षो गुणस्तु स्यात् अथ त्वनुमितौ पुनः ॥१३२॥**
**पक्षे साध्यविशिष्टे तु परामर्शो गुणो भवेत् ।**
**शक्ये सादृश्यबुद्धिस्तु भवेदुपमितौ गुणः ॥१३३॥**
**शाब्दबोधे योग्यतायास्तात्पर्यस्याऽथ वा प्रमा ।**
**गुणः स्यात्; भ्रमभिन्नं तु ज्ञानमत्रोच्यते प्रमा ॥१३४॥**
**अथ वा तत्प्रकारं यज्ज्ञानं तद्वद्विशेष्यकम् ।**
**तत्प्रमा; न प्रमा नाऽपि भ्रमः स्यान्निर्विकल्पकम् ॥१३५॥**
**प्रकारतादिशून्यं हि सम्बन्धानवगाहि तत् ।**

मुक्तावली ।

अथ के गुणा इत्याकाङ्क्षायां प्रत्यक्षादौ क्रमेण गुणान् दर्शयति-

प्रत्यक्षे त्विति । प्रत्यक्षे विशेषणवद्विशेष्यसन्निकर्षो गुणः । अनुमितौ साध्यवति साध्यव्याप्यवैशिष्ट्यज्ञानं गुणः । एवमग्रेऽपि ज्ञेयम् । प्रमां निरूपयति-भ्रमभिन्नमिति । ननु यत्र शुक्तिरजतयोरिमे रजते इति ज्ञानं जातम्, तत्र रजतांशेऽपि प्रमा न स्यात्, तज्ज्ञानस्य भ्रमभिन्नत्वाभावादत आह-अथ वेति । तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकं ज्ञानं प्रमेत्यर्थः । अथैवं स्मृतेरपि प्रमात्वं स्यात् । ततः किमिति चेत्, तथा सति तत्करणस्याऽपि प्रमाणान्तरत्वं स्यादिति चेन्न । यथार्थानुभवकरणस्यैव प्रमाणत्वेन विवक्षितत्वात् ।

इदन्तु बोध्यम् - येन सम्बन्धेन यद्वत्ता, तेन सम्बन्धेन तद्वद्विशेष्यकत्वं तेन सम्बन्धेन तत्प्रकारकत्वञ्च वाच्यम्, तेन कपालादौ संयोगादिना घटादिज्ञाने नातिव्याप्तिः । एवं सति निर्विकल्पकं प्रमा न स्यात्, तस्य सप्रकारकत्वाभावादत आह-न प्रमेति । ननु वृक्षे कपिसंयोगज्ञानं भ्रमः प्रमा च स्यादिति चेन्न । प्रतियोगिव्यधिकरणकपिसंयोगाभाववति संयोगज्ञानस्य भ्रमत्वाद् । न च वृक्षे कपिसंयोगाभावावच्छेदेन संयोगज्ञानं भ्रमो न स्यात्, तत्र संयोगाभावस्य प्रतियोगिसमानाधिकरणत्वादिति वाच्यम् । तत्र संयोगाभावावच्छेदेन संयोगज्ञानस्य भ्रमत्वात् । लक्ष्यस्याऽननुगमाल्लक्षणस्याऽननुगमेऽपि न क्षतिः ।

०० 

## વિવરણ

પૂર્વે જણાવ્યા મુજબ પ્રમાત્મકજ્ઞાનની પ્રત્યે ગુણ કારણ છે. ત્યાં ગુણો કયા છે ? આ પ્રમાણેની આકાંક્ષામાં પ્રત્યક્ષાદિપ્રમાના કારણભૂત તે તે ગુણોને ક્રમે કરીને જણાવે છે. - મૂલમાં प्रत्यक्षेत्वित्यादि ગ્રંથથી. - આશય સ્પષ્ટ છે કે, પ્રત્યક્ષની પ્રત્યે વિશેષણવદ્‌વિશેષ્યની સાથે ઈન્દ્રિયનો જે સન્નિકર્ષ છે, તે ગુણ છે. અનુમિતિમાં, સાધ્યવત્પક્ષમાં જે, સાધ્યવ્યાપ્યના વૈશિષ્ટ્યનું જ્ઞાન છે, તે ગુણ છે. ગવયત્વાદ્યવચ્છિન્નગવયાદિ શક્યમાં જે સાદશ્યબુદ્ધિ છે, તે

ઉપમિતિમાં ગુણ છે. અને યોગ્યતા અથવા તાત્પર્યની પ્રમા, શાબ્દબોધની પ્રત્યે ગુણ છે. પ્રમાનું નિરૂપણ કરે છે - भ्रमभिन्नं तु... ઈત્યાદિ ગ્રંથથી. એ મૂલગ્રંથાનુસાર ભ્રમભિન્ન જ્ઞાનને પ્રમા કહીએ તો જ્યાં શુક્તિ અને રજતમાં 'इमे रजते' ઈત્યાકારક સમૂહાલંબન જ્ઞાન થયું છે; ત્યાં રજતાંશમાં પણ એ જ્ઞાન પ્રમાત્મક નહીં થાય. કારણ કે, એ જ્ઞાન ભ્રમભિન્ન નથી. એ આશયથી પ્રમાનું લક્ષણાન્તર જણાવે છે - મૂલમાં 'अथ वा...' ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે ઉપર્યુક્ત સમૂહાલંબનાત્મક જ્ઞાન; રજતાંશમાં રજતત્વવદ્‌વિશે-ષ્યકત્વવિશિષ્ટરજતત્વપ્રકારક હોવાથી એટલા અંશમાં પ્રમાત્વની અનુપપત્તિ નહીં થાય. યદ્યપિ અનુભવાત્મક-જ્ઞાનથી ભિન્ન સ્મૃત્યાત્મકજ્ઞાન પણ તદ્‌વદ્‌વિશેષ્યકત્વવિશિષ્ટ-તત્પ્રકારક હોવાથી તેમાં (સ્મૃતિમાં) પ્રમાત્વ માનવાનો પ્રસંગ આવશે. 'સ્મૃતિમાં પ્રમાત્વ માનીએ તો કયો દોષ છે ?' આવું નહીં કહેવું જોઈએ. કારણ કે, સ્મૃતિને પ્રમા માનવાથી સ્મૃતિના કરણને પ્રમાણાન્તર માનવાનો પ્રસંગ આવશે. તેથી સ્મૃતિમાં પ્રમાત્વનો પ્રસંગ ઈષ્ટ નથી. પરન્તુ સ્મૃતિને પ્રમા માનીએ તો પણ યથાર્થાનુભવના કરણને જ પ્રમાણ મનાય છે, તેથી સ્મૃતિમાં પ્રમાત્વનો પ્રસંગ અનિષ્ટ નથી. અહીં એ વસ્તુ યાદ રાખવી જોઈએ કે જે સંબંધથી યદ્‌વત્તા છે, તે સંબંધથી તદ્‌વદ્‌વિશેષ્યકત્વ અને તે સંબંધથી તત્પ્રકારકત્વ જે જ્ઞાનમાં છે, તેને જ પ્રમા કહેવાય છે. તેથી કપાલાદિમાં સંયોગાદિ-સંબંધથી ઘટવત્ત્વનું જે જ્ઞાન થાય છે, તેમાં પ્રમાત્વની આપત્તિ નહીં આવે- એ સમજી શકાય છે. યદ્યપિ પ્રમાના લક્ષણમાં આ રીતે तत्प्रकारकत्वના નિવેશથી નિષ્પ્રકારક નિર્વિકલ્પક જ્ઞાનમાં પ્રમાત્વની અનુપપત્તિ થાય છે. પરન્તુ એ ઈષ્ટ જ છે. કારણ કે નિર્વિકલ્પક જ્ઞાન પ્રમા અને અપ્રમા પણ મનાતું નથી.- ननु वृक्षे... ઈત્યાદિ - આશય એ છે કે સંયોગ

અવ્યાપ્યવૃત્તિ હોવાથી કપિસંયોગવદ્ અને તદભાવવદ્ વૃક્ષમાં કપિસંયોગનું જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનમાં પ્રમા અને ભ્રમના લક્ષણનો સમન્વય થવાથી એ જ્ઞાનમાં પ્રમાત્વ અને અપ્રમાત્વ બંન્ને માનવાનો પ્રસંગ આવશે; પરંતુ સંયોગનું જ્ઞાન; પ્રતિયોગિવ્યધિકરણસંયોગાભાવવદ્માં થાય તો જ ભ્રમાત્મક કહેવાય છે. તેથી પ્રતિયોગિસમાનાધિકરણકપિસંયોગા-ભાવવદ્ વૃક્ષમાં થતાં કપિસંયોગના જ્ઞાનમાં અપ્રમાત્વ માનવાનો પ્રસંગ નહીં આવે. યદ્યપિ આ રીતે પ્રતિયોગિ-વ્યધિકરણસંયોગાભાવવદ્માં થતાં સંયોગના જ્ઞાનને અપ્રમા કહીએ અને પ્રતિયોગિસમાનાધિકરણસંયોગાભાવવદ્ વૃક્ષાદિમાં થતાં સંયોગના જ્ઞાનને અપ્રમા ન કહીએ તો સંયોગાભાવાવચ્છેદેન વૃક્ષાદિમાં થતાં સંયોગના જ્ઞાનને ભ્રમ કહી શકાશે નહીં. પરન્તુ ત્યાં પ્રતિયોગિસમાનાધિકરણ-સંયોગાભાવવદ્માં, સંયોગાભાવાવચ્છેદેન થતાં સંયોગના જ્ઞાનને ભ્રમાત્મક મનાય છે. યદ્યપિ આ રીતે ભ્રમાત્મકજ્ઞાનના ભિન્ન ભિન્ન સ્વરૂપથી લક્ષણનો અનુગમ થતો નથી. પરન્તુ જ્યાં લક્ષ્ય પોતે જ અનુગત ન હોય ત્યાં લક્ષણ અનુગત ન હોય તો દોષ નથી. લક્ષણની વ્યવસ્થા લક્ષ્યાનુસારે હોય છે... ઈત્યાદિ દિનકરીમાં અનુસંધેય છે. ॥૧૩૨॥૧૩૩॥૧૩૪॥૧૩૫॥

## कारिकावली ।

**प्रमात्वं न स्वतो ग्राह्यं संशयानुपपत्तितः ॥१३६॥**

## मुक्तावली ।

प्रमात्वमिति । मीमांसका हि प्रमात्वं स्वतो ग्राह्यमिति वदन्ति । तत्र गुरूणां मते ज्ञानस्य स्वप्रकाशत्वात्तज्ज्ञानप्रामाण्यं तेनैव गृह्यते । भट्टानां मते ज्ञानमतीन्द्रियं ज्ञानजन्यज्ञातता प्रत्यक्षा, तया च ज्ञानमनुमीयते । मुरारिमिश्राणां मतेऽनुव्यवसायेन ज्ञानं गृह्यते । सर्वेषामपि मते तज्ज्ञानविषयकज्ञानेन तज्ज्ञानप्रामाण्यं गृह्यते ।

विषयनिरूप्यं हि ज्ञानमतो ज्ञानवित्तिवेद्यो विषयः । तन्मतं दूषयति - न स्वतो ग्राह्यमिति । संशयेति - यदि ज्ञानस्य प्रामाण्यं स्वतो ग्राह्यं स्यात्, तदाऽनभ्यासदशापन्नज्ञाने प्रामाण्यसंशयो न स्यात्, तत्र हि यदि ज्ञानं ज्ञातं, तदा त्वन्मते प्रामाण्यं ज्ञातमेवेति कथं संशयः ? यदि तु ज्ञानं न ज्ञातं, तर्हि धर्मिज्ञानाभावात् कथं संशयः ? तस्माद् ज्ञाने प्रामाण्यमनुमेयम् । तथा हि इदं ज्ञानं प्रमा संवादिप्रवृत्तिजनकत्वात् यन्नैवं तन्नैवं यथाऽप्रमा । इदं पृथिवीत्वप्रकारकं ज्ञानं प्रमा, गन्धवति पृथिवीत्वप्रकारकज्ञानत्वात् । एवमिदं जलत्वप्रकारकं ज्ञानं प्रमा, स्नेहवति जलत्वप्रकारकज्ञानत्वात् । न च हेतुज्ञानं कथं जातमिति वाच्यम् । पृथिवीत्वप्रकारकत्वस्य स्वतो ग्राह्यत्वात्, तत्र गन्धग्रहेण गन्धवद्विशेष्यकत्वस्याऽपि सुग्रहत्वात्, तत्प्रकारकत्वावच्छिन्नतद्वद्विशेष्यकत्वं परं न गृह्यते, संशयानुरोधात् ।

०० 

## : વિવરણ :

કારિકાવલીમાં प्रमात्वं न स्वतो ग्राह्यं ... ઇત્યાદિ ગ્રંથથી જ્ઞાનના પ્રામાણ્યના 'स्वतो ग्राह्यत्व' નો નિષેધ કર્યો છે. ત્યાં પ્રામાણ્યના સ્વતો ગ્રાહ્યત્વને માનનારાઓના આશયને જણાવે છે - मीमांसका हि... ઇત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે 'પ્રમાત્મક જ્ઞાનમાં રહેલા પ્રામાણ્યનો (પ્રમાત્વનો) ગ્રહ સ્વતઃ થાય છે.' એવું મીમાંસકો માને છે. મીમાંસકોમાં પ્રાભાકરના મતના અનુસારે જ્ઞાનનો ગ્રહ જ્યારે થાય છે, ત્યારે જ જ્ઞાનના જ્ઞાનત્વ-ધર્મના ગ્રહની જેમ, પ્રમાત્વનો ગ્રહ પણ એ જ્ઞાનથી જ થાય છે. જ્ઞાન સ્વપ્રકાશ સ્વરૂપ હોવાથી દીપકની જેમ સ્વસ્વરૂપનું અવગાહન સ્વથી જ થાય છે. તેથી જ્ઞાનમાં જ્ઞાન જ્ઞાતા અને જ્ઞેય આ ત્રણેનું ભાન થાય છે. તે ત્રિતયના પ્રતિભાસને માનનારા પ્રાભાકરોને 'ત્રિપુટીપ્રતિ-ભાસવાદી' કહેવાય છે. તેમના મતે જ્ઞાનમાત્ર 'अयं घटो घटमहं जानामि'... ઇત્યાદ્યાકારક ઉક્તત્રિપુટી-પ્રતિભાસિ હોય છે.

પ્રમાત્વના સ્વતો ગ્રાહ્યત્વને સ્વીકારનારા પ્રાભાકરના મતે 'स्वतोग्राह्यत्व' અહીં 'स्व' પદ આત્મપરક છે. આત્મીયપરક નથી.

મીમાંસકોમાં કુમારિલભટ્ટના મતના અનુસારે જ્ઞાન અતીન્દ્રિય છે. જ્ઞાનથી જન્ય એવી વિષયગત જ્ઞાતતાથી જ્ઞાનનું અનુમાન થાય છે. એ જ્ઞાતતાથી જ્ઞાનના પ્રામાણ્યનો ગ્રહ થાય છે. આશય એ છે કે 'मया ज्ञातो घटः' ઈત્યાદ્યાકારક અનુભવાનુરોધથી સ્પષ્ટ છે કે ઘટાદિમાં જ્ઞાતતા છે. એ જ્ઞાતતામાં, 'इयं ज्ञातता घटविशेष्यकघटत्वप्रकारकज्ञानजन्या घटवृत्तिघटत्वप्रकारकज्ञाततात्वाद्, या यद्वृत्तियत्प्रकारिका ज्ञातता सा तद्विशेष्यकतत्प्रकारकज्ञानजन्या, यथा पटे पटत्वप्रकारिका ज्ञातता' આ અનુમાનથી તાદૃશ જ્ઞાનજન્યત્વ સિદ્ધ થાય છે. આ રીતે જ્ઞાન અનુમેય છે. એનું પ્રત્યક્ષ થતું નથી. આથી સ્પષ્ટ છે કે જ્ઞાતતાના કારણે જેમ જ્ઞાન અનુમેય છે, તેમ જ્ઞાનનિષ્ઠ-પ્રામાણ્ય પણ જ્ઞાતતાથી અનુમેય છે. કુમારિલભટ્ટના મતે 'स्वतो ग्राह्यत्व' અહીં स्व પદથી સ્વકીય અર્થ ગૃહીત છે. તેથી 'જ્ઞાનની જ્ઞાતતા (અર્થાદ્ જ્ઞાનજન્યજ્ઞાતતા)થી પ્રમાત્વ ગ્રાહ્ય છે.' એ અર્થ 'स्वतो ग्राह्यत्व' પદથી પ્રતીત થાય છે.

મીમાંસકોમાં મુરારિમિશ્રના મતના અનુસારે જ્ઞાનનું જ્ઞાન અનુવ્યવસાયથી થાય છે. અને એ અનુવ્યવસાયથી જ્ઞાનના પ્રામાણ્યનો ગ્રહ થાય છે. અહીં પણ 'स्वतो ग्राह्यत्व' માં 'स्व' પદથી સ્વકીય અર્થ ગૃહીત હોવાથી 'स्वतो ग्राह्यत्व' નો અર્થ, 'સ્વાનુવ્યવસાય' થાય છે. આ રીતે સ્પષ્ટ છે કે મીમાંસકોના મતે તજ્જ્ઞાનવિષયકજ્ઞાનથી તજ્જ્ઞાનનિષ્ઠપ્રામાણ્યનો ગ્રહ થાય છે. યદ્યપિ જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનવિષયક હોવાથી (અર્થાદ્ ઘટાદિવિષયક ન હોવાથી) 'घटत्ववति घटत्वप्रकारकत्व' સ્વરૂપ વિષય (ઘટાદિ) ઘટિત પ્રામાણ્યનો ગ્રહ જ્ઞાનવિષયકજ્ઞાનથી સંભવિત નથી. પરન્તુ જ્ઞાન, વિષયથી નિરૂપ્ય હોવાથી,

વિષય, જ્ઞાનવિત્તિ (જ્ઞાનજ્ઞાન) વેદ્ય (જ્ઞેય) છે. આશય એ છે કે જ્ઞાનનું જ્ઞાન ઘટાદિવિષયક છે- એ નીચે જણાવેલા અનુમાનથી સ્પષ્ટ છે. ''ज्ञानं विषयविषयकतानियत(व्यापक) स्वविषयकताकप्रत्यक्षकं, विषयाविषयकप्रत्यक्षाविषयत्वे सति प्रत्यक्षविषयत्वात्'' આ અનુમાનથી જ્ઞાનના પ્રત્યક્ષમાં ઘટાદિ-વિષયવિષયકત્વ સિદ્ધ હોવાથી તજ્જ્ઞાનવિષયકજ્ઞાનથી તજ્જ્ઞાનનિષ્ઠતાદૃશવિષયઘટિત પ્રામાણ્યનો ગ્રહ અસંભવિત નથી. 'विषयनिरूप्यं हि...' ઇત્યાદિ ગ્રંથનો ઉપર્યુક્ત આશય જે રીતે છે, તે રીતનું અનુસંધાન દિનકરીમાં કરવું જોઈએ. અથવા અધ્યાપક પાસેથી એ રીત સ્પષ્ટ સમજી લેવી જોઈએ.

यदि ज्ञानस्य... ઇત્યાદિ - આશય એ છે કે; આ પૂર્વે જણાવ્યા મુજબ જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતો ગ્રાહ્ય હોય તો; જે જ્ઞાનમાં પ્રામાણ્યની સજાતીયતાનું અવધારણ નથી થયું, એ અનભ્યાસદશાપન્ન જ્ઞાનમાં પ્રામાણ્યનો સંશય ન થવો જોઈએ. કારણ કે ત્યાં જ્ઞાન, જ્ઞાત (જ્ઞાનનો વિષય) હોય તો તેનાથી ગ્રાહ્ય (સ્વતો ગ્રાહ્ય) પ્રામાણ્ય પણ જ્ઞાત જ હોવાથી પ્રામાણ્યનો સંદેહ શક્ય નથી. નિશ્ચયાત્મકજ્ઞાન સંશયની પ્રત્યે પ્રતિબંધક છે- એ સમજી શકાય છે. અને ત્યાં જ્ઞાન, જ્ઞાત ન હોય તો પણ તેમાં (જ્ઞાનમાં) પ્રામાણ્યનો સંદેહ શક્ય નથી. કારણ કે સંશયોત્પત્તિની પ્રત્યે કારણભૂત ધર્મિજ્ઞાનનો (જ્ઞાનના જ્ઞાનનો) ત્યાં અભાવ છે. આથી સ્પષ્ટ છે કે પ્રામાણ્યની સ્વતો ગ્રાહ્યતામાં ઉપર જણાવ્યા મુજબ અનભ્યાસદશાપન્નજ્ઞાનમાં સંશયની અનુપપત્તિ થાય છે. તેથી 'इदं ज्ञानं प्रमाणं न वा' ઇત્યાદ્યાકારક પ્રામાણ્યસંદેહની અનુપપત્તિના નિવારણ માટે જ્ઞાનનાં પ્રામાણ્યને નીચે જણાવ્યા મુજબ અનુમેય મનાય છે. इदं ज्ञानं प्रमा संवादिप्रवृत्तिजनकत्वाद् यन्नैवं तन्नैवं यथा अप्रमा આ રીતે અનુમાનથી જ્ઞાનમાં પ્રામાણ્યનું જ્ઞાન થાય છે. જ્યાં સંવાદિપ્રવૃત્તિજનકત્વાત્મક હેતુનો અભાવ છે, એવા સ્થળે

(ગ્રીષ્મઋતુ પછી પ્રથમ વર્ષા વખતે થતાં 'पृथ्वी गन्धवती' ઈત્યાદ્યાકારક જ્ઞાનાદિસ્થળે) પણ पृथ्वीत्वप्रकारकं ज्ञानं प्रमा, गन्धवति पृथ्वीत्वप्रकारकज्ञानत्वात् આ અનુમાનથી તેમ જ इदं जलत्वप्रकारकं ज्ञानं प्रमा, स्नेहवति जलत्वप्रकारकज्ञानत्वात् ।... ઈત્યાદિ અનુમાનોથી પ્રામાણ્યનો ગ્રહ થાય છે. गन्धवति पृथिवीत्वप्रकारकज्ञानत्वात्... ઈત્યાદિ હેતુનું જ્ઞાન કેવી રીતે થાય છે? આવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે પૃથ્વીત્વ-પ્રકારકત્વ (તાદશજ્ઞાનત્વ) સ્વતો ગ્રાહ્ય છે. જ્ઞાનનું જ્ઞાન અનુવ્યવસાયથી થાય છે. એ અનુવ્યવસાય પૃથ્વીત્વપ્રકાર-કત્વાદિનું અવગાહન કરે છે. કારણ કે અનુવ્યવસાય પૃથ્વી-ત્વાદિપ્રકારકજ્ઞાનવિષયક હોવાથી; પૃથ્વીત્વપ્રકારકજ્ઞાનત્વનું પણ જ્ઞાન અનુવ્યવસાયથી જ થાય છે. યદ્યપિ ''पृथिवीत्व-प्रकारकं ज्ञानं प्रमा, गन्धवति पृथ्वीत्वप्रकारकज्ञानत्वाद्'' આ અનુમાનના હેત્વંશ પૃથ્વીત્વપ્રકારકત્વનું ઉપર જણાવ્યા મુજબ અનુવ્યવસાયથી જ્ઞાન થાય તો પણ હેત્વંશ 'गन्धवति' અર્થાદ્ ગન્ધવદ્વિશેષ્યકત્વનું જ્ઞાન 'गन्धवतीं पृथिवीं जानामि' આ અનુવ્યવસાયથી શક્ય નથી. પરન્તુ પૃથ્વીમાં ગન્ધનો ગ્રહ થયા બાદ ગન્ધવદ્વિશેષ્યકત્વનો પણ ગ્રહ જ્ઞાનમાં સારી રીતે થઈ શકે છે. યદ્યપિ गन्धवतीं पृथिवीं जानामि ઈત્યાદ્યાકારક અનુવ્યવસાયથી જેમ ગન્ધવદ્વિશેષ્યકત્વનું અને પૃથ્વીત્વ-પ્રકારકત્વનું જ્ઞાન થાય છે. તેમ તુલ્યયુક્તિથી પૃથ્વીત્વ-પ્રકારકત્વાવચ્છિન્નપૃથ્વીત્વવદ્વિશેષ્યકત્વનું પણ જ્ઞાન થઈ શકે છે. તેથી તાદશ પ્રમાત્વનું જ્ઞાન અનુવ્યવસાયથી શક્ય હોવાથી અનુમાનથી પ્રામાણ્યનો ગ્રહ માનવાની આવશ્યકતા નથી. પરન્તુ પૂર્વે જણાવ્યા મુજબ 'इदं ज्ञानं प्रमा न वा' ઈત્યાદ્યાકારક સંશય, અનભ્યાસદશાપન્ન જ્ઞાનમાં થતો હોવાથી એ સંશયની અનુપપત્તિ ન થાય - એ માટે અનુવ્યવસાયથી તાદશ પ્રમાત્વનો ગ્રહ થતો નથી - એ માન્યા વિના ચાલે એવું

નથી... ઇત્યાદિ અન્યત્ર વિચારવું જોઈએ.

०० 

## मुक्तावली ।

ननु सर्वेषां ज्ञानानां यथार्थत्वात् प्रमालक्षणे तद्वद्विशेष्यकत्वं विशेषणं व्यर्थम् । न च रङ्गे रजतार्थिनः प्रवृत्तिभ्रमजन्या न स्यात्, तव मते भ्रमस्याऽभावादिति वाच्यम् । तत्र हि दोषाधीनस्य पुरोवर्त्तिनि स्वतन्त्रोपस्थितरजतभेदाऽग्रहस्य हेतुत्वात् । सत्यरजतस्थले तु विशिष्टज्ञानस्य सत्त्वात्तदेव कारणम्, अस्तु वा तत्राऽपि रजतभेदाग्रहः स एव कारणमिति । न चाऽन्यथाख्यातिः सम्भवति, रजतप्रत्यक्ष-कारणस्य रजतेन्द्रियसन्निकर्षस्याऽभावाद् रङ्गे रजतबुद्धेरनुपपत्तेरिति चेन्न । सत्यरजतस्थले प्रवृत्तिं प्रति विशिष्टज्ञानस्य हेतुतायाः क्लृप्तत्वाद् अन्यत्राऽपि तत्कल्पनात् । न च संवादिप्रवृत्तौ तत्कारणं, विसंवादिप्रवृत्तौ च भेदाग्रहः कारणमिति वाच्यम् । लाघवेन प्रवृत्तिमात्रे तस्य हेतुत्वकल्पनात् । इत्थञ्च रङ्गे रजतत्वविशिष्टबुद्ध्यनुरोधेन ज्ञानलक्षणाप्रत्यासत्तिकल्पनेऽपि न क्षतिः, फलमुखगौरवस्याऽ-दोषत्वात् ।

००

## : વિવરણ :

પૂર્વે તદ્વદ્વિશેષ્યકત્વવિશિષ્ટતત્પ્રકારકજ્ઞાનને પ્રમા કહી છે. ત્યાં અપ્રમામાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા માટે 'तद्वद्विशेष्यकत्व' પદનું ઉપાદાન છે. પરન્તુ બધા જ જ્ઞાન પ્રમા હોવાથી અપ્રમાત્મક જ્ઞાન જ નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા માટે तद्वद्विशेष्यकत्व નો પ્રમાના લક્ષણમાં નિવેશ કરવાની આવશ્યકતા નથી. આ આશયથી પ્રભાકરના અનુયાયી શંકા કરે છે, ननु ... ઇત્યાદિ ગ્રંથથી - ''બધા જ જ્ઞાન પ્રમાત્મક હોય તો રંગમાં રજત સમજીને રજતના અર્થીની પ્રવૃત્તિ નહીં થાય. આવા સ્થળે રજતત્વના અપ્રમાત્મકનિશ્ચયથી રજતાર્થી પ્રવૃત્ત બને છે - એ અનુભવ-

સિદ્ધ છે. આથી સ્પષ્ટ છે કે રંગમાં રજતના અર્થીની પ્રવૃત્તિની અનુપપત્તિ ન થાય - એ માટે અપ્રમાત્મક જ્ઞાન માનવું જોઈએ.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે આવા સ્થળે દોષાધીન (ભ્રમજનક (નૈયાયિકની અપેક્ષાએ) પિત્તાદિ-દોષાધીન) પુરુષને પુરોવર્ત્તિ રંગાદિમાં સ્વતન્ત્રપણે ઉપસ્થિત (સ્મૃત) રજતના ભેદના ગ્રહનો ('इदं न रजतम्' ઈત્યાકારક ગ્રહનો) અભાવ હોવાથી એતાદશ ભેદાગ્રહના કારણે રંગમાં રજતાર્થીની પ્રવૃત્તિ થઈ શકે છે. તેથી તાદશપ્રવૃત્ત્યનુપપત્તિના પરિહાર માટે 'અપ્રમા'ને માનવાની આવશ્યકતા નથી. સત્યરજતસ્થળે રજતાર્થીને તાદશ ભેદાગ્રહ હોવા છતાં ત્યાં પ્રવૃત્તિમાં વિસંવાદિત્વનો પ્રસંગ ન આવે- એ માટે ભેદાગ્રહ દોષાધીનપુરુષનો વિવક્ષિત છે. અન્યથા ભેદાગ્રહમાત્રને પ્રવૃત્તિનું કારણ માનીએ તો સત્યરજતસ્થળે રજતાર્થીની પ્રવૃત્તિ પણ વિસંવાદી મનાશે... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. સત્યરજતસ્થળે રજતત્વવિશિષ્ટનું જ્ઞાન હોવાથી ત્યાં થતી રજતાર્થીની પ્રવૃત્તિમાં વિશિષ્ટજ્ઞાન કારણ છે. આથી સ્પષ્ટ છે કે વિસંવાદિપ્રવૃત્તિની પ્રત્યે તાદશભેદાગ્રહ અને સંવાદિપ્રવૃત્તિની પ્રત્યે વિશિષ્ટજ્ઞાન કારણ છે. અથવા આ રીતે પ્રવૃત્તિની પ્રત્યે દ્વિવિધકારણતાને માનવામાં ગૌરવ હોવાથી સંવાદિપ્રવૃત્તિની પ્રત્યે પણ તાદશભેદાગ્રહ જ કારણ છે. પ્રવૃત્તિમાં સંવાદિત્વ દોષાનધીનત્વના કારણે મનાય છે. 'પ્રવૃત્તિમાત્રની પ્રત્યે ભેદાગ્રહને કારણ માનવાની અપેક્ષાએ ઈષ્ટસાધનતાજ્ઞાનત્વેન કારણતા માનવામાં લાઘવ છે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે વિસંવાદિપ્રવૃત્તિસ્થળે તાદશભ્રમાત્મકજ્ઞાનનો જ સંભવ નથી, જેથી એને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માની શકાય. રજતના પ્રત્યક્ષની પ્રત્યે કારણભૂત રજતેન્દ્રિયસન્નિકર્ષનો રંગાદિસ્થળે અભાવ હોવાથી રંગાદિમાં રજતત્વબુદ્ધિની ઉત્પત્તિ અસંભવિત છે. આ પ્રમાણે

'અન્યથાખ્યાતિ' (ભ્રમ-અપ્રમા)ને નહીં માનનારા પ્રાભાકરોની માન્યતા છે. પરન્તુ એ બરાબર નથી. કારણ કે સત્યરજતસ્થળે થતી સંવાદિપ્રવૃત્તિની પ્રત્યે વિશિષ્ટજ્ઞાનમાં કારણતા ક્લૃપ્ત હોવાથી રંગાદિસ્થળે પણ, રજતાર્થીની પ્રવૃત્તિ પ્રત્યે એ વિશિષ્ટજ્ઞાનને જ કારણ મનાય છે. ''रङ्गे रजतार्थिप्रवृत्तिरिष्टप्रवृत्तिविषयविशिष्टज्ञानसाध्या प्रवृत्तित्वाद्, रजते रजतत्वप्रकारकप्रवृत्तिवद्'' આ અનુમાનથી વિસંવાદિપ્રવૃત્તિમાં વિશિષ્ટજ્ઞાનસાધ્યત્વ સિદ્ધ થાય છે. યદ્યપિ ''ઉક્તાનુમાનમાં વ્યભિચારશંકાનિવર્ત્તક તર્ક ન હોવાથી એ અનુમાન અપ્રયોજક છે. સંવાદિપ્રવૃત્તિની પ્રત્યે વિશિષ્ટજ્ઞાન અને વિસંવાદિ-પ્રવૃત્તિની પ્રત્યે ભેદાગ્રહ કારણ છે.'' આ પ્રમાણે કહી શકાય છે. પરન્તુ ઉક્ત રીતે કાર્યકારણભાવની દ્વિવિધતામાં ગૌરવ હોવાથી તેની અપેક્ષાએ લાઘવજ્ઞાનસ્વરૂપ અનુકૂલતર્કથી ઉક્તાનુમાન દ્વારા પ્રવૃત્તિની પ્રત્યે તાદૃશવિશિષ્ટજ્ઞાનને જ કારણ મનાય છે. યદ્યપિ પૂર્વે જણાવ્યા મુજબ રંગાદિસ્થલે રજતત્વપ્રત્યક્ષના કારણભૂત રજતેન્દ્રિયસન્નિકર્ષનો અભાવ હોવાથી તાદૃશવિશિષ્ટજ્ઞાન સ્વરૂપ અન્યથાખ્યાતિનો સંભવ નથી. પરન્તુ ઉક્તાનુમાનથી વિશિષ્ટજ્ઞાનમાં પ્રવૃત્તિકારણતા સિદ્ધ થયા બાદ રંગમાં રજતત્વવિશિષ્ટબુદ્ધ્યનુરોધથી જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિની (સન્નિકર્ષની) કલ્પનામાં પણ કોઈ દોષ નથી. કારણ કે તાદૃશકલ્પનાગૌરવ કાર્યકારણભાવ (વિશિષ્ટજ્ઞાન-પ્રવૃત્તિકાર્યકારણભાવ)ની સિદ્ધિના ઉત્તરકાલમાં હોવાથી ફલમુખ છે... ઈત્યાદિ સમજી શકાય છે. જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિનું સ્વરૂપ પૂર્વે અલૌકિકસન્નિકર્ષનાં નિરૂપણ વખતે જણાવ્યું છે.

oo

किञ्च रङ्गरजतयोरिमे रजते रङ्गे वेति ज्ञानं यत्र जातं तत्र न कारणबाधोऽपि । अपि च यत्र रङ्गरजतयोरिमे रजतरङ्गे इति ज्ञानं तत्रोभयत्र युगपत्प्रवृत्तिनिवृत्ती स्याताम् । रङ्गे रङ्गभेदग्रहे रजते रजतभेदग्रहे चान्यथाख्यातिभयात्, त्वन्मते दोषादेव रङ्गे रजतभेदाग्रहस्य रजते रङ्गभेदाग्रहस्य च सत्त्वात् । किञ्चानुमितिं प्रति भेदाग्रहस्य हेतुत्वे जलह्रदे वह्निव्याप्यधूमवद्भेदाग्रहादनुमिति र्निराबाधा । यदि च विशिष्टज्ञानं कारणं तदाऽयोगोलके वह्निव्याप्यधूमज्ञानमनुमित्यनुरोधादापतितम् । (सेयमुभयतः पाशा रज्जुः) । इत्थञ्चान्यथाख्यातौ प्रत्यक्षमेव प्रमाणं, रङ्गं रजततया जानामीत्यनुभवादिति सङ्क्षेपः ॥१३६॥ इत्यन्यथाख्यातिवादः ॥

००

## : વિવરણ :

નૈયાયિકો જેમ પ્રવૃત્તિમાત્રની પ્રત્યે તાદશવિશિષ્ટજ્ઞાનને કારણ માને છે, એવી રીતે મીમાંસકો પણ પ્રવૃત્તિમાત્રની પ્રત્યે ભેદાગ્રહને કારણ માની શકે છે- એમાં કોઈ દોષ નથી. આ આશયથી મીમાંસકોના મતમાં દૂષણાન્તર જણાવે છે. किञ्च... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે વિશિષ્ટજ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનીએ તો વિસંવાદિપ્રવૃત્તિની પ્રત્યે અન્યથાખ્યાતિને કારણ માનવી પડે છે. પરન્તુ અન્યથા-ખ્યાતિનો; પૂર્વે જણાવ્યા મુજબ તેની પ્રત્યે કારણભૂત લૌકિકસન્નિકર્ષનો અભાવ હોવાથી સંભવ જ નથી. વિસંવાદિ-પ્રવૃત્તિસ્થળે દોષાધીન પુરુષના ભેદાગ્રહથી વિસંવાદિપ્રવૃત્તિની ઉપપત્તિ શક્ય હોવાથી અન્યથાખ્યાતિને માનવાની કોઈ આવશ્યકતા નથી. આ પ્રમાણે મીમાંસકોનું કહેવું છે. પરંતુ એ યોગ્ય નથી. કારણ કે રङ્ગ અને રજતમાં જ્યાં 'इमे रजते' અથવા 'इमे रङ्गे' ઈત્યાકારકજ્ઞાન થાય છે, ત્યાં રજત અને રङ્ગની સાથે ચક્ષુ ઈન્દ્રિયનો સન્નિકર્ષ હોવાથી અનુક્રમે રજતત્વ

અથવા રંગત્વની સાથે સંયુક્તસમવાયસ્વરૂપ લૌકિકસન્નિકર્ષ સ્વરૂપ કારણ બાધિત નથી. તેથી તાદશજ્ઞાનનો ('इमे रजते रङ्गे वा' ઈત્યાકારક જ્ઞાનનો) અસંભવ નથી. તે જ્ઞાન રંગાંશમાં અને રજતાંશમાં પ્રમાણ નથી. આથી સ્પષ્ટ છે કે તાદશજ્ઞાનના અનુરોધથી 'અન્યથાખ્યાતિ' ને માન્યા વિના ચાલે એવું નથી.

''તત્તદ્વિશેષ્યક (ઘટાદિવિશેષ્યક) તત્તદ્વિશિષ્ટબુદ્ધિ (ઘટત્વાદિવિશિષ્ટબુદ્ધિ)ની પ્રત્યે તત્તદ્વિશેષણમાં (ઘટત્વાદિમાં); તત્તદ્વિશેષ્યઘટિતસન્નિકર્ષ (સંયુક્ત-સમવાય) કારણ છે. 'रङ्गरजतयोरिमे रजते रङ्गे वा' ઈત્યાકારક જ્ઞાનસ્થળે રઙ્ગાંશ અને રજતાંશઘટિત તાદશસન્નિકર્ષ અનુક્રમે રજતત્વ અને રઙ્ગત્વમાં નથી. તેથી તાદશજ્ઞાનનો અસંભવ છે.'' આ આશયથી સ્થલાન્તરે અન્યથાખ્યાતિની સિદ્ધિને જણાવે છે - अपि च... ઈત્યાદિ ગ્રંથથી. - આશય એ છે કે 'रङ्गरजतयोरिमे रजतरङ्गे' ઈત્યાકારક સમૂહાલંબન-જ્ઞાનસ્થળે પ્રવૃત્તિ અને નિવૃત્તિનો પ્રસંગ રંગ અને રજત, બંન્નેમાં આવશે. કારણ કે આવા સ્થળે રંગમાં રંગનો ભેદગ્રહ અને રજતમાં રજતનો ભેદગ્રહ માનીએ તો અન્યથાખ્યાતિને માનવાનો પ્રસંગ આવવાથી રઙ્ગમાં રઙ્ગના ભેદનો અગ્રહ અને રજતમાં રજતના ભેદનો અગ્રહ છે જ. આથી સ્પષ્ટ છે કે રંગમાં અનિષ્ટરંગના ભેદાગ્રહ સ્વરૂપ નિવૃત્ત્યુપયોગી સામગ્રી છે. અને રજતમાં ઈષ્ટરજતભેદાગ્રહ સ્વરૂપ પ્રવૃત્ત્યુપયોગી સામગ્રી છે. તેમ જ દોષના કારણે 'रङ्गरजतयोरिमे रजतरङ्गे' ઈત્યાકારક જ્ઞાનસ્થળે રંગમાં રજતભેદાગ્રહ અને રજતમાં રંગભેદાગ્રહ પણ હોવાથી રંગમાં ઈષ્ટરજતભેદાગ્રહ સ્વરૂપ પ્રવૃત્ત્યુપયોગી સામગ્રી અને રજતમાં અનિષ્ટરંગભેદાગ્રહ સ્વરૂપ નિવૃત્ત્યુપયોગી સામગ્રી પણ છે જ. તેથી રંગ અને રજતમાં તાદશ ઉભયસામગ્રી હોવાથી પ્રત્યેકમાં યુગપત્ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો પ્રસંગ આવશે; જે, અન્યથાખ્યાતિને માનવાથી

નથી આવતો - એ સમજાવવાની જરૂર નથી. અહીં अन्यथाख्यातिभयात् આ પદ પછી 'रङ्गे रङ्गभेदाग्रहस्य रजते रजतभेदाग्रहस्य सत्त्वात्' આટલો પાઠ સમજી લેવો. એનો અર્થ ઉપર જણાવ્યો છે.

'रङ्गरजतयोरिमे रजतरङ्गे' ઈત્યાકારક જ્ઞાનસ્થળે ઉપર જણાવ્યા મુજબ રઙ્ગમાં રજતભેદાગ્રહપ્રયોજક દોષ સ્વરૂપ પ્રતિબંધક હોવાથી રંગમાં નિવૃત્તિ થતી નથી. અને રજતમાં રંગભેદાગ્રહપ્રયોજક દોષ હોવાથી રજતમાં પ્રવૃત્તિ થતી નથી. તેથી रङ्गरजतयोरिमे रजतरङ्गे અહીં પૂર્વે જણાવ્યા મુજબ પ્રત્યેકમાં યુગપત્પ્રવૃત્તિનિવૃત્તિનો પ્રસંગ નથી આવતો. આ આશયથી અન્યથાખ્યાતિની સિદ્ધિ માટે સ્થલાન્તર જણાવે છે- किञ्चानुमितिं प्रति ... ઈત્યાદિ - આશય એ છે કે 'पर्वतो वह्निमान् प्रमेयत्वाद्' ઈત્યાદિ સ્થળે 'वह्निव्याप्यप्रमेयत्ववान् पर्वतः' ઈત્યાકારક વિશિષ્ટજ્ઞાનથી 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક ભ્રમાત્મક અનુમિતિને નૈયાયિકો માને છે. પરન્તુ અન્યથા-ખ્યાતિને નહીં માનનારા મીમાંસકો અન્યથાખ્યાતિના ભયથી તાદશવિશિષ્ટજ્ઞાનને કારણ માન્યા વિના 'वह्निव्याप्यः' અને 'प्रमेयत्ववान्' ઈત્યાકારકજ્ઞાનદ્વયને કારણ માને છે. ત્યાં તાદશજ્ઞાનદ્વયથી વ્યાપ્યવહ્નના ભેદાગ્રહના કારણે અનુમિતિ, મીમાંસકો માને છે. પરન્તુ આ રીતે વ્યાપ્યવહ્ભેદાગ્રહને અનુમિતિની પ્રત્યે કારણ માનવામાં આવે તો 'वह्निव्याप्यधूम-वद्भेदाग्रह' હોય ત્યારે જલહ્રદાદિમાં વહ્નિના બાધનો અભાવ હોય ત્યારે વહ્નિવિષયક અનુમિતિને માનવાનો પ્રસંગ આવશે, જે 'जलह्रदं वह्निमद्' ઈત્યાકારક અન્યથાખ્યાતિસ્વરૂપ હોવાથી મીમાંસકોને ઈષ્ટ નથી. એ અનિષ્ટના પ્રસંગને નિવારવા આવા સ્થળે અનુમિતિનો જ અભાવ માનીએ તો તાદશ-ભેદાગ્રહ સ્વરૂપ કારણ હોવા છતાં અનુમિતિ સ્વરૂપ કાર્યના અભાવથી અન્વયવ્યભિચારના કારણે તાદશભેદાગ્રહ અને

અનુમિતિસામાન્યના કાર્યકારણભાવની હાનિ થશે. આ રીતે ઉભયથા અનિષ્ટ છે. ન્યાયમતસિદ્ધ વિશિષ્ટજ્ઞાનને કારણ માને તો પણ મીમાંસકોને ઉપર જણાવ્યા મુજબ ઉભયથા દોષ છે. એ વસ્તુને જણાવે છે - यदि च... ઇત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે આ રીતે વિશિષ્ટજ્ઞાનને અનુમિતિની પ્રત્યે કારણ માનવાથી ઉપર જણાવ્યા મુજબ સ્વસિદ્ધાન્તની હાનિ સ્પષ્ટ છે. અને 'अयोगोलकं वह्निमद्' ઇત્યાદ્યાકારક અનુમિતિના અનુરોધથી તાદશઅનુમિતિના કારણભૂત 'वह्निव्याप्यधूमवद-योगोलकम्' ઇત્યાદ્યાકારક અન્યથાખ્યાતિને માનવાનો પ્રસંગ આવશે - એ પણ સ્પષ્ટ છે. મીમાંસકો અનુમિતિની પ્રત્યે વિશિષ્ટજ્ઞાનને કારણ માનતા નથી. તેથી यदि च... ઇત્યાદિ ગ્રંથમાં 'यदि च'નો નિવેશ છે. અહીં એ વસ્તુ યાદ રાખવી કે, 'किञ्चानुमितिं'... ઇત્યાદિગ્રંથનું અને 'यदि च...' ઇત્યાદિ ગ્રંથનું તાત્પર્ય કિરણાવલીકારે જે રીતે જણાવ્યું છે, એ રીતે અહીં વર્ણન કર્યું છે. 'सेयमुभयतः पाशा रज्जुः' આ પાઠ કેટલાક મુદ્રિત પુસ્તકોમાં ( ) આ પ્રમાણે કૌંસમાં છે. દિનકરીકાર-સમ્મત એ પાઠ છે - એ કહી શકાય એવું નથી. દિનકરીગ્રંથના આધારે તો किञ्चानुमितिं प्रति... ઇત્યાદિ ગ્રંથનું તાત્પર્ય એ જણાય છે કે અનુમિતિની પ્રત્યે ભેદાગ્રહને કારણ માનીએ તો ઉપર જણાવ્યા મુજબ અનુમિતિ સ્વરૂપ અન્યથાખ્યાતિને માનવાનો પ્રસંગ આવે છે. અને વિશિષ્ટજ્ઞાનને અનુમિતિની પ્રત્યે કારણ માનીએ તો તાદશવિશિષ્ટજ્ઞાનસ્વરૂપ અન્યથાખ્યાતિને માનવી પડે છે. આ રીતે ઉભયતઃ પાશા રજ્જુ છે... ઇત્યાદિ વસ્તુને બરાબર વિચારવી જોઈએ. બાકી વસ્તુતત્ત્વ તો આથી વિશેષ એના વિદ્વાનો જાણે.

અનુમિતિની પ્રત્યે ભેદાગ્રહને (વ્યાપ્યવદ્ભેદાગ્રહને) કારણ માનીએ તો પણ એ ભેદાગ્રહના કારણે ह्रदो वह्निमान् ઇત્યાકારક અન્યથાખ્યાતિસ્વરૂપ અનુમિતિ થતી નથી. પરન્તુ

'ह्रदः' 'वह्निमान्' ઈત્યાકારક અનુભવ અને સ્મરણાત્મક જ ત્યાં જ્ઞાનદ્વય થાય છે. અને વ્યાપ્યવદ્ભેદાગ્રહના કારણે अयोगोलकं वह्निमद् ઈત્યાકારક અનુમિતિ થાય છે. પરન્તુ ત્યાં વિશિષ્ટજ્ઞાન કારણ નથી. આથી સ્પષ્ટ છે કે અન્યથાખ્યાતિ માનવાનો પ્રસંગ નથી આવતો. આ આશયથી અન્યથાખ્યાતિસાધક પ્રત્યક્ષપ્રમાણ જણાવે છે - इत्थञ्च... ઈત્યાદિગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે 'રઙ્ગને રજતરૂપે જાણું છું.' ઈત્યાદ્યાકારક અનુવ્યવસાય જ અન્યથાખ્યાતિના અસ્તિત્વમાં પ્રમાણ છે. આ પ્રમાણે સંક્ષેપથી અન્યથાખ્યાતિનું અહીં નિરૂપણ કર્યું છે. ।।૧૩૬।।

॥ इत्यन्यथाख्यातिवादः ॥

## कारिकावली ।

**व्यभिचारस्याग्रहोऽपि सहचारग्रहस्तथा ।**
**हेतुर्व्याप्तिग्रहे, तर्कः क्वचिच्छङ्कानिवर्तकः ।।१३७।।**

मुक्तावली ।

पूर्वं व्याप्तिरुक्ता तद्ग्रहोपायस्तु न दर्शित इत्यतस्तं दर्शयति - व्यभिचारस्येति । व्यभिचाराग्रहः सहचारग्रहश्च व्याप्तिग्रहे कारणमित्यर्थः । व्यभिचारग्रहस्य व्याप्तिग्रहे प्रतिबन्धकत्वात् तदभावः कारणम् । एवमन्वयव्यतिरेकाभ्यां सहचारग्रहस्याऽपि हेतुता । भूयोदर्शनं तु न कारणं, व्यभिचारास्फूर्त्तौ सकृद्दर्शनेऽपि क्वचिद् व्याप्तिग्रहात्, क्वचिद् व्यभिचारशङ्काविधूननद्वारा भूयोदर्शनमुपयुज्यते ।

यत्र तु भूयोदर्शनादपि शङ्का नापैति तत्र विपक्षे बाधकस्तर्कोऽपेक्षितः । तथा हि - वह्निविरहिण्यपि धूमः स्यादिति यद्याशङ्का भवति तदा सा वह्निधूमयोः कार्यकारणभावस्य प्रतिसन्धानान्निवर्त्तते । यद्ययं वह्निमान् न स्यात्तदा धूमवान् न स्यात्, कारणं विना कार्यानुत्पत्तेः । यदि क्वचित् कारणं विनाऽपि भविष्यत्यहेतुक एव भविष्यतीति तत्राप्याशङ्का भवेत् तदा सा

व्याघातादपसारणीया । यदि हि कारणं विना कार्य्यं स्यात् तदा धूमार्थं वह्नेस्तृप्त्यर्थं भोजनस्य वा नियमत उपादानं तवैव न स्यादिति । यत्र स्वत एव शङ्का नावतरति तत्र न तर्कापेक्षापीति ॥१३७॥

○○

## : વિવરણ :

પૂર્વે વ્યાપ્તિસ્વરૂપનું નિરૂપણ કર્યું છે. હવે વ્યાપ્તિગ્રહના ઉપાયને જણાવે છે - કારિકાવલીમાં 'व्यभिचार...' ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે, આ પૂર્વે પ્રમાત્વને અનુમાનગમ્ય જણાવ્યું છે અને એ, અનુમાનના પ્રામાણ્યને આધીન છે. પરન્તુ વ્યાપ્તિગ્રહનો ઉપાય, ન હોવાથી અનુમાનના પ્રામાણ્યનો જ સંભવ નથી, આ પ્રમાણે કોઈ ન કહે - એ આશયથી કારિકાવલીમાં વ્યાપ્તિગ્રહના ઉપાયોનું નિરૂપણ કર્યું છે. 'એ વ્યાપ્તિગ્રહના ઉપાયોનું નિરૂપણ પણ યોગ્ય નથી. કારણ કે જેના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેના ગ્રહના ઉપાયોના નિરૂપણનું શું પ્રયોજન છે ?' આ પ્રમાણેની કોઈ શંકા ન કરે- એ આશયથી મુક્તાવલીમાં पूर्वं व्याप्तिरुक्ता... ઈત્યાદિ કહ્યું છે.

વ્યભિચારાગ્રહ અને સહચારગ્રહ વ્યાપ્તિગ્રહમાં કારણ છે. વ્યભિચારગ્રહ વ્યાપ્તિગ્રહની પ્રત્યે પ્રતિબંધક છે. તેથી પ્રતિબંધકાભાવરૂપે વ્યભિચારાગ્રહ વ્યાપ્તિગ્રહની પ્રત્યે કારણ છે. આવી જ રીતે સહચારગ્રહ અને વ્યાપ્તિગ્રહના અન્વયવ્યતિરેકથી સ્પષ્ટ છે કે સહચારગ્રહ પણ વ્યાપ્તિગ્રહની પ્રત્યે કારણ છે. પ્રાચીનો વ્યાપ્તિગ્રહની પ્રત્યે સાધ્ય અને સાધનનાં સાહચર્યનું ઘણીવાર થયેલું જે દર્શન છે, તેને કારણ માને છે. પરન્તુ એ યોગ્ય નથી. વ્યભિચાર સ્ફૂરાયમાન ન હોય તો સાધ્ય અને સાધનનાં સાહચર્યના સકૃદ્દર્શનથી પણ ક્વચિદ્ વ્યાપ્તિગ્રહ થાય છે. વ્યભિચારની શંકાનું વિઘટન કરવા દ્વારા ક્વચિદ્ ભૂયોદર્શન વ્યાપ્તિગ્રહની પ્રત્યે ઉપયોગી બને છે. પરન્તુ જ્યાં તાદશભૂયોદર્શનથી પણ વ્યભિચારની શંકા દૂર

થતી નથી; ત્યાં વ્યાપ્તિગ્રહની પ્રત્યે, વિપક્ષ (સાધ્યાભાવ) બાધક તર્કની અપેક્ષા રહે છે. એ વસ્તુને સ્પષ્ટ કરે છે - तथा हि... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે 'पर्वतो वह्निमान् धूमाद्' ઈત્યાદિ સ્થળે 'વહ્ન્યભાવવદ્માં પણ ધૂમ હોય' આવા પ્રકારની વ્યભિચારની આશંકા હોય તો તે આશંકા વહ્નિધૂમના કાર્યકારણભાવના અનુસંધાનથી નિવૃત્ત થાય છે. 'જો આ પર્વત વહ્નિમાન્ ન હોય તો ધૂમવાન્ પણ ન હોય' કારણ કે કારણ વિના કાર્યની ઉત્પત્તિ શક્ય નથી. આ પ્રમાણે 'धूमो यदि वह्निव्यभिचारी स्यात् तर्हि वह्निजन्यो न स्यात्' ઈત્યાદ્યાકારક વ્યાપ્તિગ્રાહકતર્કના અનુસંધાનથી, વ્યભિચારની શંકાનું વિઘટન થાય છે. 'यद्ययं वह्निमान् न स्यात् तर्हि धूमवान् न स्यात्' આ 'વિષયપરિશોધક' તર્કથી વ્યભિચારની શંકાનું નિરાકરણ થતું નથી, તેથી 'धूमो यदि वह्निव्यभिचारी स्यात् तर्हि वह्निजन्यो न स्यात्' ઈત્યાદ્યાકારક કાર્યકારણભાવમૂલક વ્યાપ્તિગ્રાહકતર્ક જ यद्ययं... ઈત્યાદિગ્રંથથી અભિપ્રેત છે. 'धूमो यदि वह्निव्यभिचारी स्यात् तर्हि वह्निजन्यो न स्यात्' અહીં 'કારણ વિના પણ કાર્ય થતું હોવાથી ધૂમ, વહ્નિજન્ય ન હોય તો પણ ઈષ્ટ જ છે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે જો ક્વચિદ્ કારણ વિના પણ કાર્યની ઉત્પત્તિ થતી હોય તો, એ કાર્ય અહેતુક હોવાથી તેના સર્વદા સત્ત્વનો અથવા સર્વદા અસત્ત્વનો પ્રસંગ આવશે. તર્કના કારણભૂત કાર્યકારણભાવના ગ્રહમાં શઙ્કા થાય તો, 'જો કારણ વિના પણ કાર્ય થાય તો ધૂમ માટે વહ્નિમાં અને તૃપ્તિ માટે ભોજનમાં નિશ્ચિત પ્રવૃત્તિ નહીં થાય.' આ પ્રમાણે પ્રવૃત્તિના વ્યાઘાતથી એ દૂર કરવી. જ્યાં સ્વાભાવિક જ વ્યભિચારશંકા થતી નથી, ત્યાં તર્કની અપેક્ષા નથી. એ 'क्वचिच्छङ्का...' ઈત્યાદિગ્રંથમાંના 'क्वचित्' પદથી સમજી શકાય છે. ॥इति तर्कनिरूपणम् ॥१३७॥

**साध्यस्य व्यापको यस्तु हेतोरव्यापकस्तथा ।**
**स उपाधि र्भवेत् तस्य निष्कर्षोऽयं प्रदर्श्यते ॥१३८॥**

मुक्तावली ।

इदानीं परकीयव्याप्तिग्रहप्रतिबन्धार्थमुपाधिं निरूपयति-साध्यस्येति-साध्यत्वाभिमतव्यापकत्वे सति साधनत्वाभिमताव्यापक इत्यर्थः ।

ननु स श्यामो मित्रातनयत्वादित्यत्र शाकपाकजत्वं नोपाधिः स्यात् । तस्य साध्यव्यापकत्वाभावात्, श्यामत्वस्य घटादावपि सत्त्वाद् । एवं वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वादित्यत्रोद्भूतरूपवत्त्वं नोपाधिः स्यात्, प्रत्यक्षत्वस्यात्मादावपि सत्त्वात्, तत्र च रूपाभावात् । एवं ध्वंसो विनाशी जन्यत्वादित्यत्र भावत्वं नोपाधिः स्याद्, विनाशित्वस्य प्रागभावेऽपि सत्त्वात्, तत्र च भावत्वाभावादिति चेन्न । यद्धर्म्मावच्छिन्नसाध्यव्याप्यकत्वं तद्धर्मावच्छिन्नसाधनाव्यापकत्वमित्यर्थे तात्पर्यात् । मित्रातनयत्वावच्छिन्नश्यामत्वस्य व्यापकं शाकपाकजत्वं, तदवच्छिन्नसाधनाव्यापकञ्च । एवं पक्षधर्मबहिर्द्रव्यत्वावच्छिन्नप्रत्यक्षत्वस्य व्यापकमुद्भूतरूपवत्त्वं बहिर्द्रव्यत्वावच्छिन्नसाधनस्याव्यापकञ्च । एवं ध्वंसो विनाशी जन्यत्वादित्यत्र जन्यत्वावच्छिन्नसाध्यव्यापकं भावत्वं बोध्यम् । सद्धेतोस्त्वेतादृशो धर्म्मो नास्ति, यदवच्छिन्नस्य साध्यस्य व्यापकं तदवच्छिन्नस्य साधनस्य चाऽव्यापकं किञ्चित् स्यात् । व्यभिचारिणि त्वन्तत उपाध्यधिकरणं यत्साध्याधिकरणं यच्चोपाधिशून्यं साध्यव्यभिचारनिरूपकमधिकरणं तदन्यतरत्वावच्छिन्नस्य साध्यस्य व्यापकत्वं साधनस्य चाव्यापकत्वमुपाधेः सम्भवतीति ॥१३८॥

०○

**: વિવરણ :**

વ્યાપ્તિગ્રહોપાયના નિરૂપણ પછી ઉપાધિના નિરૂપણમાં

સઙ્ગતિ જણાવે છે इदानीं... ઈત્યાદિગ્રંથથી - આશય એ છે કે વ્યાપ્તિગ્રહના ઉપાયનાં નિરૂપણ પછી; વ્યાપ્તિનિશ્ચયના અભાવની પ્રયોજક જે વ્યભિચારશંકા, તેના કારણભૂતજ્ઞાનના વિષયરૂપે ઉપાધિનું સ્મરણ થાય છે. અને એ ઉપાધિ પરકીયવ્યાપ્તિજ્ઞાનના પ્રતિબંધ માટે અવશ્યનિરૂપણીય હોવાથી 'स्मृतस्योपेक्षानर्हत्वविशिष्टावश्यनिरूपणीयत्व' સ્વરૂપ પ્રસંગ-સંગતિ ઉપાધિમાં છે. તેથી વ્યાપ્તિગ્રહના ઉપાયના નિરૂપણ પછી હવે ઉપાધિનું નિરૂપણ કરે છે. કારિકાવલીમાં 'साध्यंस्य...' ઈત્યાદિગ્રંથથી. - આશય એ છે કે 'साध्य-व्यापकत्वे सति साधनाव्यापकत्वम्' આ ઉપાધિનાં લક્ષણમાં साध्य અને साधन પદ સાધ્યત્વેન અને સાધનત્વેન અભિમત પરક છે. કારણ કે 'धूमवान् वह्नेः' ઈત્યાદિ સ્થળે સિદ્ધિવિષયત્વ સ્વરૂપ સાધ્યત્વનો અને સિદ્ધિજનકત્વસ્વરૂપ સાધનત્વનો અભાવ હોવાથી યથાશ્રુતલક્ષણ સઙ્ગત નહીં બને.

ननु स श्यामो... ઈત્યાદિ - આશય એ છે કે 'स श्यामो मित्रातनयत्वाद्' અહીં શાકપાકજત્વ ઉપાધિ મનાય છે. પરન્તુ શ્યામત્વાત્મક સાધ્ય ઘટાદિમાં છે. અને ત્યાં શાકપાકજત્વ નથી. તેથી શાકપાકજત્વમાં સાધ્યવ્યાપકત્વનો અભાવ હોવાથી તેને ઉપાધિ નહીં માની શકાય. આવી જ રીતે 'वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वाद्' અહીં પ્રત્યક્ષત્વ તો આત્મામાં પણ છે અને ત્યાં ઉદ્ભૂતરૂપવત્ત્વ નથી. તેથી ઉદ્ભૂતરૂપવત્ત્વમાં સાધ્યવ્યાપકત્વ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે. આવી જ રીતે 'ध्वंसो विनाशी जन्यत्वाद्' અહીં પણ 'ભાવત્વ'ને ઉપાધિ નહીં માની શકાય. કારણ કે વિનાશિત્વના અધિકરણ પ્રાગભાવમાં ભાવત્વ ન હોવાથી ભાવત્વમાં પણ સાધ્યવ્યાપકત્વ નથી. આ રીતે ઉક્તસ્થળે આવતી અવ્યાપ્તિના નિવારણ માટે 'यद्धर्मावच्छिन्नसाध्यव्यापकत्वं, तद्धर्मावच्छिन्नसाधनाव्यापकत्वमुपाधिः' આ પ્રમાણે લક્ષણનું

તાત્પર્ય સમજવું જોઈએ. स श्यामो मित्रातनयत्वाद् અહીં मित्रातनयत्वावच्छिन्नसाध्यश्यामत्वं यत्र तत्र शाकपाकजत्वम् આ રીતે મિત્રાતનયત્વાવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ શાકપાકજત્વમાં હોવાથી, તેમજ તદવચ્છિન્નસાધનાવ્યાપકત્વ પણ શાકપાકજત્વમાં હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. સ્વનું સામાનાધિકરણ્ય સ્વમાં હોવાથી મિત્રાતનયત્વાવચ્છિન્નત્વ સાધનમાં છે - એ સમજી શકાય છે. આવી જ રીતે 'वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वात्' અહીં પક્ષધર્મબહિર્દ્રવ્યત્વાવચ્છિન્નપ્રત્યક્ષત્વનું વ્યાપકત્વ, અને પક્ષધર્મબહિર્દ્રવ્યત્વાવચ્છિન્નપ્રત્યક્ષસ્પર્શાશ્રયત્વનું અવ્યાપકત્વ ઉદ્ભૂતરૂપવત્ત્વમાં હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. તેમ જ 'ध्वंसो विनाशी जन्यत्वाद्' અહીં જન્યત્વાવચ્છિન્ન વિનાશિત્વનું વ્યાપકત્વ અને તદવચ્છિન્નસાધનાવ્યાપકત્વ ભાવત્વમાં હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. સદ્ધેતુસ્થળે આવો કોઈ ધર્મ નથી કે જેનાથી અવચ્છિન્ન સાધ્ય અને સાધનનું વ્યાપકત્વ અને અવ્યાપકત્વ કોઈમાં પણ હોય. વ્યભિચારી સ્થળે તો આવો કોઈ ધર્મ ન જણાય તો પણ છેલ્લા જે સાધ્યાધિકરણ અને ઉપાધિશૂન્ય જે વ્યભિચારનિરૂપકાધિકરણ હોય તદન્યતરત્વાવચ્છિન્ન સાધ્ય અને સાધનનું વ્યાપકત્વ અને અવ્યાપકત્વ ઉપાધિમાં સંભવે છે. આ વસ્તુ સમજી શકાય એવી છે. धूमवान् वह्नेः અહીં સાધ્યાધિકરણ મહાનસ અને આર્દ્રેન્ધનસંયોગથી શૂન્ય અને વ્યભિચારનિરૂપક અયોગોલક સ્વરૂપ જે અધિકરણ, તદન્યતરત્વ (મહાનસાયોગોલકાન્યતરત્વ) તદવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ અને તદવચ્છિન્નસાધનાવ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં છે જ - એ સમજી શકાય છે. ॥૧૩૮॥

**सर्वे साध्यसमानाधिकरणाः स्युरुपाधयः ।**
**हेतोरेकाश्रये येषां स्वसाध्यव्यभिचारिता ॥१३९॥**
**व्यभिचारस्यानुमानमुपाधेस्तु प्रयोजनम् ।**

मुक्तावली ।

अत एव लक्ष्यमपि उपाधिरूपमेतदनुसारेण दर्शयति-सर्व्वे इति । स्वसाध्येति - स्वम्-उपाधिः, स्वं च साध्यं च स्वसाध्ये तयोर्व्यभिचारितेत्यर्थः ॥१३९॥

उपाधे र्दूषकताबीजमाह - व्यभिचारस्येति । उपाधिव्यभिचारेण साध्यव्यभिचारानुमानमुपाधेः प्रयोजनमित्यर्थः । तथा हि यत्र शुद्धसाध्यव्यापक उपाधिस्तत्र शुद्धेनोपाधिव्यभिचारेण साध्यव्यभिचारानुमानम् । यथा धूमवान् वह्नेरित्यादौ वह्नि धूमव्यभिचारी, आर्द्रेन्धनसंयोगव्यभिचारित्वादिति । व्यापकव्यभिचारिणो व्याप्यव्यभिचारावश्यकत्वात् । यत्र तु किञ्चिद्धर्मावच्छिन्नसाध्यव्यापक उपाधिस्तत्र तद्धर्मवत्युपाधि-व्यभिचारेण साध्यव्यभिचारानुमानम् । यथा स श्यामो मित्रातनयत्वादित्यत्र मित्रातनयत्वं श्यामत्वव्यभिचारि, मित्रातनये शाकपाकजत्वव्यभिचारित्वादिति । बाधानुन्नीतपक्षेतरस्तु साध्यव्यापकताग्राहकप्रमाणाभावात्, स्वव्याघातकत्वाच्च नोपाधिः । बाधोन्नीतस्तु पक्षेतर उपाधिर्भवत्येव, यथा वह्निरनुष्णः कृतकत्वादित्यादौ प्रत्यक्षेण वह्नेरुष्णत्वग्रहे वह्नीतरत्वमुपाधिः । यस्य तूपाधेः साध्यव्यापकत्वादिकं सन्दिह्यते स सन्दिग्धोपाधिः । पक्षेतरस्तु सन्दिग्धोपाधिरपि नोद्भावनीयः, कथकसम्प्रदायानुरोधादिति ॥

केचित्तु सत्प्रतिपक्षोत्थापनमुपाधिफलम् । तथा हि - अयोगोलकं धूमवद् वह्नेरित्यादावयोगोलकं धूमाभाववद्, आर्द्रेन्धनाभावादिति सत्प्रतिपक्षसम्भवात् । इत्थञ्च साधनव्यापकोऽपि क्वचिदुपाधिः । यथा करका पृथ्वी कठिनसंयोगवत्त्वादित्यादावनुष्णाशीतस्पर्शवत्त्वम् । न

चात्र स्वरूपासिद्धिरेव दूषणमिति वाच्यम् । सर्वत्रोपाधेर्दूषणान्तरसाङ्कर्याद्, अत्र च साध्यव्यापकः पक्षावृत्तिरुपाधिरिति वदन्ति ॥ इत्युपाधिनिरूपणम् ॥

००

## : વિવરણ :

यद्धर्मावच्छिन्नसाध्यव्यापकं...ઈત્યાદિ. યદ્ધર્માવચ્છિન્નત્વઘટિત ઉપાધિનું લક્ષણ હોવાથી એ મુજબ જ ઉપાધિસ્વરૂપ લક્ષ્યને જણાવે છે - કારિકાવલીમાં 'सर्वे...' ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે, એ સર્વ ઉપાધિ, સાધ્યસમાનાધિકરણ હોય છે, કે જેમના હેતુના એક આશ્રયમાં અર્થાદ્ તાદશ એકાધિકરણાવચ્છેદેન ઉપાધિ અને સાધ્યનું વ્યભિચારીપણું હેતુમાં હોય છે. धूमवान् वह्नेः અહીં ધૂમસમાનાધિકરણ આર્દ્રેન્ધનસંયોગ સ્વરૂપોપાધિના હેતુ - વહ્નિના એક અધિકરણ અયોગોલકાવચ્છેદેન ઉપાધિ અને ધૂમનું વ્યભિચારીપણું, હેતુ વહ્નિમાં છે. આથી સ્પષ્ટ છે કે 'साध्याभावाधिकरणीभूतसाधनाधिकरण (अयोगोलकादि) निष्ठात्यन्ताभाव(आर्द्रेन्धनसंयोगाभाव)प्रतियोगित्व-विशिष्ट-साध्यसमानाधिकरणत्व' સર્વ ઉપાધિમાં હોય છે. ॥૧૩૯॥

ઉપાધિને જે કારણે દૂષક મનાય છે તે દૂષકતાબીજને જણાવે છે - કારિકાવલીમાં व्यभिचारस्या... ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે ઉપાધિના વ્યભિચારથી તદ્વ્યાપ્યસાધ્યના વ્યભિચારનું હેતુમાં અનુમાન થાય છે. તર્કસંગ્રહના વિવરણમાં આ બધી વાતોનું વર્ણન કરેલું છે. જ્યાં કેવલસાધ્યવ્યાપક ઉપાધિ છે; ત્યાં 'धूमवान् वह्नेः' ઈત્યાદિ સ્થળે શુદ્ધોપાધિના વ્યભિચારથી સાધ્યવ્યભિચારનું અનુમાન થાય છે. જે 'वह्नि र्धूमव्यभिचारी धूमव्यापकार्द्रेन्धनसंयोगव्यभिचारित्वाद्' આ અનુમાનથી સમજી શકાય છે. જે જેના વ્યાપકનો વ્યભિચારી હોય છે તે તેનો (વ્યાપ્યનો) પણ વ્યભિચારી હોય છે. આવી

જે રીતે यत्किंचिद्धर्मावच्छिन्नसाध्यव्यापकउपाधि સ્થળે તદ્ધર્મવદ્માં ઉપાધિના વ્યભિચારથી સાધ્યવ્યભિચારનું અનુમાન થાય છે. દા.ત. स श्यामो मित्रातनयत्वाद् અહીં મિત્રાતનયત્વાવચ્છિન્નશ્યામત્વવ્યાપકશાકપાકજન્યત્વ ઉપાધિ હોવાથી તદ્ધર્માવચ્છિન્નમિત્રાતનયમાં ઉપાધિના વ્યભિચારથી સાધ્યના વ્યભિચારનું અનુમાન થાય છે, જે ''मित्रातनयत्वं श्यामत्वव्यभिचारि, मित्रातनये शाकपाकजत्व-व्यभिचारित्वाद्'' આ અનુમાનથી સમજી શકાય છે. યદ્યપિ આ રીતે साध्यव्यापकत्वे सति... ઈત્યાદિ ઉપાધિનું લક્ષણ 'पक्षेतरत्व'માં જતું હોવાથી અતિવ્યાપ્તિ આવે છે. પરન્તુ જ્યાં બાધદોષથી અનુન્નીત પક્ષેતર અર્થાદ્ પક્ષભેદ છે, ત્યાં 'સાધ્યની વ્યાપકતા પક્ષેતરત્વમાં છે' એનું ગ્રાહક પ્રમાણ ન હોવાથી અને સ્વ અર્થાદ્ ઉપાધિમાત્રનાં દૂષકત્વનો વ્યાઘાત થતો હોવાથી 'પક્ષેતરત્વ'ને ઉપાધિ માનતા નથી. આશય એ છે કે, पर्वतो वह्निमान् धूमाद् અહીં પર્વતમાં વહ્ન્યભાવાત્મક બાધનો નિર્ણય નથી. તેથી, જ્યાં જ્યાં વહ્નિ છે ત્યાં ત્યાં પક્ષેતરત્વ છે- એ પ્રમાણે 'સાધ્યવ્યાપકતા પક્ષેતરત્વમાં છે' એનું ગ્રાહક પ્રમાણ કોઈ નથી. પક્ષેતરત્વ પર્વતમાં નથી અને ત્યાં સાધ્ય હોય તો ચોક્કસ છે કે પક્ષેતરત્વ સાધ્યવ્યાપક નથી. આ રીતે સર્વત્ર પક્ષને છોડીને અન્યત્ર પક્ષેતરત્વમાં સાધ્યવ્યાપકત્વ તો હોય જ છે. અને સાધનનું પણ અવ્યાપકત્વ હોય જ છે. તેથી પક્ષેતરત્વને જો ઉપાધિ માનીએ તો અનુમાનમાત્રનો ઉચ્છેદ થશે. માટે વ્યભિચારાનુમાનાધીન જ ઉપાધિને દૂષક મનાય છે. वह्निमान् धूमाद् ઈત્યાદિ સ્થળે પક્ષમાં બાધનો નિર્ણય ન હોવાથી પક્ષેતરત્વમાં સાધ્યવ્યાપકતા પ્રમાણસિદ્ધ ન હોવાથી પક્ષેતરત્વના વ્યભિચારથી સાધ્યવ્યભિચારનું અનુમાન શક્ય નથી. આથી સ્પષ્ટ છે કે બાધાનુન્નીતપક્ષેતરત્વમાં સાધ્યવ્યાપકત્વ ન

હોવાથી તેમાં ઉપાધિલક્ષણની અતિવ્યાપ્તિ થતી નથી. પરન્તુ वह्निरनुष्णः कृतकत्वाद् અહીં પ્રત્યક્ષપ્રમાણથી વહ્નિમાં અનુષ્ણત્વના બાધનો નિર્ણય હોવાથી 'જ્યાં જ્યાં અનુષ્ણત્વ છે ત્યાં ત્યાં પક્ષેતરત્વ છે જ' આ પ્રમાણે સાધ્યવ્યાપકતાનો પક્ષેતરત્વમાં નિર્ણય શક્ય હોવાથી પક્ષેતરત્વસ્વરૂપ ઉપાધિના વ્યભિચારથી અનુષ્ણત્વના વ્યભિચારનું કૃતકત્વમાં અનુમાન થાય છે. તેથી બાધોન્નીતપક્ષેતર (પક્ષેતરત્વ-પક્ષભેદ) ઉપાધિ મનાય છે જ. આથી સ્પષ્ટ છે કે બાધના કારણે જેમાં સાધ્યાભાવવ્યાપકત્વનો નિશ્ચય થયો છે, તે બાધોન્નીત-પક્ષેતરત્વ ઉપાધિ છે; પરન્તુ 'બાધાનુન્નીતપક્ષેતરત્વ' ઉપાધિ નથી. જે ઉપાધિના સાધ્યવ્યાપકત્વનો અથવા સાધનાવ્યાપકત્વનો સન્દેહ હોય છે - તેને સન્દિગ્ધોપાધિ કહેવાય છે. યદ્યપિ वह्निमान् धूमाद् ઈત્યાદિ સ્થળે પર્વતાદિપક્ષમાં વહ્નિનો નિર્ણય ન હોવાથી પક્ષેતરત્વમાં સાધ્યવ્યાપકત્વનો નિર્ણય ન હોય તો પણ તેનો સંદેહ થઈ શકે છે. તેથી બાધાનુન્નીતપક્ષેતરત્વ સન્દિગ્ધોપાધિ છે, એ કહી શકાય છે. પરન્તુ 'બાધાનુન્નીતપક્ષેતરત્વ સ્વરૂપ સન્દિગ્ધ-ઉપાધિનું ઉદ્ભાવન નહીં કરવું જોઈએ - આ પ્રમાણે ભાષ્યકાર વગેરે મહર્ષિઓના કથનના અનુસારે પક્ષેતરત્વ સ્વરૂપ સન્દિગ્ધોપાધિને માનતા નથી. બાકી તો અન્યસન્દિગ્ધો-પાધિમાં અને પક્ષેતરત્વ-સન્દિગ્ધોપાધિમાં દૂષકતાબીજનો કોઈ ભેદ ન હોવાથી પક્ષેતરત્વ સ્વરૂપ સન્દિગ્ધોપાધિ માની શકાય છે... ઈત્યાદિનું અનુસંધાન દિનકરીમાં કરવું જોઈએ.

મતાન્તરે ઉપાધિના દૂષકતાબીજને જણાવે છે... केचित्तु... ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે, કેટલાક લોકો ઉપાધિના ફળ તરીકે સત્પ્રતિપક્ષના ઉત્થાપનને માને છે. દા.ત. ''अयोगोलकं धूमवद् वह्नेः'' ઈત્યાદિ સ્થળે 'अयोगोलकं धूमाभाववद् आर्द्रेन्धनाभावाद्' આ પ્રમાણે

સત્પ્રતિપક્ષનું આર્દ્રેધનસંયોગ સ્વરૂપોપાધિના કારણે ઉત્થાપન થાય છે. આથી જ ઉપાધિનું દૂષકતાબીજ, સત્પ્રતિપક્ષોત્થાપકત્વ સ્વરૂપ હોવાથી ક્વચિદ્ સાધનવ્યાપક પણ ઉપાધિ બને છે. દા.ત. ''करका पृथिवी कठिनसंयोगवत्त्वाद्'' અહીં અનુષ્ણાશીતસ્પર્શવત્ત્વ સ્વરૂપ ઉપાધિ, સાધનવ્યાપક છે. કારણ કે 'करका पृथिवीत्वाभाववती अनुष्णाशीतस्पर्शरहितत्वाद्' આ પ્રમાણે સત્પ્રતિપક્ષનું ઉત્થાપકત્વ અનુષ્ણાશીતસ્પર્શવત્ત્વમાં છે. અને તે સાધનનું વ્યાપક છે. યદ્યપિ 'करका पृथिवी कठिनसंयोगवत्त्वाद्' અહીં કરકામાં તાદૃશ હેતુ ન હોવાથી સ્વરૂપાસિદ્ધિ જ છે. અહીં ઉપાધિ માનવાની આવશ્યકતા નથી. પરંતુ સર્વત્ર ઉપાધિ સ્થળે વ્યભિચારાદિ અન્ય દોષો પણ હોય છે. તેથી અહીં પણ પક્ષાવૃત્તિસાધ્યવ્યાપક ઉપાધિ છે. અર્થાદ્ કેચિત્તુકારના મતે 'पक्षावृत्तित्वे सति साध्यव्यापकत्वमुपाधिः' આ લક્ષણ છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥ इत्युपाधिनिरूपणम् ॥

## कारिकावली ।

**शब्दोपमानयो नैव पृथक्प्रामाण्यमिष्यते ॥१४०॥**
**अनुमानगतार्थत्वादिति वैशेषिकं मतम् ।**
**तन्न सम्यग् विना व्याप्तिबोधं शाब्दादिबोधतः ॥१४१॥**

## मुक्तावली ।

शब्दोपमानयोरिति । वैशेषिकाणां मते प्रत्यक्षमनुमानञ्च प्रमाणम्, शब्दोपमानयोस्त्वनुमानविधयैव प्रामाण्यम् । तथा हि दण्डेन गामानयेत्यादिलौकिकपदानि यजेतेत्यादिवैदिकपदानि वा तात्पर्यविषयस्मारितपदार्थसंसर्गज्ञानपूर्वकाणि आकाङ्क्षादिमत्पदकदम्बत्वाद्, घटमानयेति पदकदम्बवत् । यद्वैते पदार्था मिथः संसर्गवन्तः, योग्यतादिमत्पदोपस्थापितत्वात् तादृशपदार्थवत् । दृष्टान्तेऽपि दृष्टान्तान्तरेण साध्यसिद्धिरिति । एवं गवयव्यक्तिप्रत्यक्षानन्तरं गवयपदं गव-

यत्वप्रवृत्तिनिमित्तकम्, असति वृत्त्यन्तरे वृद्धैस्तत्र प्रयुज्यमानत्वात् । असति च वृत्त्यन्तरे यद् यत्र वृद्धैः प्रयुज्यते तत् तत्प्रवृत्तिनिमित्तकं यथा गोपदं गोत्वप्रवृत्तिनिमित्तकम् । यद्वा गवयपदं सप्रवृत्तिनिमित्तकं साधुपदत्वादित्यनुमानेन पक्षधर्म्मताबलाद् गवयत्वप्रवृत्तिनिमित्तकत्वं भासते । तन्मतं दूषयति - तन्न सम्यगिति । व्याप्तिज्ञानं विनाऽपि शाब्दबोधस्यानुभवसिद्धत्वात् । न हि सर्वत्र शब्दश्रवणाद्यनन्तरं व्याप्तिज्ञाने मानमस्तीति । किञ्च सर्वत्र शाब्दस्थले यदि व्याप्तिज्ञानं कल्प्यते तदा सर्वत्राऽनुमितिस्थले पदज्ञानं कल्पयित्वा शाब्दबोध एव किं न स्वीक्रियत इति ध्येयम् ॥१४०॥१४१॥

॥ इति शब्दोपमानयोः पृथक्प्रामाण्यनिरूपणम् ॥

०० 

: વિવરણ :

वैशेषिकाणां मते:.. ઈત્યાદિ - આશય એ છે કે વૈશેષિકો પ્રત્યક્ષ અને અનુમાન આ બે જ પ્રમાણને માને છે. શબ્દ અને ઉપમાન આ બે પ્રમાણને અનુમાન રૂપે જ પ્રમાણ માને છે. 'घटमानय' ઈત્યાદિ પદશ્રવણથી પદાર્થોપસ્થિતિ દ્વારા જે પદાર્થાન્વયબોધ થાય છે, એ અનુમિતિસ્વરૂપ હોવાથી તાદશ શાબ્દબોધના કરણ તરીકે પદજ્ઞાનને કરણ માનવાની આવશ્યકતા નથી. આવી જ રીતે સાદશ્યજ્ઞાનજન્ય ઉપમિતિ પણ અનુમિતિસ્વરૂપ હોવાથી તત્કરણરૂપે ઉપમાનને પણ માનવાની આવશ્યકતા નથી - એ વૈશેષિકોનું કથન છે. કહેવાનું તાત્પર્ય એ છે કે दण्डेन गामानय આ લૌકિકપદોમાં અથવા જે લોકો લૌકિકપદોને અનુવાદક માને છે, તે મીમાંસકોના મતે यजेत... ઈત્યાદિ વૈદિક પદોમાં; 'आकांक्षादिमत्पदकदम्बत्व' સ્વરૂપ હેતુથી તાત્પર્યવિષયસ્મારિતપદાર્થસંસર્ગજ્ઞાનપૂર્વકત્વ સિદ્ધ થાય છે. તેથી गामानय... ઈત્યાદિ વાક્યાર્થસંસર્ગજ્ઞાનની સિદ્ધિ માટે ઉક્ત અનુમાનપ્રમાણ હોવાથી તદ્ભિન્ન શબ્દપ્રમાણને માનવાની આવશ્યકતા નથી. અથવા પદાર્થોમાં

પરસ્પર સંસર્ગવત્ત્વ, યોગ્યતાદિ ('आदि' પદથી આકાંક્ષા સન્નિધિ વગેરેનું ગ્રહણ કરવું.) મત્પદોપસ્થાપિતત્વ સ્વરૂપ હેતુથી સિદ્ધ થતું હોવાથી વાક્યાર્થસંસર્ગજ્ઞાન માટે ઉક્ત અનુમાનપ્રમાણથી અતિરિક્ત શબ્દપ્રમાણ માનવાની આવશ્યકતા નથી. ઉક્તાનુમાનનાં દષ્ટાંતોમાં સાધ્યની સિદ્ધિ; તેને પક્ષ બનાવીને અન્ય દષ્ટાન્તથી થઈ શકે છે. આવી જ રીતે ગવયાદિપદોમાં ગવયાદિપદાર્થશક્તિગ્રહ માટે ઉપમાન પ્રમાણ માનવાની આવશ્યકતા નથી. કારણ કે ગવયાદિ પદોમાં 'असति वृत्त्यन्तरे वृद्धैस्तत्र प्रयुज्यमानत्वात्' આ હેતુથી ગવયત્વાદિપ્રવૃત્તિનિમિત્તકત્વની સિદ્ધિ અનુમાનથી જ થઈ શકે છે. અથવા ગવયાદિ પદોમાં, 'साधुपदत्व' હેતુથી સપ્રવૃત્તિનિમિકત્વની સિદ્ધિથી ગવયત્વાદિપ્રવૃત્તિનિમિત્ત-કત્વની સિદ્ધિ પરિશેષાનુમાનથી શક્ય છે. તેથી સ્પષ્ટ છે કે ગવયાદિપદોની શક્તિના ગ્રાહક તરીકે ઉક્તાનુમાનપ્રમાણથી અતિરિક્ત ઉપમાનપ્રમાણને માનવાની આવશ્યકતા નથી. આ પ્રમાણે વૈશેષિકોની માન્યતા છે. અહીં ચારે અનુમાનમાં સાધ્ય અને હેતુઘટક તત્તત્ પદોના નિવેશનું પ્રયોજન સામાન્ય અનુસંધાનથી જાણી શકાય છે. તેમ છતાં ન સમજાય તો અધ્યાપક પાસેથી અથવા દિનકરીથી એ જાણી લેવું. અહીંના ગ્રન્થના વિવરણમાં ખૂબ જ સ્થૂલદષ્ટિથી વિવરણ કર્યું છે. ગ્રંથકારના આશયના જ્ઞાન માટે દિનકરીનું પણ અનુસંધાન પર્યાપ્ત નથી. એ માટે તો ન્યાયકુસુમાઞ્જલિની 'પ્રકાશ' ટીકાનું અનુસંધાન કરવાની આવશ્યકતા છે. અહીં એ બધી વસ્તુઓનું વર્ણન કરીએ તો આ વિવરણ ખૂબ જ ક્લિષ્ટ થવાનો સંભવ છે. માટે જિજ્ઞાસુઓએ અધ્યાપક પાસેથી ખૂબ જ ઉપયોગપૂર્વક અહીંના ગ્રંથનું અધ્યયન કરવું જોઈએ.

વૈશેષિકોનાં ઉપર્યુક્ત મતનું નિરાકરણ કરે છે - 'तन्न...' ઈત્યાદિ કારિકાના ઉત્તરાર્દ્ધથી - આશય સ્પષ્ટ છે કે गामानय

ઈત્યાદિ પદસ્થળે તેમજ ગવયાદિપદસ્થળે ઉપર જણાવ્યા મુજબના વ્યાપ્તિજ્ઞાન વિના પણ વિવક્ષિત ગોકર્મકાનયનાદિનો તેમજ ગવયાદિપદવાચ્યત્વાદિનો બોધ સર્વાનુભવસિદ્ધ છે. તેથી એતાદશ બોધની ઉપપત્તિ માટે શબ્દ તેમ જ ઉપમાન પ્રમાણને માન્યા વિના ચાલે એવું નથી. 'આવા સ્થળે તાદશબોધના અનુસારે વ્યાપ્તિજ્ઞાનની કલ્પના કરવામાં આવે છે, તેથી વ્યાપ્તિજ્ઞાનમાં વ્યભિચાર નહીં આવે..' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે સર્વત્ર શબ્દશ્રવણ બાદ વ્યાપ્તિજ્ઞાન થાય છે જ; એમાં કોઈ પ્રમાણ નથી. 'તાદશવિવક્ષિતબોધની ઉત્પત્તિ જ સર્વત્ર શબ્દશ્રવણાદિ પછી વ્યાપ્તિજ્ઞાનને માનવામાં પ્રમાણ છે.' આવું નહીં કહેવું જોઈએ, કારણ કે, સર્વત્ર શબ્દશ્રવણાદ્યનન્તર વ્યાપ્તિજ્ઞાનનો અનુભવ ન હોવા છતાં તાદશવિવક્ષિતબોધના કારણે વ્યાપ્તિજ્ઞાનની કલ્પના કરાય છે; તો પછી સર્વત્ર અનુમિતિસ્થલે પદજ્ઞાનની કલ્પના કરીને શાબ્દબોધને જ શા માટે માનતા નથી ? કારણ કે વહ્‌ન્યાદિપદો જેમ અર્થના સ્મારક છે, એમ વહ્‌ન્યાદિ અર્થ પણ વહ્‌ન્યાદિપદોના સ્મારક છે જ. આથી સ્પષ્ટ છે કે વ્યાપ્તિજ્ઞાન વિના સર્વાનુભવસિદ્ધ શાબ્દબોધાદિના અનુસારે શબ્દાદિને પૃથક્‌પ્રમાણ માનવા જોઈએ. ॥૧૪૦॥૧૪૧॥

॥ इति शब्दोपमानयोः पृथक्प्रामाण्यनिरूपणम् ॥

## कारिकावली ।

**त्रैविध्यमनुमानस्य केवलान्वयिभेदतः ।**
**द्वैविध्यं तु भवेद् व्याप्तेरन्वयव्यतिरेकतः ॥१४२॥**

मुक्तावली ।

त्रैविध्यमिति । अनुमानं हि त्रिविधम् - केवलान्वयिकेवल-व्यतिरेक्यन्वयव्यतिरेकिभेदात् । तत्रासद्विपक्षः केवलान्वयी । यथा ज्ञेयमभिधेयत्वादित्यादौ । तत्र हि सर्वस्यैव ज्ञेयत्वाद् विपक्षासत्त्वम् ।

(ननु सर्वेषां धर्माणां व्यावृत्तत्वात् केवलान्वय्यसिद्धिरिति चेन्न । व्यावृत्तत्वस्य सर्वसाधारण्ये तस्यैव केवलान्वयित्वात् । किञ्च वृत्तिमदत्यन्ताभावाप्रतियोगित्वं केवलान्वयित्वम्, तच्च गगनाभावादौ प्रसिद्धम् ।) असत्सपक्षः केवलव्यतिरेकी । यथा पृथिवीतरेभ्यो भिद्यते गन्धवत्त्वादित्यादौ । तत्र हि जलादित्रयोदशभेदस्य पूर्वमसिद्धतया निश्चितसाध्यवतः सपक्षस्याभाव इति । सत्सपक्षविपक्षोऽन्वयव्यतिरेकी, यथा वह्निमान् धूमादित्यादौ । तत्र सपक्षस्य महानसादेर्विपक्षस्य जलह्रदादेश्च सत्त्वादिति ॥१४२॥

००

## : વિવરણ :

अनुमानम्... ઈત્યાદિ - આશય એ છે કે, કેવલાન્વયિ, કેવલવ્યતિરેકિ અને અન્વયવ્યતિરેકિ; આ ત્રણ ભેદથી અનુમાન ત્રણ પ્રકારના છે. ત્યાં, જેનો વિપક્ષ નથી એવા હેતુને કેવલાન્વયિ કહેવાય છે. યદ્યપિ કેવલાન્વયિ સ્થળે જો વિપક્ષ પ્રસિદ્ધ હોય તો 'असद्विपक्षत्व' માં અસંભવ આવે છે. અને વિપક્ષ અપ્રસિદ્ધ હોય તો અપ્રસિદ્ધપ્રતિયોગિક અભાવ અપ્રસિદ્ધ હોવાથી પણ અસંભવ આવે છે. પરંતુ 'असद्विपक्ष'નો અર્થ 'निरवच्छिन्नवृत्तिमदत्यन्ताभावाप्रति-योगिसाध्यक' આ પ્રમાણે છે. એમાં 'निरवच्छिन्न' અને 'वृत्तिमद्'નો નિવેશ અનુક્રમે સંયોગાભાવ અને ગગનાભાવમાં અવ્યાપ્તિનું નિવારણ કરવા માટે છે... ઈત્યાદિ તર્કસંગ્રહના વિવરણમાં જણાવ્યું છે. 'इदं ज्ञेयमभिधेयत्वाद्' આ કેવલાન્વયિ અનુમાનનું ઉદાહરણ છે. સર્વત્ર જ્ઞેયત્વ હોવાથી નિશ્ચિત-સાધ્યાભાવવદ્ વિપક્ષનો અહીં અભાવ છે. એ સમજી શકાય છે. (સર્વધર્મો યદ્યપિ વ્યાવૃત્ત અર્થાદ્ વ્યાવૃત્તિમદ્ હોવાથી સર્વ ધર્મોનો અન્યન્તાભાવ પ્રસિદ્ધ છે. તેથી તાદૃશાત્યન્તાભાવા-પ્રતિયોગિત્વ સ્વરૂપ કેવલાન્વયિની પ્રસિદ્ધિ નથી. પરંતુ વ્યાવૃત્તત્વ સર્વધર્મોમાં હોવાથી વ્યાવૃત્તત્વમાં જ

તાદશાત્યન્તાભાવાપ્રતિયોગિત્વ સ્વરૂપ કેવલાન્વયિત્વ પ્રસિદ્ધ છે. તેમ જ તાદશવૃત્તિમદત્યન્તાભાવાપ્રતિયોગિત્વ સ્વરૂપ કેવલાન્વયિત્વ ગગનાભાવાદિમાં પ્રસિદ્ધ છે.) અહીં મુક્તાવલીનાં ( ) આ પ્રમાણેના કૌંસમાંના ગ્રંથનું વિવરણ કૌંસમાં લખ્યું છે. પ્રાચીન પુસ્તકોમાં એ પાઠ નથી. વસ્તુતઃ એ પાઠની આવશ્યકતા પણ નથી.

असत्सपक्षः... ઈત્યાદિ - અહીં પણ પૂર્વે જણાવ્યા મુજબ સપક્ષની પ્રસિદ્ધિ અને અપ્રસિદ્ધિથી લક્ષણનો અસંભવ ન થાય એ માટે; ''હેતુના સહચારનો ગ્રહ જેમાં થયો નથી, એવું વ્યતિરેકિ સાધ્ય જેનું છે, એ હેતુને કેવલવ્યતિરેકિ કહેવાય છે.'' આ પ્રમાણે 'असत्सपक्ष'નો અર્થ સમજવો. 'पृथिवी इतरेभ्यो भिद्यते गन्धवत्त्वाद्' અહીં; અનુમાનની પૂર્વે જલાદિ આઠ દ્રવ્યો અને અભાવને છોડીને અન્ય પાંચ પદાર્થો સ્વરૂપ તેરનો ભેદ સિદ્ધ ન હોવાથી નિશ્ચિતસાધ્યવત્ સપક્ષ ન હોવાથી 'गन्धवत्त्व' હેતુ કેવલવ્યતિરેકિ છે. વૈશેષિકો વગેરે અભાવને સ્વતન્ત્ર પદાર્થ માનતા નથી. તેથી 'जलादित्रयोदशभेदस्य' આ પ્રમાણે નિર્દેશ છે - એવું લાગે છે. સપક્ષ અને વિપક્ષ જેના છે, તે હેતુને 'अन्वयव्यतिरेकि' કહેવાય છે. 'वह्निमान् धूमाद्' અહીં મહાનસાદિ સપક્ષ અને જલહૃદાદિ વિપક્ષ હોવાથી ધૂમ હેતુ અન્વયવ્યતિરેકી છે - એ ખૂબ જ સ્પષ્ટ છે. ||૧૪૨||

**कारिकावली ।**

**अन्वयव्याप्तिरुक्तैव व्यतिरेकादिहोच्यते ।**
**साध्याभावव्यापकत्वं हेत्वभावस्य यद् भवेत् ॥१४३॥**

मुक्तावली ।

तत्र व्यतिरेकिणि व्यतिरेकव्याप्तिज्ञानं कारणं, तदर्थं व्यतिरेकव्याप्तिं निर्वक्ति - साध्याभावव्यापकत्वमिति - साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्वमित्यर्थः । अत्रेदं बोध्यम् । यत्सम्बन्धेन

यदवच्छिन्नं प्रति येन सम्बन्धेन येन रूपेण व्यापकता गृह्यते तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकतद्धर्मावच्छिन्नाभाववत्ताज्ञानात् तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकतद्धर्मावच्छिन्नाभावस्य सिद्धिः । इत्थञ्च यत्र विशेषणतादिसम्बन्धेनेतरत्वव्यापकत्वं गन्धाभावे गृह्यते, तत्रगन्धाभावाभावेनेतरत्वात्यन्ताभावः सिद्ध्यति । यत्र तु तादात्म्यसम्बन्धेनेतरव्यापकता गृह्यते तत्र तादात्म्यसम्बन्धेनेतरस्याभावः सिद्ध्यति । स एवान्योन्याभावः । एवं यत्र संयोगसम्बन्धेन धूमं प्रति संयोगसम्बन्धेन वह्ने र्व्यापकता गृह्यते तत्र संयोगसम्बन्धावच्छिन्नप्रतियोगिताकवह्न्यभावेन जलह्रदे संयोगसम्बन्धावच्छिन्नप्रतियोगिताकधूमाभावः सिद्ध्यति । अत्र च व्यतिरेकिव्याप्तिग्रहे व्यतिरेकसहचारज्ञानं कारणम् ।

केचित्तु व्यतिरेकसहचारेणान्वयव्याप्तिरेव गृह्यते । न तु व्यतिरेकव्याप्तिज्ञानमपि कारणम् । यत्र व्यतिरेकसहचाराद् व्याप्तिग्रहस्तत्र व्यतिरेकीत्युच्यते । साध्यप्रसिद्धिस्तु घटादावेव जाता, पश्चात् पृथिवीत्वावच्छेदेन साध्यत इति वदन्ति ॥१४३॥

००

## : વિવરણ :

तत्र व्यतिरेकिणि... ઈત્યાદિ - આશય એ છે કે વ્યતિરેકિલિઙ્ગકાનુમિતિની પ્રત્યે વ્યતિરેકવ્યાપ્તિજ્ઞાન કારણ છે; તેથી તે માટે વ્યતિરેકવ્યાપ્તિના સ્વરૂપનું નિર્વચન કરે છે - કારિકાવલીમાં 'साध्याभावव्यापकत्वम्' ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે, 'साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्व' સ્વરૂપ વ્યતિરેકવ્યાપ્તિ છે. અહીં એ વસ્તુ સમજવી જોઈએ કે જે સંબંધથી જે ધર્માવચ્છિન્નની પ્રત્યે, જે સંબંધથી જે રૂપે વ્યાપકતા ગ્રહણ કરાય છે; તે સંબન્ધાવચ્છિન્ન, તે ધર્માવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવવત્તાના જ્ઞાનથી; તે સંબંધાવચ્છિન્ન, તે ધર્માવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવની સિદ્ધિ થાય છે. સંયોગસંબંધથી ધૂમત્વાવચ્છિન્નધૂમની પ્રત્યે

(ધૂમનિષ્ઠવ્યાપ્યતાનિરૂપિત); સંયોગસંબંધથી વહ્નિત્વેન રૂપેણ વ્યાપકતા વહ્નિમાં ગ્રહણ કરાય છે. તેથી સંયોગસંબન્ધાવચ્છિન્ન વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ-વત્તાના જ્ઞાનથી; જલહ્રદાદિમાં સંયોગસંબન્ધાવચ્છિન્ન ધૂમત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકધૂમાભાવની સિદ્ધિ થાય છે. આવી જ રીતે જ્યાં વિશેષણતાદિસંબંધથી પૃથ્વીતરત્વનિષ્ઠ-વ્યાપ્યતાનિરૂપિતવ્યાપકતાનો ગંધાભાવમાં ગ્રહ થાય છે; ત્યાં પૃથ્વીમાં વિશેષણતાસંબંધાવચ્છિન્નગન્ધાભાવત્વાવચ્છિન્ન-પ્રતિયોગિતાકાભાવવત્તાના જ્ઞાનથી પૃથ્વીતરત્વાભાવની સિદ્ધિ થાય છે. પરન્તુ જ્યાં તાદાત્મ્યસંબંધથી પૃથ્વીતરનિષ્ઠ-વ્યાપ્યતાનિરૂપિતવ્યાપકતાનો ગ્રહ તાદશગંધાભાવમાં થાય છે; ત્યાં તાદશગંધાભાવાભાવવત્તાના જ્ઞાનથી પૃથ્વીમાં તાદાત્મ્યસંબન્ધથી ઈતરના અભાવની અર્થાત્ પૃથિવી-તરભેદની સિદ્ધિ થાય છે... ઈત્યાદિ ઉક્તપ્રાય: છે.

केचित्तु...ઈત્યાદિ - આશય એ છે કે, સાધ્યાભાવ અને હેત્વભાવના સહચારગ્રહથી અન્વયવ્યાપ્તિનો જ ગ્રહ થાય છે. અને એ અન્વયવ્યાપ્તિજ્ઞાન જ અનુમિતિની પ્રત્યે કારણ છે. વ્યતિરેકવ્યાપ્તિજ્ઞાન અનુમિતિની પ્રત્યે કારણ નથી. 'આ રીતે અનુમિતિની પ્રત્યે અન્વયવ્યાપ્તિજ્ઞાનને જ કારણ માનીએ તો હેતુમાં વ્યતિરેકિત્વના વ્યવહારની અનુપપત્તિ થશે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે જ્યાં અન્વયસહચારની અપેક્ષા વિના માત્ર વ્યતિરેકસહચારથી વ્યાપ્તિગ્રહ (અન્વયવ્યાપ્તિગ્રહ) થાય છે, ત્યાં કેવલવ્યતિરેકિત્વનો વ્યવહાર થાય છે. 'पृथ्वी इतरेभ्यो भिद्यते, गन्धवत्त्वाद्' ઈત્યાદિ સ્થળે, કોઈ પણ સ્થળે અનુમાનની પૂર્વે ઈતરભેદત્વેન રૂપથી સાધ્યની પ્રસિદ્ધિ ન હોવાથી અન્વયવ્યાપ્તિનો ગ્રહ શક્ય નથી - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે પક્ષતાવચ્છેદકાક્રાન્ત પક્ષૈકદેશઘટાદિમાં સાધ્યની પ્રસિદ્ધિ હોય છે. ત્યાં અન્વય-

વ્યાપ્તિગ્રહ થયા પછી પૃથ્વીત્વાદ્યવચ્છેદેન સાધ્યસિદ્ધિ કરાય છે. પક્ષતાવચ્છેદકાવચ્છેદેન સાધ્યસિદ્ધિની પ્રત્યે પક્ષતા-વચ્છેદકસામાનાધિકરણ્યેન સાધ્યસિદ્ધિ પ્રતિબંધિકા નથી એ સમજી શકાય છે. આ પ્રમાણે કેટલાક લોકોની માન્યતા છે. ||૧૪૩||

## कारिकावली ।

**अर्थापत्तिस्तु नैवेह प्रमाणान्तरमिष्यते ।**
**व्यतिरेकव्याप्तिबुद्ध्या चरितार्था हि सा यतः ॥१४४॥**

मुक्तावली ।

अर्थापत्तिस्त्विति । अर्थापत्तिं प्रमाणान्तरं केचन मन्यन्ते । तथा हि यत्र देवदत्तस्य शतवर्षजीवित्वं ज्योतिःशास्त्रादवगतं जीविनो गृहासत्त्वञ्च प्रत्यक्षादवगतम्, तत्र शतवर्षजीवित्वान्यथानुपपत्त्या बहिः-सत्त्वं कल्प्यते । तदप्यनुमानेन गतार्थत्वान्नेष्यते । तथा हि - यत्र जीवित्वस्य बहिःसत्त्वगृहसत्त्वान्यतरव्याप्यत्वं गृहीतं, तत्रान्यतरसिद्धौ जायमानायां गृहसत्त्वबाधाद् बहिःसत्त्वमनुमितौ भासते । एवं पीनो देवदत्तो दिवा न भुङ्क्त इत्यादौ पीनत्वस्य भोजनव्याप्यत्वावगमाद् भोजनं सिद्ध्यति । दिवा भोजनबाधे च रात्रिभोजनं सिद्ध्यति ।

अभावप्रत्यक्षस्याऽऽनुभविकत्वादनुपलम्भोऽपि न प्रमाणान्तरम् । किञ्चानुपलम्भस्याज्ञातस्य हेतुत्वे ज्ञानाकरणकत्वात्प्रत्यक्षत्वं, ज्ञातस्य हेतुत्वे तु तत्राप्यनुपलम्भान्तरापेक्षेत्यनवस्था । एवं चेष्टाऽपि न प्रमाणान्तरम् । तस्याः सङ्केतग्राहकशब्दस्मारकत्वेन लिप्यादिसम-शीलत्वाच्छब्द एवान्तर्भावात् । यत्र तु व्याप्त्यादिग्रहस्तत्रानुमितिरेवेति ॥१४४॥ इति बुद्धिनिरूपणम् ॥

००

## : વિવરણ :

अर्थापत्तिं प्रमाणान्तरं केचन... ઈત્યાદિ - આશય એ છે કે, મીમાંસકો 'અર્થાપત્તિ'ને પણ એક પ્રમાણ તરીકે માને છે.

જ્યાં જ્યોતિષશાસ્ત્રથી દેવદત્તના સો વર્ષના આયુષ્યનો નિર્ણય થયો છે; અને જીવતાં એવા તેનાં ગૃહાસત્ત્વનું જ્ઞાન થયું છે, ત્યાં દેવદત્તના શતવર્ષજીવિત્વની અન્યથા અનુપપત્તિ ન થાય- એ માટે દેવદત્તનું બહિ:સત્ત્વ મનાય છે. આ રીતે દેવદત્તાદિનાં બહિ:સત્ત્વાદિનું જ્ઞાન અર્થાપત્તિપ્રમાણથી થાય છે. આ મીમાંસકોનું કથન છે. પરન્તુ એ બરાબર નથી. કારણ કે આવા સ્થળે દેવદત્તાદિના બહિ:સત્ત્વાદિનું જ્ઞાન અનુમાનથી થઈ શકે છે. જ્યાં જીવિત્વમાં બહિ:સત્ત્વ અને ગૃહસત્ત્વ એતદન્યતરનું વ્યાપ્યત્વ ગૃહીત છે, ત્યાં બહિ:સત્ત્વ અને ગૃહસત્ત્વ એતદન્યતરની સિદ્ધિ થયે છતે દેવદત્તાદિના ગૃહસત્ત્વનો બાધ હોવાથી 'બહિ:સત્ત્વ' અનુમિતિમાં ભાસિત થાય છે. આવી જ રીતે 'पीनो देवदत्तो दिवा न भुङ्क्ते' ઈત્યાદિ સ્થળે પણ પીનત્વમાં ભોજનનાં વ્યાપ્યત્વના જ્ઞાનથી દેવદત્તાદિના ભોજનની સિદ્ધિ થાય છે; અને દિવાભોજનના બાધથી રાત્રિભોજનની સિદ્ધિ થાય છે. આથી સ્પષ્ટ છે કે અનુમાનથી જ ઉપર જણાવ્યા મુજબ દેવદત્તાદિના બહિ:સત્ત્વાદિનું જ્ઞાન શક્ય હોવાથી અર્થાપત્તિને પ્રમાણ માનવાની આવશ્યકતા નથી.

अभावप्रत्यक्षस्या... ઈત્યાદિ - આશય એ છે કે ચક્ષુરાદિ ઈન્દ્રિયોથી અભાવનું પ્રત્યક્ષ થાય છે - એ અનુભવસિદ્ધ હોવાથી અભાવના પ્રત્યક્ષની ઉપપત્તિ માટે યોગ્યાનુપલબ્ધિ સ્વરૂપ અનુપલંભને પ્રમાણ માનવાની આવશ્યકતા નથી. યોગ્યાનુપલબ્ધિના સહકારથી ઈન્દ્રિયાદિ ક્લૃપ્તપ્રમાણથી જ અભાવપ્રત્યક્ષની ઉપપત્તિ શક્ય છે. 'અભાવપ્રત્યક્ષની પ્રત્યે યોગ્યાનુપલબ્ધિને સહકારિકારણ માનવાની અપેક્ષાએ તો અનુપલંભને અતિરિક્ત પ્રમાણ માનવામાં ઔચિત્ય છે.' આવું નહીં કહેવું જોઈએ. કારણ કે અનુપલંભને અજ્ઞાતરૂપે અર્થાત્ સ્વરૂપથી વિદ્યમાન એવા તેને (અનુપલંભને) કારણ માનીએ

તો, અનુપલંભજન્યઅભાવપ્રત્યક્ષ, જ્ઞાનાકરણકજ્ઞાનસ્વરૂપ હોવાથી પ્રત્યક્ષ છે. અને તેથી 'प्रत्यक्षज्ञानकरणत्व' સ્વરૂપ પ્રત્યક્ષપ્રમાણત્વ ઈન્દ્રિયોમાં સિદ્ધ હોવાથી અનુપલંભને સહકારિકારણ માનવામાં જ ઔચિત્ય છે. અનુપલંભને જ્ઞાતરૂપે અર્થાદ્ અનુપલંભના જ્ઞાનને અભાવપ્રત્યક્ષની પ્રત્યે કારણ માનીએ તો અભાવપ્રત્યક્ષ, જ્ઞાનાકરણક ન હોવાથી તેનો પ્રત્યક્ષમાં સમાવેશ ન થાય તો પણ તત્(અભાવપ્રત્યક્ષ) કારણીભૂત પ્રતિયોગ્યુપલંભાભાવ સ્વરૂપ અનુપલંભનું જ્ઞાન પણ અભાવપ્રત્યક્ષ (ઉપલંભાભાવપ્રત્યક્ષ) સ્વરૂપ હોવાથી તેની પ્રત્યે પણ અનુપલંભના જ્ઞાનને કારણ માનવાનો પ્રસંગ આવશે, તેથી 'અનવસ્થા' આવશે. માટે અભાવપ્રત્યક્ષની ઉપપત્તિ માટે અનુપલંભને પ્રમાણાન્તર માનવાની આવશ્યકતા નથી, એ સમજી શકાય છે. આવી જ રીતે હસ્તાદિની ચેષ્ટાથી થતા જ્ઞાનની ઉપપત્તિ માટે 'ચેષ્ટા'ને પણ સ્વતન્ત્ર પ્રમાણ માનવાની આવશ્યકતા નથી. લિપ્યાત્મક શબ્દો જેવી રીતે સંકેતગ્રાહકશબ્દના સ્મારક હોય છે, તેવી જ રીતે હસ્તાદિચેષ્ટા પણ સઙ્કેતગ્રાહકશબ્દની સ્મારિકા હોવાથી તજ્જન્યજ્ઞાનનો શાબ્દબોધમાં સમાવેશ થઈ શકે છે. પરન્તુ જ્યાં ચેષ્ટાથી વ્યાપ્ત્યાદિનો ગ્રહ થાય છે, ત્યાં ચેષ્ટાના સહકારથી અનુમિતિ જ થાય છે. આથી સ્પષ્ટ છે કે ક્લૃપ્ત શબ્દાદિપ્રમાણથી અતિરિક્ત ચેષ્ટાને પણ પ્રમાણ માનવાની આવશ્યકતા નથી. ॥૧૪૪॥ इति शेषबुद्धिनिरूपणम् ॥

## कारिकावली ।

**सुखं तु जगतामेव काम्यं धर्मेण जायते ।**
**अधर्मजन्यं दुःखं स्यात् प्रतिकूलं सचेतसाम् ॥१४५॥**

मुक्तावली ।

सुखं निरूपयति-सुखं तु जगतामेवेति । काम्यम् -

अभिलाषविषयः । धर्मेणेति-धर्म्मत्वेन सुखत्वेन कार्य्यकारणभाव इत्यर्थः ॥ इति सुखनिरूपणम् ॥

दुःखं निरूपयति-अधर्म्मेति । अधर्म्मत्वेन दुःखत्वेन कार्यकारण-भाव इत्यर्थः । प्रतिकूलमिति-दुःखत्वज्ञानादेव सर्वेषां स्वाभाविकद्वेष-विषय इत्यर्थः ॥१४५॥ इति दुःखनिरूपणम् ॥

००

## : વિવરણ :

હવે ક્રમપ્રાપ્ત સુખનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં सुखं तु ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે જગતના સર્વ પ્રાણીઓની ઈચ્છાનો વિષય સુખ છે. યદ્યપિ તર્કસંગ્રહમાં જણાવ્યા મુજબ સુખના સાધનમાં અતિવ્યાપ્તિનું નિવારણ કરવા 'इतरेच्छानधीनेच्छाविषयत्व' ની વિવક્ષા કરીએ તો પણ દુઃખાભાવના સાધનમાં પણ ઈતરેચ્છાનધીનેચ્છાવિષયત્વ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે 'ईतरद्वेषानधीनत्व'ની પણ ઈચ્છામાં વિવક્ષા કરી લેવી. જેથી, દુઃખાભાવસાધનમાં દુઃખદ્વેષાધીન- ઈચ્છાવિષયત્વ હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. સુખની પ્રત્યે ધર્મ કારણ છે. અર્થાદ્ सुखत्वावच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपितसमवाय-सम्बन्धावच्छिन्नधर्मत्वावच्छिन्नकारणता ધર્મમાં છે. આ પ્રમાણે સુખ અને ધર્મનો કાર્યકારણભાવ છે. ॥ इति सुखनिरूपणम् ॥

હવે દુઃખનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં अधर्म... ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે, અધર્મત્વેન અને દુઃખત્વેન સમવાયઘટિત, દુઃખ અને અધર્મનો કાર્યકારણભાવ છે. અધર્મજન્ય દુઃખ, બધાને પ્રતિકૂલ છે. દુઃખત્વપ્રકારક-જ્ઞાનથી જ દુઃખ બધાના દ્વેષનો વિષય છે. ॥૧૪૫॥ इति दुःखनिरूपणम् ॥

## कारिकावली ।

**निर्दुःखत्वे सुखे चेच्छा तज्ज्ञानादेव जायते ।**
**इच्छा तु तदुपाये स्यादिष्टोपायत्वधीर्यदि ॥१४६॥**
**चिकीर्षा कृतिसाध्यत्वप्रकारेच्छा तु या भवेद् ।**
**तद्धेतुः कृतिसाध्येष्टसाधनत्वमति र्भवेत् ॥१४७॥**

### मुक्तावली ।

इच्छां निरूपयति-निर्दुःखत्व इति । इच्छा हि फलविषयिणी उपायविषयिणी च । फलन्तु सुखं दुःखाभावश्च । तत्र फलेच्छां प्रति फलज्ञानं कारणम् । अत एव पुरुषार्थः सम्भवति, यज्ज्ञातं सत् स्ववृत्तितयेष्यते स पुरुषार्थ इति तल्लक्षणात् । इतरेच्छानधीनेच्छा-विषयत्वं फलितोऽर्थः । उपायेच्छां प्रतीष्टसाधनताज्ञानं कारणम् ॥१४६॥

चिकीर्षेति । कृतिसाध्यत्वप्रकारिका कृतिसाध्यविषयिणीच्छा चिकीर्षा । पाकं कृत्या साधयामीति तदनुभवात् । चिकीर्षां प्रति कृतिसाध्यताज्ञानमिष्टसाधनताज्ञानञ्च कारणम् । तद्धेतुरिति - अत एव वृष्ट्यादौ कृतिसाध्यताज्ञानाभावान्न चिकीर्षा ॥१४७॥

०० 

### : વિવરણ :

ઈચ્છાનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં निर्दुःखत्वे... ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે ફલેચ્છા અને ઉપાયેચ્છાના ભેદથી ઈચ્છા બે પ્રકારની છે. સુખ અને દુઃખાભાવ આ બે ફલ છે. દ્વિવિધ ઈચ્છામાં જે ફલેચ્છા છે તેની પ્રત્યે ફલજ્ઞાન કારણ છે. તેથી જ અર્થાત્ ફલેચ્છાની પ્રત્યે ફલજ્ઞાન કારણ હોવાથી તાદશ સુખાદિ સ્વરૂપ ફલને પુરુષાર્થ કહેવાય છે. ''જે વસ્તુ જ્ઞાનનો વિષય બન્યા પછી 'એ મને મળે' એવી ઈચ્છાનો વિષય બને છે.'' તેને પુરુષાર્થ કહેવાય

છે. 'स्वविषयकज्ञानजन्येच्छाविषयत्व' આ પ્રમાણે પુરુષાર્થનું લક્ષણ છે. યદ્યપિ સ્વવિષયકેષ્ટસાધનતાજ્ઞાનજન્યેચ્છા-વિષયત્વ તો સુખાદિના ઉપાયમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવે છે. પરન્તુ ઉક્તલક્ષણનું તાત્પર્ય 'इतरेच्छानधीनेच्छा-विषयत्व' હોવાથી સુખેચ્છાધીનેચ્છાના વિષય ઉપાયમાં અતિવ્યાપ્તિ નહીં આવે. ઉપાયેચ્છાની પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. ॥૧૪૬॥

चिकीर्षेति-कृतिसाध्यत्व... ઈત્યાદિ - આશય એ છે કે, કૃતિસાધ્યત્વપ્રકારકકૃતિસાધ્યવિષયક જે ઈચ્છા છે, તેને 'ચિકીર્ષા' કહેવાય છે. 'पाकं कृत्या साधयामि' ઈત્યાદ્યાકારક અનુભવથી ચિકીર્ષા ગમ્ય છે. ચિકીર્ષાની પ્રત્યે કૃતિસાધ્યતાનું અને ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. ચિકીર્ષાની પ્રત્યે કૃતિ-સાધ્યતાનું જ્ઞાન કારણ હોવાથી વૃષ્ટિ વગેરેમાં તાદશકૃતિ-સાધ્યત્વનું જ્ઞાન ન હોવાથી વૃષ્ટ્યાદિમાં ચિકીર્ષા થતી નથી. અન્યથા ઈષ્ટસાધનતાનાં જ્ઞાનમાત્રથી જ ચિકીર્ષાની ઉત્પત્તિ માનીએ તો વૃષ્ટ્યાદિમાં પણ ચિકીર્ષાનો પ્રસંગ આવશે. ચિકીર્ષાની પ્રત્યે ઈષ્ટસાધનતાજ્ઞાનને કારણ ન માનીએ તો જલતાડનાદિમાં નિષ્ફલત્વનું જ્ઞાન હોય તો પણ ચિકીર્ષાનો પ્રસંગ આવશે - એ સમજી શકાય છે. ॥૧૪૭॥

## कारिकावली ।

**बलवद्द्विष्टहेतुत्वमतिः स्यात्प्रतिबन्धिका ।**
**तदहेतुत्वबुद्धेस्तु हेतुत्वं कस्यचिन्मते ॥१४८॥**

मुक्तावली ।

बलवदिति-बलवद्द्विष्टसाधनताज्ञानं तत्र प्रतिबन्धकमतो मधु-विषसम्पृक्तान्नभोजने न चिकीर्षा । बलवद्द्वेषः प्रतिबन्धक इत्यन्ये ।

तदहेतुत्वेति । बलवदनिष्टाजनकत्वज्ञानं तत्र कारणमित्यर्थः । (कृतिसाध्यताज्ञानादिमतो बलवदनिष्टसाधनताज्ञानशून्यस्य बलवद-

निष्टाजनकत्वज्ञानं विनाऽपि चिकीर्षायां विलम्बाभावात् कस्यचिन्मत इत्यस्वरसो दर्शितः) ॥१४८॥ इतीच्छानिरूपणम् ॥

०० 

## : વિવરણ :

મધુવિષ(મીઠું ઝેર)સમ્પૃક્તઅન્નભોજનાદિમાં પણ કૃતિસાધ્યતા અને ઈષ્ટસાધનતાનું જ્ઞાન હોવાથી ચિકીર્ષાનો પ્રસંગ આવશે. તેથી તેના નિવારણ માટે જણાવે છે - કારિકાવલીમાં बलवद्... ઈત્યાદિ. આશય એ છે કે ચિકીર્ષાની પ્રત્યે બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન પ્રતિબંધક હોવાથી મધુવિષસમ્પૃક્ત અન્નભોજનાદિમાં બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન હોવાથી ચિકીર્ષા થતી નથી. કેટલાક લોકો ચિકીર્ષાની પ્રત્યે બલવદ્દ્વિષ્ટસાધનતાના જ્ઞાનની અપેક્ષાએ લઘુભૂત તજ્જ્ઞાનજન્ય બલવદ્દ્વેષને પ્રતિબંધક માને છે. પરંતુ એ મતમાં 'इत्यन्ये' કહીને ગ્રંથકારે અસ્વારસ્ય જણાવ્યું છે. એનું બીજ જાણવાની ઈચ્છાવાળાએ દિનકરી જોવી. तदहेतु... ઈત્યાદિ - આશય એ છે કે ચિકીર્ષાની પ્રત્યે બલવદ્-અનિષ્ટાજનકત્વના જ્ઞાનને કેટલાક લોકો કારણ માને છે. મધુવિષસમ્પૃક્તઅન્નભોજનાદિસ્થળે બલવદ્અનિષ્ટ-જનકત્વના જ્ઞાનથી તાદશાનિષ્ટાજનકત્વના જ્ઞાનનો પ્રતિબંધ થવાથી કારણાભાવના કારણે જ ચિકીર્ષા થતી નથી. આ મતમાં પણ કારિકાવલીમાં 'कस्यचिन्मते' થી જણાવેલા અસ્વારસ્યને જણાવે છે - कृतिसाध्यता... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે જે વ્યક્તિને કૃતિસાધ્યતાનું જ્ઞાન છે અને બલવદનિષ્ટસાધનત્વનું જ્ઞાન નથી, તેને પણ બલવદનિષ્ટા-જનકત્વના જ્ઞાન વિના ચિકીર્ષામાં વિલંબ થશે... ઈત્યાદિ સમજી શકાય છે. कृतिसाध्यता... ઈત્યાદિ પાઠ, ઘણા પુસ્તકોમાં નથી. તેમ જ દિનકરીકારસમ્મત પણ નથી. તેથી કૌંસમાં જણાવ્યો છે. પરન્તુ પ્રકૃતોપયોગી હોવાથી તેનું

વિવરણ કૌંસમાં મૂક્યું નથી. ॥૧૪૮॥

॥ इतीच्छानिरूपणम् ॥

## कारिकावली ।

**द्विष्टसाधनताबुद्धिर्भवेद् द्वेषस्य कारणम् ।**
**प्रवृत्तिश्च निवृत्तिश्च तथा जीवनकारणम् ॥१४९॥**
**एवं प्रयत्नत्रैविध्यं तान्त्रिकैः परिकीर्त्तितम् ।**

मुक्तावली ।

द्वेषं निरूपयति-द्विष्टसाधनतेति । दुःखोपायविषयकं द्वेषं प्रति बलवद्द्विष्टसाधनताज्ञानं कारणमित्यर्थः । बलवदिष्टसाधनताज्ञानञ्च प्रतिबन्धकम् । तेन नान्तरीयकदुःखजनके पाकादौ न द्वेषः ॥ इति द्वेषनिरूपणम् ॥

यत्नं निरूपयति-प्रवृत्तिश्चेति । प्रवृत्तिनिवृत्तिजीवनयोनियत्नभेदात् प्रयत्नस्त्रिविध इत्यर्थः ॥१४९॥

००

**: વિવરણ :**

દ્વેષનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં द्विष्टसाधनता... ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે દુઃખોપાયવિષયકદ્વેષની પ્રત્યે બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. અને બલવદ્ઇષ્ટ-સાધનતાનું જ્ઞાન પ્રતિબંધક છે. તેથી (બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન દ્વેષની પ્રત્યે કારણ હોવાથી) પાકાદિ નાન્તરીયકદુઃખના જનક હોવા છતાં બલવદ્દ્વિષ્ટસાધન ન હોવાથી તેમાં દ્વેષની ઉત્પત્તિ થતી નથી. ઇત્યાદિ સ્પષ્ટ છે.

॥ इति द्वेषनिरूपणम् ॥

પ્રયત્નનું નિરૂપણ કરે છે - કારિકાવલીમાં प्रवृत्तिश्च... ઇત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે પ્રવૃત્તિ, નિવૃત્તિ અને જીવનયોનિ ભેદથી પ્રયત્ન ત્રણ પ્રકારનો મનાય છે... ઇત્યાદિ સુગમ છે.

चिकीर्षा कृतिसाध्येष्टसाधनत्वमतिस्तथा ॥१५०॥

मुक्तावली ।

चिकीर्षेत्यादि-मधुविषसम्पृक्तान्नभोजनादौ बलवदनिष्टानुबन्धित्वज्ञानेन चिकीर्षाभावान्न प्रवृत्तिरिति भावः । कृतिसाध्यताज्ञानादिवद् बलवदनिष्टाननुबन्धित्वज्ञानमपि स्वतन्त्रान्वयव्यतिरेकाभ्यां प्रवृत्तौ कारणमित्यपि वदन्ति ॥

०० 

: વિવરણ :

કારિકાવલીમાં 'चिकीर्षा...' ઈત્યાદિ. આશય એ છે કે, પ્રવૃત્તિની પ્રત્યે ચિકીર્ષા, કૃતિસાધ્યત્વનું જ્ઞાન અને ઈષ્ટ-સાધનત્વનું જ્ઞાન કારણ છે. 'પ્રવૃત્તિની પ્રત્યે બલવદનિષ્ટાનુબંધિત્વજ્ઞાનના અભાવને કારણ ન માનીએ તો' મધુવિષ-સંપૃકતઅન્નભોજનાદિમાં પ્રવૃત્તિનો પ્રસંગ આવશે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે મધુવિષસમ્પૃકતઅન્ન-ભોજનાદિસ્થળે બલવદનિષ્ટાનુબંધિત્વના જ્ઞાનથી ચિકીર્ષાનો અભાવ છે. તેથી ચિકીર્ષા સ્વરૂપ કારણના અભાવથી જ મધુવિષસમ્પૃકતઅન્નભોજનાદિમાં પ્રવૃત્તિ થતી નથી. કેટલાક લોકો કૃતિસાધ્યતાદિના જ્ઞાનની જેમ બલવદનિષ્ટા-નનુબન્ધિત્વના જ્ઞાનને પણ પ્રવૃત્તિની પ્રત્યે કારણ માને છે. અન્યથા બલવદનિષ્ટાનનુબન્ધિત્વજ્ઞાનની જેમ કૃતિસાધ્ય-તાદિજ્ઞાન પણ ચિકીર્ષાની પ્રત્યે કારણ હોવાથી પ્રવૃત્તિની પ્રત્યે કૃતિસાધ્યતાદિજ્ઞાનને પણ કારણ માની શકાશે નહીં... ઈત્યાદિ સ્વયં સમજી લેવું.

मुक्तावली ।

कार्यताज्ञानं प्रवर्त्तकमिति गुरवः । तथा हि-ज्ञानस्य प्रवृत्तौ जननीयायां चिकीर्षातिरिक्तं नाऽपेक्षितमस्ति; सा च कृति-

साध्यताज्ञानसाध्या, इच्छायाः स्वप्रकारप्रकारकधीसाध्यत्वनियमात् । चिकीर्षा हि कृतिसाध्यत्वप्रकारकेच्छा, तत्र कृतिसाध्यत्वं प्रकारः, तत्प्रकारकज्ञानं चिकीर्षायां कारणं, तद्द्वारा प्रवृत्तौ च हेतुः, नत्विष्टसाधनताज्ञानं तत्र हेतुः, नित्ये तदभावात् । कृत्यसाध्येऽपि चन्द्रमण्डलानयनादौ प्रवृत्त्यापत्तेः । ननु कृत्यसाध्यताज्ञानं प्रतिबन्धकमिति चेन्न । तदभावापेक्षया कृतिसाध्यताज्ञानस्य लघुत्वात् । न च द्वयोरेव हेतुत्वं गौरवात् । ननु त्वन्मतेऽपि मधुविषसम्पृक्तान्नभोजने चैत्यवंदने च प्रवृत्त्यापत्तिः कार्यताज्ञानस्य सत्त्वादिति चेन्न । स्वविशेषणवत्ताप्रतिसन्धानजन्यकार्यताज्ञानस्य प्रवर्त्तकत्वात् । काम्ये हि यागपाकादौ कामना स्वविशेषणम् । ततश्च बलवदनिष्टाननुबन्धिकाम्यसाधनताज्ञानेन कार्यताज्ञानम्, ततः प्रवृत्तिः । तृप्तश्च भोजने न प्रवर्त्तते तदानीं कामनायाः पुरुषविशेषणत्वाभावात् । नित्ये च शौचादिकं पुरुषविशेषणम्, तेन शौचादिज्ञानाधीनकृतिसाध्यताज्ञानात् तत्र प्रवृत्तिः ।

ननु तदपेक्षया लाघवेन बलवदनिष्टाननुबन्धीष्टसाधनताज्ञानविशिष्टकार्यताज्ञानमेव हेतुरस्तु, बलवदनिष्टाननुबन्धित्वं चेष्टोत्पत्तिनान्तरीयकदुःखाधिकदुःखाजनकत्वम्, बलवद्द्वेषविषयदुःखाजनकत्वं वेति चेन्न । इष्टसाधनत्वकृतिसाध्यत्वयो र्युगपज्ज्ञातुमशक्यत्वात्, साध्यत्वसाधनत्वयो र्विरोधात् । असिद्धस्य हि साध्यत्वं सिद्धस्य च साधनत्वम् । न चैकमेकेनैकदा सिद्धमसिद्धञ्च ज्ञायते, तस्मात् कालभेदादुभयं ज्ञायत इति ।

मैवम् । लाघवेन बलवदनिष्टाननुबन्धीष्टसाधनत्वे सति कृतिसाध्यताज्ञानस्य हेतुत्वात् । न च साध्यत्वसाधनत्वयो र्विरोधः; यदा कदाचित् साध्यत्वसाधनत्वयोरविरोधात्, एकदा साध्यत्वसाधनत्वयोश्चाज्ञानात् ।

००

## : વિવરણ :

कार्यताज्ञानं प्रवर्त्तकम्... ઇત્યાદિ આશય એ છે કે

પ્રવૃત્તિની પ્રત્યે ચિકીર્ષા કારણ છે. અને ચિકીર્ષાની પ્રત્યે કાર્યતાનું જ્ઞાન કારણ છે. આ રીતે પરંપરાએ પ્રવૃત્તિની પ્રત્યે કાર્યતાજ્ઞાન કારણ બને છે; ઈષ્ટસાધનતાનું જ્ઞાન પ્રવૃત્તિની પ્રત્યે કારણ નથી. કારણ કે નિત્યસંધ્યાવંદનાદિકર્મોનું કોઈ ફલ ન હોવાથી ત્યાં ઈષ્ટસાધનત્વના જ્ઞાનનો અભાવ હોવાથી નિત્યકર્મોમાં પ્રવૃત્તિ નહીં થાય... ઈત્યાદિ પ્રાભાકરોના મતને સ્પષ્ટ કરે છે - तथा हि... ઈત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે કૃતિસાધ્યતાજ્ઞાનને પ્રવૃત્તિને ઉત્પન્ન કરવા માટે ચિકીર્ષાને છોડીને અન્ય કોઈની અપેક્ષા નથી. ચિકીર્ષા, કૃતિસાધ્યતાના અર્થાદ્ કાર્યતાનાં જ્ઞાનથી સાધ્ય છે. કારણ કે ઈચ્છા; સ્વપ્રકાર છે પ્રકાર જેનો એવી બુદ્ધિથી સાધ્ય હોય છે. કૃતિસાધ્યત્વપ્રકારક-ઈચ્છા સ્વરૂપ ચિકીર્ષા છે. તાદશ ઈચ્છામાં 'કૃતિસાધ્યત્વ' પ્રકાર છે; તેથી કૃતિસાધ્યત્વપ્રકારકજ્ઞાન ચિકીર્ષાની પ્રત્યે કારણ છે. અને ચિકીર્ષા દ્વારા અર્થાદ્ કૃતિસાધ્યત્વપ્રકારક-ઈચ્છા દ્વારા કૃતિસાધ્યત્વપ્રકારકજ્ઞાન પ્રવૃત્તિની પ્રત્યે કારણ છે- એ સ્પષ્ટ છે. પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ નથી. અન્યથા નિત્યકર્મોમાં ઉપર જણાવ્યા મુજબ પ્રવૃત્ત્યનુપપત્તિ થશે. પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનતાનાં જ્ઞાનને જ કારણ માનીએ અને કૃતિસાધ્યતાનાં જ્ઞાનને કારણ ન માનીએ તો કૃતિથી અસાધ્ય એવા ચંદ્રમંડલાનયનાદિમાં પ્રવૃત્તિનો પ્રસંગ આવશે. યદ્યપિ ચંદ્રમંડલાનયનાદિમાં પ્રવૃત્તિના પ્રસંગનું નિવારણ કરવા પ્રવૃત્તિની પ્રત્યે કૃત્યસાધ્યતાનાં જ્ઞાનને પ્રતિબંધક માની શકાય છે. પરન્તુ આ રીતે પ્રવૃત્તિની પ્રત્યે કૃતિથી અસાધ્યતાનાં જ્ઞાનને પ્રતિબંધક માની પ્રતિબંધકાભાવવિધયા કૃત્યસાધ્યતાજ્ઞાનાભાવને કારણ માનવાની અપેક્ષાએ કૃતિસાધ્યતાને કારણ માનવામાં લાઘવ છે. પ્રવૃત્તિની પ્રત્યે કૃતિસાધ્યતાનાં જ્ઞાનને અને ઈષ્ટસાધનતાનાં જ્ઞાનને અર્થાદ્

બંન્નેને કારણ માનવા જોઈએ - એ કહેવું યોગ્ય નથી. કારણ કે તેમ માનવામાં તો ગૌરવ સ્પષ્ટ છે. न च द्वयोरेव... અહીં 'एव' કાર 'अपि' અર્થમાં છે. યદ્યપિ પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનતાનાં જ્ઞાનને કારણ માનીએ તો ઉપર જણાવ્યા મુજબ નિત્યકર્મમાં પ્રવૃત્ત્યનુપપત્તિ આવે છે. એવી રીતે કૃતિસાધ્યતાનાં જ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનીએ તો મધુવિષસમ્પૃક્તઅન્નભોજનમાં અને ચૈત્યવંદનાદિમાં પણ પ્રવૃત્તિનો પ્રસંગ આવશે. કારણ કે ત્યાં પણ કૃતિસાધ્યતાનું જ્ઞાન તો છે જ. પરંતુ સ્વવિશેષણવત્તાનાં પ્રતિસંધાનથી જન્ય એવા કાર્યતા (કૃતિસાધ્યતા)નાં જ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનવાથી મધુવિષસમ્પૃક્તઅન્નભોજનાદિમાં પ્રવૃત્તિનો પ્રસંગ નહીં આવે. આશય એ છે કે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રવૃત્તિની પ્રત્યે કારણભૂત કાર્યતાજ્ઞાન અનુમિતિ સ્વરૂપ અહીં વિવક્ષિત છે. તાદૃશાનુમિતિ સ્વરૂપ કાર્યતાજ્ઞાન; સ્વ અર્થાદ્ પ્રવર્ત્તમાન પુરુષની જે કામના, તદ્વત્તાનાં પ્રતિસન્ધાન અર્થાદ્ જ્ઞાનથી જન્ય હોવું જોઈએ. આથી સ્પષ્ટ છે કે સ્વવિશેષણવત્તાનું પ્રતિસંધાન લિઙ્ગજ્ઞાનવિધયા જેમાં કારણ છે - એવા કાર્યતાજ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનવામાં આવે છે. કામ્યકર્મસ્થળે કામના (યજ્ઞ, પાક આદિની ઈચ્છા) પુરુષવિશેષણ હોય છે. અને નિત્યકર્મ સ્થળે 'શૌચાદિ' પુરુષવિશેષણ હોય છે. 'कृते फलविशेषजनकत्वे सति, अकृते प्रत्यवायाजनकत्वम्' આ 'કામ્ય'નું લક્ષણ છે. 'कृते फलविशेषाजनकत्वे सति, अकृते प्रत्यवायजनकत्वम्' આ 'નિત્ય'નું લક્ષણ છે. 'कृते फलविशेषजनकत्वे सति, अकृते प्रत्यवायजनकत्वम्' આ 'નૈમિત્તિક'નું લક્ષણ છે. 'पाको मत्कृतिसाध्यो मत्कृतिं विनाऽसत्त्वे सति मदिष्टसाधनत्वाद्' આ અનુમાનથી પાકમાં 'કૃતિસાધ્યત્વ'નું જ્ઞાન થાય છે. એમાં હેતુઘટક પુરુષની ઈચ્છાના સંબંધનું જ્ઞાન લિંગવિધયા કારણ છે.

મધુવિષસમ્પૃક્તઅન્નભોજનમાં 'કૃતિસાધ્યત્વ'નું જ્ઞાન હોવા છતાં એ જ્ઞાન, ઉક્ત રીતે પ્રવર્ત્તમાન પુરુષની કામના સ્વરૂપ વિશેષણવત્તાનાં પ્રતિસંધાનથી જન્ય નથી. કારણ કે તાદૃશાન્નભોજનમાં પુરુષની ઈચ્છા નથી. આથી સ્પષ્ટ છે કે સ્વવિશેષણવત્તાનાં પ્રતિસંધાનથી જન્ય કાર્યતાજ્ઞાન, મધુવિષસમ્પૃક્તાન્નભોજનમાં તેમ જ ચૈત્યવંદનાદિ નિષ્ફળ કર્મમાં ન હોવાથી ત્યાં પ્રવૃત્તિનો પ્રસંગ નહીં આવે. આવી જ રીતે 'अहमिदानीन्तनकृतिसाध्यसन्ध्यावन्दनो द्विजातित्वे सति विहितसन्ध्याकालीनशौचादिमत्त्वाद्, यो द्विजातित्वे सति विहित-सन्ध्याकालीनशौचादिमान् स तत्कालीनकृतिसाध्यसन्ध्यावन्दनः ।' આ પ્રમાણેના અનુમાનથી નિત્યસન્ધ્યાવંદનાદિમાં પણ સ્વવિશેષણશૌચવત્તાનાં પ્રતિસંધાનથી જન્ય કાર્યતાજ્ઞાન હોવાથી પ્રવૃત્તિ ઉપપન્ન બને છે - એ સમજી શકાય છે; અને તેથી 'ततश्च बलवदनिष्टा... तत्र प्रवृत्तिः' આ ગ્રંથનું તાત્પર્ય પણ સમજી શકાય છે.

ननु... ઈત્યાદિ - આશય એ છે કે, ઉપર જણાવ્યા મુજબ બલવદનિષ્ટાનનુબન્ધિત્વવિશિષ્ટ-ઈષ્ટસાધનતાજ્ઞાન-જન્યકૃતિસાધ્યતાજ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનવાની અપેક્ષાએ તાદૃશઈષ્ટસાધનતાજ્ઞાનવિશિષ્ટકાર્યતાજ્ઞાનને કારણ માનવામાં લાઘવ છે. કારણ કે એ જન્યત્વઘટિત નથી. બલ-વદનિષ્ટાનનુબંધિત્વ 'इष्टोत्पत्तिनान्तरीयकदुःखाधिकदुःखाजनकत्व' સ્વરૂપ છે. તેથી ઈષ્ટોત્પત્તિનાન્તરીયકદુઃખાધિકમરણ-દુઃખનાં જનક એવાં મધુવિષસમ્પૃક્તાન્નભોજનમાં બલવદનિષ્ટાનનુબંધીષ્ટસાધનતાજ્ઞાનવિશિષ્ટકૃતિસાધ્યતાનું જ્ઞાન ન હોવાથી પ્રવૃત્તિનો પ્રસંગ નહીં આવે. યદ્યપિ ઈષ્ટોત્પત્તિનાન્તરીયકદુઃખાધિકનરકદુઃખનાં જનક એવાં પરસ્ત્રીગમનમાં પણ બલવદનિષ્ટાનનુબંધી-ઈષ્ટસાધનતા-જ્ઞાનવિશિષ્ટકાર્યતાજ્ઞાન ન હોવાથી રાગાન્ધમાણસની

પરસ્ત્રીગમનમાં પ્રવૃત્તિ ઉપપન્ન નહીં થાય; પરન્તુ તાદૃશ-પ્રવૃત્તિની ઉપપત્તિ માટે बलवदनिष्टाननुबंधित्व નો અર્થ 'बलवद्द्वेषविषयदुःखाजनकत्व' સ્વરૂપ વિવક્ષિત હોવાથી રાગાંધની તાદૃશપ્રવૃત્તિ અનુપપન્ન નહીં બને. કારણ કે રાગાંધ માણસને નરકાદિદુ:ખો ઉપર તાદૃશબલવાન્ દ્વેષ ન હોવાથી પરસ્ત્રીગમનમાં; તાદૃશબલવાન્દ્વેષવિષયદુ:ખાજનકત્વસ્વરૂપ બલવદનિષ્ટાનનુબંધિત્વવિશિષ્ટઈષ્ટસાધનતાજ્ઞાનવિશિષ્ટ-કાર્યતાજ્ઞાન, રાગાંધમાણસને છે જ. આ પ્રમાણે ननु... ઈત્યાદિ શંકાગ્રંથનો આશય છે. 'इष्टसाधनत्वकृतिसाध्यत्व-योर्युगप...' ઈત્યાદિ - આશય એ છે કે; ઉપર જણાવ્યા મુજબ તાદૃશઈષ્ટસાધનતાજ્ઞાનવિશિષ્ટકૃતિસાધ્યતાજ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનવાનું શક્ય નથી. કારણ કે સાધનત્વ અને સાધ્યત્વ એ બંન્નેનો વિરોધ હોવાથી એકી સાથે બંન્નેનું જ્ઞાન શક્ય નથી. આદ્યક્ષણવૃત્તિત્વવિશિષ્ટ(અસિદ્ધ)પાકાદિમાં સાધ્યત્વ હોય છે અને અનાદ્યક્ષણવૃત્તિત્વવિશિષ્ટ(સિદ્ધ) પાકાદિમાં સાધનત્વ(ઈષ્ટસાધનત્વ) હોય છે. તેથી ભિન્ન-કાલવૃત્તિ કૃતિસાધ્યત્વ અને ઈષ્ટસાધનત્વનું યુગપદ્ જ્ઞાન સંભવિત નથી. એક જ વસ્તુમાં એક જ વ્યક્તિને એકકાલમાં સિદ્ધત્વ અને અસિદ્ધત્વનું જ્ઞાન થતું ન હોવાથી ભિન્નકાલમાં 'इदानीमसिद्धः पाको मत्कृतिसाध्यः'; 'अग्रे च सिद्धः पाक इष्टसाधनम्' આ પ્રમાણે કૃતિસાધ્યત્વ અને ઈષ્ટસાધનત્વનું જ્ઞાન થાય છે. તેથી સ્પષ્ટ છે કે પ્રવૃત્તિની પ્રત્યે તાદૃશઈષ્ટસાધનતા-જ્ઞાનવિશિષ્ટકાર્યતાનાં જ્ઞાનને કારણ માનવામાં લાઘવ હોવા છતાં એને કારણ માનવાનું શક્ય નથી. આ પ્રમાણે પ્રાભાકરોનું કથન છે. તેનું નિરાકરણ કરે છે. - मैवम्... ઈત્યાદિ ગ્રંથથી. - આશય એ છે કે બલવદનિષ્ટાનનુબંધીષ્ટસાધનતા-જ્ઞાનજન્યકાર્યતાજ્ઞાનની અપેક્ષાએ લઘુભૂત બલવદનિષ્ટાનનુ-બન્ધીષ્ટસાધનત્વવિશિષ્ટકૃતિસાધ્યતાના જ્ઞાનને જ પ્રવૃત્તિની

પ્રત્યે કારણ માનવામાં ઔચિત્ય છે. 'સાધ્યત્વ અને સાધનત્વનો વિરોધ છે.' એવું નહીં કહેવું જોઈએ. કારણ કે ભિન્નકાલીન તે બંન્નેનો વિરોધ નથી. સાધ્યત્વ અને સાધનત્વનું જ્ઞાન એકવખતે અસંભવિત છે. પરન્તુ અહીં એની વિવક્ષા નથી. ભિન્નકાલીનતાદશસાધનત્વવિશિષ્ટકૃતિસાધ્યત્વંનાં જ્ઞાનનો અસંભવ નથી. 'एकदा साध्यत्वसाधनत्वयोश्चाऽज्ञानात्' આ પાઠના સ્થાને કોઈ કોઈ પુસ્તકમાં પાઠભેદ છે. તેમ જ આ પાઠનો દિનકરીમાં પણ પાઠભેદ છે. પરંતુ સુધારેલી નવી આવૃત્તિમાં જણાવેલો ઉપર જણાવ્યા મુજબનો પાઠ બરાબર જણાય છે.

मुक्तावली ।

नव्यास्तु ममेदं कृतिसाध्यमिति ज्ञानं न प्रवर्त्तकम् । अनागते तस्य ज्ञातुमशक्यत्वात् । किन्तु यादृशस्य पुंसः कृतिसाध्यं यद् दृष्टं तादृशत्वं स्वस्य प्रतिसंधाय तत्र प्रवर्त्तते, तेनौदनकामस्य तत्साधनताज्ञानवतस्तदुपकरणवतः पाकः कृतिसाध्यस्तादृशश्चाहमिति प्रतिसन्धाय पाके प्रवृत्तिरित्याहुः । तन्न स्वकल्पितलिप्यादि प्रवृत्तौ यौवने कामोद्भेदादिना सम्भोगादौ च प्रवृत्तौ तदभावात् ॥

००

## : વિવરણ :

नव्यास्तु... ઈત્યાદિ - આશય એ છે કે, પ્રવૃત્તિની પ્રત્યે કૃતિસાધ્યતાનું જ્ઞાન કારણ નથી. કારણ કે અનાગતવસ્તુમાં કૃતિસાધ્યત્વનું જ્ઞાન શક્ય નથી. આ પ્રમાણે નવીનોની માન્યતા છે. તેઓ સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિને માનતા ન હોવાથી અનાગતમાં કૃતિસાધ્યત્વનું પ્રત્યક્ષ થતું નથી. અને અનાગત વસ્તુના અભાવના કારણે પક્ષજ્ઞાનનો અભાવ હોવાથી અનુમિતિ પણ થતી નથી. આથી અનાગતવિષયકપ્રવૃત્તિની ઉપપત્તિ માટે નવીનો; 'જેવા પુરુષની કૃતિથી સાધ્ય જે જોયું છે; તેવાં પ્રકારનો પોતે પણ છે - એ પ્રમાણે પ્રતિસંધાન કરીને

તે, ત્યાં (અનાગતવિષયમાં) પ્રવૃત્તિ કરે છે.' આ પ્રમાણે માને છે. તેથી 'ઓદનાર્થી એવા ઓદનસાધનના જ્ઞાતા અને ઓદનસાધનનાં ઉપકરણવાળા એવા પુરુષની કૃતિથી સાધ્ય પાક છે. હું પણ તેવો જ છું,' આ પ્રમાણે પ્રતિસંધાન કરીને પાકમાં પુરુષ પ્રવૃત્તિ કરે છે. આ પ્રમાણે નવીનો કહે છે. પરન્તુ એ બરાબર નથી. કારણ કે પોતે કલ્પેલી લિપિમાં અને યૌવનમાં કામેચ્છાના પ્રાદુર્ભાવથી સંભોગમાં પુરુષની પ્રવૃત્તિ; તાદશ પ્રતિસંધાન વિના થતી હોય છે. તેથી તાદશ પ્રતિસંધાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માની શકાશે નહીં. 'यौवने...' અહીં आदि પદથી બાલ્યકાલમાં અવિચારથી સ્વમાતા વગેરેને કરાતી તાડનાદિની પ્રવૃત્તિનો સંગ્રહ થાય છે.

मुक्तावली ।

इदन्तु बोध्यम् - इदानीन्तनेष्टसाधनत्वादिज्ञानं प्रवर्त्तकं, तेन भावियौवराज्ये बालस्य न प्रवृत्तिस्तदानीं कृतिसाध्यत्वाज्ञानात् । एवं तृप्तो भोजने न प्रवर्त्तते, तदानीमिष्टसाधनत्वाज्ञानात् । प्रवर्त्तते च रोषदूषितचित्तो विषादिभक्षणे तदानीं बलवदनिष्टाननुबन्धित्वज्ञानात् । न चास्तिकस्यागम्यागमने शत्रुवधादिप्रवृत्तौ च कथं बलवदनिष्टाननुबन्धित्वबुद्धिः ? नरकसाधनत्वज्ञानादिति वाच्यम् । उत्कटरागादिना नरकसाधनताधीतिरोधानात् । वृष्ट्यादौ तु कृतिसाध्यताज्ञानाभावान्न चिकीर्षा, किन्त्विष्टसाधनताज्ञानादिच्छामात्रम् । कृतिश्च प्रवृत्तिरूपा बोध्या । तेन जीवनयोनियत्नसाध्ये प्राणपञ्चकसञ्चारे न प्रवृत्तिः । इत्थञ्च प्रवर्त्तकत्वानुरोधाद् विधेरपीष्टसाधनत्वादिकमेवाऽर्थः । इत्थञ्च विश्वजिता यजेतेत्यादौ यत्र फलं न श्रूयते, तत्राऽपि स्वर्गः फलं कल्प्यते ।

००

**: વિવરણ :**

આ રીતે ઈષ્ટસાધનતાનાં જ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનીએ તો ભાવિ યુવરાજપણા માટે પ્રવૃત્તિનો પ્રસંગ આવશે.

એ પ્રસંગનું નિવારણ કરવા માટે કહે છે - इदन्तु बोध्यम्... ઈત્યાદિ. આશય એ છે કે પ્રવૃત્તિની પ્રત્યે ઈદાનીન્તન-ઈષ્ટસાધનતાનું જ્ઞાન અને ઈદાનીન્તનકૃતિસાધ્યતાનું જ્ઞાન કારણ છે. તેથી અર્થાદ્ ઈદાનીન્તનકૃતિસાધ્યતાનું જ્ઞાન પ્રવૃત્તિની પ્રત્યે કારણ હોવાથી બાલકની ભાવિયુવરાજપણા માટે પ્રવૃત્તિ થતી નથી. કારણ કે ત્યારે બાલકને ભાવિયુવરાજપણામાં કૃતિસાધ્યત્વનું જ્ઞાન નથી. આવી જ રીતે ઈદાનીન્તન જ ઈષ્ટસાધનતાનું જ્ઞાન પ્રવૃત્તિની પ્રત્યે કારણ હોવાથી તૃપ્ત માણસની ભોજનમાં પ્રવૃત્તિ થતી નથી. કારણ કે ત્યારે તૃપ્તને ભોજનમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન નથી. પ્રવૃત્તિની પ્રત્યે ઈદાનીન્તન જ ઈષ્ટસાધનત્વનું જ્ઞાન કારણ હોવાથી રોષથી દૂષિતચિત્તવાલો માણસ વિષાદિભક્ષણમાં પ્રવૃત્તિ કરે છે. કારણ કે ત્યારે તેને વિષાદિભક્ષણમાં બલવદનિષ્ટા-નનુબંધિત્વનું જ્ઞાન છે. 'આસ્તિક માણસને પરસ્ત્રીગમન અને શત્રુવધાદિની પ્રવૃત્તિની પૂર્વે નરકસાધનત્વનું જ્ઞાન હોવાથી તાદશપ્રવૃત્તિની પૂર્વે તેને પરસ્ત્રીગમનાદિમાં બલવદ-નિષ્ટાનનુબંધિત્વનું જ્ઞાન શી રીતે થાય છે ?' આવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે પરસ્ત્રીગમનાદિવિષયક ઉત્કટરાગના કારણે નરકસાધનત્વની બુદ્ધિનું તિરોધાન થતું હોવાથી બલવદનિષ્ટાનનુબંધિત્વનું જ્ઞાન થવામાં કોઈ વિરોધ નથી. વૃષ્ટિ વગેરેમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન ન હોવાથી વૃષ્ટિ તથા ચંદ્રાનયનાદિમાં ચિકીર્ષા અને પ્રવૃત્તિ થતી નથી. પરન્તુ ઈષ્ટ-સાધનતાનું તેમાં જ્ઞાન હોવાથી વૃષ્ટ્યાદિમાં માત્ર ઈચ્છા થાય છે. યદ્યપિ આ રીતે કૃતિસાધ્યતાના જ્ઞાનને પ્રવૃત્તિની પ્રત્યે કારણ માનીએ તો જીવનયોનિપ્રયત્નાત્મકકૃતિથી સાધ્ય પ્રાણપંચકના સંચારમાં પ્રવૃત્તિનો પ્રસંગ આવે છે. પરન્તુ અહીં કૃતિ પદથી પ્રવૃત્તિસ્વરૂપ જ પ્રયત્ન વિવક્ષિત હોવાથી પ્રાણ-પંચકના સંચારમાં તાદશકૃતિસાધ્યતાનાં જ્ઞાનના અભાવે

પ્રવૃત્તિનો પ્રસંગ નહીં આવે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન આ પાંચને પ્રાણાદિપંચક કહેવાય છે. આ રીતે પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનત્વ બલવદનિષ્ટાનનુબંધિત્વ અને કૃતિસાધ્યત્વનું જ્ઞાન કારણ હોવાથી વેદના વિધિવાક્યોનાં પ્રવર્ત્તકત્વના અનુરોધથી વિધ્યર્થનો પણ ઈષ્ટસાધનત્વ બલવદનિષ્ટાનનુબંધિત્વ અને કૃતિસાધ્યત્વ અર્થ છે. તેથી જ જ્યાં 'विश्वजिता यजेत' ઈત્યાદિ સ્થળે ઈષ્ટફલ જણાવાયું નથી. ત્યાં પણ સ્વર્ગાત્મક ઈષ્ટફલની કલ્પના કરાય છે; તેથી યજ્ઞમાં સ્વર્ગાત્મક ઈષ્ટસાધનત્વનું જ્ઞાન તાદશશ્રુતિથી થાય છે... ઈત્યાદિ દિનકરીથી જાણવા યોગ્ય છે.

मुक्तावली ।

नन्वहरहः सन्ध्यामुपासीतेत्यादाविष्टानुपपत्तेः कथं प्रवृत्तिः ? न चाऽऽर्थवादिकं ब्रह्मलोकावाप्तिः प्रत्यवायाभावो वा फलमिति वाच्यम् । तथा सति काम्यत्वे नित्यत्वहान्यापत्तेः, कामनाभावेऽकरणापत्तेः, इत्थञ्च यत्र फलश्रुतिस्तत्रार्थवादमात्रमिति चेन्न । ग्रहणश्राद्धादौ नित्यत्वनैमित्तिकत्वयोरिव नित्यत्वकाम्यत्वयोरप्यविरोधात् । न च कामनाभावेऽकरणापत्तिः, त्रिकालस्तवपाठादाविव कामनासद्भावस्यैव कल्पनात् । ननु वेदबोधितकार्यताज्ञानात् प्रवृत्तिः सम्भवत्येवेति चेन्न । इष्टसाधनत्वमविज्ञाय तादृशकार्यताज्ञानसहस्रेणाऽपि प्रवृत्तेरसम्भवात् ।

यदपि पण्डापूर्वं फलमिति, तदपि न, कामनाभावेऽकरणापत्तेस्तौल्यात् । कामनाकल्पने त्वार्थवादिकफलमेव रात्रिसत्रन्यायात् कल्प्यते, अन्यथा प्रवृत्त्यनुपपत्तेः । तेनानुत्पत्तिमेवान्ये प्रत्यवायस्य मन्वते । एवं -

'सन्ध्यामुपासते ये तु सततं शंसितव्रताः ।
विधूतपापास्ते यान्ति ब्रह्मलोकमनामयम् ॥'

एवं -

'दद्यादहरहः श्राद्धं पितृभ्यः प्रीतिमावहन् ।' इत्यादिवचनप्रति-

पादितब्रह्मलोकादिकमेव फलमस्तु ।

००

## : વિવરણ :

નન્વહરહ... ઈત્યાદિ - આશય એ છે કે વેદવાક્યોના પ્રવર્ત્તકત્વના અનુરોધથી પૂર્વે જણાવ્યા મુંજબ વિધ્યર્થ ઈષ્ટસાધનત્વને માનીએ તો, સંધ્યાવંદનાદિ સ્વરૂપનિત્યકર્મોનું કોઈ પણ ફલ મનાયું ન હોવાથી ત્યાં ઈષ્ટસાધનત્વનાં જ્ઞાનનો અભાવ છે; તેથી ત્યાં પ્રવૃત્તિ અનુપપન્ન થશે. યદ્યપિ 'संध्यामुपासते ये तु सततं शंसितव्रताः विधूतपापास्ते यान्ति ब्रह्मलोकं सनातनम्' અર્થાદ્ 'જે પ્રસંશનીયવ્રતવાલા પુરુષો સતત સંધ્યાને કરે છે, તેઓ નિષ્પાપ થઈને શાશ્વત એવા બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે.' આ પ્રમાણે સંધ્યાવન્દનને આચરનારા પુરુષની પ્રશંસાને કરનારા એ વચનથી સંધ્યાદિનિત્યકર્મોનું સ્વર્ગપ્રાપ્તિ અને પ્રત્યવાય (પાપ)ની અનુત્પત્તિ સ્વરૂપ ફલને અર્થવાદથી (પ્રશંસાબોધકવચનથી) માની શકાય છે; જેથી તાદશઈષ્ટસાધનત્વનાં જ્ઞાનની નિત્યકર્મોમાં પ્રવૃત્તિ અનુપપન્ન નહીં થાય. પરન્તુ નિત્યકર્મોનું તાદશ આર્થવાદિક ફલ માનીએ તો નિત્યકર્મોને તાદશફલકામનાધીનપ્રવૃત્તિનો વિષય માની લેવાથી તેમાં કામ્યત્વનો પ્રસંગ આવશે અને તેથી ફલકામનાધીનપ્રવૃત્તિના વિષયભૂતસન્ધ્યાદિનિત્યકર્મમાં; નિત્યત્વની સાથે કામ્યત્વનો વિરોધ હોવાથી નિત્યત્વની હાનિ થશે. ક્ષણવાર માની લઈએ કે નિત્યકર્મોનું તાદશ આર્થવાદિક ફલ પણ છે. પરન્તુ જ્યારે તાદશ આર્થવાદિક ફલની કામના ન હોય ત્યારે નિત્યકર્મો ન કરે તો પ્રત્યવાયની અનુત્પત્તિનો પ્રસંગ આવશે. આશય એ છે કે 'सन्ध्यामुपासीत' આ શ્રુતિવાક્ય અને 'संध्यामुपासते...' ઈત્યાદિ અર્થવાદ આ બંન્નેનો અધિકાર સાથે માનીએ તો તાદશફલની કામના અને શૌચ તથા તત્કાલજીવિત્વ, નિત્યકર્મની પ્રવૃત્તિના કારણ છે - એ સ્પષ્ટ

છે. આથી એ પણ સ્પષ્ટ છે કે તાદશ ફલની કામનાના અભાવે નિત્યકર્મોની પ્રવૃત્તિ નહીં થાય. તેથી નિત્યકર્મોમાં પ્રવૃત્તિને ન કરવાથી જે પ્રત્યવાયની ઉત્પત્તિ થાય છે; તે નહીં થાય. તેથી જ્યાં અર્થવાદથી નિત્યકર્મોના ફલનું શ્રવણ છે, ત્યાં એ અર્થવાદમાત્ર જ છે. પરંતુ 'નિત્યકર્મોનું એ ફળ છે.' એ વસ્તુને જણાવવાનું ત્યાં તાત્પર્ય નથી - એમ માનવું જોઈએ. આથી સમજી શકાય છે કે નિત્યકર્મોની પ્રવૃત્તિની અનુપપત્તિ ન થાય- એ માટે વિધ્યર્થ ઈષ્ટસાધનત્વ માની શકાશે નહીં. અન્યથા નિત્યકર્મોમાં પ્રવૃત્તિ અનુપપન્ન થશે. આ પ્રમાણે શંકાગ્રંથનો આશય છે, જે સ્થૂલદૃષ્ટિએ જણાવ્યો છે. આથી વિશેષ રીતે જાણવાની ઈચ્છાવાળાએ એ માટે દિનકરી-રામરુદ્રીનું અધ્યયન કરવું જોઈએ.

न, ग्रहणश्राद्धादौ... ઈત્યાદિ સમાધાન ગ્રંથનો આશય એ છે કે 'उपरागे श्राद्धं कुर्वीत,' અને 'उपरागे स्नायाद्' ઈત્યાદિ વિધિવાક્યોથી ગ્રહણનિમિત્તકશ્રાદ્ધ અને સ્નાનમાં નિત્યત્વ અને નૈમિત્તિકત્વનું પ્રતિપાદન કર્યું હોવાથી ત્યાં જેવી રીતે વિરોધ નથી મનાતો, એવી રીતે નિત્યત્વ અને કામ્યત્વનો પણ વિરોધ નથી. તેથી નિત્યસંધ્યાવંદનાદિનું આર્થવાદિક ફલ માનવામાં કોઈ દોષ ન હોવાથી નિત્યસન્ધ્યાવંદનાદિમાં પ્રવૃત્તિની અનુપપત્તિ નહીં થાય. 'તાદશઆર્થવાદિક ફલની કામનાના અભાવે નિત્યકર્મોમાં પ્રવૃત્તિની અનુપપત્તિથી પ્રત્યવાયની અનુત્પત્તિનો પ્રસંગ આવશે.' એ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ત્રિકાલસ્તવપાઠાદિની જેમ જ નિત્યસંધ્યાવંદનાદિસ્થળે પણ કામનાના સદ્ભાવની કલ્પના કરાય છે. આશય એ છે કે ત્રિકાલ કરવાનો વિષ્ણુસહસ્રનામ-સ્તવાદિ નિત્યકર્મ હોવા છતાં 'त्रिसन्ध्यं कीर्त्तयेद् यस्तु सर्वान्कामानवाप्नुयाद्' આ વચનના અનુસારે તાદશકામનાથી પુરુષો સ્તવાદિમાં પ્રવૃત્તિ કરે છે. ફલ પણ તેઓને મળે છે.

તેવી જ રીતે સન્ધ્યાવંદનાદિસ્થળે પણ 'अकुर्वन् विहितं कर्म, नरो भवति किल्बिषी' ઈત્યાદિ વચનથી પ્રત્યવાયના અભાવની કલ્પના કરાય છે. ''નિત્યકર્મસ્થળે પ્રવૃત્તિના નિર્વાહ માટે વેદબોધિતકાર્યતાનાં જ્ઞાનને કારણ માનવાથી પ્રવૃત્તિ શક્ય હોવાથી એ માટે ઈષ્ટસાધનત્વનાં જ્ઞાનને વિધ્યર્થ માનવાની આવશ્યકતા નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ ફલની કલ્પના કરવામાં ઔચિત્ય નથી.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ઈષ્ટસાધનતાને જાણ્યા વિના કોઈ પણ વસ્તુમાં હજાર વાર પણ કાર્યતાનું જ્ઞાન થાય તો પણ પ્રવૃત્તિનો સંભવ નથી.

'સંધ્યાવંદનાદિ નિત્યકર્મોનું નિષ્ફળ અપૂર્વ ફળ છે.' એમ કેટલાક લોકો કહે છે, તે પણ તે બરાબર નથી. કારણ કે એવા પંડાપૂર્વની કામનાનો અભાવ હોવાથી નિત્યકર્મોની પ્રવૃત્તિના અભાવમાં પ્રત્યવાયાનુત્પત્તિનો પ્રસંગ અહીં પણ છે જ. એ પ્રસંગનું નિવારણ કરવા જો કામનાની કલ્પના કરવાની હોય તો ઉપર જણાવ્યા મુજબ એ કામનાના વિષય તરીકે રાત્રિસત્રન્યાયથી આર્થવાદિક બ્રહ્મલોકાવાપ્તિ જ સંધ્યાદિનું ફળ છે. અન્યથા પ્રવૃત્તિની ઉપપત્તિ નહીં થાય. કહેવાનું તાત્પર્ય એ છે કે 'ज्योतिर्गौरायु...' ઈત્યાદિ વાક્યોત્પાદિતસૌત્યકર્મને 'त्रयोदशरात्र' કહેવાય છે, જે 'सत्र' નામથી પણ વ્યવહારનો વિષય છે. ત્રયોદશસંખ્યાક રાત્રિઓ જે સત્રવિશેષમાં છે, તેને 'त्रयोदशरात्र' કહેવાય છે. 'ज्योतिर्गौरायु...' ઈત્યાદિશ્રુતિ જેમાં પ્રમાણ છે તે 'रात्रिसत्र' શબ્દથી વાચ્ય એવાં ज्योतिर्गौरायु... ઈત્યાદિ નામવાળા કર્મોનું 'रात्रिसत्रेण यजेत' આ વાક્યથી વિધાન કરાયું છે. પરંતુ રાત્રિસત્રકર્મના વિધાનનું શું ફળ છે ? તે જણાવ્યું નથી. તેથી પૂર્વે જણાવ્યા મુજબ યદ્યપિ 'विश्वजित्' ન્યાયથી અહીં સ્વર્ગફલકત્વની કલ્પના કરવી જોઈએ. પરંતુ ''प्रतितिष्ठन्ति ब्रह्मवर्चस्विनोऽन्नादा भवन्ति ये एता उपयान्ति'' આ અર્થવાદથી પ્રતિષ્ઠારૂપ જ ફલની કલ્પના,

અહીં (રાત્રિસત્રકર્મસ્થળે) કરાય છે. એ મુજબ સંધ્યાદિ નિત્યકર્મોનું પણ ઉપર જણાવ્યા મુજબ આર્થવાદિક જ બ્રહ્મલોકાવાપ્તિ વગેરે સ્વરૂપ ફળની કલ્પના કરાય છે. આ પ્રમાણે 'रात्रिसत्रन्यायात्कल्प्यते' આ ગ્રંથનો આશય છે. આ રીતે ઉપર જણાવ્યા મુજબ विश्वजित् ન્યાયથી સ્વર્ગાદિફલની કલ્પનાની અપેક્ષાએ આર્થવાદિક ફલની કલ્પનામાં લાઘવ હોવાથી નિત્યકર્મોનું પ્રત્યવાયની અનુત્પત્તિ સ્વરૂપ ફળ બીજા લોકો માને છે. આ પ્રમાણે 'सन्ध्यामुपासते ये तु सततं शंसितव्रताः...' અને 'दद्यादहरहः श्राद्धम्...' ઈત્યાદિ અર્થવાદના અનુસારે નિત્યસંધ્યાદિનું બ્રહ્મલોકાદિને જ ફળ રૂપે માનવું જોઈએ.

मुक्तावली ।

न च पितृप्रीतिः कथं फलं ? व्यधिकरणत्वादिति वाच्यम् । गया-श्राद्धादाविवोद्देश्यत्वसम्बन्धेनैव फलजनकत्वस्य क्वचित्कल्पनात्, अत एवोक्तं शास्त्रदर्शितं फलमनुष्ठानकर्त्तरीत्युत्सर्ग इति । पितृणां मुक्तत्वे तु स्वस्य स्वर्गादिफलम् । यावन्नित्यनैमित्तिकानुष्ठानस्य सामान्यतः स्वर्गफलकल्पनात् । पण्डापूर्वार्थं प्रवृत्तिश्च न सम्भवति । न हि तत् सुखं, तस्य स्वतः पुरुषार्थत्वाभावेन फलत्वाभावात् । न वा तत्साधनम् । प्रत्यवायानुत्पत्तौ कथं प्रवृत्तिरिति चेत्; इत्थम् - यथा हि नित्ये कृते प्रत्यवायाभावस्तिष्ठति, तदभावे तदभावः, एवं प्रत्यवायाभावस्य सत्त्वे दुःखप्रागभावसत्त्वं तदभावे तदभाव इति योगक्षेमसाधारणकारणताया दुःखप्रागभावं प्रत्यपि सुवचत्वात् । एवमेव प्रायश्चित्तस्याऽपि दुःखप्रागभावहेतुत्वमिति ।

००

## : વિવરણ :

યદ્યપિ 'दद्यादहरहः श्राद्धं पितृभ्यः प्रीतिमावहन्' આ શ્રુતિથી નિત્યશ્રાદ્ધનું ફળ 'પિતૃપ્રીતિ'ને માની શકાશે નહીં. કારણ કે

અનુષ્ઠાન અને તજ્જન્ય પિતૃપ્રીત્યાત્મક ફળ બંન્ને સમાનાધિકરણ નથી. પરન્તુ શ્રાદ્ધાત્મક અનુષ્ઠાન ઉદ્દેશ્યતાસંબંધથી પિતૃવૃત્તિ હોવાથી ગયાશ્રાદ્ધાદિની જેમ ઉદ્દેશ્યતાસંબંધથી ક્વચિત્ નિત્યશ્રાદ્ધાદિમાં તાદશફલજનકત્વ માની શકાય છે. આશય એ છે કે 'गयायां पिण्डदानं पितृप्रीतिकरम्' આ વચનથી જેવી રીતે ગયામાં કરેલા પિંડદાનને ઉદ્દેશ્યતાસંબંધથી પિતૃપ્રીતિનું જનક મનાય છે. તેવી રીતે 'दद्याद...' ઈત્યાદિ શ્રુતિથી પણ નિત્યશ્રાદ્ધમાં તાદશફલજનકત્વ મનાય છે. તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'શાસ્ત્રમાં વર્ણવેલું તે તે અનુષ્ઠાનનું ફલ અનુષ્ઠાનકર્ત્તામાં હોય છે- એ ઉત્સર્ગ છે.' (અર્થાદ્ સાપવાદ છે.) અન્યથા નિત્યશ્રાદ્ધાદિનું ફલ, અનુષ્ઠાતાથી ભિન્ન પિતૃઓમાં ન હોય તો 'शास्त्रसन्दर्शितं फलमनुष्ठानकर्त्तर्येव' આ પ્રમાણે નિયમ જ કર્યો હોત.

યદ્યપિ નિત્યશ્રાદ્ધાદિ ઉપર જણાવ્યા મુજબ ઉદ્દેશ્યતાસંબંધથી મુક્તપિતૃઓમાં છે અને ત્યાં પિતૃપ્રીતિ ન હોવાથી અન્વયવ્યભિચારના કારણે નિત્યશ્રાદ્ધાદિનું પિતૃપ્રીતિ ફળ માનવાનું યોગ્ય નથી. પરંતુ મુક્તપિતૃઓ સ્થળે નિત્યશ્રાદ્ધાદિનું ફળ; અનુષ્ઠાતાને સ્વર્ગાદિની પ્રાપ્તિ સ્વરૂપ મનાય છે. સામાન્યપણે નિત્યનૈમિત્તિક સકલાનુષ્ઠાનોનું ફળ સ્વર્ગ મનાય છે. આથી સમજી શકાય છે કે મુક્તપિતૃભિન્નપિતૃઓના ઉદ્દેશથી કરાતાં નિત્યશ્રાદ્ધાદિનું ફળ પિતૃપ્રીતિ છે. જેમાં કોઈ દોષ નથી.

નિત્યકર્મનું ફળ પંડાપૂર્વ માનીએ તો પણ પંડાપૂર્વની સાધનતાનું જ્ઞાન નિત્યકર્મોમાં પ્રવર્ત્તક નહીં થાય. એ વસ્તુને સ્પષ્ટ કરે છે - पण्डापूर्वार्थे... ઈત્યાદિ ગ્રંથથી. - આશય એ છે કે, પંડાપૂર્વ સ્વયં સુખસ્વરૂપ નથી. કારણ કે તેમાં પુરુષાર્થત્વ (પુરુષકામનાવિષયત્વ) ન હોવાથી તે ફલસ્વરૂપ

નથી. તેમ જ તે પંડાપૂર્વ સુખાદિનું સાધન પણ ન હોવાથી પંડાપૂર્વના સાધન તરીકે નિત્યકર્મોમાં પ્રવૃત્તિ સંભવિત નથી. સુખ માટે અથવા તો સુખના સાધન માટે જ જીવોની પ્રવૃત્તિ છે - એ સમજી શકાય છે.

યદ્યપિ આ રીતે નિત્યકર્મોમાં પ્રવૃત્તિની ઉપપત્તિ માટે જો નિત્યકર્મોનું પંડાપૂર્વ ફલ માની શકાતું ન હોય, તો ન્યાયમતે પણ પ્રત્યવાયની અનુત્પત્તિને પણ નિત્યકર્મોનું ફલ માની શકાશે નહીં. કારણ કે પંડાપૂર્વની જેમ જ પ્રત્યવાયની અનુત્પત્તિ પણ સ્વતઃ પુરુષાર્થ નથી. પરંતુ જેવી રીતે નિત્યકર્મ કરે છતે પ્રત્યવાયાભાવ અર્થાત્ પ્રત્યવાયપ્રાગભાવ હોય છે અને નિત્યકર્મકરણાભાવ હોય ત્યારે પ્રત્યવાયાભાવાભાવ અર્થાત્ પ્રત્યવાયપ્રાગભાવનો ધ્વંસ થાય છે; તેવી રીતે પ્રત્યવાયાભાવ અર્થાત્ પ્રત્યવાયપ્રાગભાવ હોય ત્યારે દુઃખપ્રાગભાવ હોય છે અને પ્રત્યવાયાભાવાભાવ હોય ત્યારે દુઃખપ્રાગભાવધ્વંસ થાય છે. આ રીતે પ્રત્યવાયાભાવમાં અર્થાત્ પ્રત્યવાયની અનુત્પત્તિમાં સ્વેષ્ટદુઃખપ્રાગભાવની સુરક્ષાની કારણતા સ્પષ્ટ છે. પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. એમાં સાધનતા, યોગ (અપ્રાપ્તપ્રાપ્તિ) અને ક્ષેમ (સિદ્ધની રક્ષા) સાધારણ કારણતાપ્રવિષ્ટ છે. તેથી સ્વતઃપુરુષાર્થ સ્વરૂપ દુઃખપ્રાગભાવની પ્રત્યે પ્રત્યવાયાભાવની તાદૃશસાધનતા સ્પષ્ટ છે. અને તેથી પ્રત્યવાયની અનુત્પત્તિ માટે નિત્યકર્મોમાં પ્રવૃત્તિ પણ અસંભવિત નથી. આવી જ રીતે પ્રાયશ્ચિત્તમાં પણ દુઃખપ્રાગભાવની સાધનતા યોગક્ષેમસાધારણ છે.

oo

## मुक्तावली ।

ननु न कलञ्जं भक्षयेदित्यत्र विध्यर्थे कथं नञर्थान्वयः ? इष्टसाधनत्वाभावस्य कृतिसाध्यत्वाभावस्य च बोधयितुमशक्यत्वादिति

चेन्न । तत्र बाधादिष्टसाधनत्वं कृतिसाध्यत्वञ्च न विध्यर्थः, किन्तु बलवदनिष्टाननुबन्धित्वमात्रम् । तदभावश्च नञा बोध्यते । अथ वा बलवदनिष्टाननुबन्धीष्टसाधनत्वे सति कृतिसाध्यत्वं विध्यर्थस्तदभावश्च नञा बोध्यमानो विशिष्टाभावो विशेष्यवति विशेषणाभावे विश्राम्यति ।

## : વિવરણ :

ननु न कलञ्जं भक्षयेद्... ઈત્યાદિ - આશય એ છે કે, વિધ્યર્થ 'ઈષ્ટસાધનત્વ' માનીએ તો 'न कलञ्जं भक्षयेत्' ઈત્યાદિ સ્થળે નઞર્થ અભાવનો, વિધ્યર્થ ઈષ્ટસાધનત્વ અને કૃતિસાધ્યત્વની સાથે અન્વય શક્ય નહીં બને. કારણ કે કલંજ (લાલ લસણ, શુષ્કવિષમાંસાદિ)ના ભક્ષણમાં ઈષ્ટસાધનત્વ અને કૃતિસાધ્યત્વના અભાવનો બાધ છે. તેથી ઉક્તશ્રુતિથી કલંજભક્ષણમાં ઈષ્ટસાધનત્વાદ્યભાવનો બોધ શક્ય નહીં બને. આવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે, 'न कलञ्जं भक्षयेद्' ઈત્યાદિ સ્થળે નઞર્થનો ઈષ્ટસાધનત્વાદિમાં અન્વય બાધિત હોવાથી, ઈષ્ટસાધનત્વ અને કૃતિસાધ્યત્વને વિધ્યર્થ માનતા નથી. પરંતુ માત્ર બલવદનિષ્ટાનનુબંધિત્વ વિધ્યર્થ મનાય છે. જેનાં અભાવને નઞ્ જણાવે છે. વિધ્યર્થ ઈષ્ટસાધનત્વ, કૃતિસાધ્યત્વ, અને બલવદનિષ્ટાનનુબંધિત્વ આ ત્રણ છે. જ્યાં જેનો સંભવ છે ત્યાં તેને વિધ્યર્થ મનાય છે. 'પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનત્વાદિ ત્રિતયજ્ઞાનને કારણ માનવાની અપેક્ષાએ કૃતિસાધ્યત્વવિશિષ્ટબલવદનિષ્ટાનનુબંધિત્વવિશિષ્ટ-સાધનત્વ જ્ઞાનને કારણ માનવામાં લાઘવ છે.' એ અભિપ્રાયથી સમાધાનાન્તર જણાવે છે - अथ वा... ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે, 'बलवदनिष्टाननुबंधित्वविशिष्ट-इष्टसाधनत्वविशिष्टकृतिसाध्यत्व' જ વિધ્યર્થ છે. તેના અભાવને 'न कलञ्जं भक्षयेद्' ઈત્યાદિ સ્થળે નઞ્થી જણાવાય છે, જે વિશિષ્ટાભાવ; વિશેષ્યભૂત કૃતિસાધ્યત્વાદિમત્ કલંજાદિમાં

બલવદનિષ્ટાનનુબંધિત્વાત્મક વિશેષણના અભાવ સ્વરૂપ પર્યવસિત થાય છે.

## मुक्तावली ।

ननु श्येनेनाऽभिचरन् यजेतेत्यत्र कथं बलवदनिष्टाननुबन्धित्वं विध्यर्थः ? श्येनस्य मरणानुकूलव्यापारस्य हिंसात्वेन नरकसाधनत्वात् । न च वैधत्वान्न निषेध इति वाच्यम् । अभिचारे प्रायश्चित्तोपदेशात् । न च मरणानुकूलव्यापारमात्रं यदि हिंसा तदा खड्गकारस्य कूपकर्त्तुश्च हिंसकत्वापत्तिः, गललग्नान्नभक्षणजन्यमरणे स्वात्मवधित्वापत्तिश्चेति वाच्यम् । मरणोद्देश्यकत्वस्याऽपि विशेषणत्वात् । अन्योद्देश्यकक्षिप्तनाराचहतब्राह्मणस्य तु वाचनिकं प्रायश्चित्तमिति चेन्न । तत्र बलवदनिष्टाननुबन्धित्वस्य विध्यर्थत्वाभावात् । वस्तुतः श्येनवारणायाऽदृष्टाद्वारकत्वेन विशेषणीयम् । अत एव काशीमरणाद्यर्थं कृतशिवपूजादेरपि न हिंसात्वम् । न च साक्षान्मरणजनकस्यैव हिंसात्वं, श्येनस्तु न तथा, किन्तु तज्जन्यापूर्वमिति वाच्यम् । खड्गघातेन ब्राह्मणे व्रणपाकपरम्परया मृते हिंसात्वानापत्तेः ।

केचित्तु श्येनस्य हिंसा फलं न तु मरणम्, तेन श्येनजन्यखड्गाघातादिरूपा हिंसाऽभिचारपदार्थः । तस्य च पापजनकत्वमतः श्येनस्य वैधत्वात् पापाऽजनकत्वेऽप्यग्रिमपापं प्रतिसन्धाय सन्तो न प्रवर्त्तन्ते इत्याहुः ॥

## : વિવરણ :

ननु श्येनेनाऽभिचरन्... ઇત્યાદિ - આશય એ છે કે 'बलवदनिष्टाननुबंधित्वविशिष्टेष्टसाधनत्वविशिष्टकृतिसाध्यत्व' ને વિધ્યર્થ માનીએ તો 'श्येनेनाऽभिचरन् यजेत' ઇત્યાદિ સ્થળે નરકના સાધન એવાં શ્યેનયાગમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ ન હોવાથી તાદશવિધ્યર્થ બાધિત છે. યદ્યપિ શ્યેનયાગ ઉપર્યુક્તશ્રુતિથી વિહિત હોવાથી એમાં હિંસાજનકત્વ નથી. કારણ કે વિહિતહિંસામાં હિંસાત્વ મનાતું નથી. તેથી શ્યેન-

યાગમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ બાધિત નથી. પરન્તુ અભિચાર કર્મ કરનારને પ્રાયશ્ચિત્તનું વિધાન હોવાથી અભિચારકર્મસ્વરૂપ શ્યેનયાગ પ્રાયશ્ચિત્તયોગ્ય છે. તેથી તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ મનાતું નથી. યદ્યપિ સાક્ષાત્મરણાનુકૂલવ્યાપારને જ હિંસા કહેવાય છે. શ્યેનયાગમાં તાદશહિંસાત્વ ન હોવાથી તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ છે. પરન્તુ મરણાનુકૂલવ્યાપારમાત્રને હિંસા કહેવાય છે. તેથી તેમાં બલવદનિષ્ટાનુબંધિત્વ છે જ. ''મરણાનુકૂલવ્યાપારમાત્રને હિંસા માનીએ તો ખડ્ગકાર અને કૂપકર્તાને હિંસક માનવાનો પ્રસંગ આવશે. કારણ કે પરમ્પરાએ તેમાં પણ મરણાનુકૂલવ્યાપાર છે. તેમ જ જેનું ગલ અર્થાદ્ રાળ ઉપર લાગેલાં અન્નનાં (રાળ સહિત અન્નનાં) ભક્ષણથી મરણ થાય છે, તેને આત્મવધનાં પાપનો પ્રસંગ આવશે.'' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે મરણોદ્દેશ્યકત્વવિશિષ્ટમરણાનુકૂલવ્યાપારમાત્રને હિંસા કહેવાય છે. ખડ્ગકારકાદિમાં તાદશમરણાનુકૂલવ્યાપાર ન હોવાથી હિંસકત્વની આપત્તિ નહીં આવે. યદ્યપિ અન્યમાણસને મારવા માટે છોડેલા બાણથી જ્યાં બ્રાહ્મણ હણાયો છે, ત્યાં તાદશ બાણ મૂકનારના વ્યાપારમાં બ્રાહ્મણમરણોદ્દેશ્યકત્વવિશિષ્ટમરણાનુકૂલત્વ ન હોવાથી બ્રાહ્મણહત્યા ન હોવાથી તાદશબાણના ક્ષેપકને પ્રાયશ્ચિત્ત ન આવવું જોઈએ. પરન્તુ 'सेतौ च स्नानमात्रेण ब्रह्महत्यां व्यपोहति' ઈત્યાદિ વચનથી જ ઉક્તસ્થળે સેતુસ્નાનાદિ સ્વરૂપ વાચનિક પ્રાયશ્ચિત્ત અપાય છે. નિષિદ્ધાચરણની અપેક્ષાએ ઉક્તસ્થળે પ્રાયશ્ચિત્ત નથી અપાતું. આથી સ્પષ્ટ છે કે, શ્યેનયાગમાં ઉક્ત રીતે 'बलवदनिष्टाननुबंधित्व' બાધિત હોવાથી વિધ્યર્થ બાધિત છે. આ પ્રમાણે 'ननु श्येनेना...' ઈત્યાદિ શંકાગ્રંથનો આશય છે.

'न, तत्र...' ઈત્યાદિ સમાધાનગ્રંથનો આશય એ છે કે 'श्येनेनाऽभिचरन् यजेत' ઈત્યાદિ સ્થળે ઉપર જણાવ્યા મુજબ

વિધ્યર્થબાધિત હોવાથી બલવદનિષ્ટાનનુબંધિત્વ વિધ્યર્થ નથી. પરન્તુ ત્યાં લક્ષણાથી 'कृतिसाध्यत्वविशिष्टेष्टसाधनत्व'ને વિધ્યર્થ મનાય છે. ઉક્ત રીતે વિધ્યર્થમાં સંકોચ કરવાનું ઔચિત્યપૂર્ણ નથી. તેથી સમાધાનાન્તરને જણાવે છે. वस्तुतः - ઈત્યાદિ ગ્રંથથી.

આશય એ છે કે શ્યેનયાગમાં હિંસાત્વનું નિવારણ કરવા 'अदृष्टाद्वारकत्वविशिष्टमरणोद्देश्यकत्वविशिष्टमरणानुकूलव्यापार' ને હિંસા કહેવાય છે. શ્યેનયાગમાં અદષ્ટ દ્વારા તાદશમરણાનુકૂલવ્યાપારત્વ હોવાથી તેમાં હિંસાત્વ નથી. તેથી તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ બાધિત નથી. અહીં એ યાદ રાખવું જોઈએ કે યદ્યપિ શ્યેનયાગમાં પૂર્વે તે નરકસાધન હોવાથી તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ નથી - તેમ જણાવ્યું છે. અને અહીં તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ છે - એમ જણાવ્યું છે. એનું તાત્પર્ય એ છે કે શત્રુવધકામનાથી જ્યાં શ્યેનયાગ છે, ત્યાં શ્યેનયાગમાં તાદશબલવદનિષ્ટાનનુબંધિત્વ નથી. શત્રુવધની કામનાના કારણે જ બલવદનિષ્ટની પ્રાપ્તિ થાય છે. શ્યેનયાગ તો વિહિતાનુષ્ઠાન છે.

ઉપર જણાવ્યા મુજબ અદષ્ટાદ્વારક જ તાદશમરણાનુકૂલવ્યાપારને હિંસા કહેવાય છે. તેથી કાશીમાં મરણની ઈચ્છાથી કરેલા શિવપૂજનને હિંસા નથી મનાતી. અન્યથા મરણોદ્દેશ્યકમરણાનુકૂલવ્યાપારમાત્રને હિંસા માનીએ તો તાદશ શિવપૂજનમાં પણ હિંસાત્વ માનવાનો પ્રસંગ આવશે. 'સાક્ષાદ્મરણાનુકૂલવ્યાપારને હિંસા માનીએ તો શ્યેનયાગમાં હિંસાત્વનો પ્રસંગ નહીં આવે. કારણ કે શ્યેનયાગ સાક્ષાદ્મરણનો જનક નથી. પરન્તુ તજ્જન્યઅપૂર્વ તાદશમરણનું જનક છે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ખડ્ગપ્રહારથી જ્યાં બ્રાહ્મણમાં વ્રણ (ઘા) થાય છે અને તે પાકવાથી પરંપરાએ બ્રાહ્મણનું મરણ થાય છે, ત્યાં ખડ્ગપ્રહાર

કરનારને હિંસાનું પાપ નહીં લાગે.

શ્યેનયાગમાં, અદષ્ટાદ્વારકત્વનો નિવેશ કર્યા વિના બલવદનિષ્ટાનનુબંધિત્વને ઉપપન્ન કરનારના મતને જણાવે છે - केचित्तु... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે શ્યેનયાગનું ફળ મરણ નથી. પરન્તુ સાક્ષાદ્મરણજનકવ્યાપારાત્મકહિંસા ફળ છે. તેથી શ્યેનયાગજન્યખડ્ગાઘાતાદિસ્વરૂપ હિંસા, ત્યાં અભિચારપદાર્થ છે, જે પ્રાયશ્ચિત્તનો વિષય છે. ખડ્ગાભિઘાતાદિ પાપજનક છે. તેથી શ્યેનયાગ 'श्येनेनाऽभिचरन् यजेत' આ શ્રુતિથી વિહિત હોવાથી તે પાપનો જનક નથી. તેથી તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ છે. પરન્તુ શ્યેનયાગજન્યખડ્ગાભિઘાતાદિ પાપના જનક હોવાથી ભવિષ્યત્પાપનાં પ્રતિસંધાનથી સન્તપુરુષો શ્યેનયાગમાં પ્રવૃત્તિ કરતા નથી. આવું કેટલાક લોકો કહે છે. તેમના મતમાં જે અસ્વારસ્ય છે- એ અન્યત્ર અનુસંધેય છે.

मुक्तावली ।

आचार्य्यास्तु-आप्ताभिप्रायो विध्यर्थः । पाकं कुर्या इत्यादावाज्ञादिरूपेच्छावाचित्ववल्लिङ्गमात्रस्येच्छावाचित्वं लाघवात् । एवं च स्वर्गकामो यजेतेत्यादौ यागः स्वर्गकामकृतिसाध्यतया आप्तेष्ट इत्यर्थः । ततश्चाप्तेष्टत्वेनेष्टसाधनत्वादिकमनुमाय प्रवर्त्तते । कलञ्जभक्षणादौ तदभावान्न प्रवर्त्तते । यस्तु वेदे पौरुषेयत्वं नाऽभ्युपैति तं प्रति विधिरेव तावद्गर्भ इव श्रुतिकुमार्याः पुंयोगे मानम् । न च कर्त्रस्मरणं बाधकम्, कपिलकणादादिकमारभ्याऽद्यपर्यन्तं कर्तृस्मरणस्यैव प्रतीयमानत्वात् । अन्यथा स्मृतीनामप्यकर्तृकत्वापत्तेः । तत्रैव कर्तृस्मरणमस्तीति चेत्, वेदेऽपि "छन्दांसि जज्ञिरे तस्मात्-" इत्यादिकर्तृस्मरणमस्त्येव । एवम् -

'प्रतिमन्वन्तरं चैषा श्रुतिरन्या विधीयते-' इत्यपि द्रष्टव्यम् ।

"स्वयम्भूरेष भगवान् वेदो गीतस्त्वया पुरा ।

शिवाद्या ऋषिपर्यन्ताः स्मर्त्तारोऽस्य न कारकाः ॥" इति तु वेदस्य

स्तुतिमात्रम् । न च पौरुषेयत्वे भ्रमादिसम्भवादप्रामाण्यं स्यादिति वाच्यम् । नित्यसर्वज्ञत्वेन निर्दोषत्वात् । अत एव पुरुषान्तरस्य भ्रमादिसम्भवान्न कपिलादेः कर्तृत्वं वेदस्य । किञ्च वर्णानामनित्यत्वस्य वक्ष्यमाणत्वात् सुतरां तत्सन्दर्भस्य वेदस्याऽनित्यत्वमिति ॥१५०॥

०० 

## : વિવરણ :

વિધ્યર્થ 'આપ્તાભિપ્રાય' છે - એ પ્રમાણેના ઉદયનાચાર્યનાં મતને જણાવે છે. - आचार्यास्तु... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે ઉદયનાચાર્યનાં મતે વિધ્યર્થ આપ્તાભિપ્રાય છે. એનાથી સ્વેષ્ટસાધનતાનું અનુમાન થાય છે. અને અનુમિત્યાત્મક સ્વેષ્ટસાધનતાનું જ્ઞાન પ્રવર્તક બને છે. 'पाकं कुर्याः' અને 'पाकं कुर्याम्' ઈત્યાદિ પ્રથમ અને દ્વિતીય પુરુષના પ્રયોગસ્થળે વિધ્યર્થ જેવી રીતે આજ્ઞાદિ સ્વરૂપ ઈચ્છા મનાય છે, તેવી રીતે તૃતીયપુરુષના પ્રયોગસ્થળે પણ વિધ્યર્થ ઈચ્છા મનાય છે. કારણ કે બલવદનિષ્ટાનનુબંધિત્વાદિને વિધ્યર્થ માનવાની અપેક્ષાએ સર્વત્ર વિધ્યર્થ; ઈચ્છાસ્વરૂપ માનવામાં લાઘવ છે. તેથી 'स्वर्गकामो यजेत' ઈત્યાદિ સ્થળે પણ 'यागः स्वर्गकामकृतिसाध्यतया आप्तेष्टः' આ પ્રમાણે વિધ્યર્થ મનાય છે. અને તેથી આપ્તેષ્ટત્વથી ઈષ્ટસાધનત્વનું અનુમાન કરીને યાગમાં પુરુષની પ્રવૃત્તિ થાય છે. ''यागो मम स्वर्गकामस्य बलवदनिष्टाननुबन्धीष्टसाधनं, मत्कृतिसाध्यतयाऽऽप्तेनेष्यमाणत्वात्; मन्मात्रकृतिसाध्यतयेष्यमाणमद्भोजनवद्'' આ અનુમાનથી ઈષ્ટસાધનતાનું અનુમાન થાય છે. કલંજભક્ષણમાં આપ્તેષ્ટત્વનો અભાવ હોવાથી તદ્હેતુક ઈષ્ટસાધનત્વજ્ઞાનના અભાવે પુરુષની પ્રવૃત્તિ થતી નથી. યદ્યપિ વેદ અપૌરુષેય હોવાથી ત્યાં વિધ્યર્થ આપ્તાભિપ્રાય સંભવિત નથી. પરન્તુ વેદ અપૌરુષેય છે - એ કહેવું યોગ્ય નથી. જે લોકો (મીમાંસકો) વેદને પૌરુષેય નથી માનતા, તેમને એટલું જ કહેવું છે કે કુમારીના પુરુષયોગમાં

કુમારીનો ગર્ભ જેમ પ્રમાણ છે. તેમ શ્રુતિસ્વરૂપકુમારીના આપ્તયોગમાં વિધિ જ પ્રમાણ છે. કારણ કે વક્તૃભિન્નની ઈચ્છા ને જણાવવાનું સામર્થ્ય; વિધિ (यजेत... ઈત્યાદિ પ્રયોગ)માં નથી. કર્ત્તાનું અસ્મરણ, વેદના પૌરુષેયત્વમાં બાધક છે. અર્થાદ્ 'वेदोऽपौरुषेयोऽस्मर्यमाणकर्त्तृकत्वाद्' આ અનુમાન, વેદનાં પૌરુષેયત્વમાં બાધક છે. આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે કપિલ, કણાદ, ગૌતમાદિઋષિઓ અને તેમના શિષ્યો દ્વારા આજ સુધી વેદનાં કર્ત્તાને જણાવનારી સ્મૃતિઓનું પ્રણયન કરાયું છે. 'वेदः पौरुषेयो वाक्यसमूहत्वात्; भारतादिवत्' ઈત્યાદિ પ્રમાણથી વેદના કર્ત્તાનું સ્મરણ થાય છે. તેથી 'કર્ત્રસ્મરણ' બાધક છે - એ કહેવું યોગ્ય નથી. અન્યથા વેદમાં ઉક્તાનુમાનથી સકર્ત્તૃકત્વ ન માનીએ, તો સ્મૃતિઓમાં પણ સકર્તૃકત્વાભાવની આપત્તિ આવશે. 'સ્મૃતિઓમાં જ કર્ત્તૃસ્મરણ છે, વેદમાં નથી. તેથી સ્મૃતિઓમાં સકર્ત્તૃકત્વાભાવની આપત્તિ નહીં આવે. વેદમાં તાદશસ્મરણ ન હોવાથી તેમાં પૌરુષેયત્વ નથી.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ કારણ કે 'छन्दांसि जज्ञिरे तस्मात्' ઈત્યાદિ શ્રુતિઓ અને 'प्रतिमन्वन्तरं चैषा श्रुतिरन्या विधीयते' ઈત્યાદિ સ્મૃતિઓથી વેદના સકર્તૃત્વનું સ્મરણ છે જ. યદ્યપિ ''આ નિત્ય સર્વાર્થપ્રકાશક વેદ, પૂર્વે, સૃષ્ટિકાલે પરમાત્મન્ તમારા વડે ગવાયા છે. (ઉત્પાદિત નથી.) તેથી શિવાદિથી ઋષિ સુધીના બધા પુરુષો વેદનાં સ્મરણને કરનારા છે. પણ વેદના કર્ત્તા નથી.'' આ પ્રમાણેના ભારતાદિવચનથી વેદનાં અપૌરુષેયત્વનું જ્ઞાન થાય છે. પરન્તુ ઉક્તવચનો વેદની સ્તુતિને કરનારા છે. સ્મૃત્યાદિની અપેક્ષાએ વિશિષ્ટપુરુષ દ્વારા સ્વતંત્રપણે તેની રચના છે. સ્મૃત્યાદિ તો તન્મૂલક છે. એ વસ્તુને જણાવનારા એ વચનો છે, નહીં કે વેદના અપૌરુષેયત્વને જણાવનારા એ વચનો છે. યદ્યપિ વેદને પૌરુષેય માનીએ તો પુરુષને દોષના

કારણે ભ્રમાદિનો સંભવ હોવાથી તત્પ્રણીતવેદમાં અપ્રામાણ્ય આવશે. પરન્તુ નિત્ય સર્વવિષયકજ્ઞાનવાન્ પુરુષે એની રચના કરી હોવાથી વેદ નિર્દોષ છે. અર્થાદ્ ભ્રમાદિદોષથી રહિત છે. તેથી જ નિત્યસર્વવિષયકજ્ઞાનવત્ત્વનો કપિલાદિમાં અભાવ હોવાથી તેઓને વેદના કર્ત્તા નથી માનતા. 'નિત્યસર્વજ્ઞપ્રણી-તત્વના કારણે વેદમાં પ્રામાણ્ય છે, એમ માનવાની અપેક્ષાએ તો વેદને નિત્યનિર્દોષ માનવામાં ઔચિત્ય છે; તેથી વેદના પૌરુષેયત્વમાં બાધ આવે છે.' આ પ્રમાણે પણ નહીં કહેવું જોઈએ. કારણ કે 'વર્ણો અનિત્ય છે.' એ વસ્તુ, આગળ કહેવાશે. તદનુસાર વર્ણસન્દર્ભ સ્વરૂપ વેદમાં પણ અનિત્યત્વ છે. તેથી તેમાં નિત્યત્વ ન હોવાથી નિત્યનિર્દોષત્વને વેદની પ્રામાણિકતાનું પ્રયોજક માનવાનું શક્ય નથી... ઈત્યાદિ અન્યત્ર વિસ્તારથી જણાવ્યું છે. ॥૧૫૦॥

### कारिकावली ।

**उपादानस्य चाऽध्यक्षं प्रवृत्तौ जनकं भवेत् ।**
**निवृत्तिस्तु भवेद् द्वेषाद् द्विष्टोपायत्वधी र्यदि ॥१५१॥**
**यत्नो जीवनयोनिस्तु सर्वदाऽतीन्द्रियो भवेत् ।**
**शरीरे प्राणसञ्चारे कारणं तत्प्रकीर्त्तितम् ॥१५२॥**

### मुक्तावली ।

उपादानस्येति - उपादानस्य-समवायिकारणस्य, अध्यक्षं-प्रत्यक्षञ्च प्रवृत्तौ कारणमिति ।

निवृत्तिरिति - द्विष्टसाधनताज्ञानस्य दुःखसाधनविषयकनिवृत्तिं प्रति जनकत्वमन्वयव्यतिरेकादवधारितमिति भावः ॥१५१॥

यत्न इति - जीवनयोनियत्नो यावज्जीवनमनुवर्त्तते स चातीन्द्रियः । तत्र प्रमाणमाह - शरीर इति । प्राणसञ्चारो ह्यधिकश्वासादिः प्रयत्नसाध्यः । इत्थञ्च प्राणसञ्चारस्य सर्वस्य यत्नसाध्यत्वमनुमानात् ।

प्रत्यक्षयत्नस्य बाधाच्चातीन्द्रिययत्नसिद्धिः । स एव जीवनयोनिः प्रयत्नः ॥१५२॥ इति यत्ननिरूपणम् ॥

**: વિવરણ :**

उपादानस्य-समवायिकारणस्य... ઈત્યાદિ - આશય એ છે તત્સાધ્યકપ્રવૃત્તિની પ્રત્યે તત્સમવાયિકારણ સ્વરૂપ ઉપાદાનનું લૌકિકપ્રત્યક્ષ કારણ છે. ઘટાદિસાધ્યકપ્રવૃત્તિની પ્રત્યે ઘટાદિના ઉપાદાન કપાલાદિનું લૌકિકપ્રત્યક્ષ કારણ છે. યદ્યપિ શબ્દસાધ્યકપ્રવૃત્તિની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ શબ્દોપાદાન (ગગન)નાં લૌકિકપ્રત્યક્ષને કારણ માનીએ તો ગગનનું તાદૃશપ્રત્યક્ષ થતું ન હોવાથી શબ્દસાધ્યકપ્રવૃત્તિ મૃદંગાદિમાં નહીં થાય. પરન્તુ મૃદંગાદિમાં શબ્દસાધ્યકપ્રવૃત્તિ ન થાય એ ઈષ્ટ જ છે. કારણ કે મૃદંગાદિમાં શબ્દસાક્ષાત્કારસાધ્યકપ્રવૃત્તિ જ મનાય છે.

દુઃખસાધનવિષયકનિવૃત્તિની પ્રત્યે દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. કારિકાવલીમાં 'द्वेषात्' આ પ્રમાણેનો નિર્દેશ, નિવૃત્તિની પ્રત્યે ફલનો દ્વેષ અને દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. એ અભિપ્રાયથી છે. ॥૧૫૧॥

जीवनयोनियत्नो... ઈત્યાદિ - આશય એ છે કે જીવનયોનિપ્રયત્ન, જીવીએ ત્યાં સુધી વર્ત્તે છે. તે અતીન્દ્રિય છે. જીવનયોનિપ્રયત્નમાં પ્રમાણ જણાવે છે - કારિકાવલીમાં शरीरे... ઈત્યાદિ ગ્રંથથી - આશય સ્પષ્ટ છે કે દોડતા માણસની શ્વાસક્રિયા પ્રયત્નના ઉત્કર્ષથી થતી જોવાય છે. તેથી અધિકશ્વાસાદિ સ્વરૂપ પ્રાણસઞ્ચાર જેમ પ્રયત્નસાધ્ય છે, તેવી રીતે પ્રાણસંચારમાત્ર પ્રયત્નસાધ્ય છે - એવું અનુમાનથી સિદ્ધ થાય છે. તે પ્રયત્ન; પ્રત્યક્ષનો વિષય થતો ન હોવાથી તેને અતીન્દ્રિય મનાય છે. આ પ્રાણસંચારનો હેતુભૂત પ્રયત્ન જ જીવનયોનિપ્રયત્ન કહેવાય છે. ॥૧૫૨॥

॥ इति यत्ननिरूपणम् ॥

अतीन्द्रियं गुरुत्वं स्यात् पृथिव्यादिद्वये तु तत् ।
अनित्ये तदनित्यं स्यान्नित्ये नित्यमुदाहृतम् ॥१५३॥
तदेवाऽसमवायि स्यात् पतनाख्ये तु कर्मणि ।
सांसिद्धिकं द्रवत्वं स्यान्नैमित्तिकमथाऽपरम् ॥१५४॥
सांसिद्धिकं तु सलिले द्वितीयं क्षितितेजसोः ।
परमाणौ जले नित्यमन्यत्राऽनित्यमिष्यते ॥१५५॥
नैमित्तिकं वह्नियोगात् तपनीयघृतादिषु ।
द्रवत्वं स्यन्दने हेतुर्निमित्तं सङ्ग्रहे तु तत् ॥१५६॥

मुक्तावली ।

गुरुत्वं निरूपयति-अतीन्द्रियमिति । अनित्ये-द्व्यणुकादौ । तत्-गुरुत्वमनित्यम्, नित्ये-परमाणौ नित्यम्, गुरुत्वमित्यनुवर्त्तते ॥१५३॥ तत्-गुरुत्वम् असमवायि-असमवायिकारणम् । पतने-आद्यपतन इत्यर्थः । इति गुरुत्वनिरूपणम् ॥

द्रवत्वं निरूपयति-सांसिद्धिकमिति । द्रवत्वं द्विविधम्, सांसिद्धिकं नैमित्तिकञ्चेत्यर्थः ॥१५४॥

परमाणाविति-जलपरमाणौ द्रवत्वं नित्यमन्यत्र पृथ्वीपरमाण्वादौ जलद्व्यणुकादौ च द्रवत्वमनित्यम् ॥१५५॥

कुत्रचित् तेजसि कुत्रचित् पृथिव्यां च नैमित्तिकं द्रवत्वम् । तत्र को वा नैमित्तिकार्थस्तद् दर्शयति-नैमित्तिकमिति । वह्नीतिपदं तेजोऽर्थकम् । तथा च तेजःसंयोगजन्यं नैमित्तिकं द्रवत्वम् । तच्च सुवर्णादिरूपे तेजसि, घृतजतुप्रभृतिपृथिव्यां च वर्त्तत इत्यर्थः ।

द्रवत्वं स्यन्दने हेतुरिति । असमवायिकारणमित्यर्थः । सङ्ग्रहे-सक्त्वादिसंयोगविशेषे । तत्-द्रवत्वम् स्नेहसहितमिति बोद्धव्यम् । तेन द्रुतसुवर्णादीनां न सङ्ग्रहः ॥१५६॥ इति द्रवत्वनिरूपणम् ॥

## : વિવરણ :

હવે ક્રમપ્રાપ્ત 'ગુરુત્વ'નું નિરૂપણ કરે છે. કારિકાવલીમાં अतीन्द्रियं... ઈત્યાદિ ગ્રંથથી - આશય ખૂબ જ સ્પષ્ટ છે. પૃથ્વી અને જલમાં વૃત્તિ ગુરુત્વ અતીંદ્રિય છે. પરમાણુવૃત્તિ ગુરુત્વ નિત્ય છે. અને દ્વ્યણુકાદિમાં તે અનિત્ય છે. આદ્યપતનક્રિયાનું અસમવાયિકારણ 'ગુરુત્વ' છે... ઈત્યાદિ 'તર્કસંગ્રહ-વિવરણ'માં વિવૃત છે.

દ્રવત્વનું નિરૂપણ કરે છે - सांसिद्धिकम्... ઈત્યાદિ કારિકાથી. સાંસિદ્ધિક અને નૈમિત્તિક આ બે ભેદથી દ્રવત્વ બે પ્રકારનું છે. જલપરમાણુવૃત્તિદ્રવત્વ નિત્ય છે. તદ્ભિન્ન જલદ્વ્યણુકાદિવૃત્તિદ્રવત્વ અનિત્ય છે. પૃથ્વી, જલ અને તેજમાં દ્રવત્વ વૃત્તિ છે. ક્વચિત્ પૃથ્વીમાં અને ક્વચિત્ તેજમાં નૈમિત્તિકદ્રવત્વ છે. વહ્નિ અર્થાદ્ તેજના સંયોગથી જન્યદ્રવત્વને નૈમિત્તિકદ્રવત્વ કહેવાય છે. જે સુવર્ણાદિસ્વરૂપ તેજમાં અને ઘૃતાદિસ્વરૂપ પૃથ્વીમાં વૃત્તિ છે. આદ્ય-સ્યન્દનક્રિયાની પ્રત્યે દ્રવત્વ અસમવાયિકારણ છે. સક્તુ વગેરેના સંગ્રહમાં સ્નેહસમાનાધિકરણદ્રવત્વ નિમિત્તકારણ છે. તેથી સ્નેહરહિત દ્રુતસુવર્ણાદિથી સંગ્રહ-પિંડીભાવ થતો નથી. આ બધી વાતો પણ તર્કસંગ્રહ-વિવરણમાં જણાવેલી છે. ||૧૫૩||૧૫૪||૧૫૫||૧૫૬||

## कारिकावली ।

**स्नेहो जले स नित्योऽणावनित्योऽवयविन्यसौ ।**
**तैलान्तरे तत्प्रकर्षाद् दहनस्याऽनुकूलता ॥१५७॥**
**संस्कारभेदो वेगोऽथ स्थितिस्थापकभावने ।**
**मूर्त्तमात्रे तु वेगः स्यात् कर्मजो वेगजः क्वचित् ॥१५८॥**
**स्थितिस्थापकसंस्कारः क्षितौ केचिच्चतुर्ष्वपि ।**

अतीन्द्रियोऽसौ विज्ञेयः क्वचित् स्पन्देऽपि कारणम् ॥१५९॥

मुक्तावली ।

स्नेहं निरूपयति-स्नेहो जल इति जल एवेत्यर्थः । असौ-स्नेहः । ननु पृथिव्यामपि तैले स्नेह उपलभ्यते, न चासौ जलीयः, तथा सति दहनप्रातिकूल्यप्रसङ्गादत आह-तैलान्तर इति । तत्प्रकर्षात्-स्नेहप्रकर्षात् । तैल उपलभ्यमानः स्नेहोऽपि जलीय एव, तस्य प्रकृष्टत्वादग्नेरानुकूल्यम् । अपकृष्टस्नेहं हि जलं वह्निं नाशयतीति भावः ॥ १५७ ॥ इति स्नेहनिरूपणम् ॥

संस्कारं निरूपयति-संस्कारेति । वेगस्थितिस्थापकभावनाभेदात् संस्कारस्त्रिविध इत्यर्थः । मूर्त्तमात्र इति-कर्मजवेगजभेदाद् वेगो द्विविध इत्यर्थः । शरीरादौ हि नोदनजनितेन कर्मणा वेगो जन्यते । तेन च पूर्वकर्मनाशः, तत उत्तरकर्म एवमग्रेऽपि । विना च वेगं कर्मणः कर्मप्रतिबन्धकत्वात् पूर्वकर्मनाश उत्तरकर्मोत्पत्तिश्च न स्यात् । यत्र वेगवता कपालेन जनिते घटे वेगो जन्यते स वेगजो वेगः ॥१५८॥

स्थितिस्थापकेति । आकृष्टशाखादीनां परित्यागे पुनर्गमनस्य स्थितिस्थापकसाध्यत्वात् । केचिदिति-चतुर्षु-क्षित्यादिषु स्थितिस्थापकं केचिन्मन्यन्ते तदप्रमाणमिति भावः । असौ-स्थितिस्थापकः । क्वचित्-आकृष्टशाखादौ ॥१५९॥

०० 

## : વિવરણ :

સ્નેહનું નિરૂપણ કરે છે - स्नेहो जले... ઈત્યાદિ કારિકાથી - આશય ખૂબ જ સ્પષ્ટ છે. સ્નેહ જલમાં જ છે. તૈલાદિ પૃથ્વીમાં પણ યદ્યપિ સ્નેહ દેખાય છે. એ સ્નેહ તૈલાદ્યન્તર્ગત જલનો છે - એમ કહેવું યોગ્ય નથી. કારણ કે જલીયસ્નેહ દહનમાં પ્રતિકૂલ છે. તેથી દહનાનુકૂલ તૈલાદિપૃથ્વીવૃત્તિ સ્નેહ જણાતો હોવાથી 'જલમાં જ સ્નેહ છે.' એ કહેવું યોગ્ય નથી. પરન્તુ તૈલાદ્યન્તર્ગત જે સ્નેહ જણાય છે, તે જલીય છે. માત્ર

એનો પ્રકર્ષ હોવાથી તે દહનમાં અનુકૂલ છે. અપકૃષ્ટસ્નેહયુક્ત પાણી વહ્નિનો નાશ કરે છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૫૭॥

સંસ્કારનું નિરૂપણ કરે છે - संस्कारभेदो... ઈત્યાદિ ગ્રંથથી - વેગ, સ્થિતિસ્થાપક અને ભાવના આ ત્રણભેદથી સંસ્કાર ત્રણ પ્રકારનો છે. આમાં વેગાત્મક સંસ્કાર 'કર્મજન્ય' અને 'વેગજન્ય' ભેદથી બે પ્રકારનો છે. વેગ કર્મનો નાશક અને કર્મનો ઉત્પાદક છે, એ વસ્તુને સ્પષ્ટ કરે છે - शरीरादौ... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે, નોદન (શબ્દાજનક-સંયોગ)થી જન્ય એવાં કર્મથી શરીરમાં વેગ ઉત્પન્ન થાય છે. તેનાથી પૂર્વકર્મનો નાશ થાય છે; અને તેથી ઉત્તરકર્મની ઉત્પત્તિ થાય છે. આવી જ રીતે આગળ ઉત્તરકર્મથી પૂર્વવેગનો નાશ થાય છે, અને તેથી ઉત્તરવેગની ઉત્પત્તિ થાય છે. વેગ વિના પૂર્વકર્મનો નાશ શક્ય નથી. કારણ કે ત્યાં પૂર્વકર્મનો નાશક અન્ય કોઈ નથી. પૂર્વકર્મનો નાશ ન થાય તો કર્મની (ઉત્તરકર્મની) ઉત્પત્તિ નહીં થાય. કારણ કે પૂર્વકર્મ ઉત્તરકર્મની પ્રત્યે પ્રતિબંધક છે. જ્યાં વેગવત્ કપાલાદિથી ઘટાદિમાં વેગ ઉત્પન્ન થાય છે, તે વેગજન્ય વેગ છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૧૫૮॥

स्थितिस्थापकेति - આશય એ છે કે, વૃક્ષાદિની શાખાદિને ખેંચીને છોડી દીધા પછી ફરીથી તે પૂર્વવત્ થઈ જાય છે. ત્યાં તે તે શાખાદિના યથાપૂર્વસંયોગનો જનક સ્થિતિસ્થાપક છે. વેગમાં ઉત્તરદેશસંયોગનું જનકત્વ હોવા છતાં પૂર્વવત્સંયોગનું જનકત્વ ન હોવાથી વેગથી ભિન્ન સ્થિતિસ્થાપકને માન્યા વિના ચાલે એવું નથી. સ્થિતિસ્થાપકાખ્યસંસ્કાર પૃથ્વીમાં જ વૃત્તિ છે. પૃથ્વી, જલ, તેજ અને વાયુમાં સ્થિતિસ્થાપક છે, એવી કેટલાક લોકોની માન્યતા છે. પરન્તુ એ પ્રમાણ નથી. સ્થિતિસ્થાપક અતીન્દ્રિય છે. ક્વચિત્ વૃક્ષાદિની આકૃષ્ટશાખાદિનાં સ્પન્દનમાં તે કારણ છે. ॥૧૫૯॥

## कारिकावली ।

**भावनाख्यस्तु संस्कारो जीववृत्तिरतीन्द्रियः ।**
**उपेक्षानात्मकस्तस्य निश्चयः कारणं भवेत् ॥१६०॥**
**स्मरणे प्रत्यभिज्ञायामप्यसौ हेतुरुच्यते ।**

मुक्तावली ।

भावनाख्य इति - तस्य-संस्कारस्य । उपेक्षात्मकज्ञानात् संस्कारानुत्पत्तेरुपेक्षानात्मक इत्युक्तम् । तत्संशयात् संस्कारानुत्पत्ते- र्निश्चय इत्युक्तम् । तेनोपेक्षान्यनिश्चयत्वेन संस्कारं प्रति हेतुतेति भावः । ननु स्मरणं प्रत्युपेक्षान्यनिश्चयत्वेन हेतुत्वं, तेनोपेक्षादिस्थले न स्मरणम् । इत्थञ्च संस्कारं प्रति ज्ञानत्वेनैव हेतुतास्त्विति चेन्न । विनिगमनाविरहेण संस्कारं प्रत्युपेक्षान्यनिश्चयत्वेन हेतुतायाः सिद्धत्वात् । किञ्चोपेक्षास्थले संस्कारकल्पनाया गुरुत्वात् संस्कारं प्रति चोपेक्षान्यनिश्चयत्वेन हेतुतायाः सिद्धत्वात् ॥१६०॥

तत्र प्रमाणं दर्शयति-स्मरण इति । असौ-संस्कारो यतः स्मरणं प्रत्यभिज्ञां च जनयत्यतः संस्कारः कल्प्यते । विना व्यापारं पूर्वानुभवस्य स्मरणादिजननासामर्थ्यात्, स्वस्वव्यापारान्यतराभावे कारणत्वा- सम्भवात् । न च प्रत्यभिज्ञां प्रति तत्तत्संस्कारस्य हेतुत्वे प्रत्यभिज्ञायाः संस्कारजन्यत्वेन स्मृतित्वापत्तिरिति वाच्यम्; अप्रयोजकत्वात् । परे त्वनुद्बुद्धसंस्कारात् प्रत्यभिज्ञानुदयादुद्बुद्धसंस्कारस्य हेतुत्वापेक्षया तत्तत्स्मरणस्यैव प्रत्यभिज्ञां प्रति हेतुत्वं कल्प्यत इत्याहुः ॥ इति संस्कारनिरूपणम् ॥

००

### : વિવરણ :

ભાવનાખ્યસંસ્કારનું નિરૂપણ કરે છે. 'भावनाख्य...' ઈત્યાદિ કારિકાથી - ભાવનાખ્યસંસ્કાર અતીન્દ્રિય છે. તે આત્માનો ગુણ છે, જે ઉપેક્ષાત્મકજ્ઞાનથી ભિન્ન એવાં નિશ્ચયાત્મક જ્ઞાનથી જન્ય છે. ઉપેક્ષાત્મકજ્ઞાનથી અને

સંશયાત્મકજ્ઞાનથી સંસ્કારની ઉત્પત્તિ થતી ન હોવાથી સંસ્કારની પ્રત્યે નિશ્ચયાત્મકજ્ઞાનમાત્રને અથવા તો જ્ઞાનમાત્રને કારણ માનતા નથી. પરન્તુ ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ્ઞાનને સંસ્કારની પ્રત્યે કારણ મનાય છે. યદ્યપિ સ્મરણની પ્રત્યે ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ્ઞાનની કારણતા સિદ્ધ હોવાથી ઉપેક્ષાત્મક કે સંશયાત્મક જ્ઞાનથી સંસ્કારની ઉત્પત્તિ થવા છતાં તે સ્થળે સ્મરણનો પ્રસંગ નહીં આવે. તેથી સંસ્કારની પ્રત્યે ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ્ઞાનને કારણ માનવાની આવશ્યકતા નથી. જ્ઞાનત્વેન જ કારણતા માનવી જોઈએ. પરન્તુ જ્ઞાનત્વેન જ્ઞાનમાત્રને સ્મરણની પ્રત્યે કારણ માનવું અને ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ્ઞાનને સંસ્કારની પ્રત્યે કારણ માનવું કે, ઉપર જણાવ્યા મુજબ જ્ઞાનને સ્મરણ અને સંસ્કારની પ્રત્યે કારણ માનવું - એમાં કોઈ વિનિગમના ન હોવાથી સંસ્કારની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ્ઞાનનિષ્ઠ-કારણતા સિદ્ધ થાય છે. બીજું જો સ્મરણની પ્રત્યે ઉપેક્ષા-ન્યનિશ્ચયત્વેન અને સંસ્કારની પ્રત્યે જ્ઞાનત્વેન કારણ માનીએ તો ઉપેક્ષાદિસ્થળે સંસ્કારની ઉત્પત્તિ થાય છે - એવી કલ્પનામાં ગૌરવ હોવાથી વસ્તુતઃ સંસ્કારની પ્રત્યે ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ્ઞાનને કારણ માનવામાં જ ઔચિત્ય છે. આથી સમજી શકાય છે કે જ્ઞાનમાં ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન સંસ્કારનિષ્ઠકાર્યતાનિરૂપિતકારણતા સિદ્ધ છે.

સંસ્કારમાં પ્રમાણ જણાવે છે - स्मरणे... ઈત્યાદિ કારિકાથી - આશય એ છે કે જે કારણથી અનુભવ, સ્મરણ અને પ્રત્યભિજ્ઞાને ઉત્પન્ન કરે છે. તેથી સંસ્કારની કલ્પના કરાય છે. સ્મરણ અને પ્રત્યભિજ્ઞાની પૂર્વેનો અનુભવ; વ્યાપાર વિના સ્મરણાદિનો જનક થઈ શકશે નહીં. કારણ કે કાર્યોત્પત્તિની અવ્યવહિતપૂર્વક્ષણે સ્વ (અનુભવ) અને સ્વવ્યાપાર (સંસ્કારાદિ) એતદન્યતરનો અભાવ હોય તો સ્મૃતિ કે

પ્રત્યભિજ્ઞાની કારણતાનો અનુભવમાં સંભવ નથી. કાર્યાવ્યવહિતપ્રાક્ક્ષણવૃત્તિસ્વસ્વવ્યાપારકત્વ જ સ્વનિષ્ઠ-કારણતા છે. આથી સ્પષ્ટ છે કે પ્રાક્તન અનુભવથી તેનો અભાવ હોવા છતાં જેના દ્વારા સ્મૃતિ અને પ્રત્યભિજ્ઞા થાય છે, તેને સંસ્કાર કહેવાય છે. યદ્યપિ પ્રત્યભિજ્ઞાની પ્રત્યે તત્ તત્ સંસ્કારને કારણ માનીએ તો તજ્જન્યપ્રત્યભિજ્ઞાને સ્મૃતિ માનવાનો પ્રસંગ આવશે. પરન્તુ 'સંસ્કારજન્યત્વ' એ સ્મૃતિત્વનું પ્રયોજક ન હોવાથી સ્મૃતિત્વને પ્રત્યભિજ્ઞામાં માનવાનો પ્રસંગ નહીં આવે. સ્મૃતિત્વનું પ્રયોજક કોણ છે ? એ જાણવાની ઈચ્છાવાળાએ 'તર્કસંગ્રહ'નું સ્મરણ કરવું.

કેટલાક લોકો 'અનુદ્‌બુદ્ધસંસ્કારથી પ્રત્યભિજ્ઞા થતી ન હોવાથી તેની પ્રત્યે; ઉદ્‌બુદ્ધસંસ્કારને કારણ માનવાની અપેક્ષાએ તત્તત્સ્મરણને જ કારણ માનવામાં ઔચિત્ય છે.' એમ કહે છે. પરન્તુ એ બરાબર નથી. કારણ કે આ રીતે પ્રત્યભિજ્ઞાની પ્રત્યે સ્મરણ અને તેની પ્રત્યે ઉદ્‌બુદ્ધ સંસ્કારને કારણ માનવાની અપેક્ષાએ પ્રત્યભિજ્ઞાની પ્રત્યે ઉદ્‌બુદ્ધ-સંસ્કારમાં કારણત્વની કલ્પનામાં લાઘવ છે.

॥ इति संस्कारनिरूपणम् ॥

## कारिकावली ।

**धर्माधर्मावदृष्टं स्याद् धर्मः स्वर्गादिकारणम् ॥ १६१॥**
**गङ्गास्नानादियागादिव्यापारः स तु कीर्त्तितः ।**
**कर्मनाशाजलस्पर्शादिना नाश्यस्त्वसौ मतः ॥१६२॥**

मुक्तावली ।

अदृष्टं निरूपयति-धर्माधर्माविति । स्वर्गादिसकलसुखानां स्वर्ग-साधनीभूतशरीरादीनां च साधनं धर्म इत्यर्थः ॥१६१॥

तत्र प्रमाणं दर्शयितुमाह-यागादीति । यागादिव्यापारतया हि धर्मः कल्प्यते । अन्यथा यागादीनां चिरविनष्टतया निर्व्यापारतया च

कालान्तरभाविस्वर्गजनकत्वं न स्यात् । तदुक्तमाचार्य्यैः

'चिरध्वस्तं फलायाऽलं न कर्मातिशयं विना ।' इति ।

ननु यागध्वंस एव व्यापारः स्यात् । न च प्रतियोगिध्वंसयोरेकत्राऽजनकत्वम्; सर्वत्र तथात्वे मानाभावात् । न च त्वन्मते फलानन्त्यं मन्मते चरमफलस्याऽपूर्वनाशकत्वान्न तथात्वमिति वाच्यम् । कालविशेषस्य सहकारित्वादित्यत आह-गङ्गास्नानेति । गङ्गास्नानस्य हि स्वर्गजनकत्वेऽनन्तानां जलसंयोगध्वंसानां व्यापारत्वमपेक्ष्यैकमेवाऽपूर्वं कल्प्यते लाघवादिति भावः ।

०० 

## : વિવરણ :

હવે ક્રમપ્રાપ્ત અદૃષ્ટનું નિરૂપણ કરે છે - 'धर्माधर्माव...' ઈત્યાદિ કારિકાથી - આશય સ્પષ્ટ છે કે, સ્વર્ગાદિસકલસુખોનું અને સુખનાં સાધનભૂત શરીરાદિનું સાધન 'ધર્મ' છે. ધર્મમાં પ્રમાણ જણાવે છે - यागादि... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે સ્વર્ગાદિના જનક યાગ, હોમ અને દાનાદિના વ્યાપાર તરીકે 'ધર્મ'ની કલ્પના કરાય છે. અન્યથા યાગાદિ અનુષ્ઠાનો ઘણા કાળ પૂર્વે નાશ પામ્યાં હોવાથી અને તજ્જન્ય ધર્મ સ્વરૂપ વ્યાપાર ન હોવાથી કાલાન્તરમાં પ્રાપ્ત થનાર સ્વર્ગાદિનું જનકત્વ યાગાદિમાં માની શકાશે નહીં. એ વસ્તુને ઉદયનાચાર્યે ન્યાયકુસુમાંજલીમાં જણાવી છે કે 'ચિરકાળપૂર્વેવિનષ્ટ યાગાદિ કર્મ અપૂર્વસ્વરૂપ અતિશય વિના ફલપ્રદાન માટે સમર્થ નથી.' સ્વર્ગાદિની પ્રાપ્તિની પ્રત્યે યાગાદિધ્વંસને વ્યાપાર માનીએ તો યાગાદિમાં સ્વર્ગાદિજનકત્વની ઉપપત્તિ થઈ શકે છે. તેથી ધર્માત્મક-વ્યાપારને માનવાની આવશ્યકતા નથી. 'એક જ સ્વર્ગાદિ પ્રાપ્તિ સ્વરૂપ કાર્યની પ્રત્યે પ્રતિયોગી-યાગાદિ અને તેનો ધ્વંસ એ બંન્ને કારણ માની શકાશે નહીં.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે, પ્રતિયોગિ અને ધ્વંસને એકકાર્યની પ્રત્યે

કારણ નહીં માનવાનું સાર્વત્રિક નથી. ક્વચિદ્ યાગાદિ સ્થળે તેમ માની શકાય છે. ''યાગાદિના વ્યાપાર તરીકે યાગાદિના ધ્વંસને માનીએ તો યાગાદિનો ધ્વંસ અનંત હોવાથી અનન્તફળની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. અપૂર્વને વ્યાપાર માનવાથી એ પ્રસંગ નહીં આવે. કારણ કે ચરમફળથી અપૂર્વનો નાશ શક્ય છે.'' આ પ્રમાણે પણ નહીં કહેવું જોઈએ. કારણ કે યાગાદિધ્વંસ અનન્ત હોવા છતાં યાગાદિજન્ય સ્વર્ગાદિફળની પ્રાપ્તિમાં કાલવિશેષસહકારિકારણ હોવાથી ફલનાં આનન્ત્યનો પ્રસંગ નહીં આવે. આથી સ્પષ્ટ છે કે ધર્મને માન્યા વિના યાગાદિમાં સ્વર્ગાદિજનકત્વ ઉપપન્ન થઈ શકે છે, એ કહેવું યુક્ત નથી - એ જણાવવા કારિકામાં 'गङ्गास्नानादि' આ પ્રમાણે નિર્દેશ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, ગઙ્ગાસ્નાનાદિની સ્વર્ગાદિજનકતાના નિર્વાહ માટે સ્નાનતજલના સંયોગોના ધ્વંસને વ્યાપાર માનવાની અપેક્ષાએ લાઘવ હોવાથી; એક અપૂર્વને જ વ્યાપાર મનાય છે... ઈત્યાદિ સ્પષ્ટ છે.

मुक्तावली ।

ननु ध्वंसोऽपि न व्यापारोऽस्तु । न च निर्व्यापारस्य चिरध्वस्तस्य कथं कारणत्वमिति वाच्यम् । अनन्यथासिद्धनियतपूर्ववर्त्तित्वस्य तत्राऽपि सत्त्वात् । अव्यवहितपूर्ववर्त्तित्वं हि चक्षुःसंयोगादेः कारणत्वे, न तु सर्वत्र कार्यकालवृत्तित्वमिव समवायिकारणस्य कारणत्व इत्यत आह-कर्मनाशेति । यदि ह्यपूर्वं न स्यात् तदा कर्मनाशाजलस्पर्शादिना नाश्यत्वं धर्मस्य न स्यात् । न हि तेन यागादिनाशः प्रतिबन्धो वा कर्तुं शक्यते । तस्य पूर्वमेव वृत्तत्वादिति । एतेन देवताप्रीतिरेव फलमित्यपास्तम् । गङ्गास्नानादौ सर्वत्र देवताप्रीतेरसम्भवात् । देवतायाश्चेतनत्वेऽपि तत्प्रीतेरनुद्देश्यत्वात्, प्रीतेः सुखस्वरूपत्वेन विष्णुप्रीत्यादौ तदसम्भवात् । जन्यसुखादेस्तत्राभावात् । तेन विष्णुप्रीतिजन्यत्वेन पराभिमतस्वर्गादिरेव विष्णुप्रीतिशब्देन कथ्यते ॥१६२॥

## : વિવરણ :

ननु ध्वंसोऽपि... ઈત્યાદિ ગ્રંથથી - આશય એ છે કે યાગાદિની સ્વર્ગાદિજનકતાના નિર્વાહ માટે અપૂર્વ કે યાગાદિધ્વંસને પણ વ્યાપાર માનવાની આવશ્યકતા નથી. 'આ રીતે ચિરધ્વસ્ત અને નિર્વ્યાપાર એવા યાગાદિમાં કારણતાનો જ સંભવ નથી.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે યાગાદિમાં અનન્યથાસિદ્ધત્વવિશિષ્ટસ્વર્ગાદિ-પૂર્વવૃત્તિત્વરૂપ સ્વર્ગાદિજનકતા સિદ્ધ છે. સર્વત્ર કાર્યાવ્યવ-હિતપૂર્વવૃત્તિત્વસ્વરૂપ જ કારણતા હોવી જોઈએ - એ નિયમ નથી. ચક્ષુ:સંયોગાદિમાં પ્રત્યક્ષાવ્યવહિતપૂર્વવૃત્તિત્વ અપેક્ષિત હોવા છતાં કારણમાત્રમાં એની આવશ્યકતા નથી. સમવાયિકારણમાં જેમ કાર્યસમાનકાલવૃત્તિત્વ અપેક્ષિત છે, તેમ અસમવાયિકારણમાં એ અપેક્ષિત નથી. આથી સમજી શકાય છે કે ધ્વંસાદિ વ્યાપાર વિના પણ યાગાદિમાં સ્વર્ગાદિ-જનકતા સંભવે છે. આ પ્રમાણે શંકાકારના અભિપ્રાયનું નિરાકરણ કરે છે. कर्मनाशाजल... ઈત્યાદિ કારિકાનાં ઉત્તરાર્દ્ધથી - આશય સ્પષ્ટ છે કે ઉપર જણાવ્યા મુજબ યાગાદિજન્ય અપૂર્વ ન હોય તો, 'કર્મનાશાજલના સ્પર્શથી અપૂર્વનો નાશ થાય છે.' એ કહેવું યોગ્ય નહીં થાય. કર્મનાશાજલના સ્પર્શથી યાગનો જ નાશ થાય છે, એ કહેવું અયુક્ત છે. કારણ કે તાદશસ્પર્શની પૂર્વે યાગાદિ ઉત્પન્ન અને વિનષ્ટ થયા હોવાથી કર્મનાશાજલસ્પર્શાદિથી યાગાદિના નાશનો કે, પ્રતિબન્ધનો સંભવ નથી. આ રીતે અપૂર્વ સિદ્ધ થવાથી 'યાગાદિનું ફલ દેવતાપ્રીતિ છે.' એ સિદ્ધાન્તનું પણ નિરાકરણ થાય છે. કારણ કે ગંગાસ્નાનાદિ સર્વત્ર સ્થળે દેવતાપ્રીતિનો સંભવ નથી. દેવતા ચેતન હોવાથી યદ્યપિ તેની પ્રીતિનો સંભવ છે. પરન્તુ ગંગાસ્નાનાદિ; તેના ઉદ્દેશથી નથી. કારણ કે પ્રીતિ સુખ સ્વરૂપ હોવાથી નિત્યસુખાત્મક

વિષ્ણુપ્રીત્યાદિમાં ઉદ્દેશ્યત્વનો સંભવ નથી. વિષ્ણુ વગેરે દેવતામાં જન્યસુખાદિને નથી માનતા, તેથી યાગાદિ દેવતાપ્રીતિના ઉદ્દેશથી સંભવિત નથી. તેથી સ્વર્ગાદિ વિષ્ણુપ્રીતિથી જન્ય હોવાથી સ્વર્ગાદિ જ 'વિષ્ણુપ્રીતિ' ના નામે ઓળખાય છે... ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ||૧૬૨||

## कारिकावली ।

**अधर्मो नरकादीनां हेतुर्निन्दितकर्मजः ।**
**प्रायश्चित्तादिनाश्योऽसौ जीववृत्ती त्विमौ गुणौ ॥१६३॥**

मुक्तावली ।

अधर्मो नरकादीनामिति । नरकदुःखादिसकलदुःखानां नारकीयशरीरादीनाञ्च साधनमधर्म इत्यर्थः ।

तत्र प्रमाणमाह-प्रायश्चित्तेति । यदि ह्यधर्मो न स्यात् तदा प्रायश्चित्तादिना नाश्यत्वमधर्मस्य न स्यात् । न हि तेन ब्रह्महननादीनां नाशः प्रतिबन्धो वा विधातुं शक्यते, तस्य पूर्वमेव विनष्टत्वादिति भावः । जीवेति-ईश्वरस्य धर्माधर्माभावादिति भावः ॥१६३॥

०० 

## : વિવરણ :

અધર્મનું નિરૂપણ કરે છે - अधर्मो... ઇત્યાદિ કારિકાથી - આશય સ્પષ્ટ છે કે નરકદુ:ખાદિસકલદુ:ખોનું અને તત્સાધનભૂત નારકીયશરીરાદિનું સાધન અધર્મ છે. અધર્મમાં પ્રમાણ જણાવે છે - 'प्रायश्चित्त...'... ઇત્યાદિ કારિકાના ઉત્તરાર્દ્ધથી. ગ્રંથાશય પૂર્વગ્રંથાશયના અનુસંધાનથી સુજ્ઞેય છે.||૧૬૩||

## कारिकावली ।

**इमौ तु वासनाजन्यौ ज्ञानादपि विनश्यतः ।**

मुक्तावली ।

इमौ-धर्माधर्मौ । वासनेति । अतो ज्ञानिना कृते अपि सुकृत-दुष्कृतकर्मणी न फलायाऽलमिति भावः । ज्ञानादपीत्यपिना भोग-परिग्रहः । ननु तत्त्वज्ञानस्य कथं धर्माधर्मनाशकत्वं ? "नाभुक्तं क्षीयते कर्मकल्पकोटिशतैरपि" - इति वचनविरोधात् । इत्थञ्च तत्त्वज्ञानिनां झटिति कायव्यूहेन सकलकर्मणां भोगेन क्षय इति चेन्न । तत्र भोगस्य वेदबोधितनाशकोपलक्षकत्वात् । कथमन्यथा प्रायश्चित्तादिना कर्मणां नाशः । तदुक्तं "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन" इत्यादिना । श्रूयते च "क्षीयन्ते चाऽस्य कर्माणि तस्मिन् दृष्टे परावरे" इति । ननु तत्त्वज्ञानिनस्तर्हि शरीरावस्थानं सुखदुःखादि च न स्यात्, ज्ञानेन सर्वेषां कर्मणां नाशादिति चेन्न । प्रारब्धेतरकर्मणामेव नाशात् । तत्तच्छरीरभोगजनकं हि यत्कर्म तत्प्रारब्धम् । तदभिप्रायमेव नाऽभुक्तमिति वचनमिति ॥ इत्यदृष्टनिरूपणम् ॥

०० 

## : વિવરણ :

ગંગાદિના દર્શનથી પરમાત્મામાં ધર્માદિની ઉત્પત્તિ કેમ થતી નથી ? આ શંકાનું સમાધાન કરે છે - 'इमौ तु...' ઈત્યાદિ કારિકાનાં પૂર્વાર્દ્ધથી. તે ગ્રંથનો આશય એ છે કે ધર્માધર્મની ઉત્પત્તિમાં મિથ્યાજ્ઞાનજન્યવાસના કારણ છે. પરમાત્મામાં તેનો અભાવ હોવાથી ધર્માદિની ઉત્પત્તિ થતી નથી. તેથી જ તત્ત્વજ્ઞાનીઓમાં પણ વાસનાનો અભાવ હોવાથી તેઓએ કરેલાં સુકૃત અને દુષ્કૃત ફલજનન માટે સમર્થ બનતાં નથી. તત્ત્વજ્ઞાન અને ભોગથી ધર્માધર્મનો નાશ થાય છે. યદ્યપિ 'તત્ત્વજ્ઞાનથી ધર્માધર્મનો નાશ થાય છે' એવું માનીએ તો 'नाऽभुक्तं क्षीयते...' આ વચનનો વિરોધ આવે છે. તેથી તત્ત્વજ્ઞાનીઓના શીઘ્ર રચેલા કાયવ્યૂહથી સકલ કર્મોનો ભોગથી જ ક્ષય થાય છે, એમ માનવું જોઈએ. પરન્તુ 'नाभुक्तं क्षीयते...' અહીં ભોગપદાર્થ વેદબોધિતનાશક સ્વરૂપ છે. તેથી

વેદબોધિત-તત્ત્વજ્ઞાનાદિ સ્વરૂપ નાશક વિના અબજો કલ્પો જાય તો પણ કૃતકર્મોનો ક્ષય થતો નથી, આ પ્રમાણે 'नाभुक्तं क्षीयते...' આ વાક્યનો અર્થ છે. અન્યથા ઉપર જણાવ્યા મુજબ ભોગપદાર્થને વેદબોધિતનાશકસ્વરૂપ ન માનીએ તો *બધા જ કર્મો ભોગથી નાશ થવાથી પ્રાયશ્ચિત્તાદિને પણ* કર્મનાશક માની શકાશે નહીં. તેથી સ્પષ્ટ છે કે ધર્માધર્મનો નાશ તત્ત્વજ્ઞાનથી માનીએ તો 'नाभुक्तं क्षीयते...' આ વચનનો વિરોધ નથી. તેથી કહ્યું છે કે 'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन !' અર્થાદ્ હે અર્જુન ! જ્ઞાનસ્વરૂપ અગ્નિ, શુભાશુભસકલકર્મોથી જન્ય અદષ્ટનો નાશ કરે છે. તેમ જ તત્ત્વજ્ઞાનમાં ધર્માધર્મની નાશકતાને જણાવનારી ''क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे'' અર્થાદ્ 'આ તત્ત્વજ્ઞાનીનાં કર્મજન્ય અદષ્ટ તે પરમબ્રહ્મનાં દર્શનથી ક્ષય પામે છે.' આ શ્રુતિ પણ છે. યદ્યપિ આ રીતે ધર્માધર્મનો નાશ તત્ત્વજ્ઞાનથી માનીએ તો તત્ત્વજ્ઞાનીનાં બધા જ કર્મો (તજ્જન્યાદષ્ટ)નો નાશ થવાથી તત્ત્વજ્ઞાનીનાં શરીરનું અવસ્થાન અને તેને સુખદુ:ખાદિની પ્રાપ્તિ થશે નહીં. પરન્તુ તત્ત્વજ્ઞાનથી પ્રારબ્ધેતરકર્મોનો જ નાશ થવાથી પ્રારબ્ધકર્મોનાં યોગે તત્ત્વજ્ઞાનીનાં શરીરાવસ્થાનાદિની અનુપપત્તિ થશે નહીં. તત્તત્ શરીર અને તદવચ્છિન્નભોગજનકકર્મને પ્રારબ્ધ કહેવાય છે. તેનો નાશ, તત્ત્વજ્ઞાનથી નહીં પણ ભોગથી થાય છે. પ્રારબ્ધકર્માભિપ્રાયથી જ 'नाभुक्तं क्षीयते...' આ વચન છે.

॥ इति अदृष्टनिरूपणम् ॥

## कारिकावली ।

**शब्दो ध्वनिश्च वर्णश्च मृदङ्गादिभवो ध्वनिः ॥१६४॥**
**कण्ठसंयोगादिजन्या वर्णास्ते कादयो मताः ।**

**सर्वः शब्दो नभोवृत्तिः श्रोत्रोत्पन्नस्तु गृह्यते ॥१६५॥**
**वीचीतरङ्गन्यायेन तदुत्पत्तिस्तु कीर्त्तिता ।**
**कदम्बगोलकन्यायादुत्पत्तिः कस्यचिन्मते ॥१६६॥**

मुक्तावली ।

शब्दं निरूपयति-शब्दो ध्वनिश्चेति ॥१६४॥ नभोवृत्तिः-आकाश समवेतः । दूरस्थशब्दस्याऽग्रहणादाह श्रोत्रेति ॥१६५॥

ननु मृदङ्गाद्यवच्छेदेनोत्पन्ने शब्दे श्रोत्रे कथमुत्पत्तिरत आह-वीचीति । आद्यशब्देन बहिर्दशदिगवच्छिन्नेऽन्यशब्दस्तेनैव शब्देन सदृशो जन्यते । तेन चापरस्तद्व्यापक, एवं क्रमेण श्रोत्रोत्पन्नो गृह्यत इति । कदम्बेति-आद्यशब्दाद् दशसु दिक्षु दश शब्दा उत्पद्यन्ते ततश्चान्ये दश शब्दा उत्पद्यन्त इति भावः । अस्मिन् कल्पे कल्पनागौरवादुक्तं कस्यचिन्मत इति ॥१६६॥

**: વિવરણ :**

શબ્દનું નિરૂપણ કરે છે - 'शब्दो ध्वनिश्च' ઈત્યાદિ કારિકાનાં ઉત્તરાર્દ્ધથી. શ્રવણેન્દ્રિયજન્યપ્રત્યક્ષના વિષયભૂતગુણને શબ્દ કહેવાય છે. જે ધ્વનિ અને વર્ણ આ બે ભેદથી બે પ્રકારનો છે. મૃદઙ્ગાદિજન્યશબ્દ ધ્વનિ સ્વરૂપ છે. અને કંઠતાલ્વાદિના સંયોગથી જન્ય શબ્દ 'क' વગેરે વર્ણસ્વરૂપ છે. બધા શબ્દો નભોવૃત્તિ અર્થાદ્ આકાશસમવેત છે. પરન્તુ શ્રોત્રાવચ્છેદેન ઉત્પન્ન જ શબ્દ શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય બને છે. મૃદઙ્ગાદ્યવચ્છેદેન ઉત્પન્ન શબ્દથી વીચીતરઙ્ગ ન્યાયે શબ્દની ઉત્પત્તિ શ્રોત્રાવચ્છિન્નાકાશમાં થાય છે. જેમાં પવન નિમિત્ત બને છે. આદ્યશબ્દથી બહાર દશદિશાવચ્છેદેન અન્યશબ્દની ઉત્પત્તિ થાય છે. તે શબ્દથી બીજાની ઉત્પત્તિ થાય છે. આ રીતે એક તરંગથી બીજા તરંગની, એનાથી અન્યતરંગની જેમ શબ્દોની ધારા ઉત્પન્ન થાય છે. ઉત્તરશબ્દ આદ્યશબ્દનો વ્યાપક હોય છે, અર્થાદ્ આદ્યશબ્દાવ્યવહિતોત્ત-

રક્ષણોત્પત્તિક હોય છે.

કેટલાક લોકો શબ્દની ઉત્પત્તિ કદંબગોલકન્યાયે માને છે. જેમ કદંબનું પુષ્પ આઠદિશાવચ્છેદેન સ્વસજાતીય પુષ્પો ઉત્પન્ન કરે છે. તે પુષ્પો પોતાની સમીપની આઠે દિશાઓમાં બીજા સજાતીય પુષ્પોને ઉત્પન્ન કરે છે, તેવી રીતે આદ્યશબ્દ દશે દિશાઓમાં દશશબ્દોને ઉત્પન્ન કરે છે. તે શબ્દોથી બીજા શબ્દો ઉત્પન્ન થાય છે. આ મતમાં દશશબ્દોને અને તેના પ્રાગભાવને કાર્યકારણભાવ માનવો પડે છે - તે કલ્પનાગૌરવ હોવાથી; કારિકામાં 'कस्यचिन्मते' આ નિર્દેશથી અરુચિ બતાવી છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. ઉભયમતમાં જે ભેદ છે - તેને સમજવામાં ભૂલ ન થાય, એ માટે પ્રયત્નશીલ થવું જોઈએ. ॥૧૬૪-૧૬૫-૧૬૬॥

## कारिकावली ।

**उत्पन्नः को विनष्टः क इति बुद्धेरनित्यता ।**
**सोऽयं क इति बुद्धिस्तु साजात्यमवलम्बते ॥१६७॥**
**तदेवौषधमित्यादौ सजातीयेऽपि दर्शनात् ।**
**तस्मादनित्या एवेति वर्णाः सर्वे मतं हि नः ॥१६८॥**

**॥ इति श्रीविश्वनाथपञ्चाननकृता कारिकावली ॥**

### मुक्तावली ।

ननु शब्दस्य नित्यत्वादुत्पत्तिः कथमत आह-उत्पन्न इति । शब्दानामुत्पत्तिविनाशशालित्वादनित्यत्वमित्यर्थः । ननु स एवायं ककार इत्यादिप्रत्यभिज्ञानाच्छब्दानां नित्यत्वम् । इत्थञ्चोत्पादविनाश-बुद्धि र्भ्रमरूपैवेत्यत आह - सोऽयं क इति । तत्र प्रत्यभिज्ञानस्य तत्सजातीयत्वं विषयो न तु तद्व्यक्त्यभेदो विषयः; उक्तप्रतीति-विरोधात् । इत्थञ्च द्वयोरपि बुद्ध्यो र्न भ्रमत्वमिति ॥१६७॥

ननु सजातीयत्वं सोऽयमिति प्रत्यभिज्ञायां भासत इति कुत्र

दृष्टमित्यत आह-तदेवेति । यदौषधं मया कृतं तदेवान्येनाऽपि कृतमित्यादिदर्शनादिति भावः ॥१६८॥ इति गुणनिरूपणम् ॥

इति श्री विश्वनाथपञ्चाननभट्टाचार्यविरचिता
न्यायसिद्धान्तमुक्तावली ।

**: વિવરણ :**

શબ્દ નિત્ય હોવાથી 'श्रोत्रोत्पन्नस्तु गृह्यते' આ ગ્રંથથી તેની ઉત્પત્તિ શી રીતે સંગત છે ? આ શંકાનું નિરાકરણ કરે છે - उत्पन्नः को... ઈત્યાદિ કારિકાથી - આશય એ છે કે 'क' ઉત્પન્ન થયો, 'क' નાશ પામ્યો. ઈત્યાદિ ઉત્પાદવિનાશશાલી બુદ્ધિના કારણે શબ્દને અનિત્ય મનાય છે. યદ્યપિ 'તે જ આ કકાર છે.' ઈત્યાદિ પ્રત્યભિજ્ઞાત્મકજ્ઞાનથી શબ્દમાં નિત્યત્વ સિદ્ધ છે. તેથી શબ્દનાં ઉત્પાદાદિનું અવગાહન કરનારી બુદ્ધિ ભ્રમાત્મક છે. પરન્તુ એ કથન યુક્તિસંગત નથી. કારણ કે 'सोऽयं ककारः' ઈત્યાદિ પ્રત્યભિજ્ઞા; કાદિવર્ણોમાં કત્વાદિવડે સાજાત્યને જણાવે છે, કત્વાદ્યાશ્રયવ્યક્તિનાં અભેદનું અવગાહન કરતી નથી. તેથી 'क' ઉત્પન્ન...' ઈત્યાદિ ઉત્પાદાદ્યવગાહિજ્ઞાન અને પ્રત્યભિજ્ઞાન બંન્ને બુદ્ધિ ભ્રમાત્મક નથી - એ સમજી શકાય છે. ॥૧૬૭॥

'सोऽयं' ઈત્યાદિ પ્રત્યભિજ્ઞામાં 'સજાતીયત્વ' ભાસે છે, એવું ક્યાં જોયું છે ? આ શંકાનું સમાધાન કરે છે - तदेवौषध... ઈત્યાદિ કારિકાથી - આશય સ્પષ્ટ છે કે 'જે ઔષધ મેં લીધું તે બીજાએ પણ લીધું' ઈત્યાદિ પ્રત્યભિજ્ઞામાં 'સજાતીયત્વનું અવભાસન થાય છે. એ મુજબ 'सोऽयं ककारः' ઈત્યાદિ પ્રત્યભિજ્ઞાનમાં પણ સજાતીયત્વનું અવગાહન હોવાથી શબ્દનાં ઉત્પાદાદિને અવગાહન કરનારી બુદ્ધિના અનુસારે 'સર્વે વર્ણો અનિત્ય છે.' એ અમારો સિદ્ધાન્ત (ન્યાયસિદ્ધાન્ત) છે. મીમાંસકો શબ્દને નિત્ય માને છે. એમની એ માન્યતા પાછળ

જે આશય છે. એમાં નૈયાયિકોની દૃષ્ટિએ અસ્વારસ્ય છે... ઇત્યાદિ અન્યત્ર વિચારણીય છે. ॥૧૬૮॥

॥ इति गुणनिरूपणम् ॥

॥ इति कारिकावलीसमेतमुक्तावलीविवरणम् ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥